સૌરાષ્ટ્ર આવૃત્તિ

દૈનિક

# મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 220 ■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ ભાદ્રપદ વદ-૧૧
■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 17 September 2025, Wednesday ■ REGD.No. MCS/058/2018-20

N.I. No. GUJ GUJ /2013/58486 ★

બુધવાર, ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦

મુંબઈ સમાચાર વિશેષ પૂર્તિ પીએમ @75


# ભારતે કોઇની મધ્યસ્થી નહોતી સ્વીકારીઃ પાકે ટ્રમ્પની પોલ ખોલી

ઇસ્લામાબાદઃ પાકિસ્તાનના વિદેશ પ્રધાન ઇશાક ડારે પ્રથમ વખત જાહેરમાં કબૂલ કર્યું હતું કે ભારતે બે દેશ (ભારત અને પાકિસ્તાન) વચ્ચેની મડાગાંઠમાં ક્યારેય ત્રીજા પક્ષની મધ્યસ્થી નહોતી સ્વીકારી.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ભારત અને પાકિસ્તાન વચ્ચે મધ્યસ્થી કરીને યુદ્ધ અટકાવ્યું હોવાનો કરેલો દાવો ઇશાક ડારની આ કબૂલાતને લીધે ખોટો સાબિત થયો છે.

ડારે અલ જઝીરાને આપેલા ઇન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે પાકિસ્તાન ભારત સાથે મંત્રણા કરવા તૈયાર હતું, પરંતુ નવી દિલ્હીએ કોઇ પ્રતિસાદ નહોતો આપ્યો. ભારત ક્યારેય ત્રીજા પક્ષની મધ્યસ્થી માટે સહમત નહોતું થયું. ડારને ઇન્ટરવ્યૂમાં પુછાયું કે શું ભારત સાથે પાકિસ્તાન કોઇ મંત્રણા કરી રહ્યું છે? શું કોઇ ત્રીજો પક્ષ તેમાં મધ્યસ્થી કરી રહ્યો છે?

તેમણે જવાબમાં જણાવ્યું હતું કે ટ્રમ્પે મધ્યસ્થી કરાવી હોવાના કરેલા દાવા અંગે પાકિસ્તાને જ્યારે અમેરિકાના વિદેશ પ્રધાન માર્કો રુબિયોને પૂછ્યું ત્યારે તેમણે પણ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે ભારત હંમેશાં આ સમસ્યા દ્વિપક્ષી હોવાનો દાવો કરે છે અને કોઇની પણ મધ્યસ્થી નકારે છે. અગાઉ, ટ્રમ્પે ભારત અને પાકિસ્તાન વચ્ચેના યુદ્ધવિરામની જાહેરાત સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ‘ટ્રૂથ સોશ્યલ’ પર કરી હતી અને પોતાની મધ્યસ્થીથી યુદ્ધવિરામ થયો હોવાનો દાવો કર્યો હતો. આમ છતાં, ભારતે ટ્રમ્પના આ દાવાને નકાર્યો હતો. ડારે જણાવ્યું (જુઓ પાનું ૨) ▸▸



ઇશાક ડાર



ડોનલ્ડ ટ્રમ્પ

## અમેરિકા સાથેના વેપાર કરારની મંત્રણા સકારાત્મક

નવી દિલ્હી : ભારત અને અમેરિકા વચ્ચેની વેપાર કરાર માટેની વાતચીત સકારાત્મક રહી હતી અને બન્ને પક્ષો ઝડપથી અને બન્નેને લાભ થાય એવા કરાર માટે જોર લગાડવા તૈયાર થયા હતા, એમ વાણિજય મંત્રાલયે મંગળવારે કહ્યું હતું.

મંત્રાલયે જણાવ્યું હતું કે પારસ્પરિક લાભ થાય એવો કરાર કરવાના પ્રયાસો વેગવંતા બનાવવા બન્ને દેશો તૈયાર થયા હતા. અમેરિકન અધિકારીઓ સાથે મંગળવારે બેઠક થઈ હતી. લિન્ચ અમેરિકાના (જુઓ પાનું ૨) ▸▸

## દહેરાદૂનમાં વરસાદી વિનાશઃ ૧૫ તણાયા, ૯૦૦ ફસાયા



**આભ ફાટ્યુંઃ** ઉત્તરાખંડના દહેરાદૂનમાં મંગળવારે વાદળ ફાટવાની ઘટનાને પગલે સહસ્ત્રધારા ખાતે ભેખડો ધસી પડેલી ઘટના બાદ નદીની પાસે નુકસાન પામેલા ગૅસ્ટહાઉસનો કાટમાળ પડેલો જોવા મળ્યો હતો.

દહેરાદૂનઃ ઉત્તરાખંડના પાટનગર દહેરાદૂનમાં વાદળ ફાટવાને પગલે પડેલા ભારે વરસાદે મોટા પાયે વિનાશ વેર્યો હતો. આ કુદરતી આફતમાં વિવિધ સ્થળે ઓછામાં ઓછા ૧૫ જણ તણાઇ ગયા હતા અને અંદાજે ૯૦૦થી વધારે લોકો ફસાયા હતા.

ભારે વરસાદને લીધે સહસ્ત્રધારા, માલદેવતા, સન્તલા દેવી અને દલનવાલામાં સૌથી વધુ નુકસાન થયું હતું. રાતના સહસ્ત્રધારામાં ૧૯૨ મિલિમીટર, માલદેવતામાં ૧૪૧.૫ મિલિમીટર, હાથી બારકલામાં (જુઓ પાનું ૨) ▸▸



શિમલામાં મંગળવારે ભારે વરસાદને પગલે બનેલી ભેખડો ધસી પડવાની ઘટના બાદ કાટમાળ હેઠળ દબાઈ ગયેલું વાહન. (એજન્સી)

ઑપરેશન સિંદૂર

## ભારતના મિસાઈલ હુમલામાં મસૂદ અઝહરના પરિવારના ટુકડેટુકડા

### જૈશે મહંમદના કમાંડરને આખરે કબૂલાત કરી લીધી

બહાવલપુરઃ જૈશે મહંમદના એક કમાંડરે કબૂલ કર્યું હતું કે ભારતીય લશ્કરે ઑપરેશન સિંદૂર હેઠળ બહાવલપુરમાં હુમલા કરીને ત્રાસવાદી સૂત્રધાર મસૂદ અઝહરના પરિવારને વેરવિખેર કરી નાખ્યો હતો.

જૈશે મહંમદના કમાંડર મસૂદ ઇલિયાસ કાશ્મીરીનો સાત મેની સંબંધિત ઘટનાની કબૂલાત કરતો વીડિયો સોશિયલ મીડિયા પર ફેલાયો હતો. તેની આસપાસ અનેક બંદૂકધારી ઊભા હોવાનું વીડિયો ક્લિપિંગ્સમાં દેખાતું હતું.

કમાંડર મસૂદ ઇલિયાસ કાશ્મીરીએ ઉર્દૂમાં જણાવ્યું હતું કે અમે પાકિસ્તાન વતી દિલ્હી, કાબૂલ અને કંદહારની સામે લડ્યા હતા. ભારતીય લશ્કરે બહાવલપુરમાં સાત મેએ હુમલા કરીને મૌલાના મસૂદ અઝહરના પરિવારને છિન્નભિન્ન કરી નાખ્યો હતો.

જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં ત્રાસવાદીઓએ ૨૨ એપ્રિલે ૨૬ નિર્દોષ લોકોની કરેલી હત્યાના જવાબમાં ભારતે ‘ઑપરેશન સિંદૂર’ હેઠળ હાથ ધરેલી લશ્કરી કાર્યવાહીમાં ત્રાસવાદીઓની નવ છાવણીનો નાશ કર્યો હતો. ભારતીય લશ્કરે બહાવલપુર, કોટલી (જુઓ પાનું ૨) ▸▸

## મંદિરો માટેનું બંડોળ જાહેર કે સરકારી નથી :સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે ગુરુવારે કહ્યું હતું કે શ્રદ્ધાળુઓએ દાન કરેલા નાણાં લગ્ન માટેના હૉલ બાંધવા માટે નથી. સર્વોચ્ચ અદાલતે મંદિરના ભંડોળને જાહેર કે સરકારી ભંડોળ ન કહી શકાય એવા હાઈ કોર્ટના ચુકાદાને બહાલ કર્યો હતો.

તમિળનાડુમાં પાંચ વિવિધ સ્થળોના મંદિરોના ફંડનો ઉપયોગ લગ્નના હૉલ બાંધવમાં ઉપયોગ કરવાની છૂટ આપતા સરકારી હુકમને હાઈ કોર્ટે રદ કર્યો હતો. વડી અદાલતે ૧૯ ઑગસ્ટે ચુકાદો આપ્યો હતો કે લગ્ન સમારોહ માટે મેરેજ હૉલ ભાડે આપવાના હેતુસર તેનું બાંધકામ કરવાની છૂટ આપતો સરકારી હુકમ ‘ધાર્મિક હેતુ’ની વ્યાખ્યામાં બંધબેસતો નથી.

હાઈ કોર્ટના ચુકાદાને પડકારતી અરજીઓને સાંભળતા જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની બેન્ચે કહ્યું હતું કે ભાવિકો પૈસાનું દાન મેરેજ હૉલના બાંધકામ માટે કરતા નથી. બેન્ચે સવાલ પૂછ્યો હતો કે મંદિરના પ્રાંગણમાં મેરેજ પાર્ટી યોજાય અને બધા જ પ્રકારના અશ્લીલ ગાયનો વગાડવામાં આવે તો શું મંદિરની જમીનનો હેતુ આ છે?

સુપ્રીમ કોર્ટે સૂચન કર્યું હતું કે આને બદલે ભાવિકો તરફથી દાનમાં મળેલા ફંડનો ઉપયોગ શૈક્ષણિક અને તબીબ સંસ્થાઓને દાન કરવાના હેતુસર કરવો જોઈએ.

સિનિયર એડવોકેટ મુકુલ રોહતગી અને બીજા વકીલો અજદારો વતી રજૂઆત કરી હતી. બેન્ચે કહ્યું હતું કે મુખ્ય બાબત એ છે કે સરકારે લીધેલો નિર્ણય સાચો કે ખોટો છે. જોકે અદાલત પડકારતી અરજી ૧૯ નવેમ્બરે સાંભળવા તૈયાર થઈ હતી. કોર્ટે મનાઈ હુકમ આપવાની ના પાડી હતી. (એજન્સી)

## હિમાચલમાં તબાહી, એક જ પરિવારનાં ત્રણનાં મોત

દહેરાદૂન/શિમલાઃ છેલ્લા કેટલાક દિવસોમાં અનેક કુદરતી આફતોનો સામનો કરી રહેલો હિમાચલ પ્રદેશમાં એક જ રાતમાં ભારે વરસાદ વરસ્યો હતો જેના કારણે ભારે તબાહી મચી ગઈ હતી. મંગળવારે હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદના કારણે થયેલા ભૂસ્ખલન અને અચાનક આવેલા પૂરના કારણે એક જ પરિવારના ત્રણ સભ્યોના મોત થયા હતા,

અચાનક આવેલા પૂરના કારણે અનેક મકાનો અને દુકાનોને નુકસાન પહોંચ્યું હતું. અનેક કાર પણ પૂરના પાણીમાં તણાઈ ગઇ હતી. ઉત્તરાખંડમાં એક પુલ પણ તૂટી ગયો હતો. ઉત્તરાખંડમાં, ગંગા અને યમુના ભયજનક સ્તરે વહી રહી છે. જ્યારે તમસા નદીમાં પૂર આવતા તેના કિનારે આવેલા જાણીતા ટપકેશ્વર મંદિર જળમગ્ન થયું હતું. મંદિરના પૂજારી બિપિન જોશીએ જણાવ્યું (જુઓ પાનું ૨) ▸▸

## મહારાષ્ટ્રમાં ૩૧ જાન્યુઆરી સુધીમાં સ્થાનિક સ્વરાજય ચૂંટણી યોજવા આદેશ

▸ સીમાંકનનું કામ ૩૧ ઑક્ટોબર સુધીમાં પૂરું કરવું પડશે
▸ મતદાન માટે ઉપલબ્ધ મશીનો માટેનું સોગંદનામું ૩૦ નવેમ્બર સુધીમાં

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે ચૂંટણીના આયોજનને સંબંધિત પોતાના અગાઉના આદેશ મુજબ કાર્યવાહી નહિ કરનારા મહારાષ્ટ્ર રાજ્ય ચૂંટણી પંચની મંગળવારે આકરી ટીકા કરી હતી અને તેને રાજ્યની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી ૨૦૨૬ની ૩૧ જાન્યુઆરી સુધીમાં યોજવાનો આદેશ આપ્યો હતો.

ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચીની બૅન્ચે ચુકાદામાં જણાવ્યું હતું કે મહારાષ્ટ્રની બધી જિલ્લા પરિષદ, પંચાયત સમિતિઓ અને બધી મ્યુનિસિપાલિટીની ચૂંટણી ૨૦૨૬ની ૩૧ જાન્યુઆરી સુધીમાં યોજવી પડશે. રાજ્ય અને રાજ્યના ચૂંટણી પંચને મુદત લંબાવી નહિ અપાય. જો કોઇ લૉજિસ્ટિક સહાય જોઇતી હોય તો તુરત ૨૦૨૫ની ૩૧ ઑક્ટોબરની પહેલાં અરજી કરવી પડશે. તે પછી કોઇ અરજી નહિ સ્વીકારાય.

દરમિયાન, બૅન્ચને જણાવાયું હતું કે (જુઓ પાનું ૨) ▸▸

## મેઘાલયના આઠ પ્રધાનનાં રાજીનામાં

શિલોન્ગઃ મેઘાલયના પ્રધાનમંડળમાં ફેરફાર કરવામાં આવે તે અગાઉ કુલ ૧૨માંથી આઠ પ્રધાને રાજીનામું આપી દીધું હોવાનું અધિકારીઓએ કહ્યું હતું. વરિષ્ઠ નેતા એ. એલ. હેક, પૉલ લિંગ્ડોહ અને અમ્પારિન લિંગ્ડોહ સહિત આઠ પ્રધાને હોદ્દા પરથી રાજીનામું આપી દીધું હતું.

આ પ્રધાનોના રાજીનામાએ કેબિનેટમાં નવા પ્રધાનોનો સમાવેશ કરવાનો માર્ગ મોકળો કર્યો હતો.

મુખ્ય પ્રધાન અને એનપીપીના વડપણ હેઠળની મેઘાલય ડેમોક્રેટિક અલાયન્સ સરકારના વડા કોનરાડ કે. સંગમા રાજભવન ખાતે ગવર્નર સી. એચ. વિજયાશંકરને મળ્યા હતા અને પ્રધાનોનાં રાજીનામાં સુપરત કર્યા હતા, એમ તેમણે કહ્યું હતું.

મંગળવારે સાંજે પાંચ વાગે રાજભવન ખાતે યોજાયેલા સમારોહ દરમિયાન કેબિનેટમાં નવા પ્રવેશેલા પ્રધાનોને શપથગ્રહણ કરાવવામાં આવ્યા હતા. નિયમાનુસાર ૬૦ બેઠક ધરાવતી મેઘાલય વિધાનસભામાં મુખ્ય પ્રધાન સહિત ૧૨ કરતાં વધુ પ્રધાન ન હોઈ શકે. (એજન્સી)

## ઊલટી ગંગાઃ મધર ડેરીએ દૂધ, ઘી, ચીઝ સસ્તાં કર્યાં

### જીએસટીના દરમાંનો ઘટાડો ગ્રાહકોને આપવાની પહેલ

નવી દિલ્હી : કેન્દ્ર સરકાર દ્વારા જીએસટી દરોમાં સુધારાની અસર જોવા મળી રહી છે. જેમાં મધર ડેરીએ દૂધના ભાવમાં ઘટાડાની જાહેરાત કરી છે. જેમાં કંપનીએ તેના પૅકેજ્ડ દૂધના ભાવમાં પ્રતિ લિટર બે રૂપિયા સુધીનો ઘટાડો કર્યો છે. મધર ડેરીએ તેના એક લિટર ટોન્ડ ટેટ્રા પેક દૂધના ભાવ ૭૭ રૂપિયાથી ઘટાડીને ૭૫ રૂપિયા કર્યા છે. આ ઉપરાંત ઘી અને ચીઝ સહિત અન્ય વસ્તુઓના ભાવ પણ ઘટાડવામાં આવ્યા છે. જેનો અમલ બાવીસ સપ્ટેમ્બરના રોજથી કરવામાં આવશે.

મધર ડેરીએ નવા ધોરણો સાથે તમામ ઉત્પાદનો પર ગ્રાહકોને ૧૦૦ ટકા કર લાભ આપવા માટે આ મોટું પગલું ભર્યું છે. નોંધનીય છે કે કંપનીનો આખો પ્રોડક્ટ પોર્ટફોલિયો સૌથી ઓછા સ્લેબ હેઠળ આવે છે. ■

## ઓનલાઈન બેટિંગઃ યુવી, ઉથપ્પા અને સોનુ સૂદને ઈડીના સમન્સ

નવી દિલ્હીઃ ગત ચોમાસું સત્રમાં સંસદે પ્રમોશન એન્ડ રેગ્યુલેશન ઓફ ઓનલાઈન ગેમિંગ એક્ટ બનાવીને બેટિંગ એપ પ્રતિબંધ મુક્યો છે. એ પહેલા ઓનલાઈન બેટિંગ એપ દ્વારા કરોડો રૂપિયાની ગેરરીતિ થઈ હોવાના આરોપો લાગ્યા છે, આવી બેટિંગ એપ સાથે જોડાયેલા સેલિબ્રિટિઝ સામે પગલા ભરવામાં આવી રહ્યા છે. તાજેતરમાં બેટિંગ એક વન એક્સ બેટ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરક્ટરેટએ યુવરાજ સિંહ, રોબિન ઉથપ્પા અને સોનું સૂદને પૂછપરછ માટે સમન્સ પાઠવ્યા છે.

ઈડીએ ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર યુવરાજ સિંહને ૨૩ સપ્ટેમ્બરે દિલ્હી ઓફીસમાં હાજર થવા માટે સમન્સ પાઠવ્યું છે. અભિનેતા સોનુ સૂદને ૨૪ સપ્ટેમ્બરે (જુઓ પાનું ૨) ▸▸

## શાહિદ આફ્રિદી ઓવારી ગયો રાહુલ ગાંધી પરઃ ભાજપ ભડક્યો

ઇસ્લામાબાદ / નવી દિલ્હીઃ પાકિસ્તાનની ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ સુકાની શાહિદ આફ્રિદીએ એક ટીવી શૉમાં ભાજપ સરકારની આકરી ટીકા કરી હતી અને કૉંગ્રેસ તેમ જ કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીની પ્રશંસા કરતા ભારતમાં અનેક દેશપ્રેમીઓએ આફ્રિદીને વખોડવાનું શરૂ કર્યું હતું.

શાહિદ આફ્રિદીએ એશિયા ક્રિકેટ કપની ભારત - પાકિસ્તાન વચ્ચેની મૅચ અંગે પાકિસ્તાનના સમ્મા ટીવી પરની ચર્ચામાં આક્ષેપ કર્યો હતો કે ભારતની ભાજપના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર ધર્મનો દુરુપયોગ રાજકારણ માટે કરી રહી છે.

તેણે ઉર્દૂમાં જણાવ્યું હતું કે ભારતમાં ભાજપના નેતૃત્વ હેઠળની સરકાર સત્તામાં (જુઓ પાનું ૨) ▸▸

## જોઈ લો કરોડનું કાળું ધનઃ





આસામના ગુવાહાટીમાં આસામ સિવિલ સર્વિસ (એસીએસ) ઍન્ડ રેવેન્યૂ સર્કલ ઑફિસર નૂપુર બોરાના નિવાસસ્થાનેથી રોકડરકમ મળી આવી હતી. આવક કરતાં વધુ મિલકત ધરાવવાના કેસને મામલે ચીફ મિનિસ્ટર્સ વિજિલન્સ ઍન્ડ ઍન્ટિ કરપ્શન ટીમે સોમવારે નૂપુર બોરાના નિવાસસ્થાને દરોડા પાડ્યા હતા. માલિગાંવસ્થિત ગોટાનગરના ગોરાઈમારીસ્થિત બોરાનાં નિવાસસ્થાનેથી અધિકારીઓએ રોકડ રકમ અને જવેલરી જપ્ત કરી હતી. બોરા સાથે નિકટતાથી સંકળાયેલા લોકોને ત્યાં દરોડા પાડવાની વિજિલન્સ ટીમ તૈયારી કરી રહી હોવાનાં અહેવાલ છે. (એજન્સી)

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ટીમ ઈન્ડિયાએ હાથ ના મિલાવ્યો તેમાં પાકિસ્તાન રઘવાયું કેમ થયું?

**રવિવારે** દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં એશિયા કપ ૨૦૨૫ની ભારત અને પાકિસ્તાનન મેચ રમાઈ ગઈ ને ભારત સરળતાથી જીતી પણ ગયું પણ આ મેચમાં ભારતના ખેલાડીઓએ પાકિસ્તાનના ક્રિકેટરો સાથે હાથ ના મિલાવ્યા એ મુદ્દે નવો ડખો ઊભો થઈ ગયો છે. પાકિસ્તાને ભારતીય ક્રિકેટરોએ પાકિસ્તાનીઓ સાથે હાથ ના મિલાવ્યા એ માટે મેચ રેફરી એન્ડી પાયક્રોફ્ટને નિશાન બનાવ્યા છે અને ધમકી આપી છે કે, મેચ રેફરી એન્ડી પાયક્રોફ્ટને એશિયા કપમાંથી દૂર નહીં કરાય તો અમે એશિયા કપમાંથી ખસી જઈશું.

પાકિસ્તાને સત્તાવાર રીતે આઈસીસીમાં ફરિયાદ કરેલી કે, મેચ રેફરીએ આઈસીસીની આચારસંહિતા અને ક્રિકેટની ભાવનાનું પાલન કર્યું નથી તેથી તેમને તાત્કાલિક તગેડવા જોઈએ. આ ડખામાં ભૂતપૂર્વ પાકિસ્તાની ક્રિકેટરો પણ કૂદી પડ્યા છે અને રાબેતા મુજબ જ ક્રિકેટને રાજકારણથી દૂર રાખવું જોઈએ એવું કોરસ શરૂ કરી દીધું છે. સામે ભારતીય ક્રિકેટરો પણ કૂદ્યા છે એટલે ધનાધની થઈ ગઈ છે. આઈસીસીએ પાકિસ્તાનની અરજીને ફગાવી દીધી છે તેથી હવે પાકિસ્તાન શું કરે છે એ જોવાનું છે પણ આ કાંડે પાકિસ્તાનીઓ કેટલા હલકા છે એ છતું કરી દીધું છે.

પાકિસ્તાને ટોસ પછી તરત જ આ ડખો ઊભો કરી દીધેલો કેમ કે ટોસ વખતે ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવે પાકિસ્તાની કેપ્ટન સલમાન અલી આગા સાથે હાથ મિલાવ્યો ન હતો. ટોસ પતે પછી બંને ટીમના કેપ્ટન હાથ મિલાવતા હોય છે પણ યાદવે ટોસ પછી હાથ મિલાવ્યા વિના ચાલતી પકડી હતી. પાકિસ્તાને મેચ રેફરી એન્ડી પાયક્રોફ્ટને ફરિયાદ કરીને આક્ષેપ મૂક્યો હતો કે, યાદવે ખેલદિલી બતાવી નથી તેથી તેને ઠપકો આપવો જોઈએ. પાકિસ્તાને સત્તાવાર રીતે લેખિતમાં ફરિયાદ નહોતી કરી તેથી પાયક્રોફ્ટે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)ની વાત એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાંખીને કશું ના કર્યું.

દરમિયાનમાં મેચ પતી ગઈ ને મેચ પત્યા પછી ભારતીય ક્રિકેટરોએ પાકિસ્તાનીઓ સાથે હાથ મિલાવવાના બદલે સીધો પેવલિયનનો રસ્તો પકડ્યો તેથી પાકિસ્તાન ફરી ફરિયાદ કરવા ઉપડી ગયું. આ વખતે પાકિસ્તાને સીધી આઈસીસીને લેખિતમાં ફરીયાદ કરી તેમાં પીસીબીએ સીધો પાયક્રોફ્ટને લપેટીને આક્ષેપ કરી દીધો કે, મેચ રેફરી પાયક્રોફ્ટે જ બંને કેપ્ટનોને હાથ મિલાવવાની ના પાડી હતી. એ રીતે પાયક્રોફ્ટનું વર્તન પક્ષપાતી રહ્યું છે તેથી તેને ટૂર્નામેન્ટમાંથી દૂર કરવો જોઈએ.

ભારત સામેની કારમી હાર પછી પાકિસ્તાનની આબરૂના કાંકરા થઈ ગયા છે એટલે પાકિસ્તાન આબરૂ બચાવવા હવાતિયાં મારી રહ્યું છે. તેના ભાગરૂપે પાકિસ્તાન આ ધમકીઓ આપી રહ્યું છે એ કહેવાની જરૂર નથી કેમ કે આઈસીસીનો કોઈ એવો નિયમ જ નથી કે ટોસ પછી બંને કેપ્ટને હાથ મિલાવવો જોઈએ કે મેચ પતે પછી બંને ટીમના ખેલાડીઓ એકબીજાને પ્રેમથી હાથ મિલાવીને છૂટા પડે.

ક્રિકેટરો મેચ પછી ખેલદિલીના ભાગરૂપે હાથ મિલાવતા હોય છે ને ગળે પણ મળતા હોય છે પણ તેના માટે આઈસીસીએ કોઈ નિયમ નથી બનાવ્યો. આ સંજોગોમાં પાકિસ્તાનની ફરિયાદની કોઈ કિંમત નથી. ભારત સામેની મેચના દેખાવે પાકિસ્તાનની આબરૂનો ધજાગરો કરી દીધો છે તેથી પાકિસ્તાન ગમે તે ભોગે એશિયા કપમાંથી ખસી જવા માગે છે. આ કારણે પાકિસ્તાન એ હદે રઘવાયું થયેલું છે કે, જે નિયમ નથી એ મુદ્દે કાગારોળ મચાવી દીધી છે.

પાકિસ્તાનને રઘવાટનો અંદાજ એ વાત પરથી પણ આવે કે, હાથ મિલાવવાના મુદ્દે ફરિયાદમાં વિલંબ કરવા બદલ પાકિસ્તાની બોર્ડે તેના ડાયરેક્ટર ઓફ ઇન્ટરનેશનલ ક્રિકેટ ઓપરેશન્સ ઉસ્માન વહાલાને સસ્પેન્ડ કરી દીધા છે. પાકિસ્તાન બોર્ડના કારભારીઓનું માનવું છે કે, ઉસ્માન વહાલાએ ટોસ વખતે જ આઈસીસીને સત્તાવાર રીતે ફરિયાદ નોંધાવવાની જરૂર હતી. તેના બદલે તેમણે રેફરીને મૌખિક ફરિયાદ કરીને સંતોષ માન્યો અને ફરિયાદ નોંધાવવામાં વિલંબ કર્યો. આ ગુસ્તાખીથી ખિજવાયેલા પીસીબીના ચેરમેન મોહસીન નકવીએ વહાલાને લાત મારીને તગેડી મૂક્યા છે.

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ તો પાણીમાંથી પોરા કાઢી જ રહ્યું છે પણ ભારતીય ક્રિકેટ ટીમનું વર્તન પણ હાસ્યાસ્પદ જ કહેવાય. બલકે એક પ્રકારનો દંભ જ કહેવાય કેમ કે પાકિસ્તાન સામે ૪૦ ઓવર સુધી ક્રિકેટ રમતી વખતે આપણને દેશપ્રેમ યાદ નથી આવતો પણ પાકિસ્તાના ક્રિકેટરો સાથે હાથ મિલાવવાનું આવે ત્યારે જ આપણને દેશપ્રેમનો ઊભરો આવી જાય છે.

પાકિસ્તાન સામેની મેચ પછી ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવે પાકિસ્તાન કેપ્ટન સલમાન અલી આગા સહિતના પાકિસ્તાની ક્રિકેટરો સાથે હાથ ના મિલાવવા મુદ્દે જ્ઞાન પિરસેલું કે, કેટલીક બાબતો રમતગમતની ભાવનાથી ઉપર હોય છે અને ટીમ મેનેજમેન્ટે બોર્ડ ફોર ક્રિકેટ કંટ્રોલ ઈન ઈન્ડિયા બીસીસીઆઇ અને ભારત સરકારની સંમતિથી આ નિર્ણય લીધો છે. ભારતીય ટીમ પહલગામ હુમલાના પીડિતોને પડખે છે અને પાકિસ્તાન સામેની આ જીત ભારતીય સશસ્ત્ર દળોને સમર્પિત છે.

યાદવને સવાલ કરવો જોઈએ કે, દેશપ્રેમ રમતગમતની ભાવનાથી ઉપર છે કે નહીં ? ખરેખર દેશપ્રેમની ભાવના હોય તો પાકિસ્તાન સાથે રમવું જ શું કરવા જોઈએ ? આપણને વાંધો જે દેશ સામે છે એ જ દેશનું પ્રતિનિધિત્વ કરતી ટીમ સામે રમવામાં આપણને વાંધો નથી નડતો એ કેવો દેશપ્રેમ ? પાકિસ્તાન સામે મેચ રમતી વખતે આપણને આતંકવાદ પણ યાદ આવતો નથી કે દેશભક્તિ પણ નથી ઊભરાતી પણ ક્રિકેટરો સાથે હાથ મિલાવવામાં આપણને બધું નડવા માંડે છે.

એક બીજો મુદ્દો પણ ભૂલવા જેવો નથી. આપણે એશિયા કપમાં કે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)ની સ્પર્ધાઓમાં પાકિસ્તાન સામે રમીએ છીએ કેમ કે પાકિસ્તાન સામે ના રમીએ તો ક્રિકેટની ન્યાત બહાર થઈ જઈએ ને ન્યાત બહાર થઈએ એટલે બોર્ડને ક્રિકેટમાંથી થતી તોતિંગ કમાણી બંધ થઈ જાય. સવાલ એ પણ છે કે, આપણા માટે નાણાં વધારે મહત્ત્વનાં છે કે દેશપ્રેમ ?

આપણામાં એટલો જ દેશપ્રેમ હોય તો તડ ને ફડ કરીને આઈસીસીને પણ કહી દેવું જોઈએ કે, અમે પાકિસ્તાન સામે નહીં રમીએ. આપણે પાકિસ્તાન સામે ના રમીએ તેના કારણે જે તે સ્પર્ધામાં પાકિસ્તાનને પોઈન્ટની રીતે થોડો ફાયદો થાય એવું બને. તેનાથી આપણને કોઈ ફરક ના પડવો જોઈએ કેમ કે સવાલ દેશનો છે, દેશપ્રેમનો છે.

આપણું બોર્ડ આવો દેશપ્રેમ નથી બતાવી શકતું કેમ કે બોર્ડ માટે દેશપ્રેમ કરતાં નાણાં વધારે મહત્ત્વના છે. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

દક્ષિણાયન – સૌર શરદઋતુ, બુધવાર, તા. ૧૭–૯–૨૦૨૫,
એકાદશી શ્રાદ્ધ, ઈન્દિરા એકાદશી

- ભારતીય દિનાંક ૨૬, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, ભાદ્રપદ વદ–૧૧
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ભાદ્રપદ, તિથિ વદ–૧૧
- પારસી શહેનશાહી રોજ ૪થો શહેરેવર, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૪થો શહેરેવર, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨જો બેહમન, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૪મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૫મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર પુષ્ય. ● ચંદ્ર કર્કમાં.
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ).
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૮, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૦, સ્ટા. ટા.
- –ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–
- ભરતીઃ સવારે ક. ૦૯–૦૭, રાત્રે ક. ૨૦–૫૭
- ઓટઃ બપોરે ક. ૧૫–૩૪, મધ્યરાત્રિ પછી ક. ૦૩–૧૭ (તા. ૧૮).
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ભાદ્રપદ કૃષ્ણ – એકાદશી. એકાદશી શ્રાદ્ધ, ઈન્દિરા એકાદશી (કલાકંદ), વિશ્વકર્મા પૂજા (બંગાલ), સંક્રાંતિ પુણ્યકાળ બપોરે ક. ૧૨–૩૩ સુધી, સૂર્ય મહાનક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની, વાહન શિયાળ.
- મુહૂર્ત વિશેષઃ એકાદશી વ્રત ઉપવાસ, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, શ્રી સુક્ત અભિષેક, સંક્રાંતિ પુણ્યકાળમાં તીર્થસ્નાન, તર્પણ અર્ઘ્ય પ્રદાન, ત્રિપીંડી શ્રાદ્ધ, દાન, ઈષ્ટ, મંત્ર જાપ આદિનો મહિમા છે. બુધ ગ્રહ દેવતાના જાપ, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક, નિત્ય થતાં દસ્તાવેજ, દુકાન–વેપાર, ખેતીવાડીના કામકાજ.
- શ્રાદ્ધ પર્વઃ એકાદશી તિથિએ દિવંગતનું શ્રાદ્ધ આજ રોજ કરવું. એકાદશી શ્રાદ્ધ મોક્ષ અપાવે છે. સુખ સંપત્તિ શાંતિ આપે છે. સમગ્ર વર્ષમાં ૧૭૦ દિવસ શ્રાદ્ધ અને વિધવિધ પ્રકારે કરવાનો ઉલ્લેખ છે એટલે કે શ્રાદ્ધ ફક્ત એક જ દિવસ, ભાદ્રપદના શ્રાદ્ધપક્ષમાં ન કરતાં બ્રાહ્મણ દ્વારા તીર્થયાત્રામાં, દિવંગતની તિથિ, અમાસ, સંક્રાંતિ, ગ્રહણ, શિવરાત્રિ, પ્રદોષ, પાંચમ, બુધવાર આદિ અનેક તિથિ પર્વ યોગોમાં વિધિપૂર્વક શ્રાદ્ધ કરવું. શ્રાદ્ધ ઉપરાંત જરૂરતમંદોને દાન કરવું, વિદ્યાર્થીઓને, પશુ–પંખી–ગાય, જીવસૃષ્ટિ, અશક્તોને માટે મદદરૂપ થવું, બ્રાહ્મણોને પોતાની આજીવિકા જળવાઈ રહે તે માટે ઉપયોગી થવું.
- આચમનઃ ચંદ્ર–શનિ ત્રિકોણ કરકસરિયા, ચંદ્ર–નેપ્ચૂન ત્રિકોણ સંગીતપ્રિય, બુધ–શનિ ત્રિકોણ અંતરાત્માને અનુસરનારા.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–શનિ ત્રિકોણ, ચંદ્ર–નેપ્ચૂન ત્રિકોણ, બુધ–શનિ ત્રિકોણ, ગ્રહગોચરઃ સૂર્ય / કન્યા, મંગળ–તુલા, માર્ગી બુધ–કન્યા, ગુરુ–મિથુન, શુક્ર–સિંહ, વક્રી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, વક્રી નેપ્ચ્યુન–મીન, વક્રી પ્લુટો–મકર. ■

## હૉલિવૂડના ગોલ્ડન બોય અને ઓસ્કર વિજેતા એક્ટર રોબર્ટ રેડફોર્ડનું અવસાન

પ્રોવો : હૉલિવુડના ગોલ્ડન બોય, ઑસ્કરવિજેતા ડિરેક્ટર, સ્વતંત્રતાના એક્ટિવિસ્ટ અને સ્વતંત્ર સનિમાના ગોડફાધર રોબર્ટ રેડફોર્ડનું ૮૯ વર્ષની વયે અવસાન થયું હતું. પબ્લિસિસ્ટ સિન્ડી બર્ગરે એખ નિવેદનમાં કહ્યું હતું કે રેડફોર્ડ યુટાના પર્વતમાં આવેલા સનડાન્સના તેમના ઘરમાં નિધન પામ્યા હતા. આ જગ્યા તેમને બહુ પસંદ હતી અને તેઓ જેમને ચાહતા હતા એવા લોકોથી ઘેરાયેલી છે. તેમના મરણનું કોઈ કારણ આફવામાં આવ્યું નથી.

૧૯૬૦ના દાયકામાં સ્ટાર તરીકે ઉદય પામ્યા હતા. તેઓ ૭૦ના દાયકામાં 'ધ કેન્ડિડેટ', 'ઓલ ધ પ્રેસિડન્ટ્સ મેન' અને 'ધ વે વી વેર' જેવી ફિલ્મોને લીધે સૌથી મોટા સ્ટારમાંના એખ બની ગયા હતા. તેમને ૧૯૮૦ની ઑર્ડીનરી પીપલ માટે શ્રેષ્ઠ ડિરેક્ટરનો ઑસ્કર મળ્યો હતો. આ ફિલ્મને ત્તમ ફિલ્મનો ઓસ્કર એવૉર્ડ પણ મળ્યો હતો. નિર્દોષ સ્મિત અને દમદાર અભિનયે તેમને સૌથી વધારે ડિમાન્ડમાં રહેલા આગેવાન પુરુષ બનાવ્યા હતા. તેઓ સખત મહેનત કરીને તેમના ચહેરાને આંબી ગયા હતા. આ માટે તેમણે રાજકીય વકાલાત કરી હતી. ગ્લેમર ન હોય એવી ભૂમિકા સ્વીકારી હતી અને ઓછા બજેટવાળી ફિલ્મને મંચ પૂરો પાડ્યો હતો. તેઓ વૉશિંગ્ટન પોસ્ટના પત્રકાર બોબ વૂડવર્ડથી માંડીને જરેમિયા જોન્સનમાં માઉન્ટેન મેનની ભૂમિકા ભજવી હતી. તેમણે માર્વેલ સિનેમેટિક યુનિવર્સમાં ડબલ એજન્ટની ભૂમિકા ભજવી હતી. જોકે તેમના સૌથી પ્રખ્યાત સ્ક્રીન પાર્ટનર તેમના જૂના મિત્ર અને સહકાર્યકર્તા અને પ્રેક્ટિકલ જોકર ન્યુમેન હતા. ૨૦૧૮માં તેમની છેલ્લી ફિલ્મ 'ધ ઓલ્ડ મેન એન્ડ ધ ગન' આવી હતી. (એજન્સી)■

## આસામમાં સિવિલ સેવા અધિકારીના નિવાસે દરોડા

ગુવાહાટી : આસામમાં વિવાદાસ્પદ સિવિલ સેવા અધિકારી નૂપુર બોરાના નિવાસે ફરિયાદના આધારે વિજીલન્સ વિભાગે દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહીમાં ટીમે લગભગ ૯૦ લાખ રૂપિયાની રોકડ અને ૧ કરોડ રૂપિયાથી વધુ કિંમતના સોનાના દાગીના જપ્ત કર્યા હતા. કુલ મળીને બે કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ જપ્ત કરવામાં આવી છે.

આ દરોડા બાદ નુપુર બોરાની ધરપકડ કરી લેવામાં આવી છે. તેમની પણ આવકથી વધુ સંપત્તિનો કેસ દાખલ કરવામાં આવ્યો છે. નુપુર બોરા વર્ષ ૨૦૧૯ બેચની એસીએસ અધિકારી છે. તેમણે બારપેટા અને કાર્બી આંગલોંગ જીલ્લામાં મહત્વપૂર્ણ પદો પર કામ કર્યું છે. હાલ નૂપુર બોરાની પૂછપરછ ચાલુ છે.વિજિલન્સ સેલ દ્વારા અન્ય સંભવિત મિલકતોની તપાસ શરૂ કરવામાં આવી છે. આ કેસ આસામમાં સિવિલ સેવાઓની પારદર્શિતા પર પ્રશ્નો ઉભા કરી રહ્યો છે. ■

## યુનોની બેઠક દરમ્યાન શાહબાઝ શરીફ અને ટ્રમ્પ વચ્ચે બેઠક શક્ય

ઈસ્લામાબાદઃ જીઓ ન્યૂઝે સૂત્રોના હવાલાથી અહેવાલ આપ્યો છે કે પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ યુનોની મહાસભા દરમ્યાન અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પને મળે તેવી શક્યતા છે.

શરીફની સાથે, પાકિસ્તાનના વાસ્તવિક નિર્ણય લેનારા પાકિસ્તાની સેના પ્રમુખ અસીમ મુનીર ટ્રમ્પ સાથેની બેઠકમાં હાજરી આપશે.

ભારત દ્વારા ઓપરેશન સિંદૂર વખતે, પાકિસ્તાનના પ્રદેશમાં આવેલા બહાવલપુર અને મુરીદકેમાં મુખ્ય આતંકવાદી માળખાને તોડી પાડ્યા બાદ, મુનીર શરીફને ફીલ્ડ માર્શલના ઉચ્ચ અને દુર્લભ પદ પર બઢતી મળી ત્યારથી તેઓ દ્વિપક્ષી વાટાઘાટોમાં સક્રિયપણે તેમની સાથે રહ્યા છે.

જો આ મુલાકાત થાય છે, તો તે ટ્રમ્પ દ્વારા વ્હાઇટ હાઉસમાં મુનીર સાથે લંચ મીટિંગ યોજ્યાના મહિનાઓ પછી થશે.

મીડિયાને આપેલી પોતાની ટિપ્પણીમાં, ટ્રમ્પે કહ્યું કે મુનીરને મળવા માટે તેઓ સન્માનિત છે અને તેમણે સેના પ્રમુખ સાથે ઈરાન–ઈઝરાયલ સંઘર્ષથી ઊભી થયેલી પરિસ્થિતિ અંગે ચર્ચા કરી હતી, એવી અટકળો વચ્ચે કે વોશિંગ્ટન પાકિસ્તાની લશ્કરી થાણાઓનો ઉપયોગ ઈરાન પર હુમલા કરવાનો નિર્ણય લે તો તેનો ઉપયોગ કરવાનું વિચારી રહ્યું છે.

એક નિવેદનમાં, પાકિસ્તાની સેનાએ જણાવ્યું હતું કે ટ્રમ્પએ લાંબા ગાળાના વ્યૂહાત્મક સંકલન અને સહિયારા હિતોના આધારે પાકિસ્તાન સાથે પરસ્પર ફાયદાકારક વેપાર ભાગીદારી બનાવવા માટે ઊંડો રસ દર્શાવ્યો હતો.

ટ્રમ્પની સાથે આ બેઠકમાં વિદેશ સચિવ માર્કો રુબિયો અને મધ્ય પૂર્વ માટે યુએસના ખાસ પ્રતિનિધિ સ્ટીવ વિટકોફ પણ હતા. મુનીર સાથે પાકિસ્તાનના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અને જાસૂસી એજન્સી ઈંર્જીના વડા લેફ્ટનન્ટ જનરલ અસીમ મલિક પણ જોડાયા હતા. ■

## ટ્રમ્પનો અખબાર સામે ૧૩૨૦ કરોડ રૂપિયાનો બદનક્ષીનો દાવો

ન્યૂ યોર્કઃ ચોંકાવનાર નિર્ણયો લેવા માટે જાણીતા અમેરિકા પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે વધુ એક મોટો નિર્ણય લીધો છે. આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતા અમેરિકા અખબાર ન્યૂ યોર્ક ટાઈમ્સ સામે ટ્રમ્પે ૧૫ અબજ ડોલર (૧૩૨૦ કરોડ રૂપિયા)નો માનહાની દાવો દાખલ કરવાનો નિર્ણય જાહેર કર્યો છે. ટ્રમ્પ ફ્લોરિડા રાજ્યમાં આ દાવો દાખલ કરવા જઈ રહ્યા છે.

ટ્રમ્પે ટ્રૂથ સોશ્યલ પર પોસ્ટ કરી લખ્યું, આજે હું ગર્વ અનુભવું છું કે હું આપણા દેશના ઇતિહાસમાં સૌથી ઘૃણાસ્પદ અને અધોગતિ પામેલા અખબારોમાંના એક ધ ન્યૂ યોર્ક ટાઈમ્સ સામે ૧૫ અબજડોલરનો માનહાનિ દાવો દાખલ કરવા જઈ રહ્યો છું, આ અખબાર કટ્ટરપંથી ડાબેરી ડેમોક્રેટ પાર્ટીનું 'મુખપત્ર' બની ગયું છે.

ટ્રમ્પે દાવો કર્યો કે ગત વર્ષે પ્રમુખપદની ચૂંટણી દરમિયાન ધ ન્યૂ યોર્ક ટાઈમ્સે તેમના હરીફ ડેમોક્રેટીક પાર્ટીના ઉમેદવાર કમલા હેરિસની તરફેણ કરી હતી, અખબારના પહેલા પાના પર કમલાને મુખ્ય સ્થાન આપવામાં આવતું હતું. જે દેશમાં અત્યાર સુધીનું સૌથી મોટું ગેરકાયદે પ્રચાર અભિયાન હતું.■

## પહેલા પાનાનું ચાલુ

### ભારતે કોઇની

હતું કે વૉશિંગ્ટને અગાઉ મેમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ કરાવવાની ઑફર કરી હતી અને તટસ્થ જગ્યાએ બન્ને દેશ વચ્ચે મંત્રણા યોજવાની તૈયારી દર્શાવી હતી, પણ બાદમાં રુબિયોએ કહ્યું હતું કે ભારતે આ દરખાસ્તનો અસ્વીકાર કર્યો હતો.

ડારે જણાવ્યું હતું કે અમને (પાકિસ્તાનને) ભારત સાથેની મંત્રણામાં ત્રીજા પક્ષની મધ્યસ્થીમાં વાંધો નથી, પરંતુ ભારત ના પાડે છે. બન્ને દેશ વચ્ચેની મંત્રણા જમ્મુ અને કાશ્મીર, ત્રાસવાદ, વેપાર, આર્થિક બાબતોને આવરી લેતી વ્યાપક હોવી જોઇએ. પાકિસ્તાન 'શાંતિ–પ્રિય' દેશ છે. (એજન્સી)■

### અમેરિકા સાથેના

દક્ષિણ એશિયાના વેપારના મદદનીશ પ્રતિનિધિ છે અને તેમણે ભારતના કોમર્સ ખાતાના ખાસ સચિવ રાજેશ અગ્રવાલ સાથે વાતચીત કરી હતી. બન્ને દેશો વર્ચ્યુઅલ મૉડ પર વાતચીત ચાલુ રાખવા સંમત થયા હતા. બન્ને દેશો હવે નવી ફિઝિકલ મટિંગની તારીખ નક્કી કરશે.

અમેરિકાના મુખ્ય વેપાર વાટાઘાટકાર બ્રેન્ડેન લિન્ચ ભારત અને અમેરિકા વચ્ચે વેપાર કરાર કરવાની વાતચીત કરવા માટે સોમવારે નવી દિલ્હી આવી પહોંચ્યા હતા. ટ્રમ્પ વહીવટીતંત્રે ભારત પર પચાસ ટકા ટૅરિફ નાખવાથી બન્ને દેશના સંબંધોમાં કડવાશ આવી હતી, પરંતુ બન્ને પક્ષોએ મતભેદો ઘટાડવા પ્રયાસ કરતાં આ વાતચીત યોજાઈ હતી. ભારતના વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પીયૂષ ગોયલે પણ ગયા અઠવાડિયે આવો આશાવાદ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું હતું કે વચગાળાની ડીલ નવેમ્બર–૨૦૨૫ સુધીમાં થઈ જશે.

અગાઉ લિન્ચ પચીસથી ૨૯ ઑગસ્ટ સુધી આવવાના હતા, પરંતુ બન્ને દેશ વચ્ચે ટૅરિફ અંગે તંગદિલી વધતાં તેમની મુલાકાત રદ કરાઈ હતી. અમેરિકાએ પચીસ ટકા ટૅરિફ ઑગસ્ટના પહેલા અઠવાડિયમાં અને રશિયા પાસથી તેલ ખરીદવા માટે બીજો પચીસ ટકા ટૅરિફ લાદ્યો હતો. ભારત અને અમેરિકા વચ્ચે માર્ચશ મહિનાથી વચગાળાની ડીલ માટે વાતચીત ચાલુ છે. ■

### દહેરાદૂનમાં

૯૨.૫ મિલિમીટર, જોલી ગ્રાન્ટમાં ૯૨.૫ મિલિમીટર અને કલસીમાં ૮૩.૫ મિલિમીટર વરસાદ પડ્યો હતો.

ભારે વરસાદને લીધે અનેક રસ્તા, ઘર અને દુકાનોને નુકસાન થયું હતું તેમ જ એક પુલ પાણીના ધસમસતા વહેણમાં વહી ગયો હતો.

દહેરાદૂનના અલગ–અલગ વિસ્તારમાં અંદાજે ૫૮૪ લોકો ફસાયા હતા. અહીં ભારે વરસાદને લીધે મોટા ભાગની નદીઓમાં પૂર આવ્યાં છે.

ટપકેશ્વર મંદિરને લીધે વિખ્યાત થયેલા તમસા નદીના ઘાટ પરના કાંઠા પર જળસપાટી જોખમી સ્તરની ઉપર છે. અહીં ગંગા અને યમુના નદીનું જળસ્તર જોખમી સ્તરની નજીક છે.

નદીની વધી રહેલી જળસપાટીને લીધે ઘાટ પરના મંદિરમાં જ અનેક શ્રદ્ધાળુઓ રોકાઇ ગયા હતા.

દહેરાદૂનના પૌંધા વિસ્તારમાં આવેલા દેવભૂમિ ઇન્સ્ટિટ્યૂટ કેમ્પસ ખાતે આશરે ૨૦૦ વિદ્યાર્થી ફસાયા હતા. તહેરીમાં વધેલી જળસપાટીને કારણે અનેક લોકોએ ગીતાભવનમાં આશ્રય લેવો પડ્યો હતો.

મુખ્ય પ્રધાન પુષ્કરસિંહ ધામીએ પૂરગ્રસ્ત દહેરાદૂન જિલ્લાની મુલાકાત લઇને ચાલી રહેલી બચાવ અને રાહત કામગીરીની સમીક્ષા કરી હતી. (એજન્સી)■

### ઑપરેશન સિંદૂર

અને મુરિડકેમાં જૈશે મહંમદ, લશ્કરે તૈયબા અને હિઝબુલ મુજાહિદીનની છાવણીઓ પર હુમલા કર્યા હતા. ભારતનાં કર્નલ સોફિયા કુરેશીએ પત્રકારોને સંબંધિત જાણકારી આપતા દાવો કર્યો હતો કે ભારતીય લશ્કરે માત્ર ત્રાસવાદીઓની છાવણીઓ પર હુમલા કર્યા હતા અને કોઇ નિર્દોષ નાગરિકોને હાનિ ન પહોંચે તેનું ધ્યાન રાખવામાં આવ્યું હતું. આમ છતાં, પાકિસ્તાને દાવો કર્યો હતો કે ભારતીય લશ્કરે કરેલા હુમલામાં અમારા ૨૬ નાગરિક માર્યા ગયા હતા અને અન્ય ૪૬ ઘાયલ થયા હતા.

ભારતીય લશ્કરના હુમલામાં ત્રાસવાદીઓને શસ્ત્રોની તાલીમ આપતો મહંમદ યુસુફ અઝહર પણ માર્યો ગયો હતો. (એજન્સી)■

### હિમાચલમાં તબાહી

હતું કે તેમણે છેલ્લા પચીસ થી ૩૦ વર્ષોમાં નદીની જળસપાટી આટલી વધુ જોઈ નથી. સદભાગ્યે, વહેલી સવારે જ્યારે પૂર આવ્યું ત્યારે મંદિર પરિસરમાં બહુ ઓછા ભક્તો હતા. મંદિરમાં રહેતા પૂજારીઓ સુરક્ષિત છે.

ઉત્તરાખંડમાં સોંગ નદીમાં અચાનક આવેલા પૂરથી નજીકના વિસ્તારોમાં પાણી ભરાઈ ગયું હતું. સ્થાનિક વહીવટીતંત્રે ઝડપથી રાહત બચાવની કામગીરી શરૂ કરી હતી. દેહરાદૂન સ્થિત જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ કાર્યાલય અનુસાર, ઉત્તરાખંડમાં સહસ્ત્રધારા, માલદેવતા, સંતલા દેવી અને ડાલનવાલા પૂરથી સૌથી વધુ પ્રભાવિત થયા હતા. સહસ્ત્રધારામાં ૧૯૨ મીમી વરસાદ, માલદેવતા (૧૪૧.૫ મિમી), હાથી બડકલા અને જોલી ગ્રાન્ટ (૯૨.૫ મિમી) અને કાલસી (૮૩.૫ મીમી) વરસાદ થોડા કલાકોમાં વરસ્યો હતો.

રાજ્યના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સચિવ વિનોદ કુમાર સુમનએ જણાવ્યું હતું કે અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરીમાં ટીમો રોકાયેલી છે, જ્યારે ૩૦૦થી ૪૦૦ લોકોને પહેલાથી જ સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે.

માહિતી મહાનિર્દેશક બંશીધર તિવારીએ જણાવ્યું હતું કે દેહરાદૂનના પૌંધા વિસ્તારમાં દેવભૂમિ ઇન્સ્ટિટ્યૂટ કેમ્પસમાં પાણી ભરાઈ જવાથી ફસાયેલા લગભગ ૨૦૦ બાળકોને એસડીઆરએફ ટીમે બચાવ્યા હતા. મુખ્ય પ્રધાન પુષ્કર સિંહ ધામીએ પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે દેહરાદૂન જિલ્લાના વરસાદથી પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લીધી હતી. સ્થાનિક ધારાસભ્યો અને વરિષ્ઠ અધિકારીઓ તેમની સાથે હતા.

વરસાદથી પ્રભાવિત માલદેવતા વિસ્તારમાં પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે, ''ભારે વરસાદને કારણે બધી નદીઓ છલકાઈ ગઈ છે. પચીસથી ૩૦ સ્થળોએ રસ્તાઓ તૂટી ગયા છે. ઘરો અને સરકારી મિલકતોને નુકસાન થયું છે. સામાન્ય જનજીવન ભારે પ્રભાવિત થયું છે. બચાવ ટીમો યુદ્ધના ધોરણે કામ કરી રહી છે.રાજ્ય સરકાર દરેક અસરગ્રસ્ત પરિવાર સાથે ઉભી છે. વહીવટીતંત્ર પહેલેથી જ એલર્ટ મોડ પર છે અને એનડીઆરએફ, એસડીઆરએફ, પોલીસ અને સ્થાનિક વહીવટીતંત્ર સક્રિય છે. ■

### મહારાષ્ટ્રમાં

મ્યુનિસિપાલિટીઓના સીમાંકનનું કામ ચાલી રહ્યું છે અને મતદાન માટેના અપૂરતાં ઇલેક્ટ્રોનિક મશીન, બૉર્ડની પરીક્ષાને લીધે શાળાઓ ખાલી નહિ હોવા સહિતના વિવિધ કારણસર ચૂંટણીનાં આયોજન માટે વધુ સમય આપવા વિનંતિ કરાઇ હતી.

બૅન્ચે જણાવ્યું હતું કે સર્વોચ્ચ અદાલતે આ કિસ્સામાં અગાઉ આપેલા આદેશના સંબંધમાં રાજ્યના ચૂંટણી પંચે કોઇ પગલાં નથી લીધાં. સીમાંકનનું બાકી રહેલું કામ ૨૦૨૫ની ૩૧ ઑક્ટોબર સુધીમાં પૂરું કરવું પડશે. તેની સમયમર્યાદા પણ વધારી નહિ દેવાય. ચૂંટણી મુલતવી રાખવા માટે સીમાંકનનું કામ બાકી હોવાનું કારણ આપી નહિ શકાય.

બૉર્ડની પરીક્ષાને લીધે શાળાઓ ખાલી નહિ હોવાથી મતદાન યોજવા માટે જગ્યા નથી, એવી દલીલના સંબંધમાં સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે બૉર્ડની પરીક્ષા તો આવતા વર્ષે માર્ચમાં યોજાવાની છે. અમે મહારાષ્ટ્રના મુખ્ય સચિવને ચૂંટણી યોજવા જરૂરી કર્મચારીઓ ફાળવવા આદેશ આપીએ છીએ.

બૅન્ચે જણાવ્યું હતું કે મહારાષ્ટ્રના ચૂંટણી પંચે ચૂંટણીનાં આયોજન માટે જરૂરી કર્મચારીઓની સંખ્યા રાજ્યના મુખ્ય સચિવને આગામી બે અઠવાડિયાંમાં જણાવવી પડશે અને તેના ચાર અઠવાડિયાંમાં જ મુખ્ય સચિવે વિવિધ વિભાગોના સચિવોની સાથે સલાહમસલત કરીને જરૂરી સ્ટાફ ચૂંટણી પંચને પૂરો પાડવો પડશે.

તેણે જણાવ્યું હતું કે ચૂંટણી પંચે મતદાન માટે ઉપલબ્ધ ઇલેક્ટ્રોનિક મશીનને લગતું સોગંદનામું ૨૦૨૫ની ૩૦ નવેમ્બર સુધીમાં નોંધાવવું પડશે.

સર્વોચ્ચ અદાલતની બૅન્ચે મહારાષ્ટ્રની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીના આયોજનમાં ઘણાં સમયથી થઇ રહેલા વિલંબને સંબંધિત અરજીની સુનાવણી કરતી વખતે આ આદેશ આપ્યા હતા.

રાજ્યના ચૂંટણી પંચના વકીલે સર્વોચ્ચ અદાલતને જણાવ્યું હતું કે હાલમાં મતદાન માટેના ૬૫,૦૦૦ ઇલેક્ટ્રોનિક મશીન છે અને હજી ૫૦,૦૦૦ જોઇએ છે. (એજન્સી)■

### ઓનલાઈન બેટિંગ

પૂછપરછ માટે બોલાવવામાં આવ્યો છે, જ્યારે ક્રિકેટર રોબિન ઉથપ્પાને પણ બાવીસ સપ્ટેમ્બરે હાજર રહેવા સમન્સ પાઠવવામાં આવ્યું છે. આ કેસમાં અગાઉ સુરેશ રાઈના, હરભજન સિંહ અને શિખર ધવન જેવા ક્રિકેટરો સાથે પૂછપરછ થઇ ચુકી છે.

વન એક્સ બેટ સાથે સંબંધો બાબતે બંગાળી એક્ટર અંકુશ હાજરાની પણ પૂછપરછ કરવામાં આવી હતી. આ મામલે એજન્સીએ ભૂતપૂર્વ ટીએમસી સાંસદ મીમી ચક્રવર્તીની પણ પૂછપરછ કરી છે. અહેવાલ મુજબ ઊર્વશી રૌતેલાને પણ સમન્સ પાઠવવામાં આવ્યું છે, તે પૂછપરછ માટે હાજર થશે કે નહીં એ અંગે હજુ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

વન એક્સ બેટ એ બેટિંગ માટે ગ્લોબલ પ્લેટફોર્મ છે, બેટિંગ બિઝનેસમાં ૧૮ વર્ષથી કાર્યરત છે. એવો આરોપ છે કે આ એપ દ્વારા ઘણા રોકાણકારો અને સામાન્ય લોકો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી હતી, અને મોટા પાયે ટેક્સ ચોરી કરવામાં આવી હતી. ■

### શાહિદ આફ્રિદી

રહેવા માટે હંમેશાં 'મુસ્લિમ - હિંદુ કાર્ડ'નો દુરુપયોગ કરે છે. ભારતમાં રાહુલ ગાંધી જેવા બહુ હકારાત્મક વિચાર ધરાવતા સારા નેતા પણ છે. રાહુલ ગાંધી લોકોને સાથે રાખીને આગળ વધવામાં અને મંત્રણા કરીને સમસ્યા ઉકેલવામાં માને છે. શાહિદ આફ્રિદીએ સવાલ કર્યો હતો કે શું એક ઇઝરાયલ પૂરતું નથી કે મોદી ભારતને બીજું ઇઝરાયલ બનાવવા પ્રયાસ કરી રહ્યા છે?

ભાજપે આ નિવેદનની ટીકા કરતા જણાવ્યું હતું કે કૉંગ્રેસ અને પાકિસ્તાન વચ્ચેની 'મિત્રતા' વર્ષો જૂની છે.

ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા શહેઝાદ પુનાવાલાએ 'એક્સ' પર લખ્યું હતું કે જે લોકો ભારતને ધિક્કારે છે, તેઓને કૉંગ્રેસ અને રાહુલ ગાંધીનો સાથ મળે છે.

તેમણે જણાવ્યું હતું કે 'આઇએનસી'નું પૂરું નામ 'ઇસ્લામાબાદ નેશનલ કૉંગ્રેસ' હોવું જોઇએ.

ભાજપના 'આઇટી સૅલ'ના વડા અમિત માલવિયાએ જણાવ્યું હતું કે ભારતના દુશ્મનો હંમેશાં રાહુલ ગાંધી અને કૉંગ્રેસની પ્રશંસા કરે છે. શાહિદ આફ્રિદી 'હિંદુ–વિરોધી' ઝનૂની વલણ ધરાવે છે.

તેમણે જણાવ્યું હતું કે આ ભૂતપૂર્વ ક્રિકેટર ભારતની પાકિસ્તાન સાથેની નીતિની સરખામણી ઇઝરાયલની ગાઝામાંની લશ્કરી કાર્યવાહી સાથે કરે છે. (એજન્સી)■

# ગુજરાતના અનેક જિલ્લામાં ચાર દિવસ વરસાદની આગાહી: નર્મદા ડેમ ૯૨ ટકા ભરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં વરસાદની વિદાયના સમયે ફરીથી અમુક જિલ્લામાં આગામી દિવસોમાં વરસાદ પડે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા વ્યકત કરવામાં આવી હતી. હવામાન વિભાગની આગાહીને પગલે કપાસ અને મગફળીના ખેડૂતોમાં ચિંતા વ્યાપી છે.

રાજ્યના જુદા જુદા જિલ્લામાં આગામી ચાર દિવસ સુધી હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી હતી. હવામાન વિભાગ દ્વારા ૧૯મી સપ્ટેમ્બર સુધી રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી હતી. માછીમારોને ૧૮ સપ્ટેમ્બર સુધી દરિયો નહીં ખેડવાની સૂચના આપવામાં આવી હતી.

હવામાન વિભાગ મુજબ, આગામી બે દિવસ દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે. જ્યારે ૧૮ અને ૧૯ સપ્ટેમ્બરના રોજ સમગ્ર ગુજરાતમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. સમગ્ર સૌરાષ્ટ્રમાં હાલ મગફળીની લણણીની મોસમ ચાલી રહી હોય, હવામાન વિભાગની આગાહીએ ખેડૂતોની ચિંતા વધારી હતી.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના આંકડા મુજબ, નર્મદા ડેમ ૯૨ ટકા ભરાયો છે. રાજ્યમાં સિઝનનો સરેરાશ ૧૦૮.૨૧ ટકા વરસાદ વરસ્યો છે. કચ્છમાં સૌથી વધુ ૧૩૫.૯૫ ટકા, ઉત્તર ગુજરાતમાં ૧૧૮.૭૨ ટકા, પૂર્વ મધ્યમાં ૧૧૦.૧૮ ટકા, સૌરાષ્ટ્રમાં ૯૩.૮૯ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૧૧૧.૬૪ ટકા વરસાદ વરસ્યો છે.

રાજ્યમાં સાંજે છ વાગ્યા સુધીમાં ૧૫ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. સુબીરમાં ૧.૭૩ ઇંચ, ચીખલીમાં ૧.૩૮ ઇંચ, ગણદેવીમાં ૦.૪૭ ઇંચ, વાલોડમાં ૦.૪૩ ઇંચ, પાટણ-વેરાવળમાં ૦.૩૧ ઇંચ, વઘઈમાં ૦.૨૪ ઇંચ, નવસારીમાં ૦.૨૪ ઇંચ વરસાદ વરસ્યો હતો.

રાજ્યમાં ૧૧૦ ડેમ સો ટકા ભરાયેલા છે, જ્યારે ૧૪૪ ડેમ હાઈ એલર્ટ પર છે. ૬૪ ડેમ ૭૦થી ૧૦૦ ટકા વચ્ચે, ૧૪ ડેમ ૫૦ થી ૭૦ ટકા વચ્ચે, ૯ ડેમ ૨૫ થી ૫૦ ટકા વચ્ચે અને નવ ડેમ ૨૫ ટકાથી ઓછા ભરાયેલા છે. ૧૩ ડેમ એલર્ટ અને ૧૭ ડેમ વોર્નિંગ પર છે. ■

# રાજકોટ સોની બજારમાં ₹ એક કરોડનું સોનું લઈને બંગાળી કારીગર ફરાર થઈ જતાં ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ શહેરના સોની બજારમાં બંગાળી કારીગર એક કરોડનું સોનું લઇને ફરાર થઈ ગયો હોવાની ઘટના સામે આવી હતી. શ્રીહરી ઓર્નામેન્ટ પેઢીમાંથી રૂપિયા એક કરોડના સોનાની થઇ ચોરી હોવાની ઘટના અંગે વેપારીએ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી

મળતી વિગતો અનુસાર, રાજકોટ શહેરના સોની બજારમાં બંગાળી કારીગર એક કરોડનું સોનું લઇને ફરાર થઈ ગયો હોવાની ઘટના સામે આવી હતી. સોની બજારમાં આવેલી શ્રીહરિ ઓર્નામેન્ટ પેઢીમાંથી રૂપિયા એક કરોડના સોનાની ચોરી થઈ હોવાની ઘટના સામે આવી હતી. સોની વેપારી તરુણ પાટડિયાની પેઢીમાં શફીકુલ શેખ નામનો બંગાળી કારીગર કામ કરતો હતો, વેપારીએ તેને દાગીના બનાવવાના કામ માટે વેપારી ૧૮ કેરેટનું ૧૩૪૯.૩૩૦ ગ્રામ સોનું આપ્યું હતું, જે સોનું લઈને આરોપી કારીગર રફુચક્કર થઈ ગયો હતો.

જો કે આ ઘટના આજથી ત્રણેક મહિના પહેલા બની હતી, પરંતુ વેપારીએ ફરિયાદ હવે છેક નોંધાવી હતી. જેના કારણે પણ અનેક તર્ક વિતર્ક થઈ રહ્યા છે. આ બનાવ અંગે શહેરના એ. ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી, ફરિયાદના આધારે પોલીસ વધુ તપાસ હાથ ધરી હતી. હાલ પોલીસ દ્વારા આસપાસના સીસીટીવી ફૂટેજ પણ તપાસવાનું શરૂ કર્યું છે, તેમજ લાગતા વળગતાઓની પૂછપરછ કરી આરોપીને ઝડપી લેવા કવાયત હાથ ધરી હતી. જોકે આ ઘટનાથી રાજકોટના સોની વેપારીઓમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું. હાલ આ કેસની તપાસ ચાલી રહી છે અને આગામી દિવસોમાં આ મામલે વધુ ખુલાસા થવાની શક્યતા છે. ■

# બુટલેગરોએ પંજાબથી મુંદરાના ધ્રબ ખાતે મગાવેલો ૧.૨૯ કરોડનો શરાબ-બિયરનો જથ્થો એલસીબીએ ઝડપી પાડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં બિન્ધાસ્ત રીતે ચાલી રહેલા શરાબના કાળા કારોબારીઓ પર પોલીસે જાણે ઝુંબેશ છેડી હોય તેમ પશ્ચિમ કચ્છની સ્થાનિક ગુન્હાશોધક શાખાએ બંદરીય મુંદરા તાલુકાના મેકરણ દાદાના ધામ કહેવાતાં ધ્રબ ગામના સીમાડામાં આવેલા શ્રીરામ યાર્ડમાંથી લિસ્ટેડ બુટલેગરો એવા ત્રગડી ગામના યુવરાજસિંહ વજુભા જાડેજા અને અબડાસાના ખાનાયાના જીતુભા દ્વારા પંજાબથી મગાવેલા સવા કરોડના મૂલ્યના શરાબના જથ્થાને ઝડપી પાડ્યો હતો. આ કાર્યવાહી અંગે એલ.સી.બી.ના પી.આઈ હિતેશ જેઠીએ વિગતો આપતાં જણાવ્યું હતું કે, પંજાબથી આવેલા કન્ટેનરને શ્રીરામ યાર્ડમાં છુપાવવામાં આવ્યું હોવા અંગે તેમને મળેલી પૂર્વ બાતમીના આધારે અહીં દરોડો પાડવામાં આવ્યો હતો. અહીં મળી આવેલા સીલબંધ કન્ટેનરમાંથી અંગ્રેજી પ્રકારની ભારતીય બનાવટની દારૂની ૩૮,૩૮,૮૦૦ રૂપિયાની ૩૫૦૪ બોટલો અને રૂપિયા ૯૦,૭૨,૦૦૦ના ૪૩,૨૦૦ આલ્કોહોલ મિશ્રિત બીયરના ટીન મળી આવ્યાં હતા. બે લાખના કન્ટેનર સહિત કુલ રૂ. ૧ કરોડ ૩૧ લાખ ૧૦ હજાર ૮૦૦નો મુદ્દામાલ જપ્ત કરી લેવામાં આવ્યો છે.

યુવરાજસિંહ અને જીતુભાનાં સાગરીત જયદિપસિંહ રાઠોડની મદદ વડે આ જથ્થો કચ્છમાં ઘુસાડવામાં આવ્યો હતો તેમ જ ટ્રેલર માલિક નવુભા જાડેજા અને ટ્રેલર ચાલકના નામ પણ આ કાર્યવાહીમાં બહાર આવ્યા હોવાનું હિતેશ જેઠીએ ઉમેર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ લિસ્ટેડ બુટલેગરો યુવરાજસિંહ જાડેજા અને જીતુભા સોઢા દ્વારા કચ્છમાં મગાવવામાં આવેલા શરાબ-બિયરના અંદાજે સાતેક કરોડના મૂલ્યના શરાબને સાતમી વખત ઝડપી લેવામાં આવ્યો છતાં કેફી પદાર્થોને ધરાર કચ્છમાં ઘુસાડવા માટે આ કુખ્યાત આરોપીઓ જાણે સ્થાનિક પોલીસને પડકાર ફેંકી રહ્યા હોય તેવું આવી લગલગાટ કાર્યવાહીઓ પરથી ફલિત થઇ રહ્યું છે. ■

# અમદાવાદમાં પાંચ મહિનામાં ૫૦ હત્યા છતાં ક્રાઈમ કંટ્રોલ હોવાનો પોલીસ કમિશનરનો દાવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં ગુનાખોરી વધી છે, જેમાં હત્યાના બનાવ સૌથી વધુ વધ્યા છે. અમદાવાદ પોલીસ કમિશનરની અધ્યક્ષતામાં શહેર પોલીસના અધિકારીઓની ક્રાઈમ કોન્ફરન્સ યોજાઈ હતી. શહેરમાં છેલ્લા ૫ મહિનામાં હત્યાના ૫૦ બનાવ બન્યા છે છતાં પોલીસ કમિશનરે દાવો કર્યો હતો કે, ક્રાઈમ કંટ્રોલમાં છે. છેલ્લા ૩ વર્ષની સરખામણીમાં ક્રાઈમ ઓછો છે. અત્રે ઉલ્લેખનીય છે કે પોલીસે ગુનાખોરીનો ડેટા જાહેર કર્યો હતો, પરંતુ હત્યાનો ડેટા જાહેર કર્યો ન હતો.

શહેર પોલીસ કમિશનર જી.એસ મલિકે જણાવ્યું હતું કે, છેલ્લા ૩ વર્ષમાં ક્રાઈમમાં ઘટાડો થયો છે. અમદાવાદને સેફેસ્ટ સિટી જાહેર કરવામાં આવ્યું છે. અમદાવાદમાં કોઈ એવું વાતાવરણ પણ નથી. ક્રાઈમ કંટ્રોલમાં છે. લૂંટના ગુના ૯૮ ટકાથી વધુ ડિટેક્ટ થયા છે. ધાડના ગુના ૧૦૦ ટકા ડિટેક્ટ થયા છે. ઘરફોડ ચોરી ૫૬.૭૧ ટકા ડિટેક્ટ થઈ છે. શહેરમાં સીસીટીવીનો પ્રોજેક્ટ ચાલી રહ્યો છે, જેમાં ખાનગી લોકો સાથે મળીને ૨૭ હજારથી વધુ સીસીટીવી જાહેરમાં લગાવ્યા છે, જેની ફીડ પોલીસ સ્ટેશન અને કંટ્રોલ રૂમમાં મળે છે. મોટા ગુનામાં સીસીટીવી મદદરૂપ છે. સીસીટીવી કેમેરાની મદદથી ગુના ઉકેલી શકાય છે.

શહેરમાં વધુમાં વધુ સીસીટીવી લગાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. અમુક વિસ્તારો પણ શહેરમાં વધ્યા છે. એસપી રિંગ રોડ અમદાવાદ પોલીસની હદમાં આવ્યો છે.

નવરાત્રિ દરમિયાન પોલીસ પેટ્રોલિંગ, શી ટીમ સતત કામ કરશે. સીસીટીવી કેમેરા કંટ્રોલથી મોનિટરિંગ થશે. ૧૧૨ ઈમર્જન્સીના કારણે નજીકની પીસીઆર સ્થળ પર પહોંચી જાય છે એનાથી ફાયદો છે.

નવરાત્રિમાં નિયમ મુજબ ૧૨ વાગ્યા સુધી ગરબા ચાલશે. રાતે ટ્રાફિક ન થાય એ માટે ટ્રાફિક-પોલીસ ઉપરાંત સ્થાનિક પોલીસ પણ રહેશે. શી ટીમની મહિલાઓ ગરબાના ડ્રેસમાં હાજર રહેશે. ■

# મોરબીમાં ૪૦ અને રાજકોટમાં છ સ્થળે ઈન્કમ ટેક્સના દરોડા, ઉદ્યોગકારોમાં ફફડાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ટેક્સ ચોરીની આશંકાને પગલે રાજકોટ ઇન્કમટેક્સ વિભાગ દ્વારા રાજકોટમાં ૬ અને મોરબીમાં ૪૦ મળીને કુલ ૪૬ સ્થળોએ મંગળવારે વહેલી સવારથી જ મોટા પાયે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં ૨૫૦થી વધુ અધિકારીઓની ટીમે મોરબીમાં જાણીતા લેવિસ ગ્રેનીટો ઉપરાંત રાજકોટમાં તેમના ભાગીદારોના નિવાસે પણ રેડ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. કોટન (રૂ) ના ધંધા સાથે સંકળાયેલા અને મોરબીમાં ગ્રુપ સાથે કનેકશન ધરાવતા રાજકોટના ઉદ્યોગપતિઓ પાછા ઝપટે ચડ્યા હતા. દરોડા ઓપરેશનમાં કરોડોના બિનહિસાબી વ્યવહારો પકડાવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

વહેલી સવારથી મોરબીના મોટા ગજાના જમીનના ધંધાર્થી પરેશ પટેલ, બિલ્ડર રાજુભાઈ ફેસ ગ્રુપ અને લેવીસ સિરામીકના લેવીસ ગ્રુપના ધીરુભાઈ રોજમાળા તથા તેના ભત્રીજા જીતુભાઈ રોજમાળાના સહિત ૪૦ જેટલા સ્થળો પર દરોડાથી સિરામિક ઉદ્યોગકારોમાં ફફડાટ ફેલાયો હતો. આ સર્ચ ઓપરેશનમાં મોટા પાયે બિન હિસાબી વ્યવહારો બહાર આવે તેવી શક્યતાઓ છે.

મળતી વિગતો મુજબ રાજકોટ ઇન્કમટેક્સ વિભાગની ટીમ સોમવાર સાંજથી ગ્રાઉન્ડ પર ઊતરી ગઈ હતી. મોરબીનાં આ સિરામીક ગ્રુપને ત્યાં વહેલી સવારે સર્ચ ઓપરેશન હાથ ધરીને તેમને ઊંઘતા ઝડપી પાડ્યા હતા. ફેક્ટરી, ઘર, ઓફિસ સહિતની પ્રિમાઇસીસ પર તપાસ ચાલી હતી. પ્રથમ દિવસે સિરામિક ગ્રૂપના હિસાબો અને ડેટા શોધખોળ કરી હતી. તપાસના અંતે બિનહિસાબી વ્યવહારો ઝડપાઇ તેવી સંભાવના છે. તે જ પ્રકારે રાજકોટ ઇન્વેસ્ટિગેશન વિંગ દ્વારા કોટન, સિરામિક, કન્સ્ટ્રક્શન ક્ષેત્ર સાથે સંકળાયેલા મોટા માથાઓ પર તવાઈ બોલાવવામાં આવી હતી. રાજકોટના મેટ્રો ગ્રુપ તથા મિલેનિયમ પર તપાસનો ધમધમાટ શરૂ થયો હતો. રાજકોટમાં પાંચથી વધુ સ્થળો પર તપાસ ચાલી હોવાનું જાણવા મળ્યું હતું. મેટ્રો કન્સ્ટ્રક્શન સાથે જોડાયેલા કોટનના બે ભાગીદારો તથા રિયલ એસ્ટેટ ગ્રૂપના ડાયરેક્ટરને ત્યાં દરોડા પાડવામાં આવ્યા હોવાનું પણ બહાર આવ્યું હતું. તપાસમાં આવકવેરા વિભાગના રાજકોટની સાથે, અમદાવાદ, વડોદરા, સુરતના ટોચના અધિકારીઓ જોડાયા હતા. ■

# વડોદરામાંથી રેલવે કર્મચારી પાંચ લાખના બિયર સાથે ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરા શહેરમાંથી એલસીબી ટીમે રૂ. પાંચ લાખના બિયરના જથ્થા સાથે એક વ્યક્તિને ઝડપી પાડ્યો હતો. આરોપી રેલવે કર્મચારી હોવાનું સામે આવ્યું હતું. રેલવે પોલીસે મેમુ યાર્ડ વિસ્તારમાંથી ૨૩૦૪ ટીન બિયર ઝડપાયા હતા. આ કેસમાં રેલવે કર્મચારી રૂબીન ઉર્ફે કટ્ટે યુસુફમિયા બાપુમિયા શેખ નાસતો ફરતો હતો. જેને પોલીસે ચોક્કસ બાતમીના આધારે સરદારનગર રેલ્વે કોલોની પાસેથી ઝડપી પાડ્યો હતો. ઉલ્લેખનીય છે કે, વડોદરા રેલ્વે પોલીસ દ્વારા મિશન ક્લીન સ્ટેશન અંતર્ગત રેલવે પરિસરમાં ગેરકાયદેસર દારૂની હેરફેર અટકાવવા કડક પગલાં લેવામાં આવી રહ્યાં છે. આગામી તહેવારોને ધ્યાનમાં રાખીને રેલવે ટ્રેનો અને હદ વિસ્તારમાં થતી અસામાજિક પ્રવૃત્તિઓને રોકવા સૂચનાઓ આપવામાં આવી હતી, જેને લઈ આ કાર્યવાહી કરવામાં આવી હતી. બે દિવસ પહેલા શહેરનાં નવાબજાર વિસ્તારમાં પોલીસકર્મીએ ચિક્કાર દારૂનાં નશામાં ધમાલ મચાવી હતી. નશામાં ધૂત ટ્રાફિક જમાદારે પાનનાં ગલ્લે મારામારી પણ કરી હોવાનો આરોપ છે. આ ઘટનાનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થતા હોબાળો મચ્યો હતો. પોલીસે ટ્રાફિક જમાદારની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી હતી. ■

# બનાસ ડેરીની ચૂંટણીની તારીખ જાહેર

## ૧૦ ઓક્ટોબરે મતદાન: ૧૧ ઓક્ટોબરે મત ગણતરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: બનાસ ડેરીની ચૂંટણીની સભાસદો આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. જો કે ૧૬ સપ્ટેમ્બરના રોજ બનાસ ડેરીની ચૂંટણીની સત્તાવાર જાહેરાત કરવામાં આવતા જ તેમની આતુરતાનો અંત આવ્યો હતો. પાલનપુરસ્થિત બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.ની નાના પાયે શરૂઆત કરવામાં આવી હતી અને આજે એ એશિયાની સૌથી મોટી ડેરી બની ગઇ છે.

ડેરીના ચેરમેન વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી છે. ચૂંટણીની જાહેરાત થતાં જ સહકારી ક્ષેત્રે રાજકીય હલચલ શરૂ થઇ ગઇ છે.

૧૬ સપ્ટેમ્બરથી ઉમેદવારી ફોર્મ ભરી શકાશે. ૧૦ ઓક્ટોબરના રોજ મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે અને ૧૧ ઓક્ટોબરે મતગણતરી કરવામાં આવનારી છે.

બનાસ ડેરીનો ચૂંટણી કાર્યક્રમ મુજબ ૧૬ સપ્ટેમ્બરથી ૨૨ સપ્ટેમ્બર સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે, ૨૨ સપ્ટેમ્બરે ઉમેદવારી પત્રોની પ્રાથમિક યાદી પ્રસિદ્ધ થશે,૨૩ સપ્ટેમ્બરે ઉમેદવારી પત્રોની ચકાસણી થશે, ૨૪ સપ્ટેમ્બરે માન્ય ઉમેદવારી પત્રોની યાદી જાહેર થશે, ૨૯ સપ્ટેમ્બરે ઉમેદવારો પોતાના ફોર્મ પરત ખેંચી શકશે,૩૦ સપ્ટેમ્બરે હરીફ ઉમેદવારોની આખરી યાદી પ્રસિદ્ધ થશે, ૧૦ ઓક્ટોબરે મતદાન યોજાશે, જ્યારે ૧૧ ઓક્ટોબરે મતગણતરી અને પરિણામ જાહેર થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, બનાસ ડેરીના આદ્યસ્થાપક સ્વ. ગલબાભાઈ નાનજીભાઈ પટેલે ખેડૂતો અને પશુપાલકોના સામાજિક તથા આર્થિક સ્તર ઉંચુ લાવવાનું સ્વપ્ન સાકાર કર્યું છે.

૧૯૬૬માં પાલનપુર અને વડગામ તાલુકાના આઠ ગામોમાં દૂધ સહકારી મંડળીઓની શરૂઆત કરીને દૂધ મહેસાણાની દૂધસાગર ડેરી ખાતે મોકલવાનું શરૂ કર્યું હતું.

૩૧ જાન્યુઆરી, ૧૯૬૯ ના રોજ બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. નું સહકારી કાયદા હેઠળ રજિસ્ટ્રેશન થયું, જેને આજે આપણે ''બનાસ ડેરી'' તરીકે ઓળખીએ છીએ. ■

# ટ્રમ્પના નવા ટૅરિફથી ગુજરાતના સી ફૂડ ઉદ્યોગને ફટકો, ૩૦૦ કરોડની નિકાસ અટકી ગઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભારતીય સી ફૂડ નિકાસ ઉદ્યોગ, ખાસ કરીને ઝીંગાના ઉત્પાદન અને નિકાસ પર અમેરિકા દ્વારા લાગુ કરાયેલા નવા ટેરિફને કારણે ગંભીર સંકટ ઊભું થયું છે. આ ટૅરિફની સીધી અસર ગુજરાત સહિત દેશભરના લાખો માછીમારો અને સી ફૂડ ઉદ્યોગ સાથે જોડાયેલા પરિવારોની આજીવિકા પર પડી રહી છે. આ પરિસ્થિતિ ભારતના લગભગ ૭.૪ બિલિયન ડોલર એટલે ૬૫,૦૦૦ કરોડ રૂપિયાના વાર્ષિક નિકાસ મૂલ્ય પર સીધો પ્રભાવ પાડી રહી છે.

ગુજરાતની ૩૦૦ કરોડથી વધુની નિકાસ અટકી ગઈ છે. અમેરિકા, જે ભારત માટે ઝીંગા નિકાસનું સૌથી મોટું બજાર છે, તેણે તાજેતરમાં ૫૦ ટકા નો નવો ટેરિફ લાગુ કર્યો છે. આ ટૅરિફ અગાઉ લાગુ કરાયેલા એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી અને કાઉન્ટર વેલિંગ ડ્યૂટી સાથે મળીને કુલ ડ્યૂટીનો ભાર ૫૭-૫૮ ટકા સુધી પહોંચાડી દે છે.

સી ફૂડ એક્સપોર્ટર્સ એસોસિયેશન ઓફ ઇન્ડિયાના પૂર્વ અધ્યક્ષ જગદીશભાઇ ફોફંડીના જણાવ્યા અનુસાર, ભારતની કુલ સી ફૂડ નિકાસમાં કલ્ચર્ડ પ્રાઉન્સનો હિસ્સો ૭૦ ટકા જેટલો છે, જેમાંથી ૪૦ ટકા જેટલી ઝીંગા અમેરિકાને નિકાસ કરવામાં આવે છે. આ ટેરિફને કારણે અમેરિકામાં ભારતના ૨.૭ બિલિયન ડોલરના નિકાસ પર સીધી અસર થઈ છે.

આંધ્રપ્રદેશ, પશ્ચિમ બંગાળ અને તમિળનાડુની સરકારોની જેમ ગુજરાત સરકારે પણ આ ઉદ્યોગ સાથે સંકળાયેલા ૧૭-૧૮ લાખ પરિવારોને મદદ કરવા માટે તાત્કાલિક પગલાં ભરવા જોઈએ તેવું સી ફૂડસ એક્સપોર્ટ એસો.ઓફ ઇન્ડિયાના પૂર્વ પ્રમુખ જગદીશભાઇ ફોફંડીએ જણાવેલ છે.

ગુજરાત રિજિયન-સી ફૂડસ એક્સપોર્ટ એસો.ના જણાવ્યા મુજબ ગુજરાતમાંથી અમેરિકામાં ૩૦૦ કરોડનું એક્સપોર્ટ હતું, જે ૧૫ ઑગસ્ટ બાદ બંધ થઈ ગયું છે. માછીમારો સ્થાનિક બજારમાં ૫૦ ટકા ઓછા ભાવે માલ વેચવા મજબૂર બન્યા છે. શરૂઆતમાં ખરીદદારો ૨૫ ટકાના વધારાને સ્વીકારતા હતા, પરંતુ ૫૦ ટકાના નવા ટેરિફને કારણે મોટા ભાગના લાંબા ગાળાના ઓર્ડર રદ થઈ રહ્યા છે. ૧૦૦ કન્ટેનરના વાર્ષિક ઓર્ડર જેવા કરારો પણ સ્થગિત કરી દેવામાં આવ્યા છે. આ પરિસ્થિતિ ગુજરાત માટે ખાસ કરીને ગંભીર છે, જ્યાં ૩૦૦ કરોડથી વધુની નિકાસ અટકી ગઈ છે.

માછીમારો અને ગુજરાતના સી ફૂડ ઉદ્યોગ પર સંકટ આવેલ છે. આ નવા ટૅરિફનો સૌથી મોટો આઘાત દેશના ત્રણ કરોડથી વધુ માછીમારો અને તેમના પરિવારોને લાગ્યો છે. ગુજરાતમાં જ લગભગ ૧૫-૧૭ લાખ લોકો સીધા માછીમારી ઉદ્યોગ સાથે સંકળાયેલા છે, જ્યારે ૬-૭ લાખ લોકો પરોક્ષ રીતે આ વ્યવસાય પર નિર્ભર છે. રાજ્યમાં ૨૦,૦૦૦ થી વધુ મોટી ટ્રોલર બોટો અને આપવા માટે પહેલેથી જ પગલાં લીધાં છે. ૩,૦૦૦ થી વધુ માછલી ફામ્સ કાર્યરત છે. આ બધાની રોજગારી અને આજીવિકા આ નિકાસ પર સીધી રીતે આધારિત છે.

આ સંકટની સીધી અસર દક્ષિણ ગુજરાતના વલસાડ, સુરત, તેમજ આંધ્ર પ્રદેશ, પશ્ચિમ બંગાળ અને તામિલનાડુના એક્વાકલ્ચર ફામ્સ પર પડી રહી છે. આ રાજ્યોની સરકારોએ માછીમારો અને ફાર્મસને રાહત આપવા માટે પહેલેથી જ પગલાં લીધા છે.

હાલની આ ગંભીર પરિસ્થિતિમાંથી બહાર નીકળવા માટે સી ફૂડ એક્સપોર્ટર્સ એસોસિયેશન ઓફ ઇન્ડિયાએ કેન્દ્ર અને રાજ્ય સરકાર પાસે તાત્કાલિક રાહતની માગણી કરી છે.

મુખ્ય માગણીઓમાં (૧) ઉત્પાદનખર્ચ ઘટાડવા માટે સરકાર ઇલેક્ટ્રિસિટો ડ્યૂટીમાં તાત્કાલિક રાહત આપે (૨) રાજ્ય સરકાર દ્વારા લેવાતા અન્ય ટૅક્સ અને ડ્યૂટીમાં ઘટાડો કરવામાં આવે (૩) હાલમાં રોકાઈ ગયેલા લોંગ-ટર્મ ફાઇનાન્સ અને બંધ થયેલા ઇન્ટરેસ્ટ સબમિશનને ફરી શરૂ કરવામાં આવે. (૪) સ્ટેટ ફાઇનાન્સિંગ બોડીઝ દ્વારા માછીમારો, એક્વાકલ્ચર ફાર્મર્સ અને એક્સપોર્ટ રો ને પૂરતું ફાઇનાન્સ પૂરું પાડવામાં આવે. આ ઉપરાંત આંધ્ર પ્રદેશ, પશ્ચિમ બંગાળ અને તામિલનાડુની સરકારોની જેમ ગુજરાત સરકારે પણ આ ઉદ્યોગ સાથે સંકળાયેલા ૧૭-૧૮ લાખ પરિવારોને મદદ કરવા માટે તાત્કાલિક પગલાં ભરવા જોઈએ એવી ઉદ્યોગના આગેવાનોની અપીલ છે.

સરકારની સહાય વગર આ ઉદ્યોગને ટકાવી રાખવો મુશ્કેલ છે. આ પડકારજનક સમયમાં સકારાત્મક સમાચાર એ છે કે ભારત સરકારે યુરોપિયન યુનિયનમાં ૧૦૨ નવા યુનિટ રજિસ્ટર કરાવ્યા છે, જેમાંથી ૧૬-૧૭ યુનિટ ગુજરાતના છે, જો યુરોપ, રશિયા અને ઓસ્ટ્રેલિયા જેવા નવા બજાર ખૂલે તો ભારતીય નિકાસ ફરી ગતિ પકડી શકે છે. હાલની પરિસ્થિતિને જોતાં સરકારની સહાય વગર આ ઉદ્યોગને ટકાવી રાખવો મુશ્કેલ છે.

સી ફૂડ ઉદ્યોગ માટે તાત્કાલિક અને અસરકારક રાહત પગલાં લેવામાં આવશે તો જ લાખો લોકોની આજીવિકા બચાવી શકાશે અને ભારતીય અર્થતંત્રના આ મહત્ત્વપૂર્ણ ક્ષેત્રને ફરીથી વિકાસના પંથે લાવી શકાશે. ■

# વડોદરામાં ૫૫00થી વધારે ખાડા પૂરવામાં આવ્યા, એક ખાડો પૂરવા પાછળ ₹ ૧૩000નો ખર્ચ

(અમારા પ્રતિનિધિ તરફથી)

*અમદાવાદ:* વડોદરામાં ચોમાસામાં પડેલા વરસાદના કારણે શહેરના અનેક રોડ રસ્તા બિસ્માર થઈ ગયા હતા. જોકે તંત્ર દ્વારા છેલ્લા થોડા દિવસથી સમારકામ ચાલુ કરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં નાના-મોટા ૫૫૨૯ ખાડા પુરવામાં આવ્યા છે.

મળતી વિગત પ્રમાણે, કોર્પોરેશન દ્વારા આ કામગીરી પાછળ સાત કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે, એટલે કે એક ખાડો પૂરવા પાછળ ૧૩૦૦૦નો ખર્ચ કર્યો છે. ઉત્તર ઝોનમાં ૧૩૦૬, પૂર્વ ઝોનમાં ૧૭૨૯, પશ્ચિમ ઝોનમાં ૧૫૧૫ અને દક્ષિણ ઝોનમાં ખાડા પૂરવામાં આવેલ છે, જે માટે કુલ ૧૯૨૫૫ મે.ટન ડામરનું હોટ મિક્ષ અને ૨૧૪૦ મે.ટન વેટ મિક્ષ મટીરિયલ ઉપયોગમાં લેવાયું છે. આ રીતે કુલ ૩૮.૪૨ કિ.મી. રસ્તાનું રિપેરિંગ કરવામાં આવ્યું છે. હાલના હોટ મિક્સ મટિરિયલનો દર મેટ્રિક ટનનો ભાવ ૩૮૦૦ છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ચોમાસામાં ખાડાનું પુરાણ કર્યા બાદ ફરી પાછી એ જ જગ્યાએ ખાડા જોવા મળે છે. આ સમસ્યા દરેક સ્થળે સામાન્ય છે. કેમકે ચોમાસાના દિવસોમાં ખુલ્લા દિવસો ઓછા મળતા હોય છે. ખાડામાં ભેજનું પ્રમાણ વધુ હોય છે એટલે ડામર કામ કરવામાં આવે તો ભેજને લીધે મટીરીયલ બરાબર જામતું નથી, પરંતુ કામચલાઉ ધોરણે મોટરેબલ રોડ કરવા ખાડામાં ભેજ હોવા છતાં પણ પૂરાણ કરવું પડે છે. દરમિયાન ફરી વરસાદ પડતા એ જ સ્થળેથી ડામરનો માલ ઊખડી જાય છે અને ફરી ખાડો પડે છે. ■

# પીએમ વિશ્વકર્મા યોજનાનાં બે વર્ષ: ગુજરાતના ૧.૮૧ લાખથી વધુ કારીગર સશક્ત બન્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વર્ષ ૨૦૨૩માં ૧૭ સપ્ટેમ્બરના રોજ પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના જાહેર કરવામાં આવી હતી. હતી. પરંપરાગત કળાને આધુનિક સ્વરૂપમાં વિકસિત કરવા, કારીગરોને નાણાકીય રીતે સશક્ત અને ટેક્નિકલ રીતે સક્ષમ બનાવવા તથા તેમને નવી તકો ઉપલબ્ધ કરાવવા માટે વડા પ્રધાને આ પ્રયાસ કર્યો હતો. ગુજરાત તેમના આ મહત્વાકાંક્ષી સંકલ્પને સાકાર કરવામાં નોંધનીય ભૂમિકા ભજવી રહ્યું છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યએ ફક્ત બે વર્ષમાં જ પીએમ વિશ્વકર્મા યોજનાનું અસરકારક અને પરિણામલક્ષી અમલીકરણ સુનિશ્ચિત કર્યું છે, જેનાથી કારીગરોની ક્ષમતા, કૌશલ્ય અને આર્થિક પરિસ્થિતિમાં નક્કર સુધાર જોવા મળ્યો છે.

ગુજરાતમાં પીએમ વિશ્વકર્મા યોજનાના અસરકારક અમલીકરણના આંકડાઓ દર્શાવે છે કે નાણાકીય સશક્તિકરણના ક્ષેત્રે રાજ્યએ ઉલ્લેખનીય સિદ્ધિ હાંસલ કરી છે. અત્યારસુધીમાં ૪૩,૦૦૦થી વધુ કારીગરો માટે કુલ ₹ ૩૯૦ કરોડથી વધુની લોન મંજૂર કરવામાં આવી છે, જેમાંથી ૩૨,૦૦૦થી વધુ કારીગરોને ₹૨૯૦ કરોડથી વધુની લોનનું વિતરણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, રજિસ્ટ્રેશન અને ચકાસણીની પ્રક્રિયામાં પણ ગુજરાતે સારું પ્રદર્શન કર્યું છે. અત્યારસુધીમાં રાજ્યમાં ૨.૧૪ લાખથી વધુ કારીગરોની ત્રિ-સ્તરીય ચકાસણીનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે. પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના ફક્ત નાણાકીય સહાય સુધી જ સીમિત નથી, પરંતુ કૌશલ્ય વિકાસને પણ આ યોજના પ્રાથમિકતા આપે છે. આ દિશામાં ૧.૮૧ લાખથી વધુ કારીગરોએ સફળતાપૂર્વક પોતાની તાલીમ પૂર્ણ કરી છે, જેનાથી તેઓની નિપુણતા અને કાર્યકુશળતામાં વધારો થયો છે. આ ઉપરાંત, કારીગરોના પ્રશ્નોના ત્વરિત સમાધાન માટે રાજ્યએ એક વિશિષ્ટ હેલ્પડેસ્કની સુવિધા પણ ઉપલબ્ધ કરાવેલ છે, જેના થકી અત્યાર સુધીમાં કારીગરોની ૧૭,૫૦૦થી વધુ મુશ્કેલીઓ/મૂંઝવણોને માર્ગદર્શન આપી તેઓનો ઉકેલ લાવવામાં આવ્યો છે.

પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજનામાં કુલ ૧૮ વ્યવસાયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ટોપલી, સાદડી અને સાવરણી બનાવનારાથી માંડીને મૂર્તિકાર, પથ્થર કોતરનારા અને હોડી બનાવનારા કારીગરોનો સમાવેશ થાય છે. કુંભાર, દરજી, લુહાર, ધોબી અને મોચી જેવા વ્યવસાયોનો પણ આમાં સમાવેશ થાય છે, જે રોજિંદા જીવનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેવી જ રીતે, સુથાર, કડિયા, સુવર્ણકાર અને તાળા બનાવનારા કારીગરોનો પણ આ યોજનામાં સમાવેશ થાય છે. સમાજ અને સંસ્કૃતિ સાથે જોડાયેલા કામ કરતા વાળંદ, માળા બનાવનારા અને રમકડાં બનાવનારા પણ આ યોજનાનો એક ભાગ છે. ■

# મુંબઈગરાની સેવામાં સાયનથી મુલુંડ સુધીનો સાઈકલ ટ્રેક ફરી ઉપલબ્ધ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈના પૂર્વીય ઉપનગરમાં સાયનથી મુલુંડ સુધીના તાનસા પાઈપલાઈનને લાગીને ૧૮.૬ કિલોમીટર લાંબો સાઈકલ ટ્રેક, વોક-વે અને બગીચો બનાવવામાં આવ્યો છે. તેની જાળવણી માટે મુંબઈ મહાનગરપાલિકા આગામી બે વર્ષ માટે કૉન્ટ્રેક્ટર નીમવામાં માગે છે, તે માટે તેણે ઈચ્છુક સંસ્થાને આમંત્રી છે.

મુંબઈગરાને સાઈકલ ચલાવવા માટે પ્રોત્સાહિત કરવા માટે ૨૦૨૦માં બનાવવામાં આવેલો આ ટ્રેક મોટાભાગે વપરાયા વગરનો પડી રહ્યો છે. તેથી અહીં મોટા પ્રમાણમાં અતિક્રમણ, ગેરકાયદે ડમ્પિંગ અને ગેરકાયદે પ્રવૃતિઓ થઈ રહી છે. જોકે પાલિકા હવે કૉર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (સીએસઆર) પહેલ દ્વારા તેની જાળવણી કરવાની યોજના ધરાવે છે. તે માટે તેણે કંપનીઓને આમંત્રી છે અને ઈચ્છુકો ૩૦ સપ્ટેમ્બર સુધી અરજી કરી શકશે. સાઈકલ ટ્રેકની જાળવણી પાછળ પાલિકા એક પણ પૈસો ખર્ચવાની નથી. તમામ ખર્ચ પસંદ કરાયેલી સંસ્થા દ્વારા ઊપાડવામાં આવશે.

મુંબઈને પાણી પુરવઠો કરનારી તાનસા પાઈપલાઈન વિસ્તાર અત્યંત સંવેદનશીલ હોવા છતાં તેની આજુબાજુ થયેલા અતિક્રમણ થયા હતા, તેને હાઈ કોર્ટના આદેશ બાદ હટાવવામાં આવ્યા હતા. અતિક્રમણ હટાવ્યા બાદ જગ્યાનો ઉપયોગ નાગરિક કરી શકે તે માટે અહીં સાઈકલ ટ્રેક અને વોક-વે બાંધવામાં આવ્યો હતો પણ લાખો રૂપિયા ખર્ચીને પણ આ ટ્રેકનો ઉપયોગ થતો નહોતો.

ગયા વર્ષે પાલિકાએ ટ્રેકની દેખરેખ માટે ૩.૭ કરોડ રૂપિયાનો કરાર કર્યો હતો અને હવે બે વર્ષ માટે નવેસરથી કરાર કરવાની પ્રક્રિયા ચાલુ કરી છે. જે અંતર્ગત સફાઈ, વૃક્ષોની છટણી સહિત સુરક્ષા રક્ષકની નિમણૂક સહિત અન્ય પાયાભૂત દેખરેખ કરવાની રહેશે. પાલિકાને આ ખર્ચ પરવડતો ન હોવાને કારણે પાલિકા હવે તે ખાનગી સંસ્થાઓ પાસે કરાવવા માગે છે.

તાનસા પાઈપલાઈનને અડીને આવેલો આ સાયકલ ટ્રેન સિયોન, કુર્લા, ઘાટકોપર, સાકીનાકાથી મુલુંડ સુધી ફેલાયેલો છે. જોકે હકીકતમાં ફક્ત મુલુંડમાં જ વાપરવા યોગ્ય જણાઈ રહ્યો છે. બાકીના વિસ્તારમાં ઝાડખાઓ નીચે સાઈકલ ટ્રેક છુપાઈ ગયો છે.

# હોમિયોપથિક ડૉક્ટરોને એલોપથીની પ્રેક્ટિસ કરવાની મંજૂરીઃ માર્ડે કાળી રિબન પહેરીને વિરોધ નોંધાવ્યો

મુંબઈ: રાજ્ય સરકાર દ્વારા આધુનિક દવા પ્રમાણપત્ર અભ્યાસક્રમ (સીસીએમપી) પૂર્ણ કરનારા હોમિયોપેથી ડોક્ટરોને એલોપેથીની પ્રેક્ટિસ કરવાની પરવાનગી આપવા સામે ઇન્ડિયન મેડિકલ એસોસિએશન અને મહારાષ્ટ્ર સિનિયર રેસિડેન્ટ ડોક્ટર એસોસિએશન (એમએસઆરડીએ-માર્ડ) દ્વારા ૧૮ સપ્ટેમ્બરે એક દિવસીય હડતાળ કરવામાં આવી હતી. આ સંદર્ભમાં, રાજ્યના રેસિડેન્ટ ડોક્ટર્સના સંગઠન, સેન્ટ્રલ માર્ડે મંગળવારે રાજ્યની તમામ સરકારી હોસ્પિટલોમાં કાળી પટ્ટી બાંધીને સરકારના નિર્ણયનો વિરોધ કર્યો હતો.

સરકારના આ નિર્ણય સામે રાજ્યના એલોપેથી ડોક્ટરોના વિવિધ સંગઠનો આક્રમક બન્યા છે. આઇએમએ અને એમએસઆરડીએ જેવા સંગઠનોએ ૧૮ સપ્ટેમ્બરે રાજ્યવ્યાપી હડતાળ પાડવાની ચેતવણી આપી છે. અન્ય સંગઠનોએ પણ આ નિર્ણયનો સખત વિરોધ કર્યો છે.

આ સંદર્ભમાં સોમવારે સેન્ટ્રલ અને બીએમસી માર્ડના પદાધિકારીઓ તબીબી શિક્ષણ વિભાગના મુખ્ય સચિવ, તબીબી શિક્ષણ કમિશનર અને તબીબી શિક્ષણ ડિરેક્ટોરેટના ડિરેક્ટરને મળ્યા હતા અને સીસીએમપી અભ્યાસક્રમ પૂર્ણ કરનારા હોમિયોપેથી ચિકિત્સકોની એમએમસી માંથી નોંધણી રદ કરવાની માગ કરી હતી.

આ બેઠક પછી બીએમસી માર્ડ, સેન્ટ્રલ માર્ડ અને ઇન્ટર્ન મેડિકલ સ્ટુડન્ટ્સના સંગઠન, અસ્મી એ સંયુક્ત રીતે આ નિર્ણયનો ૧૬ સપ્ટેમ્બરે કાળી પટ્ટી બાંધીને વિરોધ કર્યો હતો. આ મુજબ નાગપુર, છત્રપતિ સંભાજી મહારાજ નગર, ગોંદિયા, પુણેમાં બીજેએમસી, કેઈએમ, નાયર, કૂપર અને શિવ હોસ્પિટલના ડોક્ટરોએ કાળી પટ્ટી બાંધીને કામ કર્યું હતું. જોકે આ આંદોલનથી તબીબી સેવામાં કોઈ અવરોધ ન આવે અને તમામ આરોગ્ય સેવાઓ સામાન્ય રીતે ચાલુ રહે તેની ડોક્ટરોએ કાળજી લીધી હતી.

# નૌકાદળનો ગુમ અધિકારી માથેરાન નજીક મૃત અવસ્થામાં મળ્યો

મુંબઈ: માથેરાન નજીક ભિવપુરી-ગાર્બેટ ટ્રેક પર નીકળ્યા બાદ ગુમ થયેલા ૩૩ વર્ષના નૌકાદળના અધિકારી સૂરજસિંહ અમરપાલસિંહ ચવાણનો મૃતદેહ સોમવારે મળી આવ્યો હતો. નેરલ પોલીસે પુષ્ટિ કરી હતી કે કર્જત-નેરલ વચ્ચે પાલી ભૂતવાલી ડેમ નજીક જંગલ વિસ્તારમાં સોમવારે મૃતદેહ નજરે પડ્યો હતો. મંદિરની પાછળ ખીણમાં લગભગ પચાસ ફૂટ નીચે મૃતદે મળ્યા બાદ નેરલ પોલીસે સહ્યાદ્રિ રેસ્ક્યુ ટીમ સાથે મળીને પડકારજનક કામગીરી બાદ મૃતદેહને બહાર કાઢ્યો હતો. મૂળ રાજસ્થાનનો સૂરજસિંહ ૨૭ મેના રોજ કોલાબાની ઓફિસમાં જોડાયો હતો.

પોલીસે આ પ્રકરણે એડીઆર દાખલ કર્યો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મુંબઈની જે. જે. હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો. સૂરજસિંહ લપસીને ખીણમાં પડી ગયો હશે, એવું પોલીસને લાગી રહ્યું છે. કોલાબામાં એફટીટીટી ડોકયાર્ડ ખાતે માસ્ટર ચીફ, ક્લાસ-૨ તરીકે ફરજ બજાવતો સૂરજસિંહે ૭ સપ્ટેમ્બરે વહેલી સવારે સીએસએમટીથી ભિવપુરી જવા માટે ટ્રેન પકડી હતી. તેના મોબાઇનું લાસ્ટ લોકેશન ધોમ ડેમ નજીક ટ્રેસ થયું હતું. બાદમાં તેનો મોબાઇલ બંધ થઇ ગયો હતો.

# ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચેના ગેપમાં ફસાયેલા પ્રવાસીને બચાવાયો

અકોલા: અકોલામાં ટ્રેનમાંથી ઊતરતી વખતે પડી ગયેલો પ્રવાસી ફૂટબૉર્ડ અને પ્લેટફોર્મના ગેપ વચ્ચે ફસાઈ જતાં તેને ગંભીર ઇજા થઈ હોવાનું રેલવે પોલીસે જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના સોમવારની સાંજે ૪.૨૦ વાગ્યે મૂર્તિજાપુર રેલવે સ્ટેશન પર બની હતી. મુસ્તાક ખાન મોઈન પુણે-અમરાવતી ટ્રેનમાંથી પ્લેટફોર્મ નંબર-બે પર ઊતરી રહ્યો હતો ત્યારે લપસી ગયો હતો. લપસીને તે ટ્રેનના ફૂટબૉર્ડ અને પ્લેટફોર્મ વચ્ચેના ગેપમાં ફસાઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં રેલવે પોલીસ તાત્કાલિક મદદ માટે દોડી આવી હતી. ગેપમાં ફસાયેલા ખાનને બહાર કાઢવા ઘણી મથામણ કરવી પડી હતી. ગૅસ કટરની મદદથી ટ્રેનનું ફૂટબૉર્ડ કાઢીને ખાનને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યો હતો. આ ઘટનામાં ખાનના બન્ને પગમાં ગંભીર ઇજા થઈ હતી. સારવાર માટે તેને સ્થાનિક સરકારી હૉસ્પિટલમાં દાખલ કરાયો હોવાનું પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઈ)

છેલ્લા પાનાનું ચાલુ

## બેલાસિસ ફલાયઓવર

આવ્યું છે. વિદ્યાવિહાર રેલવે સ્ટેશનનું કામ ૩૧મે, ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ પૂર્વ બાજુનું કામ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં પૂરું થશે, જ્યારે પશ્ચિમ બાજુનું બાંધકામ પ્રોજેક્ટના અસરગ્રસ્તોને વૈકલ્પિક આવાસ આપીને તેમનું પુનર્વસન કર્યા પછી શરૂ થશે, જે વોર્ડ ઓફિસ દ્વારા આગામી ૧૫ દિવસમાં પૂરું કરવામાં આવશે. પશ્ચિમ તરફનું બાકીનું કામ પુનર્વસન પછી પાંચ મહિનામાં પૂરું કરવામાં આવશે.

પાલિકા દક્ષિણ મુંબઈમાં ટ્રાફિક હળવો કરવા માટે મહાલક્ષ્મીમાં બે નવા પુલ બાંધી રહી છે. કેશવરાવ ખાડયે માર્ગ પર શહેરનો પહેલો રેલવે ટ્રેક પર કેબલ સ્ટેડ બ્રિજ બનાવવામાં આવી રહ્યો છે. કેબલ સ્ટેડ પુલને આધાર આપવા માટે ૭૦ મીટર ઊંચા પાયલૉન (મોટા થાંભલા) ઊભા કરવામાં આવી રહ્યા છે, જેનું કામ જાન્યુઆરી ૨૦૨૬માં પૂરું કરવામાં આવશે. કેબલ સ્ટેડ પુલ માટે પૂર્વ બાજુમાં રેલવે ભાગ ૧૬૦ મીટરના સ્પાનનું કામ જાન્યુઆરી ૨૦૨૬થી શરૂ થશે, જે સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી ચાલશે. તો પશ્ચિમમાં ૯૦ મીટરના સ્પાનનું ડિસેમ્બર ૨૦૨૫ના અંત સુધીમાં કામ પૂરું થશે. એ સાથે જ પુલના અપ્રોચ રોડનું કામ ૩૦ નવેમ્બર, ૨૦૨૬ સુધીમાં કામ પૂરું કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે.

## જળાશયોમાં

પાણી ૯૮ ટકાની ઉપર પહોંચી ગયું હોવાથી આગામી વર્ષ સુધી મુંબઈમાં પાણીકાપ મૂકવાની શક્યતા ઓછી થઈ ગઈ છે.

જળાશયમાં ગયા વર્ષે આ સમયે ૯૮.૭૧ ટકા એટલે કે ૧૪,૨૮,૬૯૭ મિલ્યન લિટર પાણીનો જથ્થો હતો. તો ૨૦૨૩ની સાલમાં ૯૬.૯૮ ટકા એટલે કે ૧૪,૦૩,૬૪૯ મિલ્યન લિટર જેટલો પાણીનો સ્ટોક હતો.

મુંબઈમાં સામાન્ય રીતે ચોમાસાનું આગમન જૂન મહિનામાં થતું હોય છે પણ આ વર્ષે મુંબઈમાં મે મહિનામાં જ ચોમાસાની એન્ટ્રી થતા જળાશયો પણ આ વર્ષે જલદી ભરાઈ ગયા હતા. એ બાદ જૂન અને જુલાઈની શરૂઆતમાં ઓછો વરસાદ પડયો હતો પણ જુલાઈ મહિનામાં ચાર-પાંચ દિવસ ધોધમાર વરસાદ પડતા જળાશયોમાં ૭૦ ટકા પાણી જમા થયું હતું. એ બાદ વરસાદ ફરી ગાયબ થઈ જતા લાંબા સમય સુધી જળાશયનું સ્તર ૮૦ ટકા પર જ સ્થિર રહ્યું હતું ત્યારબાદ ઑગસ્ટ મહિનામાં પડેલા ભારે વરસાદને પગલે જળાશયોમાં પાણીનું સ્તર લગભગ ૯૫ ટકાની આસપાસ પહોંચી ગયું હતું.

## લાડકી બહેન

૮,૫૫,૩૯૭ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું હતું. રાજ્ય સરકારે આ નાણાકીય વર્ષના પ્રથમ ક્વાર્ટરમાં ૨૪,૦૦૦ કરોડ રૂપિયાની લોન લીધી હતી. તેથી, નાણા વિભાગે અંદાજ લગાવ્યો છે કે આ નાણાકીય વર્ષમાં ૯,૪૨,૨૪૨ કરોડ રૂપિયાનું દેવું થવાની સંભાવના છે.

રાજ્ય સરકાર તેના કુલ ઘરેલુ ઉત્પાદનના ૨૫ ટકા સુધી લોન લઈ શકે છે, અત્યાર સુધીમાં તેણે ૧૮ ટકા લોન લીધી છે. આ વર્ષના અંત સુધીમાં રાજ્ય સરકારે લોન પર વ્યાજ તરીકે ૬૪,૬૫૯ કરોડ રૂપિયા ચૂકવવા પડશે. તેથી લાડકી બહેન યોજના સહિત અન્ય લોકપ્રિય યોજનાઓની જાહેરાત રાજ્ય પર દેવાનો બોજ વધારી રહી હોય તેવું લાગે છે. નાયબ મુખ્યમંત્રી અજિત પવારે પણ વારંવાર આ વાતનો ઉલ્લેખ કર્યો હતો. હવે એવું બહાર આવ્યું છે કે આ યોજનાઓનો બોજ ફક્ત તિજોરી પર જ નહીં, પણ રાજ્યની નાણાકીય સ્થિતિ પર પણ પડી રહ્યો છે.

**મરાઠવાડામાં ૧.૨૫ લાખ મહિલાઓના લાભ બંધઃ** મરાઠવાડામાં ૧.૨૫ લાખ લાડકી બહેનોના લાભ બંધ કરવાની ભલામણ કરવામાં આવી છે. આઠ જિલ્લાઓમાં ૬૫ વર્ષથી વધુ ઉંમરના ૧,૩૩,૩૩૫ લોકોની અરજીઓની તપાસ કરવામાં આવી. બાદમાં, એવું બહાર આવ્યું કે ૬૫ વર્ષથી વધુ ઉંમરની લાભાર્થી મહિલાઓએ નકલી દસ્તાવેજો તૈયાર કરીને લાભ મેળવ્યો હતો. ત્યારબાદ સરકારે આ નિર્ણય લીધો છે.

## દોષમુક્તિના આદેશ

પરંતુ બુધવારે તે વિગતો રજૂ કરશે.

બાદમાં ખંડપીઠે કહ્યું હતું કે જો અરજદારનો પુત્ર ધડાકામાં મૃત્યુ પામ્યો હોય તો નિસાર અહમદ સાક્ષીદાર હોવો જોઈતો હતો.

‘અરજદારો સાક્ષીદાર હતા કે નહીં તે જણાવવું જોઈએ. અમને વિગતો આપો. આમ કોઈ પણ આવીને અપીલ ન કરી શકે.’ એવું હાઈ કોર્ટે જણાવ્યું હતું.

આ મામલે કોર્ટે વધુ સુનાવણી બુધવાર પર રાખી હતી.

ગયા સપ્તાહે કરાયેલી અપીલમાં દાવો કરાયો હતો કે ભૂલભરી તપાસ અથવા તપાસમાં અમુક ખામીઓ આરોપીઓના છુટકારા માટે પૂરતું કારણ ન હોઈ શકે. બ્લાસ્ટનું કાવતરું ગુપ્ત રીતે ઘડાયું હતું અને તેથી તેનો સીધો પુરાવો ન હોઈ શકે, એવું પણ અપીલમાં નોંધવામાં આવ્યું હતું. (પીટીઆઈ)

## થાણેના ઘોડબંદર

ઝોનની જોગવાઈ પણ સૂચવવામાં આવી હતી. નાયબ મુખ્ય પ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું કે આ નિર્ણય કામચલાઉ છે પરંતુ થાણે - ઘોડબંદર કોરિડોર પર રસ્તાનું કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી જરૂરી છે. (પીટીઆઈ)

## મોનો રેલ

સમાવેશ પણ મોનોરેલ સર્વિસમાં કરવામાં આવવાનો છે.

મુંબઈમાં મેટ્રો રેલવેને મુંબઈગરાનો જેટલો પ્રતિસાદ મળ્યો છે, તેની સામે મોનોરેલની સેવા તરફ મુંબઈગરાએ મોઢું ફેરવી લીધું છે. એમએમઆરડીએ માટે માથાનો દુખાવો બની ગયેલી મોનો રેલ હાલ ચેમ્બુરથી સંત ગાડકે મહારાજ ચોક વચ્ચે દોડે છે. ૨૦ કિલોમીટર લંબાઈની મોનોરેલ પાછળ ૨,૪૬૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. એક તરફ મોનોરેલને પ્રવાસી મળતા નથી અને બીજી તરફ ઉપરાઉપરી તેની સેવા ખોટકાઈ જતી હોવાને કારણે ગણ્યાંગાંઠ્યા લોકો પણ હવે જીવ જોખમે મૂકીને પ્રવાસ કરવા માગતા ન હોવાનું માનવામાં આવે છે.

મોનોરેલની એક ગાડી ૨૦૧૭ની સાલમાં આગ લાગીને બળીને ખાખ થઈ ગઈ હતી. એ બાદ લગભગ નવ મહિના સુધી મોનોરેલ સેવા બંધ રહી હતી. એ બાદ ઑગસ્ટ મહિનામાં ભારે વરસાદ દરમ્યાન રેલવે સેવા ઠપ્પ થવાની સાથે જ રોડસેવાને મોટો ફટકો પડવાને કારણે મોટી સંખ્યામાં લોકોએ ઘરે પહોંચવા માટે મોનોરેલ તરફ દોડ મૂકી હતી. જોકે વધુ પડતા વજનને કારણે મોનોરેલ બંધ પડી ગઈ હતી અને ૫૮૮ પ્રવાસીઓને ફાયરબ્રિગેડે ભારે જહેમત કરીને મોનોરેલના દરવાજા તોડીને બહાર કાઢ્યા હતા. એ ઘટના હજી તાજી છે ત્યાં સોમવારે ફરી એક વખત સોમવારે સવારના ભારે વરસાદ દરમ્યાન ટેક્નિકલ કારણથી મોનોરેલ સેવા ખોરવાઈ ગઈ હતી. સતત આવી રહેલી ટેક્નિકલ અડચણને કારણે મોનોરેલ સેવાને મેઈન્ટેનન્સના કામ માટે બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

## નાગપુરમાં

ફલાયઓવરનું રોટરી બીમ બાલ્કનીમાંથી પસાર થઈ રહ્યું છે પણ એનો કોઈ ભાગ બિલ્ડિંગને સ્પર્શતો નથી. આ હિસ્સો જે બાલ્કનીમાંથી પસાર થાય છે એ બાલ્કની કોઈ ઉપયોગમાં નથી લેવામાં આવતી. વળી ફલાયઓવરનો માર્ગ બાલ્કનીથી ૧૪ - ૧૫ ફુટ ઉપર હોવાથી કોઈ સમસ્યા નથી અને સલામતીની પણ કોઈ ચિંતા નથી.

જોકે, હાઈવે ઓથોરિટીના અધિકારીનું કહેવું છે કે ઘર અતિક્રમણ વિસ્તારમાં આવે છે અને રોટરી બીમનો એક હિસ્સો બાલ્કનીમાંથી પસાર થાય છે. અમે અતિક્રમણ હટાવી દેવા નાગપુર મહાનગરપાલિકાને જણાવ્યું છે. (પીટીઆઈ)

## કચ્છી યુવતી

કરવા જવાની હતી. રાતભર પાર્ટી ચાલ્યા બાદ ત્રણેય જણ કારમાં નીકળ્યાં હતાં. એલબીએસ રોડ પરથી પસાર થતી વખતે ભાવિકાએ સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો, જેને કારણે કાર રાહદારીને કચડ્યા બાદ ફૂટપાથ પર ચઢી ગઇ હતી અને બાદમાં બિલ્ડિંગનાં પગથિયાં તોડીને દુકાન સાથે ભટકાઇ હતી.

## હિન્દુ મરણ

### કોળી પટેલ

ગામ ખરસાડ, હરિ ફળિયા, હાલ મલાડ પશ્ચિમના ગં. સ્વ. લીલાવતી રામુભાઇ પટેલ (ઉં. વ. ૭૯) તા. ૧૪-૯-૨૫ના રોજ વૈકુંઠધામ સિધાવ્યા છે. તે સ્વ. રામુભાઇ ભીખાભાઇના ધર્મપત્ની. સ્વ. ગંગુબેન ભીખાભાઇ (ગંગુ ભરુચા)ના વહુ. સ્વ. લખીબેન ગાંડાભાઇની પુત્રી. ગોવિંદભાઇ ગાંડાભાઇના બેન. હરીશ (પપ્પુ), દક્ષાબેન અને રાજેશના માતા. રાકેશભાઇ અને નયનાબેનના સાસુ. દિશા તેમ જ ઓમના દાદી. તેમનું બેસણું : તા. ૧૮-૯-૨૫ના ગુરુવારે બપોરે ૨થી ૪. તેમ જ બારમું (પુષ્પપાણી) તા. ૨૫-૯-૨૫ના બપોરે ૩થી ૫. તેમના નિવાસસ્થાને રાખેલ છે. લૌકિક પ્રથા બંધ છે. ઠે. રૂમ. નં. ૩, ધીરજ કાવેરી બિલ્ડિંગ નં.૧૩, રામનગર, ચિંચોલી બંદર રોડ, મલાડ (પશ્ચિમ).

### સોરઠીયા બ્રહ્મક્ષત્રિય

મૂળ ગામ મઘરવાડા હાલ મલાડ, સ્વ. ઇન્દુમતી અમૃતલાલ વનમાળી સિંધવડના પુત્ર અશોકભાઈ (ઉં. વ. ૭૩) તા. ૧૫/૯/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે નીતાબેનના પતિ, પ્રશાંત તથા શીતલ પીયૂષકુમાર છાટબારના પિતાશ્રી. હસમુખભાઈ, અજયભાઇ તથા સરોજ નરેન્દ્રભાઈ છાટબારના ભાઈ, સ્વ.છોટાલાલ મૂળશંકર પડિયાના જમાઈ. વિજય, મમતા, દ્રષ્ટિ, પાયલ (ટીના) ભરતકુમાર પડિયા, ધ્રુવી દિશેનકુમાર લાલકિયાના કાકા. પ્રાર્થનાસભા તા. ૧૭/૯/૨૫ના બુધવારે ૪ થી ૬. લોહાણા મહાજનવાડી, એસ.વી.રોડ, શંકરના મંદિરની બાજુમાં, કાંદિવલી વેસ્ટ.

### ઘોઘારી લોહાણા

હાલ કાંદિવલી, ગં. સ્વ. વીણાબેન (ઉં. વ. ૮૧) તા. ૧૫/૯/૨૫ના શ્રીજીચરણ પામેલ છે, તે સ્વ. બચુભાઈ માવજીભાઈ પોંદાના ધર્મપત્ની. હિતેશ, નીપા ભરતકુમાર મર્ચન્ટ, મમતા જસ્મિન ઝવેરીના માતા, દીપાના સાસુ, ખુશના દાદી, વસઈવાળા પ્રાણજીવનદાસ રઘુભાઇ રાજાણીના દીકરી. લૌકિક પ્રથા બંધ છે.

### દશા સોરઠીયા વણિક

દીતલા નિવાસી હાલ કાંદિવલી, ગૌ.વા. મનસુખલાલ મોહનલાલ ગગલાણીના ધર્મપત્ની ગૌ. વા. પ્રેમીલાબેન (ઉં. વ. ૮૧) તા. ૧૪/૦૯/૨૦૨૫ના ગૌલોક પામેલ છે, તે પ્રીતિ, મનોજ, પારુલના માતુશ્રી. દીપા અને બકુલના સાસુ. ગૌ.વા. દુર્લભજી પીતાંબરદાસ મલકાણની દિકરી. ગૌ. વા. ગુણવંતભાઈ, ગૌ. વા. અશોકભાઈ, ગૌ. વા. હરેશભાઈ, ડોલરભાઈ, કિરીટભાઇ, ગં. સ્વ. સરોજબેનના બેન. સાદડી તથા લૌકિક ક્રિયા બંધ છે.

### મોઢ વણિક

કોડિનાર નિવાસી હાલ કાંદિવલી, ગીરીશભાઈ રણછોડદાસ શાહ (ઉં. વ. ૬૪) તા. ૧૫/૯/૨૫ના સોમવારે શ્રીજીચરણ પામ્યા છે. તે વીણાબેનના પતિ, દર્શન અને ઉમંગના પિતાશ્રી. ગં. સ્વ. હંસાબેન શશીકાંત મોદીના જમાઈ, નયનાબેન, દિપક, વિજય, ભુપેન્દ્રભાઈના બનેવી. પ્રાર્થનાસભા તા. ૧૮/૯/૨૫ના ગુરુવારે ૫ થી ૭. લોહાણા બાળાશ્રમ મથુરાદાસ એક્સટેન્સન રોડ, અતુલ ટાવરની બાજુમાં, કાંદિવલી વેસ્ટ.

### ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ

સ્વ. જ્યોત્સનાબેન અધ્વર્યુ તા. ૭/૯/૨૫ના રવિવારે સ્વર્ગવાસ થયેલ છે. તે સ્વ. ઓચ્છવલાલ ઉપાધ્યાયની દીકરી. સ્વ. પુર્ણેશભાઈના ધર્મપત્ની, આશિષ અનર કૃપાના માતા. રીતેશકુમાર અને હિરલના સાસુ. વૃધ્ધિ, કશિશ અને નક્ષના બા. પ્રાર્થનાસભા તા. ૧૮/૯/૨૫ ગુરુવારના ૪ થી ૬. પિયરપક્ષેની પ્રાર્થનાસભા સાથે રાખેલ છે. એ- ૨૦૨, ઉમંગ, ઉત્સવ, ઠાકુર વિલેગે, કાંદિવલી ઈસ્ટ.

### કચ્છ કડવા પાટીદાર

ગામ રતડીયા કચ્છ હાલે કલ્યાણ, સ્વ. રતનબેન પોકાર (ઉં. વ. ૮૫) તા. ૧૪.૦૯.૨૫ને રવિવાર સ્વર્ગની વાટે સીધાવ્યા છે. સ્વ. કરમશીભાઈ મૂળજીભાઈ પોકારના ધર્મપત્ની. રતનશીભાઈના ભાભી. જીવાબેનના જેઠાણી. શંકરભાઈ, ગોપાલભાઈ, જીતેન્દ્રભાઈ, ભવનભાઈ તથા હંસાબેનના માતુશ્રી. દમયંતીબેન, પાર્વતીબેન, લીલાબેન, નયનાબેન તથા કમલેશભાઈના સાસુમા. ભાવિક, પરેશ, નિલેશ, કૃણાલ, દીપેશ, પ્રીતિબેન, ખુશી, વિધિ, રાશિના દાદીમા. પ્રાર્થનાસભા તા.૧૭.૦૯.૨૫ને બુધવાર ૩:૩૦ થી ૫:૦૦. સેરેમની બેન્કવેટ હોલ, કલ્યાણ-ભિવંડી રોડ, કોન-કલ્યાણ.

### લોહાણા

હાલ મુંબઈ, શરદ પ્રભુદાસ ગોકાણી, (ઉં. વ. ૭૩) તે નીતા ગોકાણીના પતિ, પ્રીતિ તથા દર્શન ગોકાણીના પિતા, તા. ૧૬/૦૯/૨૫ના સ્વર્ગવાસી થયેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૮/૦૯/૨૫ના હૉલ ઓફ કલ્ચર, નહેરુ સેન્ટર વરલી મુંબઈ ૦૫/૦૦ થી ૦૭/૦૦.

### હાલાઈ લોહાણા

મુંબઇ નિવાસી હાલ વિરાર, અ.સૌ. વર્ષાબેન ઠક્કર (ઉં. વ. ૬૯) તા. ૧૫/૯/૨૦૨૫ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. તે સંજય કરસનદાસ ઠક્કરના પત્ની. સનાતન અને ચૈતન્યનાં માતુશ્રી. સ્વ. મંગળાબેન હિમતલાલ ઠક્કરનાં સુપુત્રી. કોમલ અને દિશાનાં સાસુ, તસ્વીનાં દાદી, સ્વ. ઈલાબેન, બિંદુબેન, રવિન્દ્રાબેન, રાજેશભાઈ, સુનીલભાઈ, મયુરભાઈનાં ભાભી. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૧૮/૯/૨૫ના ૫ થી ૭. હાલાઈ લોહાણા મહાજનવાડી, પહેલે માળે, શંકર મંદિરની બાજુમાં, એસ.વી. રોડ, કાંદિવલી પશ્ચિમ.

### ઘોઘારી લોહાણા

મૂળ નિવાસી અમરેલી હાલ મલાડ સ્વ. ગં.સ્વ. કંચનબેન ઠક્કર (બુદ્ધદેવ) (ઉં. વ.૯૪) તે સ્વ. બાબુલાલ જગજીવનદાસ બુદ્ધદેવના ધર્મપત્ની તા. ૧૫-૯-૨૫ના અક્ષરવાસી થયેલ છે. તે ત્રિભોવનદાસ કલ્યાણજી રાજાના સુપુત્રી (ટાટાનગર) તે સ્વ. ચંચલબેન ચુનીલાલ બુદ્ધદેવ, સ્વ. તારામતી વ્રજલાલ બુદ્ધદેવના દેરાણી. પ્રાણલાલભાઇ, હસમુખભાઇ, નંદલાલભાઇ, જશવંતભાઇ રાજા, સવિતાબેન સેદાણીના બેન. તે સ્વ. રમેશચંદ્ર, સ્વ. મહેન્દ્રભાઇ, ચિ. પ્રફુલભાઇ બુદ્ધદેવના કાકી. તે ચિરાગ રમેશચંદ્ર બુદ્ધદેવ, ધ્રુવ પ્રફુલભાઇ બુદ્ધદેવના દાદી. લૌકિક વ્યવહાર બંધ છે.

### બાલાસિનોર દશાનીમા વણિક

સ્વ. તારાબેન બાબુલાલ ધારીયા (મુછારી)ના સુપુત્ર પંકજભાઇ બાબુલાલ ધારીયા (ઉં. વ. ૭૫) તે સ્વ. કમળાબેન ચીમનલાલ કડકીયા (હાલોલવાળા) ના જમાઇ. મીનાબેનના પતિ. બીજલના પપ્પા. ધવલના સસરા. ધ્રીશ, દ્વવીજના નાના. તા. ૧૬-૯-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. બેસણું તા. ૧૮-૯-૨૫ના ૫થી ૭. લૌકિક તથા બારમા તેરમાની પ્રથા બંધ છે. ઠે. કેવલબાગ, કિલાચંદ રોડ, શંકરલેનની સામે, ફલાય ઓવરની નીચે, કાંદિવલી (વેસ્ટ).

### દશા સોરઠિયા વૈષ્ણ વણિક

ગં. સ્વ. પુષ્પાબેન મલકાણ (ઉં. વ. ૮૩) સ્વ. મનસુખભાઇ કાંતિલાલ મલકાણના ધર્મપત્ની. હાલ મુંબઇ તા. ૧૪ સપ્ટેમ્બર ૨૫ના શ્રીજીચરણ પામેલ છે. જીજ્ઞેશ અને વિશાલના માતુશ્રી. સ્નેહા જીજ્ઞેશ મલકાણના સાસુ. પિયર પક્ષે ગં. સ્વ. જશવંતીબેન અને સ્વ. ગુલાબચંદ વિઠ્ઠલદાસ ગાદોયાની દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### કચ્છી લોહાણા

કચ્છ ગામ અંજાર હાલ થાણા ગં. સ્વ. મેનાબેન વિશનજી નારાયણજી કોટકના પુત્ર બીપીનભાઇ (ઉં. વ. ૫૯) તે મહેશભાઇ, સ્વ. જનકભાઇ, હિતેશભાઇના ભાઇ. અ. સૌ. જિગનાબેનના જેઠ. ક્રિષ્ણા નિશાંત પોપટ અને આર્મીના મોટા બાપા. સ્વ. ચીમનલાલ અને સ્વ. દેવજીભાઇના ભત્રીજા. ગં. સ્વ. ગંગાબેન વાલજીભાઇ ગંધા કચ્છ ગામ માંડવીના દોહિત્ર. શનિવાર, તા. ૧૩-૯-૨૫ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

### કપોળ

ભાવનગર નિવાસી હાલ સાયન, રજની (ઉં. વ. ૮૪) તે મધુકાન્ત શામળદાસ પ્રાગજી દોશીના પત્ની. સ્વ. શેફાલી, પ્રશાંતના માતા. પૌલોમીના સાસુ. જમનાદાસ નારણજી સંઘવીના દીકરી. પુષ્પા દીપકભાઇ, અરુણા, હર્ષદ-મીના, દિના, હેમલતાના ભાભી. ધીરુભાઇ, સ્વ. મંગળાબેન, સ્વ. હીરાબેન, સ્વ. ભાનુબેનના બેન. સોમવાર, તા. ૧૫-૯-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા રાખેલ નથી.

### બ્રાહ્મણ મારૂ સોની

મુંબઇ ડો. જયલતાબેન અંકલેશરીયા (ઉં. વ. ૯૨) તે સ્વ. ડો. હેમંતભાઇ અંકલેશરીયાના પત્ની. ડો. નચિકેતભાઇના માતુશ્રી. ડો. રક્ષાબેનનાં સાસુ. તે સ્વ. સેવંતીલાલ નગીનદાસ સંઘવી (પાટણ)ના પુત્રી. સ્વ. યોગેશભાઇ, સ્વ.મંદાકિનીબેન સોનીના ભાભી. શૈલી, જીગર, આલાપ, રત્નાના દાદી. તા. ૧૬-૯-૨૫ના મુંબઇ મુકામે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

### હાલાઈ સારસ્વત બ્રાહ્મણ

હાલ કાંદીવલી, ગં. સ્વ. કિરણબેન જોષી (એન) (ઉં.વ.૭૧) તા. ૧૪/૯/૨૦૨૫ રવિવારના સ્વર્ગવાસ થયેલ છે. તે સ્વ. હરેશભાઈ કાંતિલાલ જોષીના પત્નિ, પ્રીતી(ડીંકી), ફાલ્ગુની, જીગરના મમ્મી, રશેષ કુમાર, તુષારકુમાર, માનસીના સાસુ, સ્વ. કાંતાબેન કનૈયાલાલ સાતાની દિકરી, સ્વ. દર્શનાબેન તથા લતાબેન, રશ્મિબેન અને આશીતભાઈના મોટાબેન. પ્રાર્થનાસભા ગુરૂવાર, ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૫ના ૫ થી ૭. દોસ્તી ઓરો ૬૭ બેન્કવેટ હોલ, ૮ મો માળ,બંદર પખાડી રોડ, હિન્દુસ્તાન નાકા નજીક, કાંદીવલી વેસ્ટ.

## જૈન મરણ

### ઝાલાવાડી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન

મૂળી નિવાસી હાલ બોરીવલી, કનુભાઈ શાહનાં ધર્મપત્ની અ.સૌ. કુમુદબેન (ઉં. વ. ૮૦) મંગળવાર તા. ૧૬/૦૯/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. કેશવલાલ ધારસીભાઈ અને કાંતાબેનનાં પુત્રવધૂ. ચિ. પ્રિયેશ અને મનીષાના માતુશ્રી. દિગસર નિવાસી સ્વ.પ્રભાબેન અને સ્વ.ચંપકલાલ કેશવલાલ બોરડીયાનાં સુપુત્રી, સ્વ. નીપાબેન, કિર્તીભાઇ અને રાજેશભાઈનાં બેન. બન્નેપક્ષની પ્રાર્થનાસભા તા. ૧૮/૦૯/૨૦૨૫નાં ૩ થી ૫. પાવનધામ, મહાવીરનગર, કાંદિવલી વેસ્ટ.

### વેરાવળ વિસા ઓસવાલ જૈન

હાલ બોરીવલી, અ. સૌ. લત્તાબેન શાહ (ઉં. વ. ૭૧) તા. ૯/૯/૨૫ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે મહેન્દ્રભાઈના ધર્મપત્ની. ઋષભના માતુશ્રી. શ્વેતાના સાસુજી. સ્વ. પ્રભાવંતીબેન ગીરધરલાલ હીરાચંદ શાહના પુત્રવધૂ, સ્વ. માનવંતીબેન ભગવાનદાસ કરસનજી શાહના સુપુત્રી. લૌકિક વ્યવહાર બંધ છે. ૨૦૨, કથા એપાર્ટમેંટ, સોનીવાડી રોડ, સિમ્પોલી રોડ, ઋષભ નર્સિંગ હોમની ગલીમાં, બોરીવલી વેસ્ટ.

### પાટણ જૈન

પાટણ નિવાસી ખેતરવાસી, શામળાજીની શેરી, હાલ બોરીવલી, સ્વ. હિમંતલાલ પોપટલાલના સુપુત્ર સુકેતુભાઇ શાહ (ઉં. વ. ૭૪) તા. ૧૪/૯/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્મિતાબેનના પતિ. જીતેશ અને પાયલના પિતા. સૌરભકુમાર હસમુખભાઈ ઠાકરના સસરા. સ્વ.સુરેશભાઈ, પ્રદીપભાઈ, સ્વ. રમીલાબેન, સ્વ. નિરંજનાબેન અને મીનાક્ષીબેનના ભાઈ, રસિકલાલ શાંતિલાલ શાહના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

### વેરાવળ વિશા ઓશવાળ દેરાવાસી જૈન

વેરાવળ નિવાસી હાલ બોરીવલી, સ્વ. કલાવતીબેન અમૃતલાલ ચત્રભુજના પુત્ર ચંદ્રકાન્ત શાહ (ઉં. વ. ૮૧) તા. ૧૫/૯/૨૫ના અરિહંતશરણ પામેલ છે. સ્વ. જયાબેનના પતિ. મનીષ, અજય, સ્વ. કોમલના પિતા. ભાવિકા, તૃપ્તિ, સંજયભાઈના સસરા. સ્વ. જયેન્દ્રભાઈ સ્વ. દિનેશભાઇ હશમુખભાઈ, સ્વ.વસુબેન, સ્વ.ચંદ્રિકાબેન, દિપીકાબેન, જયશ્રીબેનના ભાઈ, માલતીબેન ઇન્દ્રવદનના બનેવી. એ- ૩૦૪, કાતકીયા આરોહા, દત્તપાડારોડ, બોરીવલી ઈસ્ટ.

### શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન

કોટડી મહાદેવપુરીના અ.સૌ. પ્રીતી રાજેન ગાલા (ઉં. વ. ૫૧) તા. ૧૫-૯-૨૦૨૫ના અવસાન પામેલ છે. તારાબેન તલકશી ચનાભાઇના પુત્રવધૂ. રાજેનના ધર્મપત્ની. પ્રિયંકના માતુશ્રી. ડુમરાના મંજુલાબેન અમૃતલાલ દામજી નાગડાના સુપુત્રી. રતાડીયા (ગ.) કેતકી રાજેશ ગંગરના બહેન. પ્રાર્થના : માટુંગા ક.મૂ.શ્વે. જૈન સંઘની નારાણજી શામજી વાડી. ટા. ૩.૩૦ થી ૫.૦૦.

લાયજા હાલ મુલુંડના પ્રવિણ શામજી ભાણજી ગડા (ઉં. વ. ૭૭) તા. ૧૫-૯-૨૫ ને સોમવારના અરિહંતશરણ થયા છે. તે શ્રીમતી ભારતીના પતિ. લક્ષ્મીબેન શામજી ભાણજીના સુપુત્ર. કોડાયના હેમલતાબેન ચુનિલાલ શિવજી ગાલાના જમાઇ. મોનિકા, રૂપલ, વિશાલના પિતા. પ્રભાબેન, દામજી, નવીન, સરલાના ભાઈ. પ્રાર્થના સભા રાખેલ નથી. ઠે. પ્રવીણ ગડા, ૩૫ બી વિપુલ એપાર્ટમેન્ટ સાતમે માળે, ભક્તિમાર્ગ મુંબઈ ૮૦.

બિદડા (નાયાણી ફરીયા)ના જયશ્રી કમલેશ દેઢિયા (ઉં. વ.૭૦) તા. ૧૩-૦૯-૨૫ના અવસાન પામેલ છે. દેવકાબેન દામજી લાલજીના પુત્રવધૂ. વિજયના માતુશ્રી. દેવગઢ મહારાષ્ટ્રના ભાગીરથી દિનકર પેડનાકરના પુત્રી. ગણપત, વિજયના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. કમલેશ દામજી દેઢિયા ૧૦૫ ભૈરવ દર્શન, મુરલીધર સામંત માર્ગ, એલ્ફીસ્ટન-૪૦૦૦૧૩.

ભુજપુરના રૂક્ષ્મણી મેઘજી માલશી ભેદા (ઉં. વ. ૮૦) ૧૪-૯-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી મમીબાઇ માલશી હાજાના પુત્રવધુ. મેઘજીના ધર્મપત્ની. બીપીન, ભાવના, વૈશાલીના માતુશ્રી. બારોઇ માતુશ્રી લક્ષ્મીબેન મોરારજી માણેકના સુપુત્રી. વીરજી, માવજી, હરખચંદ, લુણી દેવકાબેન લાલજી, વડાલા લીલાવતી કાનજી, પ્રાગપર ગુણવતી ભવાનજી, ગેલડા વાસંતી વસનજી, ગજોડ અમૃત હરીશના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. રૂક્ષ્મણી ભેદા, ડી/૧/૯૦૪, બી.એમ.સી. બીલ્ડીંગ, એમ.જી.રોડ નં. ૧, ટાટા મોટર્સની સામે, સાઇનગર, કાંદીવલી (વે), મું. ૬૭.

રતાડીયા (ગ.) ના મણીબેન વીરજી વોરા (ઉં. વ. ૮૬) તા. ૧૫-૯ના અરિહંત શરણ પામેલ છે. વીરજીના પત્ની. માતુશ્રી કુંવરબાઇ પુનશીના પુત્રવધુ. માતુશ્રી સોનબાઇ શીવજી ગેલાના સુપુત્રી. પ્રાર્થના રાખેલ નથી. નિ. મણીબેન વોરા, ૬૦૪, પુષ્પ વિનોદ-૩, એસ.વી.રોડ, બોરીવલી (વે.).

બાડાના માતુશ્રી મણીબેન માવજી ગડા (ઉં. વ. ૮૭) તા. ૧૫-૯-૨૫ ના અરિહંત શરણ પામેલ છે. ધનબાઈ શીવજીના પુત્રવધૂ. સ્વ. માવજીભાઈના પત્ની. ગિરીશ, ચંદ્રેશ, સ્મિતાના માતુશ્રી. ગોધરાના રતનબેન શીવજી છેડાના પુત્રી. હિમ્મત, ચુનીલાલ, પ્રભા (તારા), કસ્તુર, કેશર, કમળા, સુધાના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. ગીરીશ ગડા, પ્લોટ નં. ૨૪૨/ ૭૦૩, અરિહંત સોસા., રોડ નં. ૩. જવાહર નગર, ગોરેગામ (વે), મુંબઈ-૧૦૪.

ગઢશીશાના વેલબાઈ નાનજી ગાલા (ઉં. વ. ૮૧) તા. ૧૫-૯-૨૫ ના અવસાન પામ્યા છે. મમ્મીબાઈ વીરજી હરશીના પુત્રવધૂ. નાનજીના પત્ની. રેખા, સંગીતાના માતુશ્રી. પુરબાઈ મેઘજી નિસરના પુત્રી. કલ્યાણજી, મુલચંદ, શામજી, દિનેશ, નવલ, હંસા, રંજન, જયાના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. સુરેશ ગોસર : એ/૧૦૧, સુજાતા પેલેસ, દિનદયાલ ક્રોસ રોડ, ડોંબીવલી (વે.).

કાંડાગરાના બા.બ્ર. મંજુલાબેન વીરજી સાવલા (ઉં. વ. ૭૫) તા.૧૫-૯-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી દેમીબાઈ વીરજી સાવલાના સુપુત્રી. ગંગાબાઈ, મણીબેનના બેન. દેશલપુરના પ્રેમજી કુંવરજી સોનીના દોહીત્રી. પ્રાર્થના રાખેલ નથી. ઠે. સેજલ સાવલા, રૂમ નં. ૮, સી બ્લોક મેઘવાડી, ડો. એસ. એસ. રાવ રોડ, લાલબાગ, મું.૧૨.

લાકડીયાના જયંતીલાલ ગોવર શાહ (ઉં. વ. ૭૭) રવિવાર, તા. ૧૪-૦૯-૨૦૨૫ના અવસાન પામેલ છે. સ્વ. જેતીબેન ગોવર નાંઇયાના સુપુત્ર. કુંવરબેનના પતિ. સુદીપ. વિજય, નિલમના પિતા. સ્વ. વેલજી, સ્વ. ગુણશી, સ્વ. વિસાબેન, કુંવરજીના ભાઈ. સ્વ. કાશીબેન સુરજી વીરજીના જમાઇ. પ્રાર્થનાસભાઃ બુધવાર, તા. ૧૭-૦૯-૨૫. પ્રા.ટા.: ૪.૦૦ થી ૫.૩૦. પ્રા. સ્થળ : શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ દાદર (વે) સંચાલિત શ્રી કરસન લઘુ નિસર હોલ.

પત્રીના વિનેશ મોણશી ઘરોડ (ઉં. વ. ૭૨) તા. ૧૫-૯-૨૫ ના અરિહંત શરણ પામ્યા છે. સાડાઉના હાંસબાઇ, પુષ્પાબેન (પુરબાઈ) મોણશી રવજી ઘરોડના સુપુત્ર. ચંદનબેનના પતિ. હિરલ, ભાવિનના પિતા. વસંત, કિશોર, ચંદ્રિકા, તરલાના ભાઇ. સમાઘોઘાના રતનબેન રામજી શીવજી સંગોઇના જમાઇ. પ્રાર્થના : શ્રી વર્ધમાન સ્થા.જૈન શ્રા.સં.સં. કરસન લઘુ નિસર હોલ, ૧લે માળે, દાદર (વે). ટા. : ૨ થી ૩.૩૦.

### વાગડ વિ. ઓ. જૈન

ગામ લાકડીયાના સ્વ. જયંતીલાલ ગોવર નાંઇયા (ઉં. વ. ૭૭) રવિવાર, તા.૧૪-૯-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. જેતીબેન ગોવરના સુપુત્ર. કુંવરબેનના પતિ. સુદીપ, વિજય, નિલમના પિતા. ચેતના, ગુણવંતી, સંજયના સસરા. જાનવી, દીયાના દાદા. સ્વ. કાશીબેન સુરજી વિરજીના જમાઇ. પ્રાર્થનાસભા બુધવાર, તા. ૧૭-૯-૨૫ના ૪થી ૫.૩૦.ઠે. વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ,દાદર (વેસ્ટ).

### ૪૨ દશા હુમડ દિગંબર જૈન

અલુવા નિવાસી હાલ મલાડ નલીનકુમાર શાહ (ઉં. વ. ૬૮) તા. ૧૩-૯-૨૫ના અરિહંતશરણ પામેલ છે. સ્વ. લીલાવતીબેન છનાલાલ માણેકચંદ શાહના પુત્ર. રેખાના પતિ. સ્વીટી અલ્પેશ શાહ, દીપેશના પિતા. આશા સ્વ. અશોક, જયશ્રી, સ્વ. અજીતના જેઠ. વડાસણ હાલે તલોદ નિવાસી ડાહ્યાલાલ જેઠાલાલ મહેતાના જમાઇ. પ્રાર્થના ગુરુવાર, તા. ૧૮-૯-૨૫ના ૯થી ૧૧, ઠે. માતૃ સરાફ હોલ, પોદાર રોડ, ગોલ ગાર્ડનની બાજુમાં, મલાડ (પૂર્વ).

### દશા શ્રીમાળી સ્થા. જૈન

ધ્રોલ નિવાસી હાલ સાયન નલિનીબેન વસંતલાલ ગાંધી (ઉં. વ. ૮૯) તા. ૧૬-૯-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. લક્ષ્મીચંદ માનસંગ શાહના પુત્રી. નિમિષ, નેહા, નિરવના માતા. પ્રિયલ, ભાસ્કરભાઇ, વૈશાલીના સાસુ. હર્ષિલ-હેતાલી, અમિષા-ધરમ, કરણ-પૂજા, અવની-યશ, કુશ-મીનાક્ષીના દાદી-નાની. ધ્વજ, મેહર, સાઇસા, હૃદયના પર દાદી-નાની.પ્રાર્થનાસભા ગુરૂવાર, તા. ૧૮-૯-૨૫ના ૫થી ૬.૩૦. ઠે. નોર્થ ઇન્ડિયન એસોસિયેશન, ભાઉદાજી રોડ, સાયન, મુંબઇ-૪૦૦૦૨૨.

### દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

ધોરાજી નિવાસી હાલ કાંદિવલી, સ્વ. પ્રકાશચંદ્ર મનસુખલાલ તેજાણી તથા સુધાબેન તેજાણીનાં પુત્ર નયન તે શૈલીબેનના પતિ, શ્રીમતી જાનવી(જીજ્ઞા)સમીરકુમાર શાહના ભાઇ, સ્વ. ધીરજલાલ નરભેરામ દોશીના સુપુત્ર અતુલભાઇ, પિયુષભાઇ, પ્રકાશભાઈ, બીનાબેન રજનીશકુમાર ગાંધીના ભાણેજ. રવિવાર ૧૪.૦૯.૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૮/૦૯/૨૦૨૫ના ગુરૂવારે ૧૦ થી ૧૨. પાવનધામ, મહાવીર નગર, સચિન તેંડુલકર કલબની પાસે, કાંદિવલી વેસ્ટ.

## પારસી મરણ

દાદી એફ. પૂનાવાલા (ઉં. વ. ૯૩) તે અર્જા પૂનાવાલાના પતિ. તે મરહૂમ ફ્રામરોઝ અને મરહૂમ અલામાઇના દીકરા. તે એડી અને ફ્રેડના પિતા. તે પરવીન અને દિનાઝના સસરા. તે રેહાન, અર્માન્ડ, કાર્લ અને લીયાના ગ્રાન્ડ ફાધર. તે બરજોર અને સાયરસના ભાઇ. તે ખુરશેદ, શેહરનાઝ, નેવિલના અંકલ. તા. ૧૫-૯-૨૫ના ગુજરી ગયા છે. ઠે. ૧૨૨, લેન્ડમાર્ક, ૧૭૫, કાર્ટર રોડ, બાન્દ્રા (વેસ્ટ), મું-૫૦. ઉઠમણું : તા. ૧૭-૯-૨૫ રાખવામાં આવ્યું છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક** |
|---|---|---|

# બેલાસિસ ફ્લાયઓવરનું કામ શેડ્યૂલ કરતા પહેલા પૂર્ણ થશે, પણ...

## વિદ્યાવિહાર, સાયન અને મહાલક્ષ્મી ખાતેના ફ્લાયઓવરનું કામ પૂર્ણ થવા હજી એક વર્ષ લાગશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ તાડદેવ,નાગપાડા અને મુંબઈ સેન્ટ્રલ સ્ટેશનને જોડતો આગામી કેબલ સ્ટેડ બેલાસિસ ફ્લાયઓવરનું કામ તેના શેડ્યુલ કરતા આગળ ચાલી રહ્યું હોઈ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં તેનું કામ પૂર્ણ થવાની અપેક્ષા છે ત્યારે વિદ્યા વિહાર, સાયન અને મહાલક્ષ્મી ખાતેના અન્ય ફ્લાયઓવરનું કામ પૂરું થવામાં હજી એક વર્ષનો સમય લાગવાનો છે.

એડિશનલ કમિશનર અભિજિત બાંગરે મંગળવારે પાલિકાના મુખ્યાલયમાં હાલ ચાલી રહેલા પ્રોજેક્ટની વર્તમાનમાં પરિસ્થિતિ સંદર્ભમાં એક સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં જોઈન્ટ કમિશનર (ટ્રાફિક) અનિલ કુંભારે, બ્રિજ ડિપાર્ટમેન્ટના ચીફ એન્જિનિયર પાલિકા તથા મધ્ય રેલવેના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા. આ બેઠકમાં અભિજિત બાંગરે રેલવે અધિકારીઓ સાથે સંકલન રાખવા પર ભાર મૂક્યો હતો અને નિર્દેશ આપ્યો હતો કે તમામ પ્રોજેક્ટને આયોજનબદ્ધ રીતે સમયસર પૂરા કરવામાં આવે અને નિર્ધારીત કરેલી સમયમર્યાદાનું પાલન કરવામાં આવે.

સાયન પૂર્વ-પશ્ચિમને જોડનારા રેલવે ઓવરબ્રિજને ગયા વર્ષે ઑગસ્ટ મહિનામાં તોડી પાડવા માટે બંધ કરવામાં આવ્યો હતો પણ તેનું કામ હજી ધીમું ચાલી રહ્યું છે. અધિકારીના જણાવ્યા મુજબ રેલવે દ્વારા દક્ષિણ બાજુએ ફૂટઓવર બ્રિજનું બાંધકામ ચાલી રહ્યું છે. શરૂઆતમાં ૩૧ ઑગસ્ટ, ૨૦૨૫ સુધીમાં કામ પૂરું કરવાનું લક્ષ્ય હતું પણ આ પ્રોજેક્ટમાં ભારે વિલંબ થયો છે. રેલવે અધિકારીઓએ હવે ૩૧ ઑક્ટોબર, ૨૦૨૫ સુધીમાં આ બ્રિજનું કામ પૂરું થવાની ખાતરી આપી છે. ફૂટઓવર બ્રિજનું કામ પૂરું થયા પછી સાયન બ્રિજના હાલના માળખાને તોડી પાડવાનું કામ આગળ વધશે. રેલવે પ્રશાસનને બાકી રહેલા તમામ કામ ઝડપી બનાવવા અને વધુ વિલંબ થતો અટકાવવા માટે આવશ્યક પગલા લેવા માટે પણ કહેવામાં

(જુઓ પાનું ૪) ▸▸

# લાડકી બહેન સહિતની લોકપ્રિય યોજનાઓને કારણે રાજ્ય પર કરોડો રૂપિયાનું દેવું

મુંબઈઃ ચૂંટણી વખતે નેતાઓ જાતજાતની યોજનાઓની જાહેરાત કરતા હોય છે. ગયા વર્ષે વિધાનસભાની ચૂંટણી વખતે લાડકી બહેન યોજનાની જાહેરાત કરવામાં આવી હતી જે ખુબ લોકપ્રિય થઇ, પરંતુ હવે લાડકી બહેન યોજના સહિત અન્ય લોકપ્રિય યોજનાઓને કારણે મહારાષ્ટ્ર પર દેવાનો બોજ વધ્યો હોય તેવું લાગે છે. આ વર્ષના અંત સુધીમાં રાજ્યનો દેવાનો બોજ નવ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચવાનો અંદાજ છે. ચૂંટણી સમયગાળા દરમિયાન કરવામાં આવેલી યોજનાઓની જાહેરાત અને કથળેલી નાણાકીય પરિસ્થિતિને સુધારવાના કારણે દેવાનો બોજ વધી રહ્યો છે. જૂનના અંત સુધીમાં દેવું

(જુઓ પાનું ૪) ▸▸

## આવતા વર્ષ સુધી પાણીકાપની ચિંતા ટળી

# જળાશયોમાં ૯૯ ટકા પાણીનો સ્ટોક

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈને પાણી પૂરું પાડનારા સાતેય જળાશયોમાં આખરે પાણીનો જથ્થો ૯૯ ટકાએ પહોંચી ગયો છે. છેલ્લા ચાર-પાંચ દિવસથી પડી રહેલા વરસાદને પગલે જળાશયોમાં પાણીમાં સ્તરમાં વધારો થયો હોવાથી આવતા વર્ષ સુધી હવે પાણીકાપનું સંકટ દૂર થઈ ગયું હોવાનું માનવામાં આવે છે.

મુંબઈ પ્રતિદિન સરેરાશ ૪,૦૦૦ મિલ્યન લિટર જેટલો પાણીપુરવઠો કરવામાં આવે છે. દૈનિક સ્તરે મુંબઈની પાણીની જરૂરિયાત મુંબઈ, થાણે અને નાશિક જિલ્લામાં આવેલા અપર વૈતરણા, તાનસા, તુલસી, મોડક સાગર, મધ્ય વૈતરણા, ભાતસા અને વિહારમાંથી પૂરી કરવામાં આવે છે.

મુંબઈ સહિત મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં શુક્રવારથી ફરી વરસાદ શરૂ થયો છે, તેને કારણે જળાશયોના કેચમેન્ટમાં પણ નોંધપાત્ર વરસાદ પડયો છે. મંગળવારે સવારના સાતેય જળાશયોમાં પાણીનું સ્તર ૧૪,૩૦,૩૪૫ મિલ્યન લિટરે પહોંચી ગયું હતું, જે તેની કુલ ક્ષમતાના ૯૮.૮૦ ટકા છે.

મુંબઈને આખું વર્ષ પાણીકાપ વગર પાણીપુરવઠો કરવો હોય તો જળાશયોમાં પહેલી ઑક્ટોબરના પાણીનો જથ્થો ૧૪,૪૭,૩૬૩ મિલ્યન લિટર જેટલો હોવો જોઈએ. તેની સામે હાલ જળાશયોમાં ૧૪,૩૦,૩૪૫ મિલ્યન લિટર એટલે કે ૯૮.૮૨ ટકા જેટલું પાણી છે. એક ટકા પાણી મુંબઈની ત્રણ દિવસ પાણીની જરૂરિયાતને પહોંચી વળે છે.

પાલિકાના પાણીપુરવઠા વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ જળાશયોમાં પાણીનો જથ્થો ૯૮.૮૨ ટકા થઈ ગયો છે. ચોમાસાની વિદાયને હજી થોડો સમય બાકી છે, તેથી આગામી દિવસોમાં હજી નોંધનીય વરસાદ પડવાની અપેક્ષા છે. જોકે

(જુઓ પાનું ૪) ▸▸

# મોનો રેલ અનિશ્ચિત કાળ માટે બંધ

## પ્રવાસીઓ હવે જીવના જોખમે પ્રવાસ કરવા માગતા નથી?

(અમારા પ્રતિનિધિ તરફથી)



મુંબઈઃ ઉપરાઉપરી ત્રણ વખત મોનોરેલ ટેક્નિકલ કારણથી ખોટકાઈ હોવાને કારણે તેમાં પ્રવાસ કરનારા મુંબઈગરાના જીવ પડીકે બંધાઈ ગયા હતા. મોનોરેલમાં પ્રવાસીઓની સુરક્ષા સામે પણ સવાલો થઈ રહ્યા હતા ત્યારે હવે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)ના કમિશનર સંજય મુખર્જી દ્વારા મોનોરેલની સેવાને ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૫થી અનિશ્ચિત સમયગાળા માટે બંધ રાખવાની જાહેરાત મંગળવારે કરવામાં આવી હતી.

એમએમઆરડીએના કમિશનર સંજય મુખર્જીએ જણાવ્યું હતું કે મોનોરેલમાં મોટા પ્રમાણમાં મેઈન્ટેન્સનું કામ આવશ્યક છે. હાલ મોનોરેલ વહેલી સવારના ૬.૧૫ વાગ્યાથી શરૂ થઈને મોડી રાતના ૧૧.૩૦ વાગ્યા સુધી દોડે છે. મેઈન્ટેન્સના કામ માટે રાતના માંડ સાડા ત્રણ કલાકનો સમય ઉપલબ્ધ થાય છે. છેલ્લા થોડા વખતથી ટેક્નિકલ કારણથી મોનોરેલ સેવાની સર્વિસ ત્રણ વખત બંધ પડી હોવાથી તાત્કાલિક ધોરણે એડવાન્સ ટેક્નોલોજી સાથે મેઈન્ટેન્સનું કામ હાથ ધરવામાં આવવાનું છે. તેથી મોનોરેલને થોડા સમય માટે બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મેઈન્ટેન્સના કામ બાદ નવી મોનોરેકનો

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈમાં મલેરિયા અને ચિકનગુનિયાના કેસમાં વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં મચ્છર કરડવાથી થતા મલેરિયા અને ચિકનગુનિયા સહિત ડેન્ગ્યૂના કેસમાં વધારો નોંધાયો હોવાનો દાવો પાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવ્યો છે.

ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે મલેરિયા, ચિકનગુનિયા, ડેન્ગ્યૂ જેવી બીમારીમાં વધાયો થયો હોવા પાછળ ઓગસ્ટ મહિનામાં થયેલી અતિવૃષ્ટિને જવાબદાર માનવામાં આવે છે. વધુ પડતા વરસાદને કારણે ઠેર-ઠેર પાણી ભરાઈ જવાને કારણે મચ્છરોની ઉત્પત્તિ વધી જવાને કારણે આ બીમારીમાં વધારો થયો હોવાનું કહેવામાં આવે છે.

ગયા વર્ષે જાન્યુઆરીથી સપ્ટેમ્બર સુધીના નવ મહિનામાં મલેરિયાના ૫,૧૮૨, ડેન્ગ્યૂના ૩,૪૩૫, ચિકનગુનિયાના ૩૬૬, લેપ્ટોના ૬૨૮, ગેસ્ટ્રોના ૬,૫૯૯, હેપેટાઈટીસના ૭૯૧ અને કોવિડના ૧,૮૩૭ કેસ નોંધાયા હતા. તેની સામે આ વર્ષે આ સમયગાળામાં મલેરિયાના ૩,૨૭૭, ડેન્ગ્યૂ ૨,૭૨૪, ચિકનગુનિયા ૫૪૨, લેપ્ટો ૫૫૮, ગેસ્ટ્રોના ૫,૯૮૯, હેપેટાઈટીસના ૯૧૩ અને કોવિડના ૧,૧૧૬ કેસ નોંધાયા છે.પાલિકાના આરોગ્ય ખાતાના દાવા મુજબ તાવના દર્દીઓને ઓળખી કાઢવા માટે પહેલીથી ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધીમાં ૪,૭૪,૪૫૦ ઘરના સર્વે કરવામાં આવ્યા હતા, તેમાં ૨૨,૭૩,૫૨૯ નાગરિકોને આવરી લેવામાં આવ્યા હતા. મલેરિયાને નિયંત્રણમાં રાખવા ૨૫,૩૬૩ ઉત્તપત્તિ સ્થળનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું અને ૧,૬૭૮ એનોફીલીસ મચ્છરોના ઉત્તપત્તિ સ્થળને શોધીને તેનો નાશ કરવામાં આવ્યો હતો. ડેન્ગ્યૂને નિયંત્રણમાં રાખવા માટે ૧૧,૦૫૫ એડીસ મચ્છરોના ઉત્પત્તિ સ્થળ શોધી કાઢવામાં આવ્યા હતા. આ દરમ્યાન ૨૬,૯૧૩ ટાયર સહિતના સામાનનો નિકાલ કરવામાં આવ્યો હતો. ૧૯,૩૫૪ બિલ્ડિંગમાં ફોગીંગ કરવામાં આવ્યું હતું. ■

# બંજારા સમુદાય પરના નિવેદનથી ધનંજય મુંડેનો યુ-ટર્ન

મુંબઈ : બીડ અને જાલનામાં બંજારા સમુદાયને અનુસૂચિત જનજાતિ શ્રેણી હેઠળ અનામત આપવાની માગ માટે બંજારા સમુદાયના હજારો લોકોએ સોમવારે (૧૫ સપ્ટેમ્બર) કૂચ કાઢી હતી, જેમાં વિધાનસભ્ય અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (અજિત પવાર) ના નેતા ધનંજય મુંડેએ પણ હાજરી આપી હતી. આ પ્રસંગે મુંડેએ આપેલા ભાષણ દરમિયાન આપેલા નિવેદનને કારણે ધનંજય મુંડેની ટીકા થવા લાગી છે. સાથે જ એક નવો વિવાદ પણ ઉભો થયો છે.

શું બંજારા અને વણઝારા અલગ છે? આવો પ્રશ્ન મુંડેએ પોતાના ભાષણમાં ઉઠાવ્યો હતો. મુંડેના આ નિવેદન પર બંજારા સમાજના ઘણા લોકોએ વાંધો ઉઠાવ્યો હતો અને મુંડેને પોતાના શબ્દો પાછા ખેંચવાની માગ કરી હતી. તેમજ જ્યારે મુંડેનું ભાષણ ચાલી રહ્યું હતું, ત્યારે બંજારા સમાજના મોરચાના કાર્યકરોએ વિરોધ કર્યો હતો અને ધનંજય મુંડે વિરુદ્ધ નારા પણ લગાવવામાં આવ્યા હતા.

દરમિયાન ધનંજય મુંડેએ સોમવારના નિવેદન પર યુ-ટર્ન લેતા કહ્યું છે કે, વણજારી અને બંજારા અલગ અલગ જાતિ છે. ■

## ઘાટકોપરમાં ડ્રન્ક એન્ડ ડ્રાઈવિંગ

# કચ્છી યુવતી, તેના બે ફ્રેન્ડની પોલીસ કસ્ટડી વધુ બે દિવસ લંબાવાઇ

મુંબઈઃ ઘાટકોપરમાં રાતભર પાર્ટી કરીને નીકળ્યા બાદ રાહદારીને કાર નીચે કચડવા બદલ ધરપકડ કરાયેલી કચ્છી યુવતી ભાવિકા દામા અને તેના બે ફ્રેન્ડ કોરમ ભાનુશાલી તથા અનિકેત બનસોડેને મંગળવારે કોર્ટમાં હાજર કરાતાં તેમની પોલીસ કસ્ટડી વધુ બે દિવસ લંબાવાઇ હતી.

ઘાટકોપર પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર સતીષ જાધવે કહ્યું હતું કે કાર નીચે કચડાયેલા ૩૦ વર્ષના રાહદારીનું રવિવારે રાતે સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. આથી અમે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૫ (સદોષ મનુષ્યવધ) ઉમેરી છે. રાહદારીની હજી ઓળખ થઇ નથી. પોલીસ ટીમ મૃતકની ઓળખ મેળવવા આસપાસના વિસ્તારોમાં તપાસ કરી રહી છે. મૃતકને ઓળખતી હોય એવી કોઇ વ્યક્તિ અમને હજી મળી નથી.

જાધવે જણાવ્યું હતું કે આ કેસમાં ત્રણેય જણની પોલીસ કસ્ટડી પૂરી થતી હોવાથી મંગળવારે તેમને સ્થાનિક કોર્ટમાં હાજર કરવામાં આવ્યા હતા અને કોર્ટે તેમની પોલીસ કસ્ટડી વધુ બે દિવસ લંબાવી હતી.

ઉલ્લેખનીય છે કે ઘાટકોપર પશ્ચિમમાં એલબીએસ રોડ પર એક્સેલ આર્કેડ ઇમારત સામે શનિવારે વહેલી સવારે ૬.૧૫ વાગ્યે આ ઘટના બની હતી. ભાવિકા દામા કિયા કાર હંકારી રહી હતી અને ઘાટકોપરના અસલ્ફા વિલેજ ખાતે રહેનારી કોરમ ભાનુશાલીને ઘરે છોડીને તે તેના મિત્ર અનિકેત સાથે ફિનિક્સ મોલમાં નાસ્તો

(જુઓ પાનું ૪) ▸▸

## છેતરપિંડી કેસ

# રાજ કુન્દ્રા બાદ હવે શિલ્પા શેટ્ટીનું નિવેદન પણ નોંધવામાં આવશે

મુંબઈઃ અભિનેત્રી શિલ્પા શેટ્ટી અને તેના પતિ રાજ કુન્દ્રા સામે ૬૦ કરોડ રૂપિયાની છેતરપિંડીનો કેસ ચાલી રહ્યો છે. તપાસ કરી રહેલી મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખા ઇઓડબ્લ્યુએ સોમવારે રાજ કુન્દ્રાનું લગભગ ૫ કલાક સુધી નિવેદન નોંધ્યું હતું.

રાજ કુન્દ્રાએ પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે ફરિયાદી દીપક કોઠારીએ અગાઇ એનબીએફસી પાસેથી ૬૦ કરોડ રૂપિયાની લોન લીધી હતી અને અને બાદમાં તેને કોઠારીની કંપની બેસ્ટ ડીલ ટીવી પ્રાઇવેટ લિમિટેડમાં ઇક્વિટી તરીકે એડજસ્ટ કરવામાં આવી. આ રકમમાંથી ૨૦ કરોડ રૂપિયા પ્રસારણ ખર્ચ, સેલિબ્રિટી પ્રમોશન અને અન્ય ખર્ચ માટે વાપરવામાં આવ્યા હતા.

ઇઓડબ્લ્યુ દ્વારા કરવામાં આવેલી પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે ૬૦ કરોડ રૂપિયાની રકમ તેમની પોતાની કંપનીઓ - સતયુગ ગોલ્ડ, વિઆન ઇન્ડસ્ટ્રીઝ, એસેન્શિયલ બલ્ક કોમોડિટીઝ પ્રાઇવેટ લિમિટેડ, બેસ્ટ ડીલ અને સ્ટેટમેન્ટ મીડિયામાં વાળવામાં આવ્યા હતા. ત્યારબાદ આ કંપનીઓ દ્વારા પૈસાની ઉચાપત કરવામાં આવી હોવાનો આરોપ છે. આ નાણાં આંતરરાષ્ટ્રીય પ્રવાસ , પ્રસારણ ખર્ચ, વેરહાઉસ ખર્ચ, માટુંગામાં ઓફિસ ખર્ચના રૂપમાં વાળવામાં આવ્યા હતા. ઇઓડબ્લ્યુ દ્વારા તેની વધુ તપાસ કરવામાં આવશે. અધિકારીઓએ પુષ્ટિ કરી છે કે શિલ્પા શેટ્ટી તપાસ હેઠળ કંપનીની એક મુખ્ય શેરહોલ્ડર છે, તેથી તેને પણ ટૂંક સમયમાં નિવેદન માટે બોલાવવામાં આવશે. અધિકારીઓને મળેલા પુરાવામાં એ પણ ખુલાસો થયો છે કે શિલ્પા શેટ્ટીએ કંપનીમાં મુખ્ય શેરહોલ્ડર હોવા છતાં સેલિબ્રિટી ફી લીધી હતી,જે ખર્ચના ભાગ રૂપે દર્શાવવામાં આવ્યું છે અને નાણાંની હેરાફેરી થઇ છે.■

# રાજ-ઉદ્ધવ દશેરા રેલી સાથે યોજશે?

## ઉદ્ધવ ઠાકરે કહે છે 'વેટ એન્ડ વૉચ'

મુંબઈઃ મરાઠી ભાષાના મુદ્દે ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે એક સાથે આવ્યા. ત્યારબાદ બંને પરિવારો વચ્ચે મનમેળ થયેલો જોવા મળ્યો. પારિવારિક કાર્યક્રમો, ગણેશોત્સવ પ્રસંગે, બંને ભાઈઓ એકબીજાના ઘરે ગયા હતા. જોકે, ગયા અઠવાડિયે થયેલી આ મુલાકાત બાદ રાજકીય ચર્ચાઓએ જોર પકડયુ હતું. ઉદ્ધવ ઠાકરે, સંજય રાઉત અને અનિલ પરબ સાથે, રાજ ઠાકરેને તેમના શિવતીર્થ નિવાસસ્થાને મળ્યા હતા. આ પછી એવી ચર્ચા થઈ હતી કે બંને વચ્ચે ગઠબંધનની જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવશે. ઉદ્ધવ ઠાકરેએ તેના પર ટિપ્પણી કરી હતી. ગયા અઠવાડિયે ઉદ્ધવ ઠાકરેએ રાજ ઠાકરેના ઘરે લગભગ અઢી કલાક વિતાવ્યા હતા. જ્યારે તેમને આ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે મજાકમાં કહ્યું કે, હું જાઉં કે ન જાઉં, ચર્ચા તો થાય જ છે. સાચી સમસ્યા શું છે તે મને સમજાતું નથી. શું રાજ ઠાકરે શિવસેના (ઠાકરે) ની દશેરા રેલીમાં જોવા મળશે? આ પ્રશ્ન પૂછવામાં આવતા તેમણે કહ્યું કે, ''તેઓ આવશે, પરંતુ મીડિયાએ થોડી રાહ જોવી જોઈએ...

રાજ ઠાકરે સાથેના સત્તાવાર જોડાણની જાહેરાત અંગે પૂછાતા ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે, ટૂંક સમયમાં તેની જાહેરાત કરવામાં આવશે. ■

# મહારાષ્ટ્રના એડવોકેટ જનરલ બિરેન્દ્ર સરાફે રાજીનામું આપ્યું

મુંબઈઃ મહારાષ્ટ્રના એડવોકેટ જનરલ બિરેન્દ્ર સરાફે અંગત કારણોસર રાજીનામું આપ્યું છે અને તે સ્વીકારવામાં આવ્યું હોવાનું મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કેબિનેટની બેઠકમાં જણાવ્યું હતું.

જોકે સરાફ જાન્યુઆરી ૨૦૨૬ સુધી આ પદ પર ચાલુ રહેશે, તે સમય સુધીમાં સરકારે બીજાની એડવોકેટ જનરલ તરીકે નિમણૂક કરવી પડશે.ડિસેમ્બર ૨૦૨૨ માં તેમને એડવોકેટ જનરલ (એજી) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

## હવે આ કોની ભૂલ?

# નાગપુરમાં ફ્લાયઓવરમાં બાલ્કનીનો અવરોધ




## પ્રશાસન કહે છે આ તો અતિક્રમણ

નાગપુરઃ નાગપુરના વાયરલ થયેલા એક વીડિયોમાં બાંધકામ થઈ રહેલા એક ફ્લાયઓવરમાં એક બાલ્કનીનું બાંધકામ અતિક્રમણ હોવાથી બાધા બની રહી હોવાથી નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ નાગપુર મહાનગરપાલિકાને એ બાલ્કની હટાવી દેવા જણાવ્યું છે. આ પ્રકારની સમસ્યાને કારણે શહેરના આયોજન સામે ભંવા ઊંચકાયા છે.

જોકે, ઘરના માલિકે એવો દાવો કર્યો છે કે બીમ બાલ્કનીમાંથી પસાર થઈ રહ્યું છે, પણ બિલ્ડિંગને સ્પર્શતું નથી. પરિણામે સલામતી સંદર્ભે કોઈ સમસ્યા નથી. હાલ ઇન્ડોરા - ડિઘોરી ફ્લાયઓવરનું બાંધકામ થઈ રહ્યું છે અને એનો એક હિસ્સો નાગપુરના અશોક ચોક વિસ્તારના એક રહેણાંક બિલ્ડિંગમાંથી પસાર થઈ રહ્યો છે એવા કેટલાક વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે. ઘર માલિકે દાવો કર્યો છે કે

(જુઓ પાનું ૪) ▸▸

# મહારાષ્ટ્ર કેબિનેટમાં ખેડૂતો અને વિદ્યાર્થીઓ સહિતના મહત્ત્વના નિર્ણયો

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકાર રાજ્યના લોકોના વિકાસ માટે સમયાંતરે મહત્વપૂર્ણ નિર્ણયો લેતી હોય છે. એ અનુસંધાનમાં રાજ્ય પ્રધાન મંડળની બેઠકનું આયોજન કરવામાં આવે છે. આ બેઠકમાં વિવિધ વિષયો પર ચર્ચા કરવામાં આવે છે. તેમજ ઘણા ક્ષેત્રો માટે નોંધપાત્ર નાણાકીય ફાળવણી કરવાનો પણ નિર્ણય લેવામાં આવે છે. મંગળવારે (૧૬ સપ્ટેમ્બર) મળેલી પ્રધાન મંડળની બેઠકમાં ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા. આ નિર્ણય હેઠળ રાજ્ય સરકારે પછાત વર્ગની સરકારી છાત્રાલયોના વિદ્યાર્થીઓનું જીવનનિર્વાહ ભથ્થું બમણું કરી દીધું છે. એ જ રીતે રાષ્ટ્રસંત તુકડોજી મહારાજ શેતકરી ભવન યોજનાને આગામી બે વર્ષ માટે લંબાવવામાં આવી છે. સરકારના આ નિર્ણયોથી ખેડૂતો અને વિદ્યાર્થીઓને ઘણો ફાયદો થશે. મહારાષ્ટ્ર એનિમેશન, વિઝ્યુઅલ ઇફેક્ટ્સ, ગેમિંગ, કોમિક્સ અને એક્સટેન્ડેડ રિયાલિટી પોલિસી ૨૦૨૫ની જાહેરાત કરવામાં આવી છે. આ નિર્ણય હેઠળ વર્ષ ૨૦૫૦ સુધી એક યોજના બનાવવામાં આવી છે અને આ યોજના લગભગ ૩ હજાર ૨૬૮ કરોડ રૂપિયાની હશે. પછાત વર્ગની સરકારી છાત્રાલયોના વિદ્યાર્થીઓ માટે દૈનિક ભરણપોષણ ભથ્થું અને વિદ્યાર્થીઓ માટે સેનિટરી ટોઇલેટ ભથ્થામાં લગભગ બે ગણો વધારો કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી હજારો વિદ્યાર્થીઓને ફાયદો થશે. રાષ્ટ્રસંત તુકડોજી મહારાજ શેતકરી ભવન યોજનાને આગામી બે વર્ષ માટે લંબાવવામાં આવી છે. રાજ્યભરની ૧૧૬ માર્કેટ કમિટીઓમાં નવા કિસાન ભવનોના નિર્માણ અને હાલની ઇમારતોના નવીનીકરણ પર કુલ ૧૩૨.૪૮કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. વિવિધ સ્થળોએ ૭૯ નવા કિસાન ભવન બનાવવાની દરખાસ્ત છે.

## માલેગાંવ બ્લાસ્ટ કેસ

# દોષમુક્તિના આદેશ સામે કોઈ પણ આવીને અપીલ ન કરી શકેઃ કોર્ટ

મુંબઈઃ માલેગાંવના ૨૦૦૮ના બ્લાસ્ટ કેસમાં દોષમુક્ત આરોપીઓ સામે અપીલ કરવા માટે કોઈ પણ આવે તો તેના માટે કોર્ટના દરવાજા ખુલ્લા નથી, એવું કહીને બૉમ્બે હાઈ કોર્ટે મંગળવારે ખટલા દરમિયાન મૃતકોના પરિવારના સભ્યોની સાક્ષી તરીકે ઊલટતપાસ થઈ હતી કે કેમ તે અંગે વિગતો માગી હતી.

ચીફ જસ્ટિસ શ્રી ચંદ્રશેખર અને જસ્ટિસ ગૌતમ આંખડની ખંડપીઠ સમક્ષ બ્લાસ્ટમાં જીવ ગુમાવનારા છ જણના પરિવારના સભ્યો દ્વારા કરાયેલી આરોપીઓના દોષમુક્તના ચુકાદા વિરુદ્ધની અપીલ સુનાવણી માટે આવી હતી. આ કેસમાં ભાજપનાં ભૂતપૂર્વ સાંસદ પ્રજ્ઞાસિંહ ઠાકુર અને લેફ્ટનન્ટ કર્નલ પ્રસાદ પુરોહિત સહિત સાત આરોપીને દોષમુક્ત કરતા વિશેષ અદાલતના ચુકાદાને પડકારતી અપીલ હાઈ કોર્ટમાં કરાઈ હતી.

હાઈ કોર્ટે ખટલા દરમિયાન પરિવારના સભ્યોની સાક્ષીદાર તરીકે ઊલટતપાસ કરાઈ હતી કે કેમ તે જાણવા માગ્યું હતું.

પરિવારના સભ્યોના વકીલે ખંડપીઠને કહ્યું હતું કે પ્રથમ અરજદાર નિસાર અહમદનો પુત્ર બ્લાસ્ટમાં મૃત્યુ પામ્યો હતો. તે ખટલામાં સાક્ષી નથી,

(જુઓ પાનું ૪) ▸▸

# થાણેના ઘોડબંદર રોડ પર દિવસ દરમિયાન ભારે વાહનો પર પ્રતિબંધ

થાણેઃ થાણેના ઘોડબંદર રોડ પર ટ્રાફિકની સમસ્યા હળવી બનાવવા મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ મધરાતથી પરોઢિયા દરમિયાન જ ભારે વાહનોની અવરજવરને પરવાનગી આપવા જણાવ્યું છે.

મંગળવારે સંબંધિત અધિકારીએ જણાવ્યું હતું કે દિવસના સમયે ભારે વાહનો પર પ્રતિબંધ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ નિર્દેશ આપ્યો છે કે મધ્યરાત્રિથી વહેલી સવારના કલાકો સુધી જ ભારે વાહનોને રૂટ પર ચલાવવાની મંજૂરી આપવામાં આવશે.

શિંદેના કાર્યાલય દ્વારા જારી કરવામાં આવેલા નિવેદન અનુસાર શિંદેના અધ્યક્ષપદ હેઠળ સોમવારે મોડી રાત્રે વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ સાથે આયોજિત ઉચ્ચ સ્તરીય સંકલન બેઠક બાદ આ પગલાંની જાહેરાત થઈ હતી. ઘોડબંદર પટ્ટા પર ચાલી રહેલા રસ્તાના થઈ રહેલા કામને પગલે ટ્રાફિકને અસર થઈ હોવાથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.નાયબ મુખ્ય પ્રધાને ટ્રાફિક પોલીસ અને અન્ય એજન્સીઓને દિવસ દરમિયાન ટ્રાફિક નિયમોનો કડક અમલ કરવાનો નિર્દેશ આપ્યો છે. ફક્ત રાત્રે ૧૨ વાગ્યાથી વહેલી સવાર સુધી ભારે વાહનોની અવરજવરને મંજૂરી આપવા જણાવ્યું છે.

શિંદેએ બેઠકમાં જણાવ્યું હતું જે અધિકારીઓ મધ્યરાત્રિના ૧૨ વાગ્યા પહેલા રૂટ પર ભારે વાહનોને મંજૂરી આપશે અને નવા સમયનો અમલ કરવામાં નિષ્ફળ જશે તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

આ ભારે વાહનો માટે અસ્થાયી પાર્કિંગ

(જુઓ પાનું ૪) ▸▸

અંક પ્રગટ થઈ ચૂક્યો છે

જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ

પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું
'મુંબઈ સમાચાર'નું પ્રગતિ-પ્રેરક પંચાંગ

વેધસિદ્ધ પ્રત્યક્ષ પંચાંગ
મુંબઈ સમાચાર કિંમતઃ ₹ ૧૦૦/- સ્થાપના ઈ.સ.૧૮૧૪ વર્ષ ૨૧૨



પંચાંગકર્તાઃ સોનલ શાહ ■ વિક્રમ સંવત ૨૦૮૨-૮૩ ■ શાલિવાહન શક સંવત ૧૯૪૭-૪૮ ■ ઈ.સ. તા. ૨૨-૧૦-૨૦૨૫ થી તા. ૦૬-૦૪-૨૦૨૭

માહિતી માટે સંપર્ક કરો

મુંબઈ સમાચાર ફોન નં. ૨૨૦૪૫૫૩૧-૩૩

રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

ધ દાંગટ ન્યૂઝપેપર એજન્સી ફોનઃ (૦૨૨) ૪૩૪૪૭૭૭૭, ફેક્ષઃ (૦૨૨) ૨૨૬૯૧૨૩૬
ગ્રાઉન્ડ ફ્લોર, દાંગટ સદન, ૬૩, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

# આઈસીસીની લપડાક પછી પાકિસ્તાન ઊંધા માથે પટકાયું: એશિયા કપની બહાર થઈ જવાની ધમકી પાછી ખેંચી

દુબઈ: ઝિમ્બાબ્વેના ભૂતપૂર્વ ક્રિકેટર ઍન્ડી પાઇક્રૉફ્ટ ટી-૨૦ એશિયા કપના મૅચ-રેફરી છે અને તેમને ભારત સામેના ‘ હૅન્ડશેક વિવાદ’ના પ્રકરણમાં આ ટૂર્નામેન્ટમાંથી હાંકી કાઢવાની પાકિસ્તાને જે માગણી કરી હતી એને સર્વોચ્ચ ક્રિકેટ સંસ્થા આઇસીસીએ ફગાવી દઈને એક રીતે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડને જોરદાર લપડાક લગાવી છે અને એ નામોશીથી શરમમાં મુકાયેલા પાકિસ્તાને એશિયા કપનો બહિષ્કાર કરવાની ધમકી ચૂપકીદીથી પાછી ખેંચી લીધી હોવાનું મનાય છે.

બુધવારે દુબઈમાં પાકિસ્તાનની યુએઇ સામે મૅચ છે અને પાકિસ્તાને એ મૅચ ઍન્ડી પાઇક્રૉફ્ટની મૅચ રેફરી તરીકેની નજર હેઠળ જ રમવી પડશે.

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે આક્ષેપ કર્યો હતો કે રવિવારે ટૉસ વખતે સૂર્યકુમાર યાદવ સાથે હાથ ન મિલાવવા પાઇક્રૉફ્ટે પાકિસ્તાની સુકાની સલમાન આગાને સૂચના આપી હતી.

કહેવાય છે કે પાકિસ્તાને યુ-ટર્ન લીધો છે અને એશિયા કપમાં રમવાનું ચાલુ રાખવાનું નક્કી કર્યું છે. પાકિસ્તાનને ડર છે કે જો એશિયા કપનો એ બહિષ્કાર કરશે તો પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે આઇસીસી હેઠળની એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી)ની વાર્ષિક આવકમાંથી ૧૫ ટકા જેટલો હિસ્સો (અંદાજે ૧૦૫ કરોડ રૂપિયાથી ૧૪૧ કરોડ રૂપિયા) ગુમાવવો પડશે. પાકિસ્તાને એવું વિચારીને જ એશિયા કપનો બહિષ્કાર કરવાનું માંડી વાળ્યું છે.

# પાકિસ્તાનની બેશુમાર નાલેશી થઈ, હવે આજે યુએઇ પણ નાક કાપશે?

## ભારતીયોએ હાથ ન મિલાવ્યા અને હવે યુએઈની ટીમ પાકિસ્તાનીઓને બાય-બાય કરવાની ફરજ પાડી શકે

દુબઈ: પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)એ મુખ્ય ખેલાડીઓ બાબર આઝમ અને મોહમ્મદ રિઝવાન વગરની બુઠ્ઠી ટીમને ટી-૨૦ એશિયા કપમાં રમવા મોકલી છે, સલમાન આગાના સુકાનમાં ઘણા અજાણ્યા ખેલાડીઓ ધરાવતી પાકિસ્તાનની ટીમે શુક્રવારે ઓમાન જેવી ટચૂકડી ટીમની લડત જોયા પછી વિજય મેળવ્યો હતો, રવિવારે ભારત સામે દુશ્મન-દેશ સાત વિકેટે હારીને આબરૂ ગુમાવી, ભારતીય ટીમ સાથેના ‘ હૅન્ડશેક વિવાદ’માં પણ સમગ્ર પાકિસ્તાનની નામોશી થઈ અને હવે પાકિસ્તાની ટીમે એશિયા કપમાંથી બહાર થઈ જઈ જવું પડે એવો સમય પણ આવી ગયો છે. જો આજે (રાત્રે ૮.૦૦ વાગ્યાથી) રમાનારી મૅચમાં પાકિસ્તાનનો યુએઇ સામે પરાજય થશે તો એશિયા કપમાંથી ફેંકાઈ જશે.

### યુએઈ હારશે તો રવિવારે ફરી ભારત-વિરુદ્ધ પાકિસ્તાન

પાકિસ્તાન જો આજની મૅચમાં યુએઇને હરાવશે તો ચાર પૉઇન્ટ સાથે ગ્રૂપ ‘એ’માં ભારત પછી બીજા નંબર પર રહેશે અને રવિવારે ફરી (રાત્રે ૮.૦૦ વાગ્યાથી) ભારત અને પાકિસ્તાન વચ્ચે ટક્કર થશે અને યુએઇની ટીમ ઓમાન સાથે સુપર-ફોર રાઉન્ડથી વંચિત રહી જશે.

ગયા બુધવારે ભારત સામે યુએઇનો નવ વિકેટે પરાજય થયો હતો, પરંતુ સોમવારે યુએઇએ ઓમાનને ૪૨ રનથી હરાવીને સુપર-ફોર માટેની આશા જીવંત રાખી હતી. જોકે પૉઇન્ટ્સ-ટેબલમાં પાકિસ્તાન (+૧.૬૪૯)ની તુલનામાં યુએઇ (-૨.૦૩૦)નો રનરેટ ખરાબ છે, પરંતુ આજે યુએઇ જીતશે તો ચાર પૉઇન્ટ સાથે સુપર-ફોરમાં પહોંચી જશે અને પાકિસ્તાન આઉટ થઈ જશે.

### યુએઈએ ગયા પખવાડિયામાં ટક્કર આપી હતી

ગયા પખવાડિયે ટ્રાય-સિરીઝમાં પાકિસ્તાને બન્ને મૅચમાં યુએઇને હરાવ્યું હતું, પરંતુ અમુક તબક્કે યુએઇનો હાથ ઉપર હતો. મોટી ટૂર્નામેન્ટમાં આયરલૅન્ડ અને અમેરિકા જેવી નાની ટીમો સામે હારીને નાક કપાવી ચૂકેલા પાકિસ્તાનને આજે યુએઇ પણ હરાવી જશે તો નવાઈ નહીં લાગે.

# ‘હૅન્ડશેક વિવાદ’માં પાકિસ્તાનને ‘ઝટકો’: મેચ રેફરીને હટાવવાની માગણી આઈસીસીએ ફગાવી

દુબઈ/નવી દિલ્હી: એશિયા કપમાં ભારત સામે હાર્યા પછી પાકિસ્તાનના નાટકો હજુ ચાલુ છે. ટીમ ઈન્ડિયાના કેપ્ટન સૂર્યકુમાર યાદવે મેચ જીત્યા બાદ પાકિસ્તાની ખેલાડીઓ સાથે હાથ નહીં મિલાવવા મુદ્દે નારાજ થયું હતું, ત્યાર પછી મેચ રેફરી પર પણ આરોપો મૂકીને તેમની હટાવવા અંગે આઈસીસીને માગણી કરી હતી, પરંતુ આ માગણીને ફગાવવામાં આવતા પાકિસ્તાનને વધુ એક ઝટકો લાગ્યો છે.

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)ની એશિયા કપની અધિકારીઓના પેનલમાંથી મેચ રેફરી એન્ડી પાઈક્રોફ્ટને હટાવવાની માંગને ફગાવી દીધી છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે ભારત વિરુદ્ધની મેચ બાદ ‘હાથ નહીં મિલાવવા’ના વિવાદ માટે ઝિમ્બાબ્વેના રેફરીને જવાબદાર ઠેરવીને મેચમાંથી હટી જવાની ધમકી આપી હતી. જોકે, આઈસીસીએ આ વિવાદ પર ઠંડું પાણી રેડી દીધું હોવા છતાં પાકિસ્તાનના ખેલાડીઓ અને નેતાઓ બેફામ નિવેદનો આપી રહ્યા છે.

પીસીબીએ આઈસીસીમાં ફરિયાદ નોંધાવી હતી કે એન્ડી પાઈક્રોફ્ટે રવિવારે એશિયા કપની મેચમાં ટોસ સમયે તેમના કેપ્ટન સલમાન અલી આગાને ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવ સાથે હાથ ન મિલાવવા કહ્યું હતું. મીડિયા અહેવાલો અનુસાર ગઈકાલે મોડી રાત્રે આઇસીસીએ પીસીબીને જવાબ મોકલ્યો હતો જેમાં જણાવ્યું હતું કે એન્ડી પાઈક્રોફ્ટને હટાવવામાં આવશે નહીં અને તેમની અરજી રદ કરી દેવામાં આવી છે.

૬૯ વર્ષીય ઝિમ્બાબ્વેના રેફરી બુધવારે યુએઇ વિરુદ્ધ પાકિસ્તાનની અંતિમ ગ્રૂપ મેચમાં પણ રેફરી તરીકે હાજર રહેશે.

એન્ડી પાઈક્રોફ્ટ આઇસીસીની એલીટ પેનલના સૌથી વરિષ્ઠ મેચ રેફરીઓમાંથી એક છે, જેમણે ૬૯૫ આંતરરાષ્ટ્રીય મેચોમાં રેફરી તરીકે ફરજ બજાવી છે.

### ભારતે પાકિસ્તાનને પહેલી મેચમાં હરાવ્યું

પાકિસ્તાની ટીમના મેનેજર નાવેદ ચીમાએ પણ એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી)માં ફરિયાદ નોંધાવી હતી, જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે પાઈક્રોફ્ટના કહેવા પર જ રવિવારે બંને કેપ્ટનો વચ્ચે ટીમ શીટની આપ-લે થઈ ન હતી, જે સામાન્ય રીતે થતી હોય છે. આ વિવાદ ભારતે એશિયા કપ ૨૦૨૫માં પાકિસ્તાનને ૭ વિકેટે હરાવ્યા બાદ થયો હતો. મેચ બાદ સૂર્યકુમાર યાદવ અને તેમની ટીમે પહલગામ આતંકી હુમલાના પીડિતો અને તેમના પરિવારોના સન્માનમાં પાકિસ્તાની ખેલાડીઓ સાથે હાથ મિલાવ્યા ન હતા. એવું જાણવા મળ્યું છે કે આ પરિસ્થિતિ પીસીબીના ક્રિકેટ ઓપરેશન્સના ડિરેક્ટર ઉસ્માન વાલ્હાને કારણે ઊભી થઈ હતી, જેમણે તેમના કેપ્ટનને ટૂર્નામેન્ટ દરમિયાન પાલન કરવાના નિયમો અને વિનિયમો વિશે જાણ કરી નહોતી.

### હાથ નહીં મિલાવવાની નીતિ વિશે જાણ ન કરી

સૂત્રો મુજબ, એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી)ના વર્તમાન અધ્યક્ષ અને પીસીબી પ્રમુખ મોહસિન નકવીએ આ ઘટના બાદ રાષ્ટ્રીય ક્રિકેટ ટીમ અને તેના કેપ્ટનને થયેલી શરમ માટે સોમવારે ઉસ્માન વાલ્હાને બરતરફ કરવાનો આદેશ આપ્યો હતો. ઉસ્માન વાલ્હાની ફરજ હતી કે તેઓ સલમાનને ‘હાથ ન મિલાવવાની’ નીતિ વિશે જાણ કરે, પરંતુ તેમણે તેમ કર્યું નહોતું અને પાકિસ્તાની કેપ્ટન આ ઘટનાક્રમથી અજાણ રહ્યા. પીસીબીના એક સૂત્રએ જણાવ્યું, જ્યારે બંને કેપ્ટનોએ હાથ ન મિલાવ્યા, ત્યારે વાલ્હાએ ટૉસ સમયે જ એક નિવેદન જારી કરવું જોઈતું હતું. દેખીતી રીતે મોહસિન નકવી ગુસ્સામાં હતા, કારણ કે ઉસ્માન વાલ્હાએ આ મામલાને યોગ્ય રીતે સંભાળ્યો નહોતો.

# પાકિસ્તાનના ભૂતપૂર્વ ક્રિકેટર મોહમ્મદ યુસુફે ઔકાત બતાવી, સૂર્યકુમાર માટે અપશબ્દો વાપર્યા

નવી દિલ્હી: રવિવારે સૂર્યકુમાર યાદવના સુકાનમાં રમી રહેલી ભારતીય ટી-૨૦ ટીમ સામે પાકિસ્તાનની ક્રિકેટ ટીમે એશિયા કપના લીગ મુકાબલામાં કારમો પરાજય જોવો પડ્યો તેમ જ ભારતીય ટીમે પાકિસ્તાની ખેલાડીઓ સાથે હાથ ન મિલાવીને તેમનું ઘોર અપમાન કર્યું એ બધુ પાકિસ્તાની ટીમને અને તેમના ક્રિકેટ બોર્ડને તો નથી જ પચ્યું, તેમના ભૂતપૂર્વ ખેલાડીઓ પણ આ અપમાનને પગલે આક્રોશ ઠાલવી રહ્યા છે. ભૂતપૂર્વ પાકિસ્તાની ક્રિકેટર મોહમ્મદ યુસુફે એક ટીવી શોમાં સૂર્યકુમાર માટે ગાળ ઉચ્ચારી હતી.

રવિવારે મૅચ પહેલાં ટૉસ વખતે ભારતીય કૅપ્ટન સૂર્યકુમાર સાથે હાથ ન મિલાવવા મૅચ-રેફરી ઍન્ડી પાયક્રૉફ્ટે પાકિસ્તાનના સુકાની સલમાન અલી આગાને સૂચના આપી હતી એવો આક્ષેપ કરીને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે પાયક્રૉફ્ટને એશિયા કપના મૅચ રેફરીપદેથી દૂર કરી નાખવાની જે માગણી કરી એને ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)એ ફગાવી દીધી એનો ગુસ્સો પણ મોહમ્મદ યુસુફે સૂર્યકુમાર પરનાં નિવેદનો દ્વારા ઠાલવ્યો એમ કહી શકાય. મોહમ્મદ યુસુફે ટીવી કાર્યક્રમમાં સૂર્યકુમાર માટે અભદ્ર ભાષા વાપરી હતી. ટૉસ સમયે સૂર્યકુમાર યાદવે પાકિસ્તાની કૅપ્ટન સલમાન આગા સાથે પરંપરા મુજબ હાથ તો નહોતા મિલાવ્યા, તેની સામે જોયું પણ નહોતું. મૅચ પછી પણ સૂર્યા અને તમામ ભારતીય ખેલાડીઓએ પાકિસ્તાની પ્લેયર્સ સાથે હાથ મિલાવવાનું ટાળીને તેમને (પાકિસ્તાનીઓને) તેમની મર્યાદા બતાવી દીધી હતી. ભારત આ મુકાબલો જીતીને સુપર-ફોર રાઉન્ડમાં પહોંચી ગયું હતું, જ્યારે પાકિસ્તાનની નૌકા હાલકડોલક છે. એણે બુધવારના મુકાબલામાં યુએઇને હરાવવું જ પડશે.

ભારતે રવિવારે પાકિસ્તાનને ૯/૧૨૭ના સ્કોર સુધી સીમિત રાખ્યું હતું અને પછી એને સાત વિકેટે હરાવીને એની આબરૂ કાઢી હતી. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે ધમકી આપી હતી કે જો મૅચ રેફરી પાયક્રૉફ્ટને નહીં હટાવવામાં આવે તો તેની ટીમ બુધવાર, ૧૭મી સપ્ટેમ્બરે યુએઇ સામેની મૅચમાં નહીં રમે તેમ જ સમગ્ર એશિયા કપનો બહિષ્કાર પણ કરશે.

### શોએબનું પાકિસ્તાનીઓને ખુશ કરવા નિવેદન

‘હૅન્ડશેક વિવાદ’ પર ભૂતપૂર્વ પાકિસ્તાની ફાસ્ટ બોલર શોએબ અખ્તરે પોતાના દેશના ખેલાડીઓ સાથે હાથ ન મિલાવવાના ભારતીયોના અભિગમ વિશે કહ્યું છે કે ‘ આવું નહોતું થવું જોઈતું. લડાઈ-ઝઘડા તો ઘરમાં પણ થતા હોય છે. ભારતીયોનો આ અપ્રોચ ખેલભાવનાની વિરુદ્ધમાં કહેવાય.’

### ખેલાડીઓને ગૌતમ ગંભીરની સૂચના હતી?

મીડિયા રિપોર્ટ્સ મુજબ પાકિસ્તાની ખેલાડીઓ સાથે હાથ ન મિલાવવાની ભારતીય ટીમને સૂચના હેડ-કોચ ગૌતમ ગંભીરે આપી હતી. એ ઉપરાંત, પાકિસ્તાની ખેલાડીઓ સાથે રમતી વખતે કોઈ પણ પ્રકારની દલીલ ન કરવાની સૂચના પણ ગંભીરે ભારતીય ટીમને આપી હોવાનું મનાય છે.

# ભારતને સુપર-ફોરમાં પહોંચાડનાર કુલદીપ યાદવની ફિયાન્સી છે વીમા કંપનીની અધિકારી

મુંબઈ/દુબઈ: લેફ્ટ-આર્મ રિસ્ટ સ્પિનર અને ચાઇનામૅન તરીકે ઓળખાતા કુલદીપ યાદવે યુએઇમાં ચાલતા એશિયા કપમાં પહેલાં યુએઇ સામે સાત રનમાં ચાર વિકેટ લીધી અને પછી રવિવારે પાકિસ્તાન સામે ૧૮ રનમાં ત્રણ વિકેટ મેળવીને ભારતને શાનદાર જીત અપાવી તેમ જ બન્ને મુકાબલામાં મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર જીતી લીધો એટલે હમણાં તો આ ૩૦ વર્ષીય સ્પિનરનો જ ભારતની હરીફ ટીમોને સૌથી વધુ ડર છે એટલે ચાલો, આપણે કુલદીપની પર્સનલ લાઇફ વિશે થોડું જાણી લઈએ. કુલદીપના કાંડાની કરામતને કારણે જ ભારત બહુ જલદીથી સુપર-ફોર રાઉન્ડમાં પ્રવેશ કરી શક્યું છે.

ઉત્તર પ્રદેશના કાનપુરમાં જન્મેલા કુલદીપે ઑક્ટોબર, ૨૦૧૪માં (૨૦ વર્ષની ઉંમરે) પ્રથમ કક્ષાની મૅચો રમવાનું શરૂ કર્યું હતું અને માર્ચ, ૨૦૧૭માં તેને પહેલી વાર ભારત વતી રમવાનો મોકો મળ્યો હતો. ૧૩ ટેસ્ટ, ૧૧૩ વન-ડે અને ૪૨ ટી-૨૦ રમી ચૂકેલા કુલદીપે હજી ત્રણ જ મહિના પહેલાં જાણીતી વીમા કંપનીની ઑફિસર વંશિકા સાથે સગાઈ કરી હતી. કેટલાક અહેવાલો મુજબ કુલદીપ અને વંશિકા નાનપણથી એકમેકને ઓળખતાં હતાં અને વર્ષોની દોસ્તીને તેમણે રિલેશનશિપમાં ફેરવી અને હવે તેઓ જીવનસાથી બની ગયાં છે.

વંશિકા મૂળ લખનઊની છે. તે ક્રિકેટની દુનિયાની ઝાકઝમાળથી દૂર રહી છે અને કુલદીપ સાથે એન્ગેજમેન્ટ પછી પણ તે સોશ્યલ મીડિયાથી દૂર રહી છે. આ વર્ષની ચોથી જૂને લખનઊમાં તેમણે સગાઈ કરી ત્યારે સમારંભમાં ક્રિકેટર રિન્કુ સિંહ અને તેની વાગ્દત્તા પ્રિયા સરોજ હાજર રહ્યાં હતાં.

વંશિકા ભારતની કોઈ પણ મૅચ વખતે સ્ટેડિયમમાં નથી જોવા મળી, પરંતુ કુલદીપને સંઘર્ષના દિવસોમાં તેણે ઘણો નૈતિક ટેકો આપ્યો છે અને તેનું મનોબળ વધાર્યું છે જેને લીધે જ કુલદીપને સ્પિનર્સ વચ્ચે તીવ્ર હરીફાઈ હોવા છતાં ટીમ ઇન્ડિયામાં કમબૅક કરવા મળ્યું છે.

# બાંગ્લાદેશ રસાકસીમાં જીત્યું, અફઘાનિસ્તાનને હજી મોકો

અબુ ધાબી: એશિયા કપમાં મંગળવારે ગ્રૂપ ‘ બી’ના રસાકસીભર્યા મુકાબલામાં બાંગ્લાદેશ (૨૦ ઓવરમાં ૫/૧૫૪)એ અફઘાનિસ્તાન (૨૦ ઓવરમાં ૧૦/૧૪૬) સામે વિજય મેળવીને સુપર-ફોર માટેની આશા જીવંત રાખી હતી.

અફઘાનિસ્તાનને સુપર-ફોરમાં પહોંચાડવામાં ગુરબાઝના ૩૫ રન અને ઓમરઝાઈના ૩૦ રનના નાના યોગદાન ઉપયોગી સાબિત થઈ શક્યા હોત, શરૂઆતમાં ૧૮ રનમાં બે વિકેટ ગુમાવનાર અફઘાનિસ્તાને રમતની અંતિમ પળોમાં બે બૉલમાં રાશીદ ખાન તથા ગઝનફરની વિકેટ ગુમાવી દઈને પરાજય વહોરી લીધો હતો.

એ પહેલાં, અફઘાનિસ્તાનની બે વિકેટ બાદ ૫૧મા રન પર ફરી ઝટકા લાગવાના શરૂ થયા હતા અને વિકેટો પડવાની શરૂઆત થઈ ગઈ હતી. ૫૧ના સ્કોર પર પડેલી ત્રીજી વિકેટ બાદ ૭૭મા રન સુધીમાં બીજી બે વિકેટ પડી ગઈ હતી.

બાંગ્લાદેશની ટીમ ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૧૫૪ રન બનાવી શકી હોવાથી અફઘાનિસ્તાનને ૧૫૫ રનનો સાધારણ ટાર્ગેટ મળ્યો હતો. છેવટે બાંગ્લાદેશે આઠ રનથી વિજય મેળવી લીધો હતો. મુસ્તફિઝુર રહમાને ત્રણ અને તસ્કિને બે વિકેટ લીધી હતી.

બાંગ્લાદેશ માટે આ મૅચ ‘ કરો યા મરો’ જેવી છે. બાંગ્લાદેશના ૧૫૪ રનમાં તેન્ઝિદ હસનના બાવન રન હાઇએસ્ટ હતા. અફઘાનિસ્તાન વતી સ્પિનર્સ રાશીદ ખાન અને નૂર અહમદે સૌથી વધુ બે-બે વિકેટ લીધી હતી.

અફઘાનિસ્તાનની હવે પછીને મેચ ગુરુવારે શ્રીલંકા સામે રમાશે. જેમાં વિજય મેળવીને અફઘાનિસ્તાન સુપર-૪માં જઈ શકશે. બાંગ્લાદેશની તમામ ત્રણ લીગ મેચ પૂરી થઈ ગઈ છે અને તેની પાસે ૪ પોઈન્ટ છે.

# અપોલો ટાયર્સ હવે ટીમ ઈન્ડિયાની નવી જર્સી-સ્પૉન્સર

## બીસીસીઆઇના અપોલો સાથેના કરારનું મૂલ્ય ૫૭૯ કરોડ રૂપિયા

નવી દિલ્હી: અપોલો ટાયર્સ બ્રૅન્ડ હવે ભારતીય ક્રિકેટ ટીમની નવી જર્સી-સ્પૉન્સર બની ગઈ છે. બીસીસીઆઇએ ડ્રીમ11 સાથેનું ડીલ રદ કરી દીધું છે, કારણકે બેટિંગ ઍપ્સ પર કેન્દ્ર સરકારે પ્રતિબંધ મૂકી દીધો છે. એને પગલે અપોલો ટાયર્સ તરફથી સ્પૉન્સરશિપ વિશે બોલી લગાવવામાં આવી હતી અને એમાં જીત હાંસલ કરી લીધી છે અને બીસીસીઆઇ સાથે ૨૦૨૭ના વર્ષ સુધીનો કરાર કરી લીધો છે.

અપોલો ટાયર્સે બીસીસીઆઇ સાથેના ડીલમાં જે બાજી મારી એમાં દરેક મૅચ માટે ક્રિકેટ બોર્ડને ૪.૫૦ કરોડ રૂપિયા આપવાની ઑફર કરી હતી જે અગાઉની ડ્રીમ11ની ૪.૦૦ કરોડ રૂપિયાની ઑફરથી વધુ હતી. નવો કરાર બે વર્ષ સુધીનો છે.

બીસીસીઆઇએ ભારતીય ક્રિકેટ ટીમ માટે અપોલો ટાયર્સને જર્સી-સ્પૉન્સર બનાવીને મોટો ફાયદો કર્યો છે. અપોલો સાથેનો આ કરાર ૨૦૨૮ની સાલ સુધીનો છે અને આ કરાર ૫૭૯ કરોડ રૂપિયાનો હોવાનું મનાય છે. બીજી રીતે કહીએ તો ત્રણ વર્ષના કરાર હેઠળ બીસીસીઆઇને અપોલો ટાયર્સની કંપની તરફથી ૫૭૯ કરોડ રૂપિયા મળશે. ડ્રીમ11 સાથેના બીસીસીઆઇના કરારનું મૂલ્ય ૩૫૮ કરોડ રૂપિયા હતું અને એ કૉન્ટ્રેક્ટ ૨૦૨૬ સુધીનો હતો, પરંતુ કેન્દ્ર સરકારે ગેમિંગ ઍપ્સ પર પ્રતિબંધ મૂક્યો હોવાથી ડ્રીમ11 સાથેનો કરાર ક્રિકેટ બોર્ડે રદ કરી નાખ્યો છે. ડ્રીમ11ની તુલનામાં અપોલો પાસેથી ક્રિકેટ બોર્ડને ૨૨૧ કરોડ રૂપિયા વધુ મળશે.

હવેથી ટીમ ઇન્ડિયાના ખેલાડીઓની નવી જર્સી પર અપોલો ટાયર્સનો લોગો ચમકશે. ઉદ્યોગના જાણકારોનું માનીએ તો ટીમ ઇન્ડિયાને વધુ સારો બ્રૅન્ડ સપોર્ટ તો મળ્યો જ છે, અપોલો ટાયર્સની બ્રૅન્ડ-વૅલ્યૂને પણ નવું શિખર સર કરવા મળશે.

હાલમાં યુએસમાં રમાઈ રહેલા એશિયા કપમાં ભારતીય ટીમ પાસે કોઈ જ જર્સી-સ્પૉન્સર નથી. મહિલા ક્રિકેટરો પણ ઘરઆંગણે ઑસ્ટ્રેલિયા સામેની વન-ડે શ્રેણીમાં જર્સી-સ્પૉન્સર વગર રમી રહી છે. કેન્દ્ર સરકારે તાજેતરમાં જ ઑનલાઇન ગેમિંગ પર રિયલ મનીના ખેલ પર પ્રતિબંધ મૂકી દીધો. સરકારના નિયમ મુજબ ગેમિંગ, બેટિંગ (સટ્ટો), ક્રિપ્ટો અને તમાકુની કંપનીઓ બોલી ન લગાવી શકે. એ ઉપરાંત, ઠંડા પીણા તેમ જ પંખા, મિક્સર-ગ્રાઇન્ડર અને વીમા કંપનીઓ પણ બોલી ન લગાવી શકે. આ પાછળનું કારણ એ છે કે આ પ્રૉડક્ટો અગાઉથી જ બીસીસીઆઇના અન્ય સ્પૉન્સર સાથે જોડાયેલી છે.

ડ્રીમ11 સાથે બીસીસીઆઇએ ૩૫૮ કરોડ રૂપિયાનો કરાર કર્યો હતો. ડ્રીમ૧૧ બ્રૅન્ડની માલિકી ધરાવતી કંપનીએ આઇપીએલમાં પણ બહુ મોટું રોકાણ કર્યું હતું. આ કંપનીએ એમએસ ધોની, રોહિત શર્મા, હાર્દિક પંડ્યા, રિષભ પંત, જસપ્રીત બુમરાહ જેવા દિગ્ગજોને બ્રૅન્ડ ઍમ્બેસેડર બનાવ્યા હતા.

# સેલિબ્રિટીઝ કાયદાથી પર નથી: હાઈ કોર્ટે જાહેર કર્યું કે યુસુફ પઠાણે જમીનના મામલે કર્યું છે અતિક્રમણ

## વડોદરામાં ૧૩ વર્ષથી ચાલતા જમીનના મામલે ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટરની વિનંતી ફગાવી

વડોદરા: ગુજરાત હાઈ કોર્ટે ભૂતપૂર્વ ક્રિકેટર અને પશ્ચિમ બંગાળના તૃણમૂલ કૉંગ્રેસ (ટીએમસી)ના સંસદસભ્ય યુસુફ પઠાણને વડોદરામાં સરકારી જમીન પર અતિક્રમણ કરનાર તરીકે જાહેર કર્યો છે. સરકારે આ વિવાદાસ્પદ જમીન ખાલી કરવાનો તેને આદેશ આપવાની સાથે જણાવ્યું છે કે સેલિબ્રિટીઝ પણ કાયદાથી પર ન રહી શકે અને તેમને જો કોઈ પ્રકારની મુક્તિ આપીએ તો ખોટો ચીલો પડી જાય.

જસ્ટિસ મોના ભટ્ટના અધ્યક્ષસ્થાનમાં એકમાત્ર જજની બેન્ચે ફેંસલો જાહેર કર્યો હતો જેમાં તેમણે યુસુફ પઠાણની પિટિશન ફગાવી દીધી હતી. પઠાણે વિનંતી કરી હતી કે તેને વડોદરાના તાંદળજા વિસ્તારમાં પોતાના બંગલાની નજીકના પ્લૉટ પરનો અંકુશ જાળવી રાખવાની છૂટ આપવામાં આવે.

### અદાલતે શું ટકોર કરી?

જોકે ગુજરાત વડી અદાલતે સર્વોચ્ચ અદાલતના સિદ્ધાંતોનો ઉલ્લેખ કરવાની સાથે ભારપૂર્વક જણાવ્યું હતું કે કાનૂની બાબતોમાં જો જાહેર જનતામાં હસ્તી તરીકેની છાપ ધરાવતી વ્યક્તિઓને મુક્તિ આપીએ તો સમાજમાં ખોટો સંદેશ જાય અને કાયદાનું અવમૂલ્યન પણ થયું કહેવાય. હાઈ કોર્ટના આદેશનામામાં જણાવાયું હતું કે ‘રાષ્ટ્રીય પ્રતિનિધિ તરીકે તેમ જ જાહેર જનતામાં નામાંકિત હોવા તરીકે કાયદાને અનુસરવાની પઠાણની જવાબદારી બને છે. સેલિબ્રિટીઝ મોટું નામ અને લોકપ્રિયતા ધરાવતા હોવાથી જનતાના વર્તન અને સામાજિક મૂલ્યો પર તેમની ઘણી અસર પડતી હોય છે. આવી વ્યક્તિઓ કાયદાનો ભંગ કરે એમ છતાં તેમને જો છૂટછાટો આપવામાં આવે તો સમાજમાં ખોટો મૅસેજ જાય અને ન્યાયતંત્ર પર જનતાનો જે ભરોસો હોય એને પણ માઠી અસર પહોંચે.

### યુસુફ ૨૦૦૮થી લોકપ્રિય છે

યુસુફ પઠાણ ૨૦૦૭ના ટી-૨૦ વર્લ્ડ કપ ઉપરાંત ૨૦૦૮ની સાલમાં રમાયેલી પ્રથમ આઇપીએલથી ભારતીય ક્રિકેટમાં લોકપ્રિય છે. ત્યારે તે રાજસ્થાન રૉયલ્સની ટીમમાં હતો અને તેના ૫૬ રન તથા ત્રણ વિકેટની મદદથી રાજસ્થાને એ વર્ષની આઇપીએલની ચેન્નઈ સામેની ફાઇનલ જીતીને સૌપ્રથમ ટાઇટલ મેળવી લીધું હતું. યુસુફ પઠાણે મૅન ઑફ ધ ફાઇનલનો પુરસ્કાર જીતી લીધો હતો ત્યાર બાદ તેને ભારતની વન-ડે ટીમમાં પણ સ્થાન મળ્યું હતું.

### નોટિસ છતાં જમીન ખાલી ન કરી

૨૦૧૨માં યુસુફ પઠાણે વડોદરામાં સરકારી જમીન પર કબજો કર્યો હતો ત્યારથી આ જમીનનો વિવાદ શરૂ થયો હતો. વડોદરા મહાનગરપાલિકાએ ત્યારે તેને આ જમીન ખાલી કરવા નોટિસ મોકલી હતી, પરંતુ તેણે ખાલી નહોતી કરી. ઊલટાનું પઠાણે એ નોટિસને પડકારી હતી અને ગુજરાત હાઈ કોર્ટનો સંપર્ક કર્યો હતો. જોકે અદાલતે ઠરાવ્યું હતું કે તેણે અનધિકૃત રીતે આ પ્લૉટ પર કબજો કરી રાખ્યો છે.

### પઠાણ બંધુઓની શું માગણી હતી?

યુસુફ પઠાણે પિટિશનમાં જણાવ્યું હતું કે ‘મને અને મારા નાના ભાઈ ઇરફાન પઠાણને આ પ્લૉટ ખરીદી લેવાની છૂટ મળવી જોઈએ કે જેથી અમારા પરિવારની સલામતી રહે. હું આ બાબતમાં રાજ્યના મુખ્ય પ્રધાનને પણ વિનંતી કરું છું. મારું કહેવું એ છે કે હું અને મારો ભાઈ ઇરફાન પઠાણ આંતરરાષ્ટ્રીય ખેલકૂદ સ્તરે જાણીતી હસ્તીઓ છીએ અને અમારા પરિવારની સલામતી ધ્યાનમાં લેતાં અમે વિનંતી કરીએ છીએ કે આ જમીન અમને ફાળવવામાં આવે.’

### દરખાસ્ત ફગાવાઈ છતાં જમીન ન છોડી

વડોદરા મહાનગરપાલિકાએ યુસુફ પઠાણની વિનંતીનું અવલોકન કર્યું હતું અને એ રિકવેસ્ટ રાજ્ય સરકાર સુધી પહોંચાડી હતી. જોકે રાજ્ય સરકારે છેવટે ૨૦૧૪માં એ દરખાસ્ત નકારી કાઢી હતી. સત્તાવાર રીતે દરખાસ્ત નકારાઈ હોવા છતાં યુસુફ પઠાણે જમીન પરનો કબજો નહોતો છોડ્યો જેને પગલે વધુ કાનૂની પ્રક્રિયાઓ થઈ હતી અને અંતે હાઈ કોર્ટે હવે આદેશ બહાર પાડવો પડ્યો છે.

# સ્મૃતિ મંધાના વન-ડે બૅટિંગના રૅન્કિંગમાં ફરી નંબર-વન

મુંબઈ: મેન્સ ક્રિકેટમાં ભારતીય ટીમનો દબદબો જોવા મળી રહ્યો છે, ત્યારે ભારતની મહિલા ક્રિકેટ ટીમની ખેલાડીઓ પણ શાનદાર પ્રદર્શન કરી રહી છે. સ્ટાર ઓપનર સ્મૃતિ મંધાના આઇસીસી વન-ડે મહિલા બૅટિંગ રેન્કિંગમાં ફરી એકવાર પહેલા નંબરે પહોંચી ગઈ છે.

બે અઠવાડિયા બાદ ભારત-શ્રીલંકામાં વન-ડેનો વિમેન્સ વર્લ્ડ કપ શરૂ થવાનો છે એ પહેલા સ્મૃતિ મંધાનાએ આ ઉપલબ્ધિ મેળવી છે. ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ(આઇસીસી) દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલા રેન્કિંગમાં સ્મૃતિ એક સ્થાન આગળ આવીને પહેલા ક્રમે આવી ગઈ છે, સ્મૃતિ પાસે ૭૩૫ રેટિંગ પોઈન્ટ છે. સ્મૃતિએ ઇંગ્લેન્ડની કેપ્ટન નેટ સિવર-બ્રન્ટને પાછળ પાડી દીધી છે.

ઓસ્ટ્રેલિયા સામે રમાઈ રહેલી ત્રણ વન-ડે મેચની સિરીઝની પહેલી મેચમાં સ્મૃતિ મંધાના ૫૮ રનની ઇનિંગ્સ રમી હતી, આ ઇનિંગ્સને કારણે સ્મૃતિને ૭ રેટિંગ પોઇન્ટ મળ્યા અને તે ઇંગ્લેન્ડની કેપ્ટન સિવર-બ્રન્ટથી ચાર પોઇન્ટ આગળ નીકળી ગઈ.

અગાઉ સ્મૃતિ જૂન-જુલાઈ ૨૦૨૫માં પણ વન-ડે બેટિંગ રેન્કિંગમાં નંબર-૧ સ્થાન મેળવ્યું હતું. આ પહેલા પણ વર્ષ ૨૦૧૯માં પણ તે નંબર-૧ પર પહોંચી હતી.

હાલની બૅટિંગ રેન્કિંગના ટોપ ૧૦માં સ્મૃતિ એક માત્ર ભારતીય ખેલાડી છે. ભારતીય ટીમની પ્રતીકા રાવલ ચાર સ્થાન ઉપર આવીને ૪૨મા સ્થાને પહોંચી છે, જ્યારે હર્લીન દેઓલને પાંચ સ્થાનનો ફાયદો થયો છે, હાલ તે ૪૩મા સ્થાન પર છે.

# આજે મહિલાઓની બીજી વન-ડે

ન્યૂ ચંડીગઢ: મુલ્લાંપુર સ્ટેડિયમમાં આજે (બપોરે ૧.૩૦ વાગ્યાથી) ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે બીજી વન-ડે રમાશે. ઑસ્ટ્રેલિયન ટીમ ૧-૦થી આગળ છે. ત્રણ મૅચની સિરીઝને જીવંત રાખવા હરમનપ્રીત કૌરના સુકાનમાં ભારતીય ટીમે આજે જીતવું જ પડશે. રવિવારની પ્રથમ મૅચમાં ભારતીય ટીમે પ્રતીકા રાવલ (૬૪ રન), સ્મૃતિ મંધાના (૫૮ રન) અને હર્લીન દેઓલ (૫૪ રન)ની હાફ સેન્ચુરીની મદદથી સાત વિકેટે ૨૮૧ રન બનાવીને ઑસ્ટ્રેલિયાને ૨૮૨ રનનો પડકારરૂપ લક્ષ્યાંક આપ્યો હતો, પરંતુ ભારતે નબળી ફીલ્ડિંગને લીધે એમાં પરાજય જોવો પડ્યો હતો.

# ‘અમૃતકાળ’ના સ્વપ્નદૃષ્ટાના અમૃતવર્ષ નિમિત્તે ઋણ-સ્વીકાર સાથે વંદન સહ અભિનંદન


**ભૂપેન્દ્ર પટેલ**

મુખ્યપ્રધાન, ગુજરાત


*‘‘પ્રારબ્ધને અહીંયા ગાંઠે કોણ?*
*હું પડકાર ઝીલનારો માણસ છું.*
*હું તેજ ઉછીનું લઉં નહીં,*
*હું જાતે બળતું ફાનસ છું’’.*

*આ કાવ્યપંક્તિના રચયિતા છે શ્રી નરેન્દ્ર મોદીજી*

**નરેન્દ્ર મોદીજી...** માત્ર એક નામ નથી, પરંતુ છેવાડાના માનવીના ચહેરા પરના સુખનું સરનામું છે. શાળા પ્રવેશોત્સવથી શાળામાં પ્રવેશ પામનાર વિદ્યાર્થી સુયોગ્ય શિક્ષણ પ્રાપ્ત કરી મેડિકલ ક્ષેત્રે પ્રવેશ મેળવે, ત્યારે તેના આત્મવિશ્વાસનો આધાર છે. આયુષ્માન ભારત યોજનાથી વગર કોઈ ખર્ચે શ્રેષ્ઠ સારવાર પ્રાપ્ત કરનારા વ્યક્તિના ભાવાશ્રુનું કારણ છે મોદીજી.

પોતે સંઘર્ષ વેઠીને અને પડકારો ઝીલીને પણ રાષ્ટ્રના જન-જનના જીવનને સમૃદ્ધ કરનારા અને વિકસિત ભારત ૨૦૪૭ માટેનો સંકલ્પ લઈને ચાલતા આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના વ્યક્તિગત જીવનનું ૭૫મું વર્ષ એ રાજ્ય, રાષ્ટ્ર અને વિશ્વ માટે એક અમૃતમય બાબત ગણી શકાય.

ચીન અને પાકિસ્તાન સાથેના યુદ્ધ વખતે મહેસાણા રેલવે સ્ટેશન પર આવતા-જતા સેનાના જવાનોની સેવાના અભિયાનમાં સક્રિય ભાગીદારી નોંધાવનારા બાળ નરેન્દ્રથી લઈને વડા પ્રધાન તરીકે જીવનની પ્રત્યેક ક્ષણ રાષ્ટ્ર માટે સમર્પિત કરનાર નરેન્દ્રભાઈની આ રાષ્ટ્રસેવા જ સાચા અર્થમાં તેઓનું વ્યક્તિગત જીવન છે.

મોદીજી માટે અને મોદીજી વિશે લખવું એ સૂરજ સામે દીવો ધરવા જેવું છે. પરંતુ તેમના ૭૫મા જન્મદિવસે તમામ ગુજરાતીઓ વતી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને ‘આભાર મોદીજી’ કહેવાની તક મળી છે.

આ વર્ષે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ની સ્થાપનાનાં ૧૦૦ વર્ષ ઉજવી રહ્યું છે, ત્યારે ઈ.સ. ૧૯૭૨માં ગુજરાત પ્રાંત પ્રચારક શ્રી લક્ષ્મણરાવ ઈનામદાર (વકીલ સાહેબ)ના અપાર સ્નેહ અને માર્ગદર્શન થકી સંઘના પ્રચારક થકી રાષ્ટ્ર નિર્માણની દિશામાં મોદીજીએ એક સુવર્ણ અધ્યાય લખવાની જે શરૂઆત કરી હતી તેનું સ્મરણ થાય છે. સંઘની રાષ્ટ્રભાવના, શિસ્ત, ત્યાગ, બલિદાન અને સમર્પિતતાના ભાવને જીવનમંત્ર બનાવી માનવતાવાદ અને રાષ્ટ્રવાદની ભાવનાને જન-જન સુધી લઈ જવા માટે સંકલ્પિત થનાર મોદી સાહેબે આ વર્ષના સ્વાતંત્ર્ય દિને લાલ કિલ્લાની પ્રાચીર પરથી સંઘ માટે જે ઉદ્‌ગાર વ્યક્ત કર્યા તે સંઘ માટેનો તેમનો અહોભાવ દર્શાવે છે.

ભાજપમાં ગુજરાત પ્રદેશ સંગઠન મહામંત્રીની જવાબદારીથી લઈને આજે ભાજપને વિશ્વના સૌથી મોટા પક્ષ સુધી પહોંચાડવાના આ મહાયજ્ઞમાં મોદીસાહેબે પણ પોતાના સમય અને શક્તિની આહૂતિ આપવાનું કાર્ય કર્યું છે.

**ગુજરાતના મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદી**

જ્યારે મોદીજીએ ગુજરાતમાં શાસનધૂરા સંભાળી ત્યારે કચ્છમાં આવેલા ભૂકંપ, વાવાઝોડા, પ્રજાનો શાસન વ્યવસ્થામાં અવિશ્વાસ, નિરાશાનું વાતાવરણ, અસંતુલિત અર્થવ્યવસ્થા જેવી બાબતોથી ગુજરાત ઘેરાયેલું હતું અને સબળ તથા સક્ષમ નેતૃત્વની લોકોને અપેક્ષા અને આશા હતી.

૭મી ઓક્ટોબર ૨૦૦૧ના રોજ ગુજરાતને એક એવું નેતૃત્વ મળ્યું જેણે ટેન્કર રાજ, માફિયા રાજ, કર્ફ્યૂ રાજ જેવા બધા ‘નકારાત્મક રાજ’ને વિદાય આપી અને સાચા અર્થમાં ‘વિકાસરાજ’ને પ્રસ્થાપિત કર્યું.

આ એક સંયોગ જ કહી શકાય કે મોદીજીએ વર્ષ ૨૦૦૧માં ગુજરાતનું નેતૃત્વ સંભાળ્યું એ વર્ષ ૨૧મી સદીનું પ્રથમ વર્ષ હતું. ક્યાં એ ૨૧મી સદીના પ્રથમ વર્ષમાં વિવિધ સમસ્યાઓથી ઘેરાયેલું ગુજરાત અને ક્યાં આજના વિકસિત ગુજરાતથી વિકસિત ભારતનો સંકલ્પ અને તે સાકાર કરવા માટેનો ગુજરાતનો પ્રયત્ન. આ જ તો છે નરેન્દ્ર મોદીજીનો ગુજરાત માટેનો કર્મયોગ!

**ગુજરાત બન્યું ગ્રોથ એન્જિન**

વર્ષ ૨૦૦૧થી વર્ષ ૨૦૧૪ સુધીનો સમયગાળો ગુજરાત માટે અનોખો રહ્યો. વિકાસનાં ઉચ્ચત્તમ ધોરણો પ્રસ્થાપિત કરવાની શરૂઆત મોદીજીએ પંચશક્તિ (જળ, જન, રક્ષા, ઊર્જા અને જ્ઞાન)ના સફળ આયોજન થકી કરી. જેના કારણે પ્રજાને સ્પર્શતા અગત્યના ક્ષેત્રોમાં આમૂલ પરિવર્તન આવ્યું.

જો નિયત સાફ હશે તો પ્રજાનો સાથ હંમેશાં મળી રહેશે. સક્રિય રાજનીતિના આ ૨૪ વર્ષ અને એકપણ કાળી ટીલી નહીં. આઝાદ ભારતના રાજકીય ઈતિહાસમાં આવું વ્યક્તિત્વ અને આવી લોકપ્રિયતા ભાગ્યે જ અન્ય કોઈ નેતાએ પ્રાપ્ત કરી હશે અને તેની પશ્ચાદભૂમાં છે, અથાક પ્રયત્ન, કઠોર પરિશ્રમ, અદના માનવીનું કલ્યાણ કરવાની વૃત્તિ, ટેક્નોલોજીનો પારદર્શિતા સાથે મહત્તમ ઉપયોગ અને નાવિન્યપૂર્ણ બાબતોને અપનાવવાની માનસિકતા.

Innovativeness લોકોથી, લોકો માટે લોકો દ્વારા...




મોદી સાહેબે ‘Government’ અને ‘Governance'ની અંદર ‘Innovative Approach’નું ‘Culture’ સ્થાપિત કર્યું. જેણે શાસન વ્યવસ્થામાં પ્રાણ પૂર્યાં.

‘સ્વાગત’ ઓનલાઈન, ચિંતન શિબિર અને ગરીબ કલ્યાણ મેળા જેવી લોકાભિમુખ વ્યવસ્થાઓ સાચા અર્થમાં ઊભી કરી.

એટલું જ નહિ, જેમના માટે કલ્યાણ યોજનાઓ બની હોય તેવા તે જરૂરતમંદ લાભાર્થીઓને ૧૦૦ ટકા લાભ પહોંચાડીને સેચ્યુરેશન એપ્રોચની પ્રેરણા આપી.

**નરેન્દ્રભાઈએ ગુજરાતમાં ઊર્જા ક્રાંતિથી અંધારા ઉલેચ્યા**

મોદીજીએ જ્યારે ગુજરાતમાં સેવા દાયિત્વ સંભાળ્યું ત્યારે અપૂરતી વીજળી, સિંચાઈ માટે પાણીની વ્યવસ્થાઓનો અભાવ અને મર્યાદિત આંતરમાળખાકીય સુવિધાઓનો પડકાર હતો.

શ્રી નરેન્દ્રભાઈએ જ્યોતિગ્રામ યોજનાથી ૨૪ x ૭ વીજળી છેક ગામડાઓ સુધી પહોંચાડી.

સૌર ઊર્જાના મહત્તમ ઉત્પાદન માટે કચ્છમાં રિન્યુએબલ એનર્જી પાર્ક અને ગ્રીન ગ્રોથને વેગ આપ્યો એટલું જ નહિ, પર્યાવરણના પડકારોને પહોંચી વળવા દેશભરમાં પહેલીવાર ક્લાયમેટ ચેન્જ વિભાગ પણ તેમણે કાર્યરત કરાવ્યો.

**ગુજરાતમાં વાવ્યાં કૃષિક્રાંતિના બીજ**

મોદીજીએ ગુજરાતના કૃષિ વિકાસદરને ડબલ ડિજિટ પર પહોંચાડ્યો. ‘સુજલામ સુફલામ’ અને ‘સૌની’ યોજના અને રાજ્યવ્યાપી વિરાટ કેનાલ નેટવર્ક તૈયાર કરીને મા નર્મદાના નીર ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ સુધી પહોંચાડ્યા.

‘કૃષિ મહોત્સવ’ની પહેલ તો સમગ્ર દેશ માટે અનુસરણીય બની રહી. લેબ ટુ લેન્ડના સૂત્ર સાથે કૃષિ વૈજ્ઞાનિકોના જ્ઞાનનો સીધો લાભ ખેડૂતોને મળવા લાગ્યો. સાથે જ, સોઈલ હેલ્થ કાર્ડ થકી ખેડૂતો પોતાની જમીનની પ્રકૃતિ અને ગુણવત્તાના આધારે ખેતી કરતા થયા. આ બધાનું પરિણામ એ આવ્યું કે એક સમયે ગુજરાતના અનેક ખેડૂતો, જે માત્ર વરસાદ પર આધારિત રહેતા, તે વર્ષમાં ત્રણ-ત્રણ પાક લેતા થયાં.

આજે તો સમગ્ર દેશમાં કિસાન સન્માન નિધિ યોજનાથી ખેડૂતોના ખાતામાં પ્રતિવર્ષ રૂ. ૬૦૦૦ની આર્થિક સહાય આપવામાં આવે છે. સાથે જ લઘુતમ ટેકાના ભાવમાં માતબર વધારો કરીને મોદીજીએ ખેડૂતોની આર્થિક સમૃદ્ધિના દ્વાર ખોલી દીધા છે.

**યુવા બન્યા ‘નૂતન ગુજરાત નૂતન ભારત’ના ઘડવૈયા**

મોદીજીએ યુવાનોમાં પડેલી નૈસર્ગિક ક્ષમતાઓને વિકસાવીને તેમના સર્વાંગીણ વિકાસ પર ભાર મૂક્યો. તેમના નેતૃત્વમાં ગુજરાતમાં એક બાજુ સેક્ટર-સ્પેસિફિક યુનિવર્સિટીઝનું નિર્માણ શરૂ થયું, તો બીજી બાજુ રોજગાર મેળાઓ શરૂ કરીને સરકાર ઉદ્યોગગૃહો અને યુવાનો વચ્ચેનો સેતુ બની.

આજે તો ભારતના યુવાનોને જોબ સીકર નહીં, પરંતુ જોબ ગીવર બનાવવાના લક્ષ્ય સાથે મોદીજીએ સમગ્ર દેશમાં ‘સ્ટાર્ટઅપ ઈન્ડિયા’ના માધ્યમથી યુવાનોને ઈનોવેશન આધારિત સ્ટાર્ટઅપ્સ શરૂ કરવા તમામ પ્રકારની મદદ પૂરી પાડી છે. ગુજરાત પણ આઈ-ક્રિયેટથી લઈને આઈ-હબ જેવી સંસ્થાનોના માધ્યમથી સ્ટાર્ટઅપ રેન્કિંગમાં મોખરે રહ્યું છે.

ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકે તેમણે ‘ખેલ મહાકુંભ’નો પ્રારંભ કરાવીને ગુજરાતમાં સ્પોર્ટ્સની ઈકો-સિસ્ટમ વિકસાવી, અને આજે, ‘ખેલો ઈન્ડિયા’ પહેલના કારણે ભારતના અનેક પ્રતિભાશાળી રમતવીરો આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં દેશને મેડલ્સ અપાવીને ભારતનું ગૌરવ વધારી રહ્યા છે. અમૃતકાળની આ અમૃતપેઢી માટે મોદીજીએ આસમાન આંબવાના અવસરો પૂરા પાડ્યા છે.

**નારીશક્તિનું સાચા અર્થમાં સન્માનઃ**

મોદીજી જ્યારે ગુજરાતમાં મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે મહિલાઓ માટે અલાયદો વિભાગ સરકારમાં શરૂ કર્યો. ચિરંજીવી યોજના, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ માટે ૫૦ ટકા અનામત, મહિલા ઔદ્યોગિક પાર્કની સ્થાપના જેવી પહેલથી ‘નારીશક્તિ’ને સાચા અર્થમાં શક્તિ તરીકે પ્રસ્થાપિત કરી.

એ માતૃશક્તિના અપાર આશીર્વાદથી શ્રી નરેન્દ્રભાઈ સતત ત્રીજી વાર વડા પ્રધાન તરીકે જન-જનના વિશ્વાસનું પ્રતીક બન્યા છે.

આમ, તેમણે ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિ ‘GYAN’થી ગુજરાતના સર્વાંગી વિકાસનો સંગીન પાયો નાખ્યો છે.

**પ્રવાસન ક્ષેત્રને મળી નવી ઊંચાઈઓઃ**

મોદીજીના શાસનકાળ પહેલા ગુજરાતનું પ્રવાસન ક્ષેત્ર સુયોગ્ય સ્થિતિમાં ન હતું, પરંતુ આજે કચ્છનું ધોરડો અને રણોત્સવ વૈશ્વિક ફલક પર બિરાજમાન છે. ધોરડોને બેસ્ટ ટૂરિઝમ વિલેજનો એવૉર્ડ પણ મળ્યો છે.

કચ્છમાં ભૂકંપ પછીના ઝડપી પુનર્વસનની સ્મૃતિમાં નિર્માણ થયેલું સ્મૃતિવન પણ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

આ ઉપરાંત સાસણગીર, સાપુતારા, ધરોઈ, ધોળાવીરા જેવાં સ્થળો આજે પ્રવાસન ક્ષેત્રે નવી ઊંચાઈઓ હાંસલ કરી રહ્યા છે. સરદાર વલ્લભભાઈ પટેલની મહાનતા અને એમના કર્તૃત્વની ઓળખ સમગ્ર વિશ્વને થાય તે માટે નર્મદા જિલ્લાના એક્તાનગર ખાતે બનાવેલ ‘સ્ટેચ્યૂ ઑફ યુનિટી’ પર્યટનનો પર્યાય બન્યું છે. આજે ગુજરાતનું પ્રવાસન ક્ષેત્ર ઊર્જાવાન બન્યું છે, તેના મૂળમાં નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદૃષ્ટિ કારણભૂત છે.

**‘વિકાસ પણ, વિરાસત પણ’ મંત્રને સાકાર કરતું ગુજરાતઃ**

વાઈબ્રન્ટ નવરાત્રિ, વર્લ્ડ હેરિટેજ સિટીમાં અમદાવાદનો સમાવેશ, સોમનાથ મંદિરની કાયાકલ્પ, અંબાજી, પાવાગઢ જેવાં ધાર્મિક સ્થળો ખાતે શ્રેષ્ઠ માળખાગત સુવિધાઓ વગેરે મોદીજીના ‘વિકાસ પણ, વિરાસત પણ’ના મંત્રનો ઉદઘોષ અને વાસ્તવિક અમલીકરણ પણ છે.

**વાઈબ્રન્ટ ઔદ્યોગિક ક્ષેત્ર, એક આગવું પ્રદાનઃ**

વાઈબ્રન્ટ શબ્દ જાણે ગુજરાત માટે જ બન્યો હોય એવી પ્રતીતિ થાય છે. વાઈબ્રન્ટ સમિટ થકી ગુજરાતના ઔદ્યોગિક ક્ષેત્રમાં લાખ્ખો લોકોને રોજગારી મળી અને શ્રેષ્ઠ માળખાગત સુવિધાઓ ઊભી થઈ. ગિફ્ટ સિટી, ધોલેરા, એસ.આઈ.આર., ચાર સેમિકન્ડક્ટર પ્લાન્ટ જેવી પહેલો થકી ગુજરાત આજે ઉદ્યોગ જગત માટે પસંદગીનું રાજ્ય બન્યું છે.

મોદી સાહેબે અવિરત વિકાસની દિશા ખોલી આપતી અનેક વિકાસ ભેટ ગુજરાતને આપી છે.

વડા પ્રધાન તરીકેનો કાર્ય સંભાળ્યા બાદ ૧૭ જ દિવસમાં સરદાર સરોવર ડેમ પર દરવાજા લગાવવાની મંજૂરી આપી તથા ગુજરાતની જનતાને બુલેટ ટ્રેનની ભેટ આપી.

આ ઉપરાંત લોથલ ખાતે નિર્માણાધીન નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ, અમદાવાદ ખાતે તૈયાર થયેલ અને તાજેતરમાં જ લોકાર્પિત થયેલ વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી અને રક્ષા શક્તિ યુનિવર્સિટીને રાષ્ટ્રીય દરજ્જો, રાજકોટને મળેલ હિરાસર એરપોર્ટ, લાઈટ હાઉસ પ્રોજેક્ટ અને એઈમ્સ જેવી સુવિધાઓ માટે, કચ્છ ખાતે વિશ્વના સૌથી મોટા હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્ક, વડોદરા ખાતે સી-૨૯૫ એરક્રાફ્ટના ઉત્પાદનની સુવિધા, મેટ્રો ટ્રેન, ભારતના સૌથી લાંબા કેબલ સ્ટેડ બ્રિજ એવા સુદર્શન સેતુ, નવસારી ખાતેના પી.એમ. મિત્ર પાર્ક અને ભાવનગર ખાતેના વિશ્વના સૌ પ્રથમ સી.એન.જી. ટર્મિનલ પોર્ટ વગેરે માટે ગુજરાતની જનતા મોદીસાહેબની આભારી છે.

**મોદીસાહેબના ૭૫મા વર્ષે...**

મોદીજી એ વાતનું જીવંત ઉદાહરણ છે કે, જો સ્વયંમાં વિશ્વાસ અને જનતા જનાર્દનનો પ્રેમ સાથે હોય તો કલ્પનાતિત પરિણામો હાંસલ કરી શકાય છે. આજે ભારતના લોકો મોદીજીને એક નેતા તરીકે નહીં પરંતુ વિકસિત ભારતના ઘડવૈયા તરીકે જોઈ રહ્યા છે. તેમના ૭૫મા જન્મદિવસ અવસરે મોદીસાહેબને આપણે એટલું અવશ્ય કહી શકીએ કે, આપે કંડારેલા વિકાસના રાજમાર્ગ પર ગુજરાત અવિરતપણે આગળ વધતું રહેશે અને વિકાસના અસીમ અજવાળા જગમાં પાથરતું રહેશે. મોદીજીના જ શબ્દોમાં કહીએ તો..

*અમે અજવાળા પાથરશું,*
*જગમાં અજવાળા પાથરશું*
*એકતા, સમતા, મમતાને*
*અમે જતન કરી જાળવશું*
*અમે અજવાળા પાથરશું.* ■

# એક મજબૂત રાષ્ટ્રીય નેતા!


**દેવેન્દ્ર ફડણવીસ**

મુખ્ય પ્રધાન, મહારાષ્ટ્ર




**વર્ષ** ૨૦૧૪ માં દેશમાં પ્રવર્તતી ભારે અરાજકતા, ભ્રષ્ટાચારના સામ્રાજ્યથી કંટાળી ગયેલા લોકો અને ત્યારબાદ દેશને એક નવીન આકાર આપી, ભારતની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાની સફર... વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાને ઉંબરે ઊભેલો દેશ. આ સંપૂર્ણ પ્રવાસ હોય કે સ્વદેશીના મંત્ર સાથે યુએસ ટૅરિફ સામે મજબૂતીથી ઊભું રહેલું આત્મનિર્ભર ભારત હોય, આજના નવા ભારતે વડા પ્રધાન નરેન્દ્ર મોદીજીના નેતૃત્વ કૌશલ્યનો પરિચય કરાવ્યો છે. ઐતિહાસિક ભૂલો સુધારવાથી લઈને આજના પડકારોનો અસરકારક રીતે સામનો કરવાના દૃઢ નિશ્ચય સુધી, આ સમયગાળાને જોવા, અનુભવવા અને તેમાં સીધી રીતે ભાગ લેવા જેવું બીજું કોઈ સદભાગ્ય નથી. આ બધું શક્ય બનાવનાર વૈશ્વિક નેતા, વડા પ્રધાન નરેન્દ્ર મોદીજીને જન્મદિવસની ઘણી બધી શુભેચ્છાઓ.

રામ મંદિર હોય, કલમ ૩૭૦ રદ કરવી હોય, ટ્રિપલ તલાક પર પ્રતિબંધ હોય, ગરીબોના કલ્યાણ માટેનો એક મોટો કાર્યક્રમ હોય, સર્જિકલ સ્ટ્રાઈક હોય, હવાઈ હુમલા હોય કે તાજેતરનું ઓપરેશન સિંદૂર હોય, ક્ષેત્ર અને તેમાં કરેલી સિદ્ધિઓની યાદી કરવી અઘરી છે, જો સમાજના દરેક વર્ગ જેમ કે મહિલાઓ, ખેડૂતો, યુવાનો, વંચિતો માટે સેંકડો નિર્ણયો લઈ, તેમના જીવનમાં આમૂલ પરિવર્તન લાવવામાં આવી રહ્યું છે, ૨૫ કરોડ લોકોને ગરીબીમાંથી બહાર કાઢવું એ સરળ બાબત નથી. આ ૧૧ વર્ષમાં ૩ કરોડ ઘરનિર્માણ હોય, ૧૫ કરોડ ઘરોમાં નળ હોય, ૧૨ કરોડ શૌચાલયનું નિર્માણ હોય, ૬૮ લાખ ફૂટપાથ વિક્રેતાઓ માટે પીએમ સ્વનિધિ યોજના હોય, આવી ઘણી યોજનાઓ છે. છતાં કહેવું જ હોય તો ફક્ત એક આંકડો પૂરતો છે અને તે એ છે કે કુલ ૪૩.૮ લાખ કરોડ રૂપિયા સીધા લાભાર્થીઓના ખાતામાં આવ્યા છે. ગરીબોના કલ્યાણની સાથે, દેશ સુધારાના નવા માર્ગ પર આગળ વધ્યો છે. વિકસિત ભારતના માર્ગ પર સૌથી મહત્ત્વપૂર્ણ ભાગીદાર આપણી નારી શક્તિ ૨૦૨૯ માં ૩૩ ટકા અનામત સાથે સંસદ અને રાજ્ય વિધાનસભાઓમાં જોવા મળશે. સ્ટાર્ટઅપ્સ, એમ્સ, આઇઆઇએમ, મેડિકલ કોલેજોની સંખ્યામાં સતત વધારો થયો છે. આજે ભારત એવો દેશ છે જે વિશ્વના ૪૯ ટકા ડિજિટલ વ્યવહારો કરે છે. આપણે એરપોર્ટ, રેલવે, હાઇવે, ગ્રીન એનર્જી જેવાં તમામ ક્ષેત્રોમાં સફળતાના નવાં શિખરો સર કરી રહ્યા છીએ. અને આ બધું ફક્ત અને ફક્ત નરેન્દ્ર મોદીના પ્રખર નેતૃત્વ અને દેશવાસીઓએ તેમના પર મૂકેલા વિશ્વાસને કારણે શક્ય બન્યું છે.

સતત ૨૫ વર્ષ સુધી બંધારણીય પદો પર રહીને રાજકારણમાં રહેવું સરળ નથી. અને તે પણ આ પદો પર રહી લોકપ્રિયતાનો ગ્રાફ ઊંચે લઈ જવો અને તેને વૈશ્વિક બનાવવો તે આ પ્રવાસનું ફળ અથવા પ્રમાણપત્ર છે. આ ફક્ત તેમના જાહેર પ્રતિનિધિત્વના ૨૫ વર્ષ નથી, પરંતુ બંધારણીય પદો પરની તેમની કર્તવ્યપૂર્તિનો છે. આ લોકસેવાનો કાળખંડ છે, લોકકલ્યાણનો, સુશાસન, નેતૃત્વ કૌશલ્યનો અને ભારતીય ગૌરવને વધારવાનો કાળખંડ છે.

નરેન્દ્ર મોદીજીમાં ઘણી લાક્ષણિકતાઓ છે. પરંતુ, જો એક વસ્તુ સૌથી મહત્ત્વપૂર્ણ છે, તો એ કે તેઓ સૌ પ્રથમ સ્વયંસેવક છે. તેઓ પૂર્ણ-સમય પ્રચારક હતા. તે પછી, તેમણે સંગઠન મંત્રી તરીકે લાંબા સમય સુધી ભાજપમાં કામ કર્યું. વડા પ્રધાન તરીકે છેલ્લા ૧૧ વર્ષ દરમિયાન તેમણે જે રાષ્ટ્રવાદ અને ફરજ પ્રત્યેની નિષ્ઠા જાળવી રાખી છે તેનું રહસ્ય તેમની સ્વયંસેવકતામાં રહેલું છે. સ્વયંસેવક કર્મયોગી છે અને તેમની નિર્ણય લેવાની પ્રક્રિયા ખૂબ જ સરળ અને સીધી હોય છે. ભલે આપણા બે મિત્રો લડી રહ્યા હોય, આપણે જે ઉકેલ લાવીશું તે તેમના હિતમાં હશે અથવા તો જો ઘરમાં કોઈ વિવાદ હોય, તો આપણે જે ઉકેલ લઈશું તે સમગ્ર પરિવારના હિતમાં હશે તે પ્રમાણે કામ કરવામાં આવે છે. મોદી પર રાષ્ટ્રની જવાબદારી છે, તેથી તેઓ ક્યારેય રાષ્ટ્રીય હિત સાથે સમાધાન કરતા નથી.

જો આપણે રાષ્ટ્રને મજબૂત બનાવવા માગતા હોઈએ, તો આપણે સમાજને મજબૂત બનાવવો પડશે. જો સમાજને ભ્રષ્ટાચારનો કીડો લાગી ગયો હશે તો તેને તેમાંથી બહાર કાઢવાનું કામ ખાસ કરવું પડશે. મોદીજીએ દેશની સત્તા સંભાળી ત્યારથી, તેમણે ભ્રષ્ટાચાર અને સરકારમાં દલાલીઓ પર સૌથી પહેલો વાર કર્યો છે. દેશનાં વિવિધ ક્ષેત્રોમાં દલાલોની સાંકળનો અંત લાવવામાં તેમણે મુખ્ય ભૂમિકા ભજવી છે. ડીબીટી, જન ધન અને આધાર દ્વારા, તેમણે કેન્દ્ર સરકાર દ્વારા મોકલવામાં આવતા ૧૦૦ રૂપિયામાંથી ૧૦૦ રૂપિયા લાભાર્થીને મળે તેવી વ્યવસ્થા ઊભી કરી છે. આ માટે પદ નહીં વ્યવસ્થા મહત્ત્વની છે. એકવાર રાહુલ ગાંધીએ ૨૦૦૮માં કહ્યું હતું કે મારા વડીલોના કાળમાં કેન્દ્રના ૧૦૦ રૂપિયામાંથી ૧૫ પૈસા લાભાર્થીને મળતા હતા, હાલમાં તે પણ મળતા નથી, પરંતુ આજ મોદીશાસનમાં સ્થિતિ સંપૂર્ણપણે બદલી ગઈ છે.

એક રાષ્ટ્ર તરીકે, એક મજબૂત વ્યવસ્થાનું નિર્માણ કરવું જરૂરી છે. તે રાષ્ટ્ર ત્યારે શક્તિશાળી હોય છે જ્યારે તે દુશ્મનને શરમાવે છે. જ્યારે ભારત વિકસિત ભારતના પ્રવાસ પર છે, ત્યારે ભારત, જેણે વિશ્વને પોતાની તાકાત બતાવી છે, તે આજે મજબૂતીથી આગળ વધી રહ્યું છે. જ્યારે ૨૦૧૬ માં ઉરી હુમલો થયો હતો, ત્યારે ભારતે માત્ર ૧૧ દિવસમાં સર્જિકલ સ્ટ્રાઈક દ્વારા જવાબ આપ્યો હતો. પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં આતંકવાદી છાવણીઓનો નાશ કરવામાં આવ્યો હતો. પાકિસ્તાનના હાઈ કમિશનરને બોલાવવામાં આવ્યા હતા અને કડકાઈથી વાત કરવામાં આવી હતી. ૨૦૧૯ ની શરૂઆતમાં, પાકિસ્તાને પુલવામામાં ફરીથી

હુમલો કર્યો હતો. બાલાકોટ હવાઈ હુમલા દ્વારા તેનો જવાબ આપવામાં આવ્યો હતો. આમાં, પાકિસ્તાની ક્ષેત્રમાં પ્રવેશ કરીને અને હવાઈ હુમલા કરીને આતંકવાદી છાવણીઓનો નાશ કરવામાં આવ્યો હતો. આ બે ઘટનાઓએ ભારતની સંરક્ષણ નીતિની દિશા સ્પષ્ટ કરી. મોદીજીએ આખી દુનિયાને કહ્યું કે નવું ભારત કેવું હશે. હવે, તાજેતરમાં, પહેલગામ થયું, ઓપરેશન સિંદૂર જવાબ હતો. દેશ માટે દુર્ભાગ્યપૂર્ણ છે કે વિપક્ષ ફક્ત પુરાવા માગે છે. તેઓ ભારતીય સેના પર પણ વિશ્વાસ કરતા નથી.

હું નરેન્દ્ર મોદીજીને ઘણી વખત વ્યક્તિગત રીતે મળ્યો છું અને તેમનું માર્ગદર્શન ઘણી વખત મળ્યું છે. હકીકતમાં, આ તક મળવી મારા માટે હંમેશા આશીર્વાદરૂપ છે. તેઓ અમારા વિશાળ પરિવારના વડા પણ છે. તેથી, જો હું તેમને કોઈ સમસ્યા કહું તો, તેઓ ચોક્કસપણે તેનો ઉકેલ શોધી આપે છે. તેઓ ક્યારેય બે બાબતોમાં ભૂલ કરતા નથી. જ્યારે તે પક્ષનો મુદ્દો હોય છે, ત્યારે તે તેને સરકાર સમક્ષ લાવતા નથી અને જ્યારે તે સરકારી મુદ્દો હોય છે, ત્યારે તે તેને પક્ષ સમક્ષ લાવતા નથી. બેઠક દરમિયાન પણ, પક્ષ અને વિકાસના મુદ્દાઓ પર અલગથી ચર્ચા થાય છે.

આ રાષ્ટ્રનેતાના હાથે દેશની આવી જ સેવા થતી રહે તે માટે હું તેમને લાંબા અને સ્વસ્થ જીવનની શુભેચ્છા પાઠવું છું. ■

# નવા ભારતના શિલ્પકાર નરેન્દ્ર મોદી



**વડા પ્રધાન** નરેન્દ્ર મોદી એક એવા જનનાયક જેમણે ભારતનું નામ આખી દુનિયામાં ઊંચું કર્યું છે, તેમને આપણે નવા યુગના ભાગ્યવિધાતા કહી શકીએ છીએ. વડા પ્રધાન નરેન્દ્ર મોદીને તેમના જન્મ દિવસે શબ્દપૂષ્પો દ્વારા હાર્દિક શુભકામના આપવાની સાથે એવી પ્રાર્થના ભગવાનને કરું છું કે તેમને શ્રેષ્ઠ આરોગ્ય આપે જેથી તેઓ અનેક વર્ષો સુધી અમને રાષ્ટ્ર સેવાની પ્રેરણા આપતા રહે. છેલ્લા અગિયાર વર્ષમાં તેમણે વડા પ્રધાન તરીકે કરેલું કામ દરેક ભારતીયો માટે ગર્વનો વિષય બની રહેશે.

ત્રણ વર્ષ પહેલાં તેમના આશીર્વાદથી મને મહારાષ્ટ્ર જેવાં અગ્રણી અને પ્રગતિશીલ રાજ્યનું નેતૃત્વ કરવાની તક મળી હતી. મેં મુખ્ય પ્રધાનપદ અને દેવેન્દ્ર ફડણવીસે નાયબ મુખ્ય પ્રધાનપદના શપથ લીધા હતા. આ અવસર નાનો હોવા છતાં જ્યારે ત્યારબાદ મેં વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે સંવાદ કર્યો ત્યારે તેમણે મને જે કહ્યું હતું તે શબ્દો આજે પણ મારા કાનમાં ગૂંજે છે. તેમણે કહ્યું હતું કે ‘તમે એક ગ્રાસરૂટના નેતા છો, મને વિશ્વાસ છે કે તમે પોતાના અનુભવોથી મહારાષ્ટ્ર જેવા રાજ્યને ઘણી ઊંચાઈ પર લઈ જશો. મળીને કામ કરો, સારું કામ કરો, કોઈ મદદની આવશ્યકતા હોય તો મને ચોક્કસ કહેજો. મહારાષ્ટ્રના વિકાસ માટે બધું જ કરી છૂટીશ.

વાસ્તવમાં કરોડો લોકોના દિલ પર રાજ કરવાનું કોઈ સજીવ ઉદાહરણ નરેન્દ્ર મોદીજી છે. હું એનડીએના ગઠબંધનમાં શિવસેનાનો નેતા છું. ભારતીય જનતા પાર્ટી એક સશક્ત રાષ્ટ્રીય પાર્ટી છે અને તેના શિર્ષ નેતૃત્વમાં આસનસ્થ મોદીજી જેવા વ્યક્તિએ મારા જેવા સામાન્ય કાર્યકર્તાને આટલી મોટી જવાબદારી સોંપી અને સાથે જ હિંમત પણ આપી હતી. આ મારા જીવનની સૌથી મોટી સિદ્ધિ છે.

મુખ્ય પ્રધાન બનવા પહેલાં મને નરેન્દ્ર મોદી જેવું વિરાટ વ્યક્તિત્વ ધરાવતી વ્યક્તિ સાથે મુલાકાતની કોઈ તક મળી નહોતી. ક્યારેક સિનિયર શિવસેનાના નેતાઓ સાથે કોઈ કાર્યક્રમમાં તેમના દર્શન થયા હશે, પરંતુ છેલ્લા ત્રણ વર્ષમાં મહારાષ્ટ્રમાં અને દિલ્હીમાં તેમની સાથે અનેક મુલાકાતો થઈ છે. આ મુલાકાત કેટલીક મિનિટોની હોય કે પછી આખા દિવસની હોય, દરેક મુલાકાત મારા માટે પારસના સ્પર્શ જેવી બની રહી છે. તેમનો સ્પષ્ટ અને માર્મિક સંવાદ અને હળવીફૂલ મજાક દરેક માટે અવિસ્મરણીય હોય છે.

મોદીજીનું જીવન સંઘર્ષ અને પ્રેરણાનું પ્રતીક છે. કઠિન પરિસ્થિતિઓમાં જીવન વિતાવ્યા છતાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના સંસ્કારોને આત્મસાત કરીને એક સ્વયંસેવકના રૂપમાં કામ કરવું, ગુજરાતના મુખ્ય પ્રધાન બન્યા પછી રાજ્યને નવી ઊંચાઈઓ પર લઈ જવું, ત્યારબાદ છેલ્લા અગિયાર વર્ષથી વડા પ્રધાન તરીકે દેશને નવી ઊંચાઈ પર લઈ જવું એ વાસ્તવમાં તો એક સફળતાની કહાની છે. મહેનત, ઈમાનદારી અને રાષ્ટ્રનિષ્ઠાનું જીવંત ઉદાહરણ છે મોદીજી. વંશવાદના રાજકારણ સાથે સંકળાયેલા અથવા વિશેષાધિકાર ધરાવતા નેતા નથી. આથી જ તેઓ સામાન્ય લોકોને માટે પોતીકા છે.

**ભારતને નવી ઊંચાઈ પર લઈ ગયા**

વડા પ્રધાન તરીકેના છેલ્લા અગિયાર વર્ષના કામને જોવામાં આવે તો ભારત અત્યારે વિશ્વમાં ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બન્યું છે. ડિજિટલ ઈન્ડિયા, મેક ઈન ઈન્ડિયા અને આત્મનિર્ભર ભારત જેવી ઝુંબેશે ભારતને નવી ઓળખ આપી છે. પ્રધાનમંત્રી જનધન યોજના જેવી અભિનવ યોજનાઓએ કરોડો ગરીબોના જીવનમાં મોટું પરિવર્તન લાવી દીધું છે.

સાફસફાઈને રાષ્ટ્રના વિકાસ સાથે જોડીને સ્વચ્છ ભારત ઝુંબેશ ચલાવવી, આયુષમાન ભારતથી ગરીબોને આરોગ્યની સુરક્ષા આપવી, ઉજ્જવલા યોજનાથી માતાઓને ધુમાડાથી મુક્તિ આપવી. આ બધું તેમની દૂરંદેશીનું પરિણામ છે.

જી-૨૦ની અધ્યક્ષતાએ ભારતને વિશ્વમાં અગ્રણી ભૂમિકા આપી છે. કોવિડ રોગચાળા માટે નાના નાના દેશોને વેક્સિન ઉપલબ્ધ કરાવીને પોતાની માનવતાવાદી છબિ સિદ્ધ કરી.

**મહારાષ્ટ્રના વિકાસમાં તેમનું યોગદાન અમુલ્ય**

મહારાષ્ટ્ર ઉદ્યોગ, સંસ્કૃતિ અને કર્તવ્યનો સંગમ છે. વડા પ્રધાન મોદી કાયમ મહાયુતિની સરકારનું પીઠબળ બન્યા છે. મુંબઈનું બદલાતું રૂપ-ટ્રાન્સ હાર્બર લિંક, મેટ્રો પ્રોજેક્ટ, બૂલેટ ટ્રેન અને અટલ સેતુ તેમનાં માર્ગદર્શન અને સહયોગથી જ શક્ય બન્યાં છે.

સમૃદ્ધિ એક્સપ્રેસ-વે જેવા પ્રોજેક્ટ રાજ્ય માટે ગેમચેન્જર બન્યા . પીએમ સન્માન નિધિથી ખેડૂતોને સીધી સહાય મળી. સ્માર્ટ સિટી યોજનાથી પુણે, નાગપુર, થાણે અને છત્રપતિ સંભાજીનગર જેવાં શહેરોની કાયાપલટ થઈ. મરાઠી ભાષાને શાસ્ત્રીય ભાષાનો દરજ્જો તેમના જ પ્રયાસોથી મળ્યો હતો.

દાવોસમાં જ્યારે મને રાજ્યનું પ્રતિનિધિત્વ કરવા મળ્યું ત્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નામનો પ્રભાવ અનુભવાયો હતો.

બાળ ઠાકરે અને આનંદ દિઘે જેવા મારા ગુરુઓ પછી જો આજે કોઈ વ્યક્તિ પાસેથી મને પ્રેરણા મળે છે તો તે નરેન્દ્ર મોદીની કાર્યશૈલી છે.

દેશ માટે ઈમાનદારીથી કામ કરવાથી લોકો ભરોસો કરે છે એવો એમનો સંદેશ મારા જીવનનું માર્ગદર્શન કરતો રહેશે.

મોદીજીએ વિકાસની યોજનાઓ સામાન્ય લોકો સુધી પહોંચાડી અને શાસનમાં પારદર્શકતા લાવીને ભ્રષ્ટાચારને ખતમ કરીને દેશની છબિને બદલી નાખી. આ જ કારણ છે કે કરોડો લોકો આજે પણ તેમને જ પોતાના નેતા માને છે.

આજે તેમના જન્મદિને ફરી એકવખત હું તેમને હાર્દિક શુભકામના આપીને પ્રાર્થના કરું છું કે તેમનું નેતૃત્વ દેશને આવી જ રીતે નવી ઊંચાઈઓ પર લઈ જાય.


**એકનાથ શિંદે**

નાયબ મુખ્ય પ્રધાન, મહારાષ્ટ્ર ■





# મોદીની 'પંચશક્તિ' અને વિકાસનું 'ગુજરાત મોડલ'

રાજેશ શર્મા

**નરેન્દ્ર મોદી** ગુજરાતના મુખ્ય પ્રધાન બન્યા એ પહેલાંથી ગુજરાત મોડલ ચર્ચામાં હતું ને હજુય ગુજરાત મોડલની ચર્ચા થાય છે પણ મોટા ભાગનાં લોકોને ગુજરાત મોડલ ખરેખર શું છે એ ખબર નથી. આ ગુજરાત મોડલ દેશના વિકાસનો પાયો બન્યું છતાં મોટા ભાગનાં લોકોને ગુજરાત મોડલ શું તેની ખબર નથી તેથી મોદીના ગુજરાત મોડલને જાણવું અને સમજવું જરૂરી છે.

નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ગુજરાતના વિકાસ માટે ગુજરાતમાં અર્થતંત્રના બે મુખ્ય આધારસ્તંભ એવા કૃષિ અને ઉદ્યોગોના વિકાસ માટે તેમણે ઘણાં અનોખાં પગલાં લીધાં હતાં. તેના કારણે મોદીના શાસનમાં ગુજરાત દેશનું સૌથી વિકસિત રાજ્ય બન્યું અને દેશનાં બીજાં રાજ્યો જેમાંથી પ્રેરણા લઈને વિકાસ કરી શકે એવું મોડલ ઊભું થયું છે.

મોદીના ગુજરાત મોડલમાં જનશક્તિ, જળશક્તિ, રક્ષાશક્તિ, ઊર્જાશક્તિ અને જ્ઞાનશક્તિ એ 'પંચશક્તિ' કેન્દ્રસ્થાને હતી. આ પંચશક્તિના જોરે મોદીએ ગુજરાતના વિકાસને નવી દિશા આપી અને દેશને વિકાસનું એક પોતીકું મોડલ આપ્યું.

મોદીની વિચારધારા છે કે, કોઈ પણ રાષ્ટ્રના નિર્માણમાં પાંચ શક્તિ મહત્ત્વનો ભાગ ભજવે છે. જનશક્તિ, જળ શક્તિ, રક્ષાશક્તિ, ઊર્જાશક્તિ અને જ્ઞાનશક્તિ એ પાંચ શક્તિનો શ્રેષ્ઠ ઉપયોગ કરીને શ્રેષ્ઠ રાષ્ટ્રનું નિર્માણ કરી શકાય છે. મોદીએ આ 'પંચશક્તિ'નો વિચાર જ ના આપ્યો પણ તેની મદદથી રાજ્યમાં કઈ રીતે શ્રેષ્ઠ શાસન આપી શકાય છે તેનું ઉદાહરણ પણ લોકો સામે મૂક્યું. મોદીએ જન શક્તિ, જળ શક્તિ, રક્ષા શક્તિ, ઊર્જા શક્તિ અને જ્ઞાન શક્તિ એ 'પંચશક્તિ'ની તાકાતથી ગુજરાતને એક આદર્શ રાજ્ય બનાવ્યું, ગુજરાતના વિકાસને નવી ઉંચાઈ આપી.

મોદી શાસનનાં પહેલાં પાંચ વર્ષમાં જ ૧૦.૭ ટકાનો આર્થિક વિકાસ દર પ્રાપ્ત હાંસલ કર્યો હતો. માત્ર ઔદ્યોગિક ઉત્પાદનમાં જ નહીં પણ કૃષિ ક્ષેત્રે પણ ગુજરાતે એટલો જ વિકાસ કર્યો હતો. તેના પરથી જ મોદીનું ગુજરાત મોડલ કેટલું સફળ હતું તેનો અંદાજ લગાવી શકાય છે.

ગુજરાતના વિકાસમાં 'પંચશક્તિ'નો અસરકારક ઉપયોગ કરીને મોદીએ દેશના રાજકારણને પણ નવી દિશા આપી છે. મોદીએ ભાજપને લોકસભાની ૨૦૧૪ની ચૂંટણીમાં સ્પષ્ટ બહુમતીથી જીત અપાવ્યા પછી રાષ્ટ્રીય સ્તરે જનશક્તિ, જળશક્તિ, રક્ષાશક્તિ, ઊર્જાશક્તિ અને જ્ઞાનશક્તિ એ 'પંચશક્તિ'ની તાકાતનો શ્રેષ્ઠ ઉપયોગ કરીને દેશના વિકાસને





નવી દિશા આપવાનું મહાઅભિયાન શરૂ કર્યું છે. મોદી સરકારના સવા ૧૧ વર્ષના શાસનમાં જન શક્તિ, જળ શક્તિ, રક્ષા શક્તિ, ઉર્જા શક્તિ અને જ્ઞાન શક્તિ એ 'પંચ શક્તિ'નો લોકોને પરચો મળ્યો છે અને દેશમાં બહુ મોટું પરિવર્તન આવ્યું છે. ભારત વૈશ્વિક સ્તરે એક નવી તાકાત બનીને ઊભર્યું છે. ભારતને કોઈ અવગણી ના શકે એવો દબદબો મોદીએ ઊભો કર્યો છે.

મોદીની જનશક્તિ, જળશક્તિ, રક્ષાશક્તિ, ઊર્જાશક્તિ અને જ્ઞાનશક્તિ એ 'પંચશક્તિ'નો વિકાસ માટે કઈ રીતે ઉપયોગ કરાયો એ વિશે જાણીશું તો મોદીના ગુજરાત મોડલને સારી રીતે સમજી શકાશે. સાથે સાથે આ 'પંચ શક્તિ'એ ગુજરાત અને દેશને કઈ રીતે બદલ્યાં છે એ વાત સારી રીતે સમજાશે.

**રક્ષા શક્તિઃ**

મોદીની વિચારધારા એ છે કે, વિકાસ માટે સુરક્ષા જરૂરી છે અને સુરક્ષા માટે રક્ષાશક્તિ જરૂરી છે. દેશના નાગરિકો વિકાસ પર જ ધ્યાન કેન્દ્રિત કરી શકે એ માટે સલામતી અને સુરક્ષા પાયાની જરૂરિયાત છે. અસલામતી અને અસુરક્ષાના માહોલમાં લોકો કામ ના કરી શકે, દેશ પ્રગતિ ના કરી શકે તેથી મોદીએ સલામતી અને સુરક્ષાને સૌથી વધારે મહત્ત્વ આપ્યું. દેશમાં સલામતી અને સુરક્ષા હશે તો જ દેશ શ્રેષ્ઠ કાર્યો કરી શકશે એમ માનતા મોદીના નેતૃત્વમાં ભાજપ સરકારે ગુજરાતને આતંકવાદ અને માફિયાઓથી મુક્ત કરવાનો સંકલ્પ કર્યો હતો.

આ સંકલ્પને મોદીએ અસરકારકતાથી પાર પાડ્યો. ગુજરાતમાં અશાંતિ પેદા કરવા આવતાં પરિબળોને મોદી સરકારે ખતમ કરીને ગુજરાતને સલામત રાખ્યું હતું. મોદીએ મુખ્યમંત્રી તરીકે મતબેંકની રાજનીતિથી પ્રેરાઈને સામાન્ય નાગરિકોના હિતના ભોગે ક્યારેય સમાધાન ન કર્યું. તેના કારણે એક જમાનામાં કોમી તોફાનો માટે વગોવાયેલા ગુજરાતમાં કોમી તોફાનો જ બંધ થઈ ગયાં. લોકો તોફાનો કે આતંકવાદી હુમલાની ચિંતા કર્યા વિના આર્થિક પ્રવૃત્તિઓ કરી શકે એવો માહોલ મોદી સરકારે પેદા કર્યો.

દેશના વડા પ્રધાન તરીકે મોદીએ એ જ નીતિ અપનાવી છે. આતંકવાદ સામે ઝીરો ટોલરન્સ નીતિ અપનાવીને દેશમાં થતા આતંકવાદી હુમલા બંધ કરાવી દીધા છે. મોદી સરકારે આતંકવાદીઓનો ખાતમો કરવા માટે પાકિસ્તાનમાં ઘૂસીને સર્જિકલ સ્ટ્રાઈક કરવા જેવાં પગલાં પણ લીધાં છે. મોદી શાસનમાં નાગરિકોનાં મોટા પાયે મોત થયાં હોય એવો એક પણ મોટો આતંકવાદી હુમલો થયો નથી એ મોદી સરકારની રક્ષાશક્તિનો પુરાવો છે. બાલાકોટ એરસ્ટ્રાઈક, ઓપરેશન સિંદૂર સહિતના નિર્ણયો રક્ષાશક્તિનો ભાગ છે.

**જળશક્તિઃ**

નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકે જળ એટલે કે પાણીની જરૂરિયાત પર ભાર મૂકીને ભગીરથ પ્રયાસો કરીને ગુજરાતની પાણીની સમસ્યાનો અંત લાવી દીધો. ગુજરાતની જીવાદોરી મનાતી નર્મદા યોજના તેમણે પૂરી કરાવી અને નર્મદાનાં જળ ગુજરાતના ગામેગામ પહોંચે એ માટે ઉત્તર ગુજરાતમાં સુજલામ સુફલામ યોજના શરૂ કરાવી હતી. મોદીએ નર્મદાનાં પાણી સાબરમતી અને સરસ્વતી નદીમાં લાવીને નદીઓના આંતરિક જોડાણ દ્વારા જળ સ્રોતનો મહત્તમ ઉપયોગ કરવાની વિચારધારાને સાકાર કરી. સૌરાષ્ટ્રમાં જંગી પ્રમાણમાં ચેક ડેમ બનાવડાવીને વરસાદી પાણીનો સંગ્રહ કરાવડાવીને સૌરાષ્ટ્રની પીવાના પાણીની સમસ્યા દૂર કરી.

મોદીએ દેશના વડા પ્રધાન તરીકે જળના શ્રેષ્ઠ ઉપયોગ માટે અલગ મંત્રાલય બનાવવાનો ક્રાન્તિકારી નિર્ણય લીધો. જળ સંસાધન, નદી વિકાસ, ગંગા સંરક્ષણ, પેયજળ તથા સ્વચ્છતા મંત્રાલયને પરસ્પર જોડીને જળશક્તિ મંત્રાલય બનાવીને મોદીએ બહુ મોટું પગલું ભર્યું છે. આ નવું મંત્રાલય સંકલિત અને સમગ્ર રીતે આપણા જળ સંસાધનોની વ્યવસ્થા અને જળ પુરવઠાનું સંચાલન કરી રહ્યું છે. મોદી સરકારે જીવન મિશન અંતર્ગત ૨૦૨૪ સુધી દરેક ગ્રામીણ પરિવારો માટે 'દરેક ઘરે પાણી' (પાઈપ દ્વારા પાણીની સગવડ)આપવાનું અભિયાન આદર્યું છે. આ અભિયાનને પાર પાડવા માટે જળ મંત્રાલય દેશનાં તમામ રાજ્યો સાથે મળીને કાર્ય કરી રહ્યું છે.

**ઉર્જાશક્તિ**

નરેન્દ્ર મોદી પહેલા એવા વડા પ્રધાન છે કે જે બહુ પહેલાં જ એ સત્યને સમજી ચૂક્યા હતા કે વિકાસ કરવો હોય તો ઊર્જા ક્ષેત્રે સ્વાવલંબી બનવું પડે ને એવી સ્થિતી પેદા કરવી પડે કે આપણે આપણા વપરાશ માટે જરૂરી ઊર્જા તો પેદા કરી જ શકીએ પણ બીજાંને પણ તે વેચી શકીએ. ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે જ મોદીએ આ વાતનો અમલ શરૂ કરીને ગુજરાતમાં ઊર્જાના વિકલ્પો વિકસાવવાની દિશામાં ક્રાન્તિકારી કદમ ઉઠાવ્યાં હતાં. તેમણે સૌર ઊર્જાને મહત્ત્વ આપીને ગુજરાતને સૌર ઊર્જામાં અગ્રેસર બનાવ્યું. દેશની કુલ સૌર ઊર્જામાંથી ૬૬ ટકા સૌર ઊર્જા પેદા કરનારું ગુજરાત આજે દેશભરમાં ક્લાયમેટ ચેન્જનાં પડકારનો સામનો કરવામાં અગ્રેસર છે. પ્રદૂષણમુક્ત સૌર ઊર્જાનું ઉત્પાદન કરાવીને મોદીએ ગુજરાતની વીજળીની સમસ્યાનો કાયમ માટે અંત લાવી દીધો. ઉદ્યોગો અને ખેતી બંનેને આજે પૂરતા પ્રમાણમાં વીજળી મળે છે. ગુજરાતનું એક પણ ગામ એવું નથી કે જ્યાં વીજળી નથી. મોદીએ જ્યોતિગ્રામ યોજના દ્વારા ગુજરાતના ઘરેઘરને ઝળહળતાં કરી દીધાં.

મોદીએ ૨૦૧૪ના લોકસભાના ચૂંટણી પ્રચાર વખતે ઊર્જા ક્ષેત્રે દેશને સ્વાવલંબી બનાવવા માટે 'રેઈનબો વિઝન' રજૂ કર્યું હતું. રેઈનબો એટલે મેઘધનુષ અને તેમાં સાત રંગો હોય છે. મોદીએ તેમના વિઝનમાં ગેસ, થર્મલ, હાયડ્રો, સોલર, વિન્ડ, બાયો-માસ અને ન્યુક્લીયર એ સાત ઊર્જા ક્ષેત્રોને આવરી લીધા છે. સમગ્ર દેશ માટે નેશનલ ગ્રીડ બનાવીને આ નેશનલ ગ્રીડમાં યોગદાન આપવા માટે કયા ફ્યુઅલ આધારિત પાવર પ્લાન્ટ ક્યાં સ્થાપવા તેનું વિઝન તેમણે રજૂ કરેલું. મોદી સરકાર અત્યારે આ વિઝન પર કામ કરી રહી છે.

**જનશક્તિઃ**

મોદીએ ગુજરાતના વિકાસ માટે જન શક્તિનો શ્રેષ્ઠ ઉપયોગ કર્યો. જનતાએ ચૂંટેલા પ્રતિનિધિઓમાં વિશ્વાસ મૂકીને તેમને સત્તા સોંપી પછી આ ચૂંટાયેલા પ્રતિનિધિ વહીવટ તંત્ર પાસે પ્રજાના હિતમાં શ્રેષ્ઠ કામગીરી કરાવે એ જનશક્તિ છે. ગુજરાતમાં મોદી સરકારે વરસોથી રગશિયા ગાડાની જેમ કામ કરતા અને અસંવેદનશીલતાથી વર્તતા જડ વહીવટી તંત્રને કડકાઈથી ગતિશીલ બનાવ્યું હતું. મોદી સરકારે ભ્રષ્ટાચાર સામે લાલ આંખ કરીને વહીવટ પારદર્શક બનાવ્યો હતો.

લોકહિતને ધ્યાનમાં રાખી વર્ષો જૂની ઓક્ટ્રોય પદ્ધતિ નાબૂદ કરી છે. જાહેર કાર્યો અને નિર્માણમાં હંમેશાં શ્રેષ્ઠતમ આગ્રહ રાખીને સગવડો ઊભી કરી. રાજ્યની વ્યવસ્થા માટે જનતા પોતાની પરસેવાની કમાણીથી કર ચૂકવે છે તેથી તેમને શ્રેષ્ઠ સેવાનો અધિકાર છે એવું માનતા મોદીએ રાજ્યનું વહીવટી તંત્રએ રીતે ગોઠવ્યું કે જેનાથી દરેક નાગરિકની જરૂરિયાત સંતોષી શકાય. સાંજની અદાલત, સગર્ભા માતાઓની સંભાળ માટે ચિરંજીવી યોજના, ગુજરાતનાં ૧૮૦૦૦ ગામડાઓને વીજળીની સુવિધા અને નર્મદા વોટર ગ્રીડ જેવી યોજનાઓ દ્વારા સરકારે જનતાની સમસ્યાઓને ઉકેલવાના પ્રયત્નો કર્યા છે. સામાજિક ક્ષેત્રના વિકાસ માટે મોટા પાયે મૂડીરોકાણ કર્યું છે.

મોદી સરકારે ટેન્ડર પ્રક્રિયા તથા ખાનગી શાળાઓ સહિત તમામ સ્તરે ભરતીને ઓનલાઈન કરાવીને ભ્રષ્ટાચાર બંધ કરાવી દીધો હતો. વડા પ્રધાન બન્યા પછી મોદીએ આ જ નીતિને અમલી બનાવીને દેશના વહીવટને પારદર્શી બનાવ્યો છે. મોદી શાસનમાં એક પણ કૌભાંડ થયું નથી એ ભ્રષ્ટાચારરહિત સુશાસનનો આદર્શ નમૂનો છે. મોટા ભાગની સેવાઓને ડિજિટલ કરીને તેમણે લોકોને ઘેરબેઠાં સેવાઓ આપી છે.

**જ્ઞાન શક્તિઃ**

નરેન્દ્ર મોદી પોતે એક કવિ છે અને સંવેદનશીલ હૃદય ધરાવે છે તેથી જ્ઞાનની મહત્તા સમજે છે. અલબત્ત, આ જ્ઞાન પુસ્તકિયું ના હોવું જોઈએ એ વિશે પણ મોદી સ્પષ્ટ છે. તેમણે લોકોમાં સ્કીલ એટલે કે કૌશલ્ય વિકસે અને લોકો નવી નવી શોધો કરતા થાય એ પ્રકારના જ્ઞાનને પ્રોત્સાહન આપ્યું છે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે એક તરફ તેમણે વાંચે ગુજરાત અભિયાન દ્વારા ગુજરાતના સાહિત્યને જીવંત રાખ્યું તો બીજી તરફ ગિફ્ટ સિટી સહિતના પ્રોજેક્ટ્સ દ્વારા વ્યવહારમાં ઉપયોગી જ્ઞાનના મહત્ત્વને સ્વીકાર્યું. મોદીએ રાજ્યમાં ટેક્નોલોજી અને ટેક્નિકલ શિક્ષણને પ્રોત્સાહન આપીને શિક્ષણની તરાહ બદલી નાખી.

દેશના વડા પ્રધાન તરીકે મોદીએ મેઈક ઈન ઈન્ડિયા અને સ્કીલ ઈન્ડિયા જેવાં સૂત્રો આપીને ભારતમાં ટેકનોલોજીને પ્રોત્સાહન આપવાનું શરૂ કર્યું. દેશના વિકાસમાં ઉપયોગી થાય એવા જ્ઞાનનું શિક્ષણ વધે એ માટે મોદીએ નવી શિક્ષણ નીતિની જાહેરાત કરી છે. આ શિક્ષણનીતિમાં ટેક્નિકલ જ્ઞાન મહત્ત્વનું છે. મોદી સરકારે દેશમાં વૈજ્ઞાનિક સંશોધનને મહત્ત્વ આપવા માટે પણ ઘણાં પગલાં ભર્યાં છે. દેશમાં આઈઆઈએમ, આઈઆઈટી જેવી સંસ્થાઓની સંખ્યા વધારીને તેમણે દેશમાં જ્ઞાનનો પ્રભાવ વધાર્યો છે. આ ઉપરાંત સ્ટાર્ટ અપ્સ માટે પુષ્કળ સહાય અને યુવા ટેક્નોક્રેટ્સને તમામ પ્રકારની સહાય સહિતનાં પગલાં મોદીએ લીધાં છે. ■

# માત્ર મહિલાઓનો વિકાસ નહીં, પરંતુ મહિલાઓની આગેવાનીમાં દેશનો વિકાસઃ આ છે મોદીમંત્ર

પૂજા શાહ

૧૫ ઑગસ્ટ, ૨૦૧૪ના રોજ લાલ કિલ્લાથી વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું પહેલું ભાષણ. જંગી બહુમતી સાથે જીત હાંસલ કરી ભાજપે કેન્દ્રમાં સત્તા સ્થાપી અને ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્ર દામોદરદાસ મોદી દેશના ૧૬મા વડા પ્રધાન બન્યા. વડનગરના રેલવે સ્ટેશન પર ચા વેચવાથી માંડી દેશના સુકાની તરીકેની તેમની સફર વિશ્વનું ધ્યાન ખેંચનારી હતી. દસ વર્ષના યુપીએ શાસન બાદ ભારતની જનતાએ હજારો અપેક્ષાઓ અને સપનાઓ સાથે તેમને આ પદ પર બેસાડ્યા હતા. દુનિયાની નજર વિશ્વની સૌથી મોટી લોકશાહીના નવા વડાના ભાષણ પર હતી. મોદીએ ભાષણમાં ઘણી વાતો કરી, પણ એક વાતે સૌનું ધ્યાન ખેંચ્યું. એ વાત દેશમાં મોટા ઉદ્યોગો લાવવાની કે પ્રોજેક્ટ લાવવાની નહીં, પણ શૌચાલયો બનાવવાની. મોદીએ લાલ કિલ્લા પરથી કહ્યું કે મારી માતાઓ, બહેનો ખુલ્લામાં કુદરતી ક્રિયાઓ કરવા જાય તે મને મંજૂર નથી આથી મારી પહેલી પ્રાથમિકતા ઘરે ઘરે શૌચાલયો બને તે છે. ૧૪૦ કરોડની જનતાના વડા પ્રધાન બનેલા મોદીને ખબર હતી કે દેશ-દુનિયાની નજર મારા પર છે, પરંતુ કોઈજાતનો ક્ષોભ કે છોછ રાખ્યા વિના તેમણે સ્વીકાર્યું કે મારા દેશના લોકો અને ખાસ કરીને મહિલાઓ એકદમ પાયાની કહેવાય તેવી સુવિધાથી વંચિત છે અને મારી પ્રથમ જવાબદારી છે કે હું તેમને આ સુવિધા આપું. વિશ્વ સામે આ સ્વીકારવું એ પદ પર બેસેલા નેતા માટે સહેલું નથી હોતું અને ખાસ કરીને જ્યારે તમે પહેલીવાર આ જવાબદારી સ્વીકારી છે, પણ નરેન્દ્રભાઈએ પોતાની માતા-દીકરીઓને દુનિયા સામે વચન આપ્યું કે દરેકનાં ઘરે શૌચાલયો આવશે અને ત્યારબાદ તરત જ ઘરે ઘરે શૌચાલય બનાવવા માટે રૂ. ૧૨,૦૦૦ની સબસિડી સહિતની ફાળવણી પણ થઈ. આ એક જ વાત સાબિત કરે છે કે મોદીને દેશની મહિલાઓની સ્થિતિનો કેટલો ઊંડાણપૂર્વકનો ખ્યાલ છે અને તેમની સમસ્યા દૂર કરવાની એક આયોજનબદ્ધ તત્પરતા તેમણે તેમના ૧૧ વર્ષના શાસનમાં વારંવાર બતાવી છે.

મહિલાઓને સશક્ત કરવાના તેમના એક એક પગલા તેમની સ્ત્રીસશક્તીકરણની સંકલ્પના અને કટિબદ્ધતાની ઝાંખી કરાવે છે. મહિલાઓને અગ્રેસર કરવાના આશયથી તેમણે જે જે સ્કીમ લોંચ કરી છે તેની યાદી ખૂબ જ લાંબી છે, પરંતુ તે પાછળનો તેમનો આશય મહિલાઓના સર્વાંગી વિકાસ અને ઉત્થાનનો છે, તે સ્પષ્ટ થયા વિના રહેતું નથી.

ભારતની સ્વતંત્રતા પહેલા અને સ્વતંત્રતા બાદ મહિલાઓના સામાજિક અને આર્થિક વિકાસ માટે ઘણું થયું છે. ખોટી માન્યતાઓ અને પરંપરાઓમાં અટવાયેલી મહિલાઓને શિક્ષિત અને પગભર કરવા દરેક સમયની સરકારે પોતપોતાની રીતે કોશિશ કરી છે. વડા પ્રધાન મોદીએ તેમાં એક છોગું વધારે ઉમેર્યું છે, તેમણે માત્ર મહિલાઓનો વિકાસ નહીં, મહિલા સંચાલિત, મહિલાઓની આગેવાનીમાં દેશના વિકાસનો વિચાર અમલમાં મૂક્યો છે. દેશના ઘણા ઉચ્ચ હોદ્દા પર પહેલીવાર કોઈ મહિલા તેમના કાર્યકાળમાં બેસી હોય તેવાં ઘણાં ઉદાહરણો છે. એક આદિવાસી મહિલાને રાષ્ટ્રપતિપદના સર્વોચ્ચ સ્થાન પર બેસાડવાથી માંડી દેશની સુરક્ષા માટે કરવામાં આવેલા ઑપરેશન સિંદૂરની જવાબદારી મહિલા અધિકારીઓને સોંપવામાં તેઓ ક્યારેય ખચકાયા નથી. દેશના પહેલાં ફૂલટાઈમ નાણાં પ્રધાન હોય કે પછી પહેલા વિદેશ પ્રધાન, મોદીના કાળમાં જ આ શક્ય બન્યું છે. પડકારજનક માનવામાં આવતાં તમામ ક્ષેત્રોમાં મહિલાઓની ભાગીદારી વધી છે અને તેમની આગેવાની પણ વધી છે. તો બીજી બાજુ નાના ગામડામાં રહેતી મહિલાઓના બચત જૂથને પણ વિવિધ યોજનાઓમાં



FILE PHOTO

સાંકળી તેમને બળવતર બનાવવાની કોશિશ કરવામાં આવી છે. મહિલાઓને માત્ર મફતની બે ચાર વસ્તુઓ ન આપતા તે આત્મનિર્ભર કઈ રીતે બને તેના પર મોદી સરકારનું ધ્યાન રહ્યું છે અને માત્ર વાતો નથી કરતા જમીની કામ કરી બતાવે છે. આંકડાઓ જોઈએ તો મોદી સરકારે ૧૨ કરોડ શૌચાલય અને ૨.૫૩ લાખ કોમ્યુનિટી સેનેટરી કોમ્પ્લેક્સ બનાવ્યા છે. પ્રધાન મંત્રી જન ધન યોજના હેઠળ ૫૬ કરોડ નવા બેંક અકાઉન્ટ ખૂલ્યા છે, જેમાંથી ૩૦ કરોડ મહિલા લાભાર્થી પણ છે. ૨૦૨૪ સુધીમાં ૭૩,૧૫૧ સ્ટાર્ટ અપ્સ એવા છે જેમાં ઓછામાં ઓછી એક મહિલા ડિરેક્ટર છે. કુલ સ્ટાર્ટ અપ્સના ૫૦ ટકા મહિલાઓ દ્વારા સંચાલિત છે.

દેશના આર્થિક વિકાસમાં નારીશક્તિની ભૂમિકા અહમ બની ગઈ છે અને મોદી સરકારની પ્રેરણાથી જ રાજ્ય સરકારો પણ પોતાના દરેક નિર્ણયોમાં મહિલાઓને પ્રાધાન્ય આપતી થઈ ગઈ છે. મોદી સરકારે મહિલાઓને કેન્દ્રમાં રાખીને ઘણી સ્કીમ બહાર પાડી છે, જેમાં પ્રધાનમંત્રી જનધન યોજનાની વાત કરીએ તો બેંકખાતું ધરાવતી મહિલાઓની સંખ્યા ૬૧ ટકા વધી છે. મહિલાઓને નાણાકીય સાક્ષરતાની તાતી જરૂર છે અને આર્થિક સ્વતંત્રતા જ તેમને સામાજિક સ્વતંત્રતા તરફ લઈ જશે, તે મોદીજી જાણે છે. ચૂલામાં લાકડા સળગાવી કે પ્રાઈમસ પેટાવી રસોઈ કરતી ગરીબ મહિલાના ફેંફસામાં ધુમાડો જાય અને તે બીમાર પડે છે ત્યારે તેમની માટે ઉજ્જવલા યોજના હોય કે પછી લખપતિ દીદી કે પછી નમો ડ્રોન દીદી, જ્યાં મહિલાઓ પોતાના કૌશલ્યોથી પગભર થઈ શકે અને દેશની પ્રગતિના તાલ સાથે તાલ મિલાવી શકે ત્યાં મોદી તેમને પ્રાધાન્ય આપવામાં એકવાર પણ ખચકાતા નથી.

વડા પ્રધાન હંમેશાં કહે છે કે જો દેશની ૫૦ ટકા વસ્તી એટલે કે મહિલાઓ ઘરમાં બંધ હશે તો આપણે ક્યારેય સફળતા મેળવી શકીશું નહીં અને એટલા માટે જ વડા પ્રધાને મોટા ભાગની સ્કીમ્સમાં મહિલાઓને ઉદ્યોગસાહસિક બનાવવાની, તેમને પગભર થવા આર્થિક મદદ આપવાની, તેમને તાલીમ આપી સક્ષમ બનાવવાની પહેલ કરી છે. મહિલાઓ માત્ર બેંકમાં કે સ્કૂલમાં જ કામ કરે તે જરૂરી નથી, તે ડ્રોન પણ ઉડાડી શકે છે તેવો વિશ્વાસ મોદીએ મહિલાઓમાં બતાવ્યો છે.

સરપંચ હોય કે કેન્દ્રમાં પ્રધાન મહિલાઓની ક્ષમતા અને તેમની સંવેદનસીલતા દેશને નવી દિશા બતાવશે અને સમગ્ર માનવજાતનું કલ્યાણ થશે તેમ મોદી માને છે અને જાહેરમાં વારંવાર મહિલાઓની ઉન્નતિ વિશે વાતો કરે છે.

રહી વાત વાતો કરવાની તો મોદીની આ વિશેષતા પણ મહિલાઓને ખૂબ ગમે છે. મોદી વાતો કરે છે. ક્યારેક આઈટી પ્રોફેશનલ્સ મહિલાઓ પાસે પહોંચી જાય છે ત્યારે ક્યારેક ગુજરાતની પશુપાલક મહિલાઓ સાથે ગપ્પા મારે છે. મહિલા દિન નિમિત્તે પોતાનું સોશ્યલ મીડિયાનું હેન્ડલિંગ જ મહિલાઓને સોંપી દીધું હતું. આજના સમયની સોશ્યલ મીડિયા ઈન્ફ્લુઅન્સરને મળવાનું હોય કે પછી દૂર ગામડામાં રહેતી મહિલાઓ સાથે વર્ચ્યુઅલી વાત કરવાની મોદી ઈન્ટરેક્શન કરવાની તક છોડતા નથી અને તેથી જ તેઓ મહિલાઓનાં પ્રિય નેતા પણ છે કારણ કે તેમને કોઈ તો સાંભળે છે.

ભારત વૈશ્વિક નકશા પર એક મોટી તાકાત તરીકે ઊભરી રહ્યું છે, જો દેશનો એક અત્યંત મહત્ત્વનો હિસ્સો નબળો, કચડાયેલો કે અશિક્ષિત અને અસક્ષમ રહી જશે તો આપણી પ્રગતિ માત્ર તસવીરો અને વાતોમાં રહેશે. સ્વસ્થ, સમૃદ્ધ, શિક્ષિત અને સશક્ત દેશ માટે દેશની દરેક મહિલાનું સ્વસ્થ, સમૃદ્ધ, શિક્ષિત અને સશક્ત હોવું જરૂરી છે, તે મોદી સરકારનો મંત્ર છે. એ વાત ખરી કે દેશમાં આજે પણ એવા ઘણા પ્રશ્નો છે, જે મહિલાઓની પ્રગતિ અને ગરિમાપૂર્ણ જીવનને અવરોધી રહ્યા છે, મોદી સરકારના પ્રયત્નો ઓછા નથી, પરંતુ પરિણામો ધાર્યા નથી તે કહેવું ખોટું નહીં ગણાય, પરંતુ વડા પ્રધાન મોદી અને તેમની સરકારે છેલ્લા દસ વર્ષમાં મહિલાઓના સતત વિકાસ અને તેમની આગેવાનીમાં દેશના વિકાસની અલખ જગાવી છે તે વાત નજરે પડ્યા વિના રહેતી નથી.

શરૂઆત વડા પ્રધાનના એક ભાષણથી કરી હતી તો પૂર્ણાહુતિ પણ તેમના બીજા એક ભાષણના અંશથી જ કરીએ. વર્ષ ૨૦૨૦માં વડા પ્રધાને ફરી ૧૫મી ઑગસ્ટ અને લાલ કિલ્લાને જ મંચ બનાવ્યો અને વાત કરી મહિલાઓના માસિકધર્મની અને સેનેટરી પેડ્સની. જે વાત કોઈ મહિલા નેતાએ પણ નથી કરી તે મોદીએ કરી. મોદીએ કહ્યું કે પ્રધાન મંત્રી જન ઔષધી કેન્દ્ર સ્કીમ હેઠળ સરકાર એક રૂપિયામાં સેનેટરી પેડ્સ આપે છે.

જે દેશમાં આજે પણ માસિકધર્મને આભડછેટ સાથે જોડવામાં આવતો હોય અને જે વિષય પર બે મહિલા પણ ચર્ચા ન કરતી હોય, તેવા વિષયને દેશ-દુનિયા સામે રાખવા માટે પણ ૫૬ની છાતી જોઈએ અને તે હીરાબાના સપૂતે બતાવી છે.

આજે તેમના જન્મદિવસ નિમિત્તે આશા રાખીએ કે તેમની નેતાગિરીમાં દેશની માતા-બહેનો-દીકરીઓનો સર્વાંગી વિકાસ થાય અને દેશની ઉન્નતિમાં મહિલાઓનું યોગદાન મોખરે રહે. ■



આદરણીય વડા પ્રધાન
શ્રી નરેન્દ્ર મોદીજીને
૭૫મા જન્મદિવસે
અનેક અનેક શુભેચ્છાઓ
આધુનિક ભારતના
શિલ્પકાર વડા પ્રધાન મોદીજી
જુગ જુગ જીઓ.
શ્રી પરાગ શાહ
વિધાનસભ્ય, ઘાટકોપર (ઈસ્ટ)
મહારાષ્ટ્રના કદાવર ગુજરાતી નેતા

**ભારતના આદરણીય વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી**

તારીખ ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૫ આપશ્રીનો ૭૫મો જન્મદિવસ છે. જ્યારથી આપશ્રી દેશના વડાપ્રધાન બન્યા ત્યારથી આપશ્રીની આગેવાની હેઠળ દેશે હરણફાળ ભરીને દેશ દરેક ક્ષેત્રમાં ઉત્તરોત્તર પ્રગતિ કરી રહ્યો છે. આપના સચોટ અને સાચા નિર્ણયોથી વિશ્વમાં ભારતનો ડંકો વાગી રહ્યો છે. આપશ્રી શતાયુ જીવો અને નિસ્વાર્થ ભાવે દેશની સેવા કરતા રહો એજ આપની ૭૫મા જન્મદિવસ નિમિત્તે પ્રાર્થના,અભ્યર્થના.

**દીપક પાર્શ્વીર નાગડા**
અમદાવાદ

**વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને જન્મદિવસની શુભકામનાઓ.**

From
**Tehmuras Homi Kolah, Keshmira Tehmuras Kolah, my daughters Zelda, Parinaz, my Son in law Maulik Ajmera, Anil Nair, my grandson Meharzan.**

जन्म दिवसीय राष्ट्रीय कुलपति न्यु सर्जक नये युग दृष्टा सर्व माननिय, भारतवर्ष के यशस्वी प्रधानमंत्री **श्री नरेन्द्र मोदीजी** के जन्म दिन के शुभ अवसर पर ढेर सारी शुभकामनाएं हृदय से हैं हमारी।

विश्वविधाता और भारत माता आप को दीर्घ आयु और अधिक देशसेवा के लिए खूब बल, ज्ञान, पूर्ण

स्वास्थ्य और अधिक तेजस्वी बनाये रखें ऐसी अभिलाषा और ईश्वर से प्रार्थना है। जय सियाराम

**डॉ. लक्ष्मनभाई कथीरीया**

ગુજરાતના પનોતા પુત્ર ભારતના તેમ જ વિશ્વના સૌથી વધુ લોકપ્રિય નેતા એવા ભારતના વિકાસ પુરુષ **વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબ**ને ૭૫મા જન્મદિવસે ભારતનું નામ રોશન કરતા રહે તેવી હૃદયથી શુભેચ્છા.

**કિરીટકુમાર કેશવલાલ પંડ્યા,**
જામનગર

Wish You Happy Birthday Proud **Prime minister Of INDIA**
**- Bharati Mehta**
Ghatkopar Mumbai 400077

**Modi ji** Many Many Happy Returns of the day
Happy Birthday
**- Smt. Kamdar**
Suburb..Dahisar (W.).Mumbai

**શ્રી મોદીસાહેબ,**

આપના ૭૫મા જન્મદિવસની હાર્દિક શુભેચ્છા. ઈશ્વર તમને અસત્ય તેમ જ અન્યાય સામે લડવાની ક્ષમતા આપે તેવી પ્રાર્થના. તમારું સ્વાસ્થ્ય સારું રહે અને સદા હસતાં રહો એવી શુભકામના.

આપનો શુભચિંતક
**જયેશ શેઠિયા**
ડોંબિવલી

આપણા માનનીય યશસ્વી પ્રધાનમંત્રી **શ્રી નરેન્દ્રભાઈ મોદીજી**ને જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ, ભગવાન એમને લાંબું અને તંદુરસ્ત જીવન જીવવા માટે પ્રાર્થના.

**ભરત ગોટેચા, ઘાટકોપર, મુંબઈ**

Wish Hon. Pm **Shree Narendra Modiji** a happiest & healthy 75th birthday. 140 crore indians r praying God for his long & successive life.

**-T T BHADRA**

‘‘**आदरणीय प्रधानमन्त्रिण:** जन्मदिनविशेषे शुभकामना:। भवत: आयु: आरोग्यम् ऐश्वर्यं च निरन्तरं वर्धताम्। राष्ट्रस्य सेवा सततं प्रेरणादायिनी भवतु। सप्तत्यधिकचतुर्थे वर्षे अपि भवत: तेज: अविच्छिन्नं प्रकाशमानं जगतु। भारतस्य समृद्धि:, ऐक्यम् च भवत: नेतृत्वे निरन्तरं वर्धताम्।‘‘

**Bhupendra Shah**

જુગ જુગ જીવો મોદીજી. તમે છો દેશના તારણહાર, દેશને આગળ વધારનાર અને દુનિયામાં ભારતનો ડંકો વગાડનાર. સૌને પ્રોત્સાહિત કરનારા લાડલા યુગપુરુષ **મોદીજીને** આજના આ ખાસ જન્મદિવસની અઢળક શુભેચ્છાઓ અને નતમસ્તકે વંદન.

**સુષ્મા શેઠ (વડોદરા)**

**Shree Narendrabhai Modiji,** Our reliable Prime Minister of India, Many many happiest returns of the day. Happiest birthday. God bless you and entire citizens of India forever. N-Noble, A-Ambitious, R-Reliable, E-Evergreen, N-Nice, D-Dynamic, R-Religious, A-Active. Narendra "NAROME UTTAM"."Jabtak Suraj-Chand rahega "Narendrabhai" Tab- tak aapka nam rahega. Aap jio hajaro saal, Bhagwan aapko lambi umar de.

**Bharat Bhatia,** Borivali.

Jsk Happy Birthday **Modiji.** ye Sankat tu Khusi Se sah lena sada huste hueTapna Gagan me, Kisi adarsh Sankalp pura karne bheja hai prabhu ne, Tu chal Parva n kar pran ki ye Bhi ek Lila hai Prabhu ki Jagat Udhhar ki

**Madhukant Makani**

**નવું વર્ષ નવો જન્મદિવસ ૭૫ not out**

નવા વર્ષમાં નથી નવું કંઇ
બધું પુરાણું ભાસે છે
એજ દિવસ ને એજ રાત છે
સૂર્ય ઊગે છે એનો એ ,
એ જ સ્વાર્થ ને એજ ભોગમાં નવું નવું
શું લાગે છે !
કાળ ગણિતમાં નવું જૂનું ના,
બધું એક અદ્વૈત દીસે ,
ગતિ હીન જીવન પ્રવાહમાં,
નવું વળી શું કહેવાશે !
નવા વરસના નવા નિશ્ચયો
નવા નિર્ણયો લેવાશે ,
નવું ધ્યેય લઈ આગળ ધપશો,
જન્મદિવસ એ કહેવાશે !
નવા પ્રાણ પુરાય જીવનમાં,
નવો વેગ જીવન પામે ,
નવા ઉમંગો ઊઠે રુદયમાં,
નવો જન્મદિવસ કહેવાશે !
નવું વરસ કંઈ નથી સમયમાં,
નવું જૂનું મુજ મનમાં છે,
નવ યુવાન થઈ રહો સદાયે,
નવો જન્મદિવસ કહેવાશે !
બાલિસતા ગઈ બાલ્ય કાળની ,
વૃદ્ધ નિરાશાના સ્પર્શે ,
ચિંતાહીન બને જીવન જો,
નવો જન્મદિવસ કહેવાશે !
નવો દીસે આવેશ જીવનમાં,
નવું જગત આ લાગે છે,
ખરો ભક્ત તો નવા વરસમાં,
નવું જીવન એ માગે છે. (૨)

**સ્વ. હરિભાઈ કોઠારી**
**મોકલનાર અશ્વિન કોટેચા**

**NM Motabhai** tamne janma divas ni khub khub subhechha... prabhu ne mari prarthna tamne mari umar pan mali jaay ane tame swasth ane pravrut jiwan jivo

**Heena Vora,** Mulund west

JUG JUG JIVO BHARATNA ATYANT LOK LADILA VADA PRADHAN **SHRI NARENDRABHAI DAMODARDAS MODI SAHEB.** 75 MA JANMDIVAS NI SUBH KAMNA. BHARAT NI KHUB KHUB SEVA KARO . AVI PARAM KRUPALU PARMATAMA NE PRATTHNA JAY BHARAT.

**CHANDRAKANT C SHAH ,**
SANTACRUZ

મેક ઈન ઇન્ડિયા અને આત્મ નિર્ભર ભારત દ્વારા દેશના એકસો ચાલીસ કરોડ જનતાને પ્રગતિના પંથે લઈ જનાર અને ગ્લોબલ ઇકોનોમિમાં ચોથા સ્થાને લઈ જનાર અને ભારતના સંરક્ષણ ક્ષેત્રને મજબૂત કરીને દુશ્મન દેશોને એમની ઔકાત બતાવનાર એવા ભારતના વડા પ્રધાન દેશના કરોડો લોકોના હૃદયમાં સ્થાન બનાવનાર મા હીરાબા ના લાડલા અને માં અંબા ના ભક્ત એવા **નરેન્દ્ર મોદીને** એમના ૭૫ મા જન્મ દિવસે ખૂબ ખૂબ અભિનંદન અને હાર્દિક શુભેચ્છા.

પ્રભુ આપને લાંબું નિરોગી જીવન આપે એવી પ્રાર્થના.

**હીરજી માયાભાઇ છેડા**
ઘાટકોપર વેસ્ટ,મુંબઈ

**વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીને ૭૫મા જન્મદિવસની હાર્દિક શુભકામનાઓ.**

આપના નેતૃત્વ અને વિઝને દેશને નવી ઊંચાઈઓ પર પહોંચાડ્યો છે. આપના સ્વસ્થ અને દીર્ઘાયુ જીવન માટે પ્રાર્થના.

**કિશોરકુમાર જીવણદાસ વેદ,**
બોરીવલી (પશ્ચિમ)

Happy Birthday to our visionary leader. Your leadership inspires us all. May you have a long and healthy life filled with strength to continue your timeless service to the nation.

**Bhavind Mahendra Ashar**

માનનીય **વડા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ જી.**આપને જન્મદિવસ ની ખૂબ ખૂબ શુભકામના. ઈશ્વર આપને ભારતની રક્ષા માટે લાંબું અને સ્વસ્થ જીવન આપે એજ અભ્યર્થના.

**શરદ ભોજાણી સાયન, મુંબઈ**

કર્મના યોદ્ધાઓએ તેના જીવનમાં સમય અને શરીરની કાયમ આહૂતિ આપવી પડે છે. આ યોદ્ધાએ તો તેના જીવનમાં પચ્ચીસની ત્રણ વાર પાછું ફરીને નથી જોયું. **નરેન્દ્રભાઈએ** દેશની સાથે જગતમાં યોગ આપવા સાથે વિશ્વને એક કુટુંબ રચવા અનુરોધ કર્યો. મોદીજીએ દેશવાસીઓને સ્વદેશી વસ્તુઓના વપરાશ સાથે આત્મનિર્ભર ભારત તૈયાર કરી રહ્યા છે.

**Bharat Merchant**

**માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીને** જન્મદિનની હાર્દિક શુભકામનાઓ.

તમારા આશીર્વાદ અને પ્રેરણા હંમેશાં ભારતવાસીઓને માર્ગદર્શન આપે.

પ્રભુ તમને દીર્ઘાયુષ્ય, આરોગ્ય અને શક્તિ આપે તેવી પ્રાર્થના.

‘‘સર્વે ભવન્તુ સુખિન:’’ ના મંત્ર સાથે આપનો જીવનપ્રવાસ યશસ્વી બને.

**લિખિત: ડિમ્પલ હસમુખલાલ દસાણી**

Happy Birthday To Our Dear **Prime Minister Narendra Modi** on his 75th Birthday
Janmadivas ni khub khub shubhechcha
Janmadin ni hardik badhai.

**Aarti Hemant Mehta.**

લોકલાડીલા અને વહાલા પ્રધાનમંત્રી **શ્રી નરેન્દ્ર મોદી સાહેબ.**

આજે તમારા જન્મદિવસના શુભ અવસર પર અમારા શિક્ષકો અને વિદ્યાર્થીઓ તરફથી ખૂબ ખૂબ શુભકામનાઓ.

તમારા જીવનમાં ખીલે ખુશીઓનાં ફૂલ
સફળતાનો માર્ગ રહે હંમેશાં અનુકૂળ
તમારી તાજગી, જ્ઞાન અને સદાય સ્મિત
મનમાં રહે છે હંમેશાં જનહિત

ભગવાન તમને સારું આરોગ્ય, દીર્ઘ આયુષ્ય અને સફળતાથી ભરપૂર જીવન આપે તેમ જ ભારત દેશ માટેની તમારી સર્વ ઈચ્છા અને આકાંક્ષાઓ ઈશ્વર પૂરી કરે.

૭૫મા જન્મદિવસની હાર્દિક શુભકામનાઓ.

**સર્વ શિક્ષકો અને વિદ્યાર્થી તરફથી**
**શ્રીમતી આર. એન. શેઠ વિદ્યામંદિર,**
અંધેરી (પૂર્વ), મુંબઈ

**શ્રી નરેન્દ્રભાઈ મોદીજી,** આપણા પ્રિય અને લોકપ્રિય ગુજરાતી વડા પ્રધાન, જેમણે ભારતના સર્વાંગીણ વિકાસ માટે અતિશય યોગદાન આપ્યું છે, તેમને તેમના જન્મદિવસની ઐતિહાસિક શુભેચ્છાઓ. આ અવસરે, અમે શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના અનંત સેવાઓ અને દૃઢ પ્રયત્નોને આદર આપીને, શ્રીનાથજી બાવાના ભક્તિપૂર્વક આ વિનંતી કરીએ છીએ કે, આગામી સો વર્ષ સુધી તેમનું માર્ગદર્શન અને સેવા ભારતના શ્રેષ્ઠિત્વ માટે સતત યોગદાન આપતા રહે.

લિ. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ,
**પલ્લવી હસમુખલાલ દસાણી**

Happy Birthday to our visionary leader. Your leadership inspires us all. May you have a long and healthy life filled with strength to continue your timeless service to the nation.

From: **Bhavind Mahendra Ashar**

આમ તો જીવનનું એક વર્ષ ઓછું થઈ જાય એટલે ઉજવાય નહીં છતાં જન્મદિવસની ઉજવણી થાય તો એની થાય જેમનો જન્મ આ ભૂમિ પર કંઈ સાર્થક કાર્ય માટે થયો હોય અને છેલ્લાં ૨૧વર્ષથી જે જનતાના ઉધ્ધાર માટે જ જીવે છે એવા લોકલાડીલા પ્રધાનમંત્રી સાહેબ **નરેન્દ્ર દામોદર મોદીજીને** જન્મદિવસની ખૂબ ખૂબ શુભેચ્છા. વગર બુલેટપ્રૂફે જે લાલકિલ્લાથી છેલ્લાં અગિયાર વર્ષથી લોકોને ભાષણ નહીં પણ રાશન આપે છે એમને શુભેચ્છા, પોતાના ઘરમાંથી લાકડું બાળીને બીજાને પ્રકાશ આપે છે એવા અમારા પ્રધાનમંત્રી સાહેબને જન્મદિવસની ઘણી ખમ્મા.

**આલોક ગાગેડેકર**
મલાડ મુંબઈ ૯૫.

ભારતના સવેજીવોના લોકલાડીલા માનનીય **શ્રી નરેન્દ્ર મોદીજીને** જન્મદિવસના અભિનંદન એમના આવનાર દિવસો ખૂબ જ રચનાત્મક અને સર્જનાત્મક ઉત્સાહથી ભરપૂર ક્રિયામય રહે, એમનું જીવન ચરિત્ર દૂધ જેવું સફેદ રહે,મધ જેવી મધુર વાણી અને સ્નેહાલ સ્વભાવ રહે, તેમનું સ્વાસ્થ્ય સારું રહે

એજ શુભકામના સહ
**જીગીષા જોગાની**

**P.M. SHRI NARENDRABHAI MODIJI**, HAPPY 75th birthday , you blessed with the best of HEALTH and HAPPINESS. SAMRPAN, BHARAT MATAKI JAY.

**BABULAL P. SHAH**
MILAN JEWELLERS - VASAI

A lion's roar broke through the years,igniting hope, dissolving fears.
India stood, her head held high, her voice respected beneath the sky.
From ancient roots to heights a new,the world now turns its gaze on you.
With courage fierce and vision wide, you steered the nation with steadfast stride.
Our pride restored, our name reclaimed, a brighter future your work has framed.
On this birthday, we send our cheerfor the lion who leads, bold and clear'
Thank you so much for this opportunity

**Urvi Sohil**
Chembur - 71

૧૭/૦૯ : ભારત માટે ગૌરવ દિવસ કહેવાય ૧૯૪૭ થી ૨૦૨૫ ( શરૂ )

પહેલાં વડા પ્રધાન હશે કે જેમણે ભારત સહ વિશ્વના ફલક ઉપર નામના મેળવેલ છે અને તેઓએ બધો શ્રેય ભારતની જનતાને આપ્યો છે. માનનીય **વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને** અભિનંદન સહ જન્મદિવસની શુભેચ્છાઓ અને ઇશ્વર અગણિત આયુષ્ય બક્ષે

**ચંદ્રકાંત પી. બોરડીયા**
વસંત લીલા, ઘોડબંદર રોડ, થાણા.

A very dynamic -india-p.m.manniya **shri Narendra Modiji's** 75' Birthday is on Tuesday 17th sept. 2025....wishing to him """"Happy Birthday-to u And dirdhayusya- God blessings...

**Arun Morsawala.** Mumbai

Wishing a Very Happy 75th Happy Birthday.•

**Aartee Hemant Mehta.**
Ville Parle West.

Happy Birthday
**Modi Saheb**
god bless you
We love you
Danny Dhamecha
Kandivali west

Happy birthday to **Narendrabhai.**
From **Hemendra Mehta** Borivali

આપણા લોક લાડીલા વડા પ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના ૭૫ મા જન્મદિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ. મા ભારતી એમને નિરામય સ્વાસ્થ્ય એવમ દીર્ઘાયુ પ્રદાન કરે.જય શ્રી રામ.

**શિવજી ભદ્રા, થાણા**

મેક ઈન ઇન્ડિયા અને આત્મનિર્ભર ભારત દ્વારા દેશના એકસો ચાલીસ કરોડ જનતાને પ્રગતિના પંથે લઈ જનાર અને ગ્લોબલ ઇકોનોમિકમાં ચોથા સ્થાને લઈ જનાર અને ભારતના સંરક્ષણ ક્ષેત્રને મજબૂત કરીને દુશ્મન દેશોને એમની ઔકાત બતાવનાર એવા ભારતના વડા પ્રધાન દેશના કરોડો લોકોના હૃદયમાં સ્થાન બનાવનારમાં હીરાબાના લાડલા અને માં અંબાના ભક્ત એવા **નરેન્દ્ર મોદીને** એમના ૭૫ મા જન્મ દિવસે ખૂબ ખૂબ અભિનંદન અને હાર્દિક શુભેચ્છા.

પ્રભુ આપને લાબું નિરોગી જીવન આપે એવી પ્રાર્થના.

**લિ. હીરજી માયાભાઇ છેડા**
સાગર પાર્ક, અમૃત નગર, ઘાટકોપર-વેસ્ટ

આદરણીય **નરેન્દ્રભાઈ,**

આપને ૭૫ મા જન્મદિવસ પર ખૂબ ખૂબ અભિનંદન.

અમે પ્રાર્થના કરીએ છીએ કે આવનાર વર્ષ દરમ્યાન પ્રભુ આપનેઃ ઉત્તમ આરોગ્ય,
અસામાન્ય ઇચ્છાશક્તિ, પ્રચંડ સામર્થ્ય,
અનેક તક અને દેશવાસીઓની સેવા કરવા જરૂરી ક્ષમતા આપે

તેમજ આપ આપનું, કુળનું, પક્ષનું, વિચારધારાનું અને દેશનું નામ રોશન કરો જેથી સામાન્ય માણસની છાતી ગજ ગજ ફૂલે.

**કલ્પક મણીઆર અને કુટુંબીજનો**

Hari Om. Om Namah Shivay.
Message to our Well Wishers Prime Minister Narendra Modi. I am forwarding my good wishes on your birthday 17/09/2025 Wednesday that You be a Prime Minister of India till you live and leave in this world. I bring a Gujarati I am very Proud of you. My age is 86. Until now I have not seen many like you for India. You are doing very good work for lower and middle class. You increase more value of our India in through the World. While working for India you have never keep in your mind about your health and family members. Only you have given more respect to your mother till she alived in this world. I am very proud of same. I will pray to God from tomorrow to give you more Energy to keep India Number One in World at your earliest. India Rupee will Number One in World also at your earliest. Proudness of USA must come on earth from Sky.

**Navaneetray Jayantilal Bhatt.**
Andheri-West

My Message to Respected **Modiji,**
આદરણીય **નરેન્દ્રભાઈ**

હું તમારી માતાની ઉંમરનો છું.

તમારા જન્મદિવસ નિમિત્તે મારી હાર્દિક શુભેચ્છાઓ સ્વીકારો.

મારા અંતરથી તમને આશીર્વાદ આપું છું કે ભગવાન તમને સારું સ્વાસ્થ્ય અને લાંબું આયુષ્ય પ્રદાન કરે. તમને શારીરિક અને આધ્યાત્મિક શક્તિ મળે જેથી તમે બધી મુશ્કેલીઓ દૂર કરી શકો અને આપણા ભારત દેશને સુવર્ણ યુગ તરફ દોરી શકો. હું ભગવાનને પ્રાર્થના કરું છું કે તમારા સક્ષમ નેતૃત્વ હેઠળ આપણો દેશ વિશ્વમાં અગ્રણી રાષ્ટ્ર બને.

મારા પ્રિય પુત્ર, આ તમારા માટે માતાનો આશીર્વાદ છે.

**- Usha Vinod Kantharia**

**માનનીય શ્રી નરેન્દ્ર મોદી સાહેબ,**

આપને જનમ દિવસની હૃદયથી ખૂબખૂબ શુભેચ્છા. પરમકૃપાળુ પરમાત્મા આપને સ્વસ્થ લાંબું આયુષ્ય આપે તેવી પ્રાથના કરીએ છીએ. આપ લાંબા સમય સુધી દેશની અને દેશવાસી જનતાને આપના જ્ઞાન અને શક્તીનો લાભ આપતા રહો તેવી વિનંતી.

**જીતેન્દ્ર સી.મહેતા**

JANAM DIVAS NI HARDIK SUBHECHHA SAH AAPNA SWASTHYA SARU RAHE TE GURUHARI H H S D MAHANT SWAMI MAHARAJ NE PRARTHANA.

Wishing **Mr. Narendrabhai modi ji** a very happy birthday.
wishes from,
**Ronak, Aaskha, Sumeet, priya, jayshree, girish nandlal Doshi family.**
Ghatkopar east, Mumbai.

Many Happy returns of the day **Shri Narendra Modiji.**

**Meena Karani,**
MULUND, Mumbai

Many happy returns of the day- **Shri Narendra Modiji**.

**Bharat Karani,**
Mulund, mumbai

**Modiji** on his seventy fifth birthday jug jug jio naye bharat ke swapna drashta n vidhata.

**Malti Madhukant Makani,**
tilak nagar Mumbai.

Wishing a very Happy Birthday to our proud leader, who inspires confidence and strength in the nation. May you always be blessed with courage, wisdom, and the unshakable spirit that guides us all.

**USHA Shah,**Chembur

Many many happy returns of the day to our honourable Prime Minister **Shri Narendra Modi.** May God bless him with a long and a healthy life in service of our nation and the whole world.

**Haresh Chheda,**
Dadar, Mumbai.

પાડ માનો પરજાનો નમો
જેવા નેતા મળ્યા.
પુણ્ય ભા ભારતીના કે નિઃસ્વાર્થ
નીડર નેતા મળ્યા,
નહીતર થતે શા હાલ ભારત દેશના
કલ્પી જુઓ. કૌભાંડોત્રસ્ત કૉંગ્રેસનો
ભૂતકાળ તો નીરખી જુઓ.

**સતીશચંદ્ર ડી. પરીખ (રોકડિયા).**

યુગ પુરુષ સદા બહાર એવા ભારતના લાડીલા સુપુત્ર જેણે પોતાનું સમગ્ર જીવન ભારત માતાના ચરણોમાં સમર્પિત કર્યું છે. એવા લોક લાડીલા શ્રી નરેન્દ્રભાઇ મોદીને એક ---- માતાના ખૂબ જ આશીર્વાદ છે કે સ્વસ્થ રહો , વ્યસ્ત રહે-મસ્ત રહો અને જિંદગી ભર મા ભારતીની સેવા કરતે રહો. ભારતવાસીઓને તમારે માટે ખૂબ ગર્વ છે.

ટીપ : સુવર્ણ જેટલું તપે તેટલું શુદ્ધ થાય છે.

**જી.ટી.૧૨**
કેમ્પસ કોર્નર, મુંબઇ-૨૬.

ભારતના **વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદીને** ૭૫મા જન્મ દિવસના અભિનંદન. આપણે બધા ઇશ્વરને પ્રાર્થના કરીએ કે આપની દરેક શક્તિઓ સલામત રહે અને આપ ૧૦૨ વર્ષ નોટ આઉટ રહી ભારત દેશને અત્યારે પ્રગતિના પંથે લઇ જાવ છો તે ચાલુ રહે, વધારે પ્રગતિ થાય. આપની નિંદા કરનારને મારે કહેવું છે કે તેઓ જયાં રહેતા હોય તે મકાન-સોસાયટીના એક વર્ષ માટે સેક્રેટરી બને, તે સોસાયટીમાં ૧૪૦ લોકો રહેતા હોય, આખા એક વર્ષમાં કોઇ સભ્યની ફરિયાદ આવવી જોઇએ નહીં. સાહેબ તમે ત્રાસી જશો. નરેન્દ્રભાઇ મોદી ૧૪૦ કરોડ જનતાને સંભાળે છે.

**રસિક શુકલ**
(ઘાટકોપર-મુંબઇ).

ભગવાન દૂર રાખે તમને બધા દુઃખોથી, જન્મદિવસ મુબારક હો તમને દિલની ગહેરાઇઓથી.
Wish You a Very Happy Birthday
From **PP Jasmin shah**
innerwheel club of Bombay North west, District 314, India.

પ્રકાશનાર્થ
કોણ જાણે શું રાઝ છે, એવો એમનો અંદાજ છે, જે એમનાથી નારાજ છે,
એમને પણ, એમના પર નાઝ છે.
એવા વડા પ્રધાનને ૭૫મા જન્મદિવસની હાર્દિક શુભેચ્છા.

**કનૈયાલાલ ઘ. સરાફ**
**ટ્રસ્ટી મારવાડી સંમેલન.**
૨૦૧/૨૦૨, સરાફ અપાર્ટમેન્ટ,
મલાડ (પૂર્વ), મુંબઇ-૪૦૦૦૯૭.

**શ્રી નરેન્દ્રભાઇ મોદી,**
અમારા (આપણા) **શ્રી નરેન્દ્રભાઇ મોદીના** જન્મદિનની હાર્દિક શુભેચ્છા.

**મહેશ રોડ,** સાયન (વેસ્ટ),
મુંબઇ-૪૦૦૦૨૨.

વિશ્વગુરુની જેમને ઉપાધિ મળી છે. વિશ્વના ટોચનાં દેશોનાં સવોત્તમ Award થી નવાજવામાં આવ્યા છે, ૧૪૦થી વધારે દેશોમાં કોરોનાં સમયે ભારતમાં બનેલી રસીથી કરોડો માનવીનાં જીવન બચાવ્યા છે, એવા મહાનાયક શ્રી નરેન્દ્રભાઇ મોદીને ખૂબ ખૂબ શુભકામના અને દિર્વાઆયુએ મનોકામના.

**દિપક વસનજી છેડા, મલાડ.**

‘‘વળતાં પાણી’’ થાય કદી ના!
જીવન ,જે તે શિખરે જ સમેટાય!
શુભેચ્છા એજ શ્રેષ્ઠ કહેવાય!
જન્મદિને એ જ આશિષ દેવાય.
From
**Joshi Harshadkumar Govindjibhai**
સાવરકુંડલા.

૭૫ વર્ષના જન્મદિવસની શુભકામના, **શ્રી નરેન્દ્રભાઇ મોદીજીને.** દરેક દિશાઓમાંથી આપને સુખ, સફળતા, સંતોષ તથા તંદુરસ્તી પ્રાપ્ત થાઓ. તથા આપનું જીવન હંમેશાં મંગલમય અને ખુશીઓથી ઝળહળતું રહે એવી પ્રભુને પ્રાર્થના નમ્રતાથી. તમારા નેતૃત્વ થકી ભારત દેશ વધુ પ્રગતિ કરે એવી અમારી મનોકામના.

**કિશોરભાઇ શાહ તથા પરિવાર.**

Warm birthday wishes to Hon'ble Prime Minister **Shri Narendra ModiJi.** Your visionary leadership and relentless dedication towards building a stronger, self-reliant India continue to inspire the nation.

May you be blessed with good health and many more years of service to the country.

**Yogesh Mehta**
Vashi, Navi Mumbai.

૭૫મા જન્મદિવસે યુગપ્રવર્તક સન્માનનીય પ્રધાનસેવક ‘નમો’ને સપ્રેમ-જીવેમ શરદઃશતમ
ફળી છે તમોને હિમાલયની પ્રચંડ સાધના,
ને ઉત્કૃષ્ટ એવી માં જગદંબા ની
આરાધના,
છો વિષ્ણુના અવતાર સમા ને કષ્ટ
ભય નિવારક, નાનામાં નાના માણસના
છો તમો ઉદ્ધારક,
‘જીએસટી’નાં ઘટાડાથી થશે
નવરાત્રીનો શુભારંભ,
‘‘દીવાળી’’ ઝળહળશે સૌની,
નુતન વર્ષનો થાશે પ્રારંભ,
વિશ્વની અગ્રીમ મહાસત્તા બની રહ્યું
છે ’ભારત’ એ છે નક્કી, સામાન્ય
દેખાતો માણસ કરશે હવે તરક્કી,
‘તમ’જીવનનાં ‘અમૃત’ પર્વે એક જ
છે ઇશ્વરને પ્રાર્થના,
કે જુગ જુગ જીવો અમ સૌનાં વીર,
એ જ અભ્યર્થના,
બસ એ જ અભ્યર્થના!

-આપના શુભચિંતક
**હિતેશ છબીલદાસ મહેતાના પ્રણામ**
(મલાડ,મુંબઇ)

Wishing our Hon'ble Prime Minister a very Happy Birthday
Your vision and leadership continue to inspire the nation.
May you be blessed with good health, strength and long life.
Best wishes for your journey in serving Bharat Mata".

**By Vijay H. Ganatra**
Takiya ward Kurla(W)
Mumbai Maharashtra

MODYJI ne janam divas ni khub khub vadhai.100 sal amar rahe aevi wishes.

**Uma Parekh**
Matunga (East), (CR.)

માનનીય પ્રધાનમંત્રી **શ્રી નરેન્દ્રભાઈ મોદીજીને** ૭૫મા જન્મદિવસની હાર્દિક શુભેચ્છા.

આપનું જીવન રાષ્ટ્રસેવા, જનકલ્યાણ અને ભારતના ગૌરવને ઊંચાઈએ પહોંચાડવા માટે અર્પણ થયેલું છે, આપના દ્રઢ નેતૃત્વ હેઠળ ભારતે વિશ્વ મંચ પર પોતાની અનોખી ઓળખ બનાવી છે અને આત્મનિર્ભરતા, વિકાસ તથા સંસ્કૃતિના ગૌરવના માર્ગે નવા કીર્તિમાન સ્થાપ્યા છે, દેશના સર્વાંગી વિકાસ, ગરીબ કલ્યાણ, સુશાસન તથા વિશ્વ પથ પર ભારતની પ્રતિષ્ઠા વધારવા માટે આપનું યોગદાન અભૂતપૂર્વ રહ્યું છે.સહુ દેશવાસીઓ તરફથી ઈશ્વરને પ્રાર્થના છે કે ઈશ્વર આપને દીર્ઘાયુ, ઉત્તમ આરોગ્ય અને અખૂટ ઊર્જા અર્પે,જેથી આપ આવી રીતે નિરંતર દેશ અને સમાજની સેવા કરતા રહો, જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ અને શુભકામનાઓ

**પરેશ ટી. સાંખલા**
વિલેપારલે - ઇસ્ટ

Wishing Our Visionary Hero **Shree Narendrabhai Modijee** A very Happy Birthday
We are Blessed To Have You As Our Prime Minister, Please Stay Healthy Bless Us Forever

**Virendra Lakhani,**
Kandivali (West), Mumbai

Happy Birthday 2 u....Amara badhana ladla **Shri Narendrabhai Modi**
Hemali jitesh fofaria,
Khopoli

મારા સુખ, દુઃખ અને શક્તિના સ્રોત એવા પરમ મિત્રને જન્મદિવસ મુબારક!

**Kishor Morzaria,**
Sangli 416416, Maharashtra

RESPECTED PRIME MINISTER **NARENDRA DAMODARDAS MODIJI** WISH U MANY MANY HAPPY RETURNS ON YOUR 75 TH BIRTHDAY CELEBRATION OUR WISHES FROM BODY MIND SOUL TO LONG LIVE TO SERVE BHARAT AND ENTIRE UNIVERSE WITH BLESSINGS OF ALMIGHTY GOD.
FROM
**ROHIT MAYA KAMDAR**
FAMILY

**ભાઈશ્રી નરેન્દ્રભાઈ મોદી,**

જન્મો જન્મ બસ અમને તમારી સાથેજ સાથેજ રહેવું પડશે.

આવા ચમત્કારો સાથે અમારે સંકળાવું જ પડશે

દેશમાં ખરાબ વિચારોવાળાઓને દેશહિતમાં વિદેશીઓને વિદેશ પાઠવી દેવા જ પડશે.

આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને સત્તરમી સપ્ટેમ્બર બુધવારના રોજ ચાલો આપણે તેમનો જન્મદિવસ હરખ અધિકથી ઉજવીએ.

ચાલો ભાઈ બહેન બધા ચાલો આ દિવસ આપણા માટે જાણે કૃષ્ણ જન્મદિવસ જેવો રહેશે અને આપણે એવો ઘંટારવ કરીએ કે વિશ્વ આખું મૌજ મજાથી આ દિવસને મૌજથી જોશે.

કવિ અશોકકુમાર શાહ 'પરાગરજ'
કાંદિવલી ઇસ્ટ, મુંબઈ-૪૦૦૧૦૧.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને ૭૫મા જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ, ઈશ્વર તેમને ૧૦૦ વર્ષનું તંદુરસ્તપૂર્ણ દીર્ઘાયુ પ્રદાન કરે તેમજ હજુ બીજા દસ વર્ષ સુધી વડા પ્રધાનપદે સેવા આપે તેમજ ઈશ્વર તેમને મજબૂત મનોબળ, યાદશક્તિ તેમજ તીવ્ર બુદ્ધિમત્તા પ્રદાન કરે તેવી પ્રાર્થના.

**Arun Mehta.** Ghatkopar

**Happy Birthday Modiji**
**Nitinbhai Jariwala**

**મોદીજી** આપના જન્મ દિવસ નિમિત્તે આપને શુભેચ્છા પાઠવું છો આપનું આરોગ્ય સારું રહે અને ભગવાન તમને દેશની સેવા માટે લાંબુ આયુષ્ય આપે.

**અશોક દોશી મુંબઈ**

લોકલાડીલા માનનીય વડા **પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીને** તેમના ૭૫મા જન્મદિવસે ખુબ ખુબ શુભેચ્છા પરમકૃપાળુ પરમાત્મા એમને સારું આરોગ્ય અને દીર્ઘાયુ આપે એવી પ્રાર્થના. ભારત માતાની જય વંદે માતરમ.

**અરવિંદ બાબુભાઈ કારેલિયા**
કાંદિવલી પશ્ચિમ

**Shri Narendra bhai,**

I am so proud to have such dynamic person as our prime minister.

My father who is 92 treats you like his son.

He has blessed you by saying " Shatayu Bhav.'

From

**Varsha Trivedi**
Malabar Hill.


(FORTNIGHTLY) Every Month 1st & 16th Day (Govt. Regd. No. 20558/72)

કચ્છ-સત્તા

E-mail : kutchsatta@yahoo.com

લાડીલા લાલ એવા ભારત દેશના લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને તેમનાં ૭૫મા જન્મદિવસે હૃદયપૂર્વક શુભેચ્છાઓ

દેશદેવી મા આશાપુરા માતાજી મોદીજીને સારી તંદુરસ્તી અને દીર્ઘ આયુષ્ય બક્ષો એવી પ્રાર્થના.

દેશના સૌથી વધુ લાડીલા અને લોકપ્રિય નેતા શ્રી મોદીજી ગુજરાતનાં મુખ્યમંત્રી પદે હતા તે દરમ્યાન ચુંટણીનો માહોલ હતો. મોદીજીનું સન્માન કરતાં કચ્છી દાનવીર દામજીભાઈ એંકરવાલાએ ભુજની લાલન કૉલેજમાં ભરચક લોકહાજરી સાથે એવી શુભેચ્છા વ્યક્ત કરી હતી કે "મોદીજી આપ આજે કચ્છનાં લાલન કૉલેજના ગ્રાઉન્ડ ઉપરથી સંબોધી રહ્યા છો. આવતા દિવસોમાં આપ લાલનથી લાલ કિલ્લા ઉપરથી સંબોધન કરશો એવી શુભેચ્છા સહ મા આશાપુરા માતાજીનાં આશીર્વાદથી વડાપ્રધાન બનશો એવી કચ્છી જનતા પણ શુભેચ્છા પાઠવવા અહિં હજારોની સંખ્યામાં ઉપસ્થિત છે.

**કચ્છ સાથે મોદીજી નો અતૂટ-અનોખો સંબંધ**

મોદીજી કચ્છમાં પધારે છે ત્યારે તેઓ ભાવુક બનીને કહે છે : કચ્છ સાથે મારો અતૂટ-અનોખો સંબંધ રહ્યો છે. અને એ યાદ રહે કે, કચ્છના ગોઝારા ધરતીકંપ વખતે હેલીકૉપ્ટર દ્વારા કેન્દ્ર તરફથી કચ્છ આવીને કચ્છની ભૂકંપની તબાહીનો જાતરિપોર્ટ કેન્દ્રમાં રજુ કર્યો કે તુરતજ મોદીને ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકે કેન્દ્રે ઘોષિત કર્યા હતા.

મોદીજીના પ્રયાસોથી કચ્છ આજે પ્રગતિના શિખરે પહોંચી રહ્યું છે. કચ્છમાં મહાકાય ઉદ્યોગો સ્થપાઈ ગયા છે અને પ્રવાસન ક્ષેત્રે પણ કચ્છ આજે ચારે દિશામાં જાણીતું બન્યું છે.

ધન્યવાદ અને હાર્દિક શુભેચ્છા મોદી સાહેબ આપને.

- મધુકાન્ત રાયસોની(ભાટિઆ)
સોનુ એમ. ભાટિઆ









જીવેત શરદઃ શતમ્

બોરીવલી સાંસ્કૃતિક કેન્દ્ર **વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના** ૭૫મા જન્મદિવસે ખરા દિલથી દેશપ્રેમ સાથે શુભેચ્છા પાઠવે છે. આપની દીર્ઘ દૃષ્ટિ અને શક્તિશાળી નેતૃત્વ નવા અને મજબૂત ભારતના નિર્માણનો પાયો અને આધારસ્તંભ છે. બોરીવલી સાંસ્કૃતિક કેન્દ્ર દેશના ભવ્ય સાંકૃતિક વારસાને આગળ વધારવા માટે અને દેશને વધારે તાકાતવાળો બનાવવાના આપના મિશનમાં યોગદાન આપવા સદાય સમર્પિત રહેશે.

**પ્રમુખ, બોરીવલી સાંસ્કૃતિક કેન્દ્ર,**
**હરીશ છેડા.**

**આયુષ્ય માન ભવોઃ**

આપે આપની જિંદગી દેશ માટે નિઃસ્વાર્થ સેવા ભાવનાથી અર્પણ કરી, એક એક કાર્યમાં દેખાય છે, ફકત હવે ન્યાય પ્રક્રિયા સુધારો કરીને જલદી જલદી ન્યાય અપાવે તે બાજુ કામ કરો, હું લગભગ ૧૮ થી ૨૦ વર્ષ રાહ જોઈ રહ્યો છું, મે કોઈ ગેરકાનૂની કામ કર્યું નથી,

મુંબઈ હાઈકોર્ટ માં CRA 11/ 2008,finl hearing છે પણ hearing થતું નથી, હું કબજો ગુમાવી બહાર છું, ફકત restoration court order ની સામે સ્ટે લીધો છે. મારી ઉંમર ૭૬ની છે તો હવે કેટલાક વર્ષ ની રાહ જોવી,........... મારી જેવાની જીંદગીઓ સફળ થાય.

**ઘેલાણી પ્રકાશ શામલજી**

**Modiji**

Your dedicated efforts with India and Indians at heart has changed position of India in Global map. May God bless you on your 75th Birthday

**Girdhardas Sampat**
Matunga, Mumbai

ભારતને દુનિયામાં આગવી ઓળખ આપનાર, ઊર્જાના અપાર સ્ત્રોત અને પોતાના નિર્ણયોથી નવો ચીલો પાડનાર

તમારા દ્વારા અપ્રતિમ પરિશ્રમ, સમર્પણ અને સર્જનાત્મકતા સાથે હાથ ધરવામાં આવેલું રાષ્ટ્ર નિર્માણ અભિયાન તમારા નેતૃત્વમાં આગળ વધતું રહે.

માનનીય વડાપ્રધાન **શ્રી નરેન્દ્ર મોદીને** તેમના જન્મદિવસ નિમિત્તે હાર્દિક શુભેચ્છા=દ્વ

**–પરસોતમ નાગજીભાઈ સુંબડ**
(મલાડ)

Long Live Modijee, Wishing You A Very Happy Healthy Life Ahead=O

We are Blessed To Have You As Our Prime Minister, Please Stay Healthy Bless Us Forever =O

**- Virendra Lakhani,**
Kandivali (West), Mumbai

**આદરણીય વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી,**

આપના અદમ્ય શ્રમ, દૃઢ સંકલ્પ અને પ્રેરણાદાયક નેતૃત્વથી ભારત દેશ આજે નવાં શિખરો સર કરી રહ્યો છે. વિશ્વના નકશા પર ભારતનો ડંકો વાગી રહ્યો છે અને તેનું ગૌરવ દરેક ભારતીયના હૃદયમાં ઊર્મિ જગાવી રહ્યું છે.

તમે સાચા અર્થમાં ભારતના વિકાસ પુરુષ અને વિશ્વગુરુ છો.

આપનો જન્મદિવસ દરેક ભારતીય માટે આશા, ઉત્સાહ અને નવાં સપનાં જગાવતો પવિત્ર પ્રસંગ છે.

આ પાવન દિવસે આપને હૃદયપૂર્વક અનેક અનેક શુભકામનાઓ અને દીર્ઘાયુ માટે પ્રાર્થના.

શુભેચ્છુકઃ **અનિલ મેહતા**

My msg on **Modiji's** birthday:

જુગ જુગ જીવો મોદીજી. તમે છો દેશના તારણહાર, દેશને આગળ વધારનાર અને દુનિયામાં ભારતનો ડંકો વગાડનાર. સૌને પ્રોત્સાહિત કરનારા લાડલા યુગપુરુષ મોદીજીને આજના આ ખાસ જન્મદિવસની અઢળક શુભેચ્છાઓ અને નતમસ્તકે વંદન

**સુષમા શેઠ**

'"Wishing our Hon'ble Prime Minister a very Happy Birthday.

Your vision and leadership continue to inspire the nation.

May you be blessed with good health, strength and long life.

Best wishes for your journey in serving Bharat Mata

By **Vijay H. Ganatra**

પૂજ્ય આદરણીય **નરેન્દ્ર મોદીજી,** પ્રણામ.

તમારો ૭૫ મા જન્મદિનની બહુ બહુ શુભેચ્છાઓ.દ્વતમે સ્વસ્થ રહો એવી મનોકામના અને હજી પણ દેશ માટે સારા કામ કરો, દેશ ને તમારી જરૂર છે, તમે છો તો અમે નિચિંત છીયે, તમને આ શુભ દિવસની શુભકામના સાથે અભિનંદન.

ઉર્વી દંડ,
આઈઆઈટી પવઈ,
મુંબઈ ના જય જિનેન્દ્ર, જય માતાજી

Happy birthday to Our beloved prime minister
**Bhavika ghelani**

MSG to **Narendra modi ji**
Wishing you happiness Birthday to Modi ji.. god always bless u.
Frm **Ambubhai Patel**
Jawahar Nagar society Ltd, Goregaon West , Mumbai.

જુગ જુગ જીવો
ભારતમાતાનાં પનોતા પુત્ર
અમારા અનમોલ **મોદીજી,**

મોદીજી, આપને જન્મદિવસનાં ખૂબ ખૂબ અભિનંદન.

તમે જે રીતે 'ઓપરેશન સિંદૂર' દ્વારા પાકિસ્તાનનાં છક્કા છોડાવી દીધા છે, તેને આખું વિશ્વ જાણે છે.

ટ્રમ્પની ટેરીફ પોલીસી સામે પણ આપની શાંતિ પૂર્ણ અને વિશ્વનાં અન્ય દેશોનાં સંબંધ દ્વારા ભરેલ પગલાંએ તો ટ્રમ્પને થૂંકેલું ચાટવું પડ્યું છે.

વળી ઓપરેશન સિંદૂર પછી પાકિસ્તાનનું બોયકોટ આખું ભારત કરી રહ્યું છે, પણ જ્યારે તેની સાથે ક્રિકેટ મેચની વાત આવી, ત્યારે તમે તેને ન રોકી, તેનું કારણ પણ હવે સમજાયું કે 'હારા વહ જો લડા નહીં' તે માટે પાકિસ્તાનની દરેક ચેલેન્જને યુદ્ધની જેમ સ્વિકારીને શ્રી કૃષ્ણની જેમ (જરાસંઘ સાથેનાં યુદ્ધનાં) દરેક મોરચે વિજય પ્રાપ્ત કરવો એ જ લક્ષ્ય હોવું જોઈએ.

અને આપણી ભારતીય ટીમે આપણા ભારતીય લશ્કરની જેમ પાકિસ્તાનને સાત વિકેટે હરાવીને ધુળ ચાટતું કરી જ દિધું ને!

કહે છે ને કે 'જો જીતા વો હી સિકંદર '

બસ, આપના માતુશ્રી હિરાબાનાં આશિર્વાદ અવિરત તમારી ઉપર વરસતાં રહે અને શ્રી ઠાકોરજી તમને તેમની દિવ્ય શક્તિ આપતા રહે અને તમે હરદમ આ બધા આતતાયીઓ ઉપર વિજય પ્રાપ્ત કરતાં રહો એ જ ભગવાનને અનમોલની પ્રાર્થના!

ભારત માતાની જય

'જુગ જુગ જીવો, અમારા અનમોલ મોદીજી.'

**અનિલ બી. સરૈયા અનમોલ**
જામનગર.

Respected P.M. Shri Narendra Modiji. Happy birthday. God may give healthy long life.

**Vijay Kusum Mehta,**
Shankar Lane,
Kandivali (west), Mumbai

ચક્રવર્તી સમ્રાટ **નરેન્દ્ર મોદી જી**

અમે તમારા જન્મ દિવસ પર શુભેચ્છા પાઠવીએ છીએ. તમારા સારા સ્વાસ્થ્ય અને લાંબા આયુષ્ય માટે ભગવાન ને પ્રાર્થના આપના નેતૃત્વમાં આ દેશ દરરોજ નવી ઊંચાઈએ પહોંચે

**દીપક ર હેમાણી**
ગોરેગાંવ (પશ્ચિમ)

Happy birthday our beloved PM **Shree Narendra Modiji**
**Jayesh Vora**
Vile-Parle west

આપની પાચ ઇન્દ્રરિ મજબૂત રહે
આપમા રહેલા પંભુ ના આશિર્વાદ
સતત ૧૪૦ કરોડ મળે
તમને ૭૫ મા જન્મ દિવસ અભિનંદન
**મનીષા છેડા**
મલાડ વેસ્ટ

Heartfelt Birthday Wishes to Hon'ble Prime Minister Shri Narendra Modi Ji

On this special day, we extend our warmest wishes to a visionary leader whose unwavering dedication, tireless service, and inspiring leadership have touched millions across India and the world.

May you be blessed with abundant health, unshakable strength, and continued wisdom to guide our nation toward greater heights. Your commitment to India's progress and your tireless efforts to uplift every citizen are truly commendable.

Happy Birthday, Modi Ji!

May your journey ahead be filled with peace, prosperity, and continued success in serving Bharat Mata.

From Mumbai Andheri
**Rinkle Dhiraj Bhanushali sir**

**પ્રિય નરેન્દ્રભાઈ,**
આપને જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ. ભગવાન આપને સારું આરોગ્ય, લાંબું આયુષ્ય અને દેશની સેવા માટે સતત શક્તિ આપે એવી મારી દિલથી પ્રાર્થના છે.
આપના નેતૃત્વમાં આપણો દેશ રોજે રોજ નવી ઊંચાઈએ પહોંચે તેવી આશા રાખું છું.
સાદર,
**હર્ષા શાહ**

**નરેન્દ્રભાઈ મોદીનાં ૭૫મા વર્ષે અંતરની શુભેચ્છાઓ**
દેશના ઈતિહાસમાં જવલ્લેજ મળતા મહાન દેશભક્ત વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશને વિશ્વનાં તખ્તા પર માનભેર અગત્યનું સ્થાન અપાવ્યું. હિંદુઓને તેમની ગરિમા અપાવી. દેશને આબાદી અને શાંતિનાં રસ્તા પર લાંબી દીર્ઘદ્રષ્ટિથી દોરે. 'શતાયુભવ'.

**નિતિકા મીનુ મહેતલિયા**
**- ચંદ્રકાન્ત મહેતલિયા**
**રાશિ મહેતા મહેતલિયા**
**- વત્સલ મીનુ મહેતલિયા**
**મૈત્રી દેસાઈ મહેતલિયા**
**- નિલય મીનુ મહેતલિયા**
દાદર (ઈ) હિંદુ કોલોની

મુંબઈ સમાચાર
આપણા લોકલાડીલા **વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીને** તેમના ૭૫મા જન્મદિવસે શુભ શુભેચ્છા આપું છું.
શુભેચ્છા
આપ જૈસા કોઈ,
ભારતમાં આ જાયે,
ભારત મહાન બન જાયે,
ભારત મહાન બન જાયે.
દેશ હમારા મહાન બન જાયે,
વિશ્વમેં મહાન બન જાયે,
મહાન બન જાયે,
મહાન બન જાયે,
જગમેં બાત બન જાયે.
**- પૂર્ણિમા રમેશ કાપડિયા**

બધાઈ જનમ દિન કી શ્રી મોદીજી હમારી
સૌ વર્ષ કી હો આયુ તુમ્હારી બધાઈ
શાંતિ વ ધીરજ હો, સાથ તુમ્હારે
દેશપ્રેમ ઔર સેવા, મનમેં તુમ્હારે
રહો નિરોગી યે પ્રાર્થના દેશવાસી કી
ભારતવાસી સબ સંગ હૈ તુમ્હારે
સૌ બધાઈ
**મીના શાહ**

NARENDRA MODIJI BHARAT DESH NU NAME GOLDEN WORDS ME WRITING .
YEH VATAN SACRFICE ON YOUR NAME.
75 YEARS CELEBRATION ON YOUR BIRTHDAY.
MUMBAI SAMACHAR GOOD WISHES.
**TAHIL**

માનનીય **મોદીજીને** જન્મદિવસની શુભમંગલ કામના ૧૪૦ કરોડ ભારતીયોની આયુષ્ય માંથી એક એક મિનિટ તમારા આયુષ્યમાં વધે એવી પ્રભુને પ્રાર્થના.
**ચેતન ગાંધી, કાંદિવલી, મુંબઈ .**

Hi Modi Sir, Aap 100 Jiye, Satam Jiv Sardam,
Rohit Dave,
Halol. Dist. Panchmahal, Gujrat.

શ્રી નરેન્દ્રભાઈ મોદીજી, આપણા પ્રિય અને લોકપ્રિય ગુજરાતી વડાપ્રધાન, જેમણે ભારતના સર્વાંગીણ વિકાસ માટે અફરત યોગદાન આપ્યું છે, તેમને તેમના જન્મદિવસની ઐતિહાસિક શુભેચ્છાઓ. આ અવસરે, અમે શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના અનંત સેવાઓ અને દૃઢ પ્રયત્નોને આદર આપીને, શ્રીનાથજી બાવાનત ભક્તિપૂર્વક વિનંતી કરીએ છીએ કે, આગામી સો વર્ષ સુધી તેમનું માર્ગદર્શન અને સેવા ભારતના શ્રેષ્ઠત્વ માટે સતત યોગદાન આપતા રહે.
**લિ. પલ્લવી હસમુખ લાલ દસાણી,**
**ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, ભવાની પેટ, પુણે.**

આદરણીય ભારતના વડા પ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**

તારીખ ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૫ આપશ્રીનો ૭૫મો જન્મદિવસ છે. જ્યારથી આપશ્રી દેશના વડાપ્રધાન બન્યા ત્યારથી આપશ્રીની આગેવાની હેઠળ દેશે હરણફાળ ભરીને દેશ દરેક ક્ષેત્રમાં ઉત્તરોત્તર પ્રગતિ કરી રહ્યો છે.આપના સચોટ અને સાચા નિર્ણયો થી વિશ્વ માં ભારત નો ડંકો વાગી રહ્યો છે.આપશ્રી શતાયુ જીવો અને નિસ્વાર્થ ભાવે દેશની સેવા કરતા રહો એજ આપની ૭૫મા જન્મદિવસ નિમિતે પ્રાર્થના, અભ્યર્થના.

દીપક પાર્શ્વીર નાગદા,
ચાંદખેડા, અમદાવાદ.

Happy birthday to our favourite prime minister, Shri Narendra Modiji..
From
HasmukhbhaiM shah
(Kandivali-west)

हमारे प्रिय प्रधानमंत्री
मां तो आखिर मां होती है
बच्चों को जन्म देती है
और उसे अच्छेरती भी है
पढ़ा लिखाकर उसे बड़ा
बनाती है
बच्चों को अच्छे संस्कार
देकर उसे अच्छा आदमी
बनाती है
बस वही स्वरूप है मां का
नरेंद्रभाई मोदीजी में
उनकी मातृश्री ने उन्हें
विश्व का बड़ा आदमी
बना दिया है।
**कवि अशोककुमार पी शाह –** परागरज
मुंबई.

# અમદાવાદમાં આજે ભવ્ય નમોત્સવ યોજાશે, ૧૫૦ લોક કલાકાર પર્ફોર્મેન્સ આપશે



(અમારા પ્રતિનિધિ તરફથી)

*અમદાવાદઃ* વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો આવતીકાલે ૧૭ સપ્ટેમ્બરના રોજ ૭૫મો જન્મદિવસ છે. આ જન્મ દિવસને પગલે અમદાવાદ શહેર ભાજપ, બાપુનગર સેવા સમિતિ અને જીસીસીઆઈ(ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી) દ્વારા નમોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેની સાંઈરામ દવે સહિત ૧૫૦ કલાકાર પ્રસ્તુતિ કરશે. શહેરના બાપુનગર વિસ્તારમાં આવેલા સોનેરીયા બ્લોક ખાતે મેગા મલ્ટી મીડિયા શો થશે. જેમાં નરેન્દ્ર મોદીની જીવનગાથા બતાવવામાં આવશે. વડા પ્રધાનનું બાળપણથી લઈને મુખ્ય પ્રધાન તેમજ વડા પ્રધાન સુધીની આ સફરની દર્શાવવામાં આવશે.

અમદાવાદ શહેર ભાજપ પ્રમુખ પ્રેરક શાહે જણાવ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો આવતીકાલે ૧૭ સપ્ટેમ્બરના રોજ જન્મ દિવસ છે ત્યારે તેમના બાળપણથી લઈને ઓપરેશન સિંદૂર સુધીની સફર અંગે મલ્ટીમીડિયા શો મારફતે લોકોને જાણકારી આપવામાં આવશે. સાંઈરામ દવે સહિત ૧૫૦ જેટલા કલાકારો અને ૪૫૦ જેટલા ટેક્નિશિયનો આ મલ્ટીમીડિયા શો કરશે. બાપુનગરના સોનેરીયા બ્લોક ખાતે આ મલ્ટી મીડિયા શો યોજાશે. જેમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવી સહિત અંદાજે ૫૦,૦૦૦ જેટલા લોકો હાજર રહેશે.

મલ્ટીમીડિયા શો અંગે વધુ માહિતી આપતા પ્રેરક શાહે જણાવ્યું હતું કે ખૂબ મોટું વિશાળ સ્ટેજ બનાવવામાં આવ્યું છે. જેના ઉપર હાથી, ઘોડા, ટ્રેન, મગરમચ્છ વગેરે અંગેની પ્રતિકૃતિ સાથેનો આખો વિઝ્યુલાઇઝ ડ્રોન શો પણ કરવામાં આવશે. આ મલ્ટીમીડિયા શો માટે અંદાજે એક લાખ જેટલા પાસ વહેંચાઈ ચૂક્યા છે. એક પાસમાં બે લોકોને પ્રવેશ આપવામાં આવશે. મોટી સંખ્યામાં લોકો આ મલ્ટીમીડિયા શો નિહાળી શકે તેના માટે રોડ ઉપર પણ એલઈડી લગાવવામાં આવી છે.

સોનેરીયા બ્લોક નજીક આવેલા મેદાન નજીકના વિસ્તારમાં અંદાજે ૭ એલઈડી લગાવવામાં આવશે. અંદાજિત ૨ કલાક અને ૩૭ મિનિટના મેગા મલ્ટીમીડિયા શોને જોવા માટે પાસ ફરજિયાત રાખવામાં આવ્યો છે. ત્રણ પ્રકારના પાસનું વિતરણ કરવામાં આવ્યું છે. જેમાં આમંત્રિતો, પ્લેટિનિયમ અને ગોલ્ડ પાસ રહેશે. અંદાજે ૬થી ૭ જેટલા પ્રવેશદ્વાર રાખવામાં આવ્યા છે. મલ્ટીમીડિયા શો જે લોકો નિહાળી ન શકે તેના માટે બહારના ભાગમાં વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ■

# વડા પ્રધાનના જન્મદિવસના ઉપલક્ષ્યમાં કર્મચારી મહામંડળ દ્વારા ૩૭૮ જગ્યાએ એક દિવસીય મેગા બ્લડ ડોનેશન ડ્રાઇવનું આયોજન કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસના ઉપલક્ષ્યમાં રાજ્યના તમામ કર્મચારી મહામંડળ દ્વારા જૂના સચિવાલય ખાતે આયોજિત નમો કે નામ રક્તદાન મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આરોગ્યપ્રધાન ઋષિકેશ પટેલે શુભારંભ કરાવ્યો હતો. ઋષિકેશ પટેલે આ ક્ષણે કર્મચારી મહામંડળ દ્વારા નમો કે નામ રક્તદાન માટે બનાવવામાં આવેલી એપનું પણ નિરીક્ષણ કરીને તેની પ્રશંસા કરી હતી.

રાજ્યમાં ૩૭૮ થી વધુ જગ્યાએ આ ડ્રાઇવ અંતર્ગત બ્લડ ડોનેશન થનાર છે. જેના માટે નમો કે નામ રક્તદાન એપ મારફતે કર્મચારીએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. આ તમામ રજિસ્ટ્રેશન વખતે તેમના નજીકના બ્લડ ડોનેશન સેન્ટરને સીલેક્ટ કરીને કર્મચારીઓ બ્લડ ડોનેશન કરવા જશે. રાજ્યમાં ૧.૨૮ લાખથી વધુ કર્મચારીઓએ નમો કે નામ રક્તદાન ડ્રાઇવ અંતર્ગત બ્લડ ડોનેશન કરાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ થયેલા ઓપરેશન સિંદૂરની સફળતાને પગલે વડા પ્રધાનના જન્મદિને મેગા બ્લડ ડોનેશન ડ્રાઇવ દ્વારા મોટી સંખ્યામાં બ્લડ કલેક્ટ કરીને જરૂરિયાતમંદોને મદદરૂપ થવાના આશયથી આ સમગ્ર કેમ્પનું આયોજન કરાયું છે. ■

**શ્રી મોદી સાહેબની** જન્મ દિવસની શુભ કામના
હીરાબાનો હીરો
૭૫ કેરેટના થયાં
નમો છે નામ તમારું
તેથી બધાને ગમો છો
NDA ની નવી વ્યાખ્યા
Narendra Damodar Alliance
**હરીશ ડી પુરોહિત, વિરાર વેસ્ટ.**

Wishing A World Leader Shree Narendrabhai Modijee A Very Happy Birthday
We are Blessed To Have You As Our Prime Minister, Please Stay Healthy Bless Us Forever
**Virendra Lakhani,**
Kandivali (West),

Happy Birthday Dear **Modiji,**
Long Live **Modiji.**
**Madhuri Ben Jerajani**
Andheri Mumbai

Respected Honourable Prime Minister Modiji, we wish you a very happy birthday. May God bless you with good health, long life, and happiness. Your leadership has transformed India, and we're grateful for your tireless efforts.
Best Regards,
**Kanaiyalal Vaghani Parivar**

Wish you many many happy returns of the day dear modiji,
**Sunitha Indukuri,**
Govandi, Mumbai.

ફૂલોની જેમ મહેકતું રહે હંમેશાં જીવન તમારું
ખુશી તમારાં કદમ ચૂમશે,
બનશો પ્રમુખ અને આશીર્વાદ અમારો.
**Sanjay Trivedi**

Modijis birthday wishes Dear,
**Ashish,Jignesh and Raju**

આપણાં માનનીય યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીને જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ, ભગવાન એમને લાંબુ અને તંદુરસ્ત જીવન જીવવા માટે પ્રાર્થના.
**ભરત ગોટેચા, ઘાટકોપર.**

आदरणीय **मोदीजी**
जन्मदिन की बहुत सारी शुभकामनाए आपके नेतृत्व में भारत देश एक बार फिर से सोने की चिड़िया बने जय हिंद जय भारत
**रमाकांत गुप्ता धारावी**

Hamara Desh ki Shaan
**Narendra Modi ji**
Ko janamdin Ki sunkamnaye
Rajesh kumkar, Sion.

We pray you live a hundred years. May God always protect you. Happy Birthday to the world's most popular leader, illustrious Prime Minister Narendra Modi, who is constantly striving for the creation of a developed India, the exclusive worshipper of Mother India,
**Yogesh mehata**
Vashi, Navi mumbai

JANAM DIVAS NI HARDIK SUBHECHHA
KIRTAN AKSHARA
VIJAY MARU.

હીરાબા ના હીરલા ને
હીરક જન્મ દિનની વધાઈ,
દેશ દુનિયામાં સદા રહો
હીરાની જેમ ઝગમગાઈ,
દેવલોકમાંથી નરેન્દ્રને
આપે દેવો દુહાઈ,
અમર રહો દેશને કાજે,
બનો સહુજનને
સુખદાઈ
**Smiriti p parekh**
Ghatkoper

Bagvan ko ham dekha nahi sakte par un par shradha vishwas hai aapko ham dekh sakte hai aap par hamari umid hai is tarh hame aap par vishwas hai hamare bharat desh ko no1 banayege is liye hamari umar aapko lag jaye
**Meena Narendra Rambhia**
Mulund west

Jsk Happy birthday modiji
**Krupa punday**

Hamare pyare pradhanmantri shree shree Narendra Modiji ko janam din ki dher saree shubhakamnaye.
**Ushaben Gosaliya**
Camps Corner,
Mumbai.

**Heartfelt Wishes**

Happy Birthday to the most honourable Prime Minister of India. May god fulfill all your dreams. You are the real hero of India.

You are the motivation of young India and the role model of every ordinary person. Your dedication and commitment to our nation's progress inspire us all.

Your leadership has made India stronger and more prosperous. May your vision for India continue to shine brightly.

Respected Sir, no one deserves a happier birthday than you. We are so grateful to have a Prime Minister like you and a great patriotic leader for whom nation first.

May Lord Ram give you a long life so that you continue to serve the nation till 2047 marking a significant milestone in your leadership and we celebrate your 100th birthday with you.

Once again warmest wishes to you on your 75th birthday.

From
**Pritesh Mansukh Gala**
Fort, Mumbai

Wish you many many happy returns of the day dear Modiji
From.. Mumbai
**Raju and Anita.**

जन्म दिन कि, ढेर सारी शुभकामनाए।
**श्री नरेंद्र दामोदर दास मोदीजी.**
**Ravi and Sakku**
Sion

Happy Birthday Dear **Modiji**
Vinodh and shamu
Dharavi

Mata Rani ji ki Meher Hamesha Bani Rahe
Bharat ka Gaurav
Pradhan Mantri
**Shri Narendra Damodar Modiji**
Bharat Mata ki Jai
**Sanjeev Girdharilal Hinduja,**
Dharavi.

અમારા પ્રધાનમંત્રી માનનીય મોદીજી એટલે ભારત દેશને માથે લગાવેલો ટફન ગ્લાસ જે મુશ્કેલીમાં ખુદ તૂટશે પણ દેશને તૂટવા નહી દે.
જન્મ દિવસની ખૂબ ખૂબ શુભેચ્છા. ભગવાન તમને તંદુરસ્ત અને લાંબુ જીવન આપે.
**ઝંખના આકાશ દેસાઇ**

## પ્રિય, ચી. શ્રી. નરેન્દ્ર મોદીજી,

**તમને જન્મદિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ.**

તમારો આજનો આ ખાસ દિવસ સુંદર, જાદુઈ અને ક્યારેય ભુલાય નહિ તેવી ક્ષણોથી ભરેલો રહે!

હું જાણું છું કે ગત વર્ષ, તમારા માટે અઘરો સમય હતો, પરંતુ હવે આવનારો સમય તમારા લાયક, સારો અને સુખમયી નીવડશે તેવી પ્રભુને મારી દિલથી અરજ. આખી દુનિયાને ખુશ રાખવાવાળો પરમપિતા પરમેશ્વર, હંમેશાં તમારી ખુશીનો ખ્યાલ રાખે અને આપની બધી ઈચ્છા પૂરી કરે. આપ રહો હંમેશાં ખુશ અને તંદુરસ્ત. પ્રાર્થના છે એવી પ્રભુને.

*વિદ્યાની બાબતે તું ચાણક્ય રૂપી ચકોર બન.*
*હિંમતવાન ભગતસિંહ રૂપી કિશોર બન.*
*તારા જન્મદિવસે ભાઈ તને એજ સલાહ છે કે,*
*એકલા હાથે તમામ મુશ્કેલીઓનો*
*સામનો કરી શકાય, એવો કઠોર બન.*

સૂર્યકાંત પાનાચંદ ઝવેરી
ઉંમરઃ ૯૪ વર્ષ
(સ્વાતંત્ર્ય સેનાની)

## આદરણિય શ્રી મોદીસાહેબ,

**જન્મ દિવસની હાર્દિક શુભેચ્છાઓ.**

પરમાત્મા આપનુ આરોગ્ય સ્વસ્થ અને તંદુરસ્ત રાખે. દેશના વિકાસના દરેક કાર્ય માટે ઈશ્વર આપને શક્તિ આપે અને આપનું રક્ષણ કરે એ જ પ્રાથેના.


જય શ્રી કૃષ્ણ,
મહેશ નંદલાલ શાહ











મુંબઈ સમાચાર
વિશેષ પૂર્તિ
સૌરાષ્ટ્ર આવૃત્તિ ■ બુધવાર ■ તા. ૧૭-૯-૨૦૨૫
પીએમ @75

# નરેન્દ્ર મોદીઃ આક્રમક વિદેશનીતિના મશાલચી

ઉત્પલ દવે



ભારતીય રાજનીતિમાં મોદી યુગ અને મોદી પૂર્વેના સમય વચ્ચે ઊડીને આંખે વળગે તેવો જો કોઈ ફરક હોય તો તે ભારતની યથાર્થવાદી અને આક્રમક વિદેશ નીતિ છે. દેશ આઝાદ થયો ત્યારે ભારતની વિદેશ નીતિના ઘડવૈયા દેશના પ્રથમ વડા પ્રધાન જવાહર લાલ નહેરૂ અને વીકે કૃષ્ણ મેનન હતા. ૫૦ના દાયકાની નહેરૂની વિદેશ નીતિ આદર્શવાદી હતી, જો કે ૧૯૬૨માં ભારત-ચીન યુદ્ધમાં ભારતની કારમી હાર બાદ નહેરૂ રચિત વિદેશનિતીની ક્ષતિઓ ખુલીને બહાર આવી હતી. તે સમયે ભારતનું ગાઢ મિત્ર સોવિયત યુનિયન પણ યુદ્ધમાં ભારતની મદદે આવ્યું ન હતું. તેની તુલનામાં વડા પ્રધાન મોદીની વર્તમાન વિદેશ નીતિ વધુ વાસ્તવવાદી અને વ્યવહારુ લાગે છે.

નરેન્દ્ર મોદી જ્યારે વર્ષ ૨૦૧૪માં સત્તામાં આવ્યા ત્યારે તેમને એક એવા શાસક તરીકે વર્ણવવામાં આવી રહ્યા હતા જેમને વિદેશ નીતિનો કોઈ અનુભવ નહોતો. 'હિન્દુ રાષ્ટ્રવાદી નેતા' તરીકેની તેમની છબીને પણ ખાડીનાં ઇસ્લામિક રાષ્ટ્રો સાથે સારા સંબંધોના માર્ગમાં અવરોધરૂપ માનવામાં આવતી હતી, પરંતુ મોદીએ 'ઈન્ડિયા ફર્સ્ટ' ના મંત્રને કેન્દ્રમાં રાખીને વ્યવહારુ વિદેશ નીતિ અપનાવીને વિરોધીઓ અને સમર્થકો બંનેને ખોટા પાડ્યા છે. આજે પણ ભારતના સાઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમિરાત અને ઈજિપ્ત, કતાર, બહેરીન, જોર્ડન, ઈન્ડોનેશિયા સહિતના ઈસ્લામિક દેશો સાથે ભારતના સંબંધો નવી ઊંચાઈએ પહોંચ્યા છે. ભારત એક સમયે ઈસ્લામિક દેશોની નારાજગીથી બચવા માટે ઈઝરાયલ સાથે સંબંધો વધારવામાં પાછી પાની કરતું હતું. જો કે વડા પ્રધાન મોદી ઈઝરાયલ અને આરબ દેશો સાથે સંબંધોમાં સમતુલન જાળવવામાં સફળ રહ્યા છે.

ત્રીજા વિશ્વનો દેશ મનાતો ભારત નરમ વિદેશનીતિ ધરાવતો હતો. ભારત હંમેશાં જગત જમાદાર અમેરિકા, ચીન, કે યુરોપિયન યુનિયનના દેશોની ખફગી વહોરવાથી બચતું રહેતું હતું. આજ કારણ છે કે અમેરિકાના ડરથી પીવી નરસિંહ રાવની સરકાર પરમાણુ પરીક્ષણ કરી શકી ન હતી. જો કે આજે તે સ્થિતિ સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે, અને ભારત અમેરિકાના પ્રમુખ ટ્રમ્પની ટૅરિફ પ્રતિબંધની પરવા કર્યા વગર રશિયા પાસેથી સસ્તું ક્રૂડ ખરીદી રહ્યું છે. અમેરિકાની નારાજગી છતાં પણ શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (એસસીઓ) અને બ્રિક્સ જેવાં અગ્રણી સંગઠનોનું સ્થાપક પણ સભ્ય છે. એક બાબત તે પણ ધ્યાન રાખવા જેવી છે કે, ભારત હવે ત્રીજા વિશ્વનો ગરીબ દેશ નથી રહ્યો, આજે ભારતની જીડીપી ૪ ટ્રિલિયન ડૉલરને પાર પહોંચી છે. વળી ભારતનો દબદબો વૈશ્વિકસ્તરે વધ્યો છે. આ જ કારણ છે કે, બદલાતી વૈશ્વિક પરિસ્થિતિઓ પ્રમાણે ભારતે તેની વિદેશનીતિમાં ફેરફાર કરવા જરૂરી હતા.

વડા પ્રધાન મોદીના નેતૃત્વમાં દેશની વિદેશનીતિમાં સૌથી મોટો ફેરફારએ થયો કે નવી દિલ્હીની મહત્ત્વાકાંક્ષા વૈશ્વિક મંચ પર મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવવા પૂરતી જ નહીં, પણ 'રૂલ મેકર' બનવાની પણ મજબૂત થઈ છે. વૈશ્વિક મંચ પર મોદીની કુટનિતીએ ભારતીય આકાંક્ષાઓને નવી પાંખો આપી છે. આનું પરિણામ એ આવ્યું કે જે દેશ છેલ્લા દાયકા સુધી વૈશ્વિક બાબતોમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકાની ઓફરનો ઇનકાર કરતો હતો તે એક એવા રાષ્ટ્રમાં પરિવર્તિત થયો છે જે ગ્લોબલ ગવર્નન્સમાં યોગદાન આપવા માટે હંમેશાં અગ્રેસર રહે છે. નરેન્દ્ર મોદી સૌપ્રથમ વખત વડા પ્રધાન બન્યા ત્યારે તેમણે 'નેબર ફર્સ્ટ'ની પોલિસીનો અમલ કરતા સાર્ક દેશોના વડા પ્રધાનોને તેમના શપથવિધિ સમારોહમાં આમંત્રિત કર્યા હતા. જો કે બાદમાં પાકિસ્તાન, નેપાળ અને માલદિવ જેવા દેશોએ અવળચંડાઈ કરતા મોદીને વિદેશનીતિને વધુ વાસ્તવવાદી બનાવવાની ફરજ પડી હતી.

મોદીના નેતૃત્વમાં ભારતે કટોકટીની પરિસ્થિતિઓમાં 'ફર્સ્ટ રિસ્પોન્ડર' તરીકે વૈશ્વિક ઓળખ મેળવી છે. વિદેશ મંત્રાલયમાં રેપિડ રિસ્પોન્સ સેલની સ્થાપના પછી આપત્તિ વ્યવસ્થાપન મજબૂત બન્યું છે. તાજેતરનાં વર્ષોમાં, ભારતે ઓપરેશન દોસ્ત (૨૦૨૩), ઓપરેશન ગંગા (૨૦૨૨), ઓપરેશન દેવી શક્તિ (૨૦૨૧) અને મિશન સાગર (૨૦૨૦) જેવાં માનવતાવાદી રાહત કાર્યો હાથ ધર્યાં છે. જેના કારણે ભારતની એક માનવતાવાદી દેશ તરીકેની ઓળખ વધુ મજબુત બની છે.

વડા પ્રધાન મોદીએ પાકિસ્તાન સામે 'જેવા સાથે તેવા'ની રણનિતી અપનાવતા પાડોશી દેશનાં આતંકવાદી કૃત્યો સામે સર્જિકલ સ્ટ્રાઈક કરીને જોરદાર પાઠ ભણાવ્યો હતો. તે જ પ્રકારે ચીન સામે પણ મોદીએ આકરું વલણ અખત્યાર કર્યું હતું.

ભારત હંમેશાંથી બહુધ્રુવિય વિશ્વનું હિમાયતી રહ્યું છે અને જો કે મોદી સરકારે પણ આજ સ્ટ્રેટેજીને બદલાતા વૈશ્વિક પરિદ્રશ્યમાં પણ આગળ વધારી છે. બહુધ્રુવિય વિશ્વ એટલે કે, વૈશ્વિક સત્તાનાં અલગ-અલગ કેન્દ્રો એવો અર્થ થાય છે. બીજા વિશ્વ યુદ્ધ પછીથી અમેરિકા અને સોવિયત યુનિયન સત્તાનાં બે કેન્દ્રો હતાં. દુનિયા મૂડીવાદી અને સામ્યવાદી એમ બે ભાગોમાં વહેંચાયેલી હતી ત્યારે પણ નોન-એલાઈડ મૂવમેન્ટ (નામ) ચળવણ દ્વારા ભારતે ત્રીજા વિશ્વના દેશોનું સંગઠન બનાવવામાં અગ્રણી ભૂમિકા ભજવી હતી. વર્તમાનમાં ભારત શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (એસસીઓ) અને બ્રિક્સ જેવા રશિયા અને ચીન સમર્થિત સંગઠનો ઉપરાંત ક્વોડ જેવા અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને જાપાન સમર્થિત દેશોના સંગઠનનું પણ સભ્ય છે. મોદી સરકારની આ સ્ટ્રેટેજી ભારતને વિપરીત વૈશ્વિક પરિસ્થિતિમાં દેશનાં આર્થિક, સૈન્ય અને સ્ટ્રેટેજી હિતોના જાળવવામાં મદદરૂપ થાય છે. મોદી સરકારની આ રણનીતિ વર્તમાનમાં અમેરિકા દ્વારા ભારત પર ૫૦ ટકા ટૅરિફ લાદવામાં આવ્યા બાદ બંને દેશો વચ્ચે સંબંધોમાં આવેલી ખટાશ વખતે કારગર નિવડી છે.

તાજેતરમાં વડા પ્રધાન મોદી શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) સમિટમાં ઉપસ્થિત રહ્યા તે એક પ્રકારે અમેરિકાને સ્પષ્ટ સંદેશ હતો કે, ભારત ફક્ત અમેરિકા પર નિર્ભર નથી. વડા પ્રધાન નરેન્દ્ર મોદી તેમાં હાજરી આપવા માટે ચીનનો પ્રવાસ કરવાનો નિર્ણય સરકારના વિદેશ નીતિના વલણમાં પરિવર્તન દર્શાવે છે. મોદીએ ચીનની મુલાકાત લીધી હતી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથેની તેમની મુલાકાત ૨૦૨૦ના સૈન્ય ગતિરોધ પછી બંને નેતાઓ વચ્ચે આ પ્રકારની પ્રથમ દ્વિપક્ષીય બેઠક હતી. મોદીએ SCO સમિટમાં હાજરી આપ્યાને ત્રણ વર્ષ થયા હતા, જે એક યુરેશિયન જૂથ છે જેને પશ્ચિમ વિરોધી માનવામાં આવે છે. દરમિયાન, મોદી, શી અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચેની સૌહાર્દપૂર્ણ છબીઓએ નિષ્ક્રિય રશિયા-ભારત-ચીન (RIC) ત્રિપક્ષીય સંવાદની યાદો તાજી કરી હતી. ચીન સાથેની દ્વિપક્ષીય બેઠકમાં, બંને નેતાઓએ ઓક્ટોબર ૨૦૨૪ થી શરૂ થતી સામાન્યીકરણ પ્રક્રિયાને મંજૂરી આપી હતી. આ અંતર્ગત, વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પરથી સૈનિકો પાછા ખેંચવામાં આવશે. બંને પક્ષો તેમના ખાસ પ્રતિનિધિઓ દ્વારા ચર્ચા કરવામાં આવી રહેલી સરહદ સમાધાન પ્રક્રિયાને ઝડપી બનાવવા સંમત થયા હતા. બંને નેતાઓએ 'વિશ્વ વેપારને સ્થિર કરવા' માટે સીધી ફ્લાઇટ્સ, વિઝા સુવિધા અને આર્થિક સંબંધો પુનઃસ્થાપિત કરવા માટે પણ લીલી ઝંડી આપી હતી. મોદીએ 'પરસ્પર વિશ્વાસ, આદર અને સંવેદનશીલતા પર આધારિત સંબંધો જાળવવા'નું વચન આપ્યું હતું, પરંતુ શીએ 'ડ્રેગન (ચીન) અને હાથી (ભારત) ને એકસાથે આવવા' માટે હાકલ કરી હતી. એક વર્ષ પહેલા આવી મિત્રતા અકલ્પનીય હતી અને તે સ્પષ્ટપણે ભારત પર ટૅરિફ અને પ્રતિબંધો લાદવાના અમેરિકાના પગલા અને ટ્રમ્પ વહીવટીતંત્રના ઇરાદાઓ પર નવી દિલ્હીના અવિશ્વાસને કારણે છે. આનાથી મોદી અને તેમના પ્રતિનિધિમંડળને ચીનના પગલાં અંગે ભારતની કેટલીક ચિંતાઓ રજૂ કરવાની તક મળી હતી, જેમાં ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનને ટેકો, યુએન સુરક્ષા પરિષદમાં સુધારા અને એનએસજી સભ્યપદ માટેના ભારતના પગલાંને અવરોધવા અને પાકિસ્તાન સ્થિત આતંકવાદીઓના નામ પર પ્રતિબંધનો સમાવેશ થાય છે.

મોદીના કાર્યકાળના એક દાયકા દરમિયાન, સ્થાનિક અને વિદેશી વચ્ચે કૃત્રિમ વિભાજનનો અંત આવ્યો છે. ભારતની મુખ્ય પ્રાથમિકતા સ્થાનિક મોરચે વિકાસ દ્વારા પરિવર્તન લાવવાની રહી. ભારતીય રાજદ્વારી વિકાસ સંબંધિત રાષ્ટ્રીય આકાંક્ષાઓને પૂર્ણ કરવાના સાધન તરીકે પણ કાર્યરત રહી. તેણે બાહ્ય વિશ્વ સાથેના આપણા સંપર્કોને એક ખાસ વ્યવહારુ અભિગમ આપ્યો, જેના હેઠળ હવે વિચારધારાને બદલે ભાગીદારી મહત્ત્વપૂર્ણ બની ગઈ.

વિદેશનીતિના પંડિતો સાચું જ કહે છે કે, રાજકારણમાં, એક દિવસ પણ લાંબો સમય હોઈ શકે છે, પરંતુ વિદેશ નીતિમાં, ગંભીર મૂલ્યાંકન માટે ઘણીવાર એક દાયકો પણ ઓછો પડે છે. જોકે, આ કિસ્સામાં છેલ્લો દાયકો અપવાદ રહ્યો છે. આ સમયગાળા દરમિયાન, વૈશ્વિક રાજકારણમાં થયેલા ફેરફારોનું સ્વરૂપ જ મહત્ત્વનું રહ્યું નથી, પરંતુ તેનો વ્યાપ પણ વ્યાપક રહ્યો છે. આવી સ્થિતિમાં, ભારતીય વિદેશ નીતિમાં પણ મૂળભૂત ફેરફારો આવવા સ્વાભાવિક છે. છેલ્લા એક દાયકામાં વિદેશ નીતિમાં થયેલા વ્યાપક ફેરફારોમાં વૈશ્વિક પરિસ્થિતિઓ અને સમીકરણોની સાથે સાથે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની વ્યક્તિગત ભાગીદારીની અમીટ છાપ પણ જોવા મળે છે.

વૈશ્વિક રાજકારણના આ પડકારજનક યુગમાં, મોદીએ ભારતને એક અનોખો અને ખાસ અવાજ આપ્યો છે. આજે, ભારતીયો અન્ય કોઈપણ મોટી શક્તિ કરતાં તેમના ભવિષ્ય વિશે વધુ મહત્ત્વાકાંક્ષી દ્રષ્ટિકોણ ધરાવે છે અને આ તેમના વિદેશી સંબંધો નક્કી કરવામાં સૌથી મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. મોદીનું નેતૃત્વ ફક્ત તે ભાવનાને સમજી રહ્યું નથી પરંતુ તેનો અસરકારક રીતે ઉપયોગ પણ કરી રહ્યું છે. મોદીની વિશેષતા એ છે કે તેઓ આ રાષ્ટ્રીય આકાંક્ષાને તેમની વિદેશ નીતિમાં વણાવવામાં તેમજ તેને તેમની છબી સાથે જોડવામાં સફળ રહ્યા છે. ■

# સ્વપ્નદ્રષ્ટા આદરણીય, યશસ્વી, તેજસ્વી અને ઓજસ્વી વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીને જન્મદિવસની શુભકામના



આપણા માનનીય વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને તેમના જન્મદિવસ પર મારી હાર્દિક અને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું. શ્રી મોદીજીનું અસાધારણ નેતૃત્વ, દૂરંદેશી અને રાષ્ટ્ર પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતા સમગ્ર ભારત અને વિશ્વના લાખો લોકોને પ્રેરણા આપતી રહે છે.

માનનીય વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજી સાથે વર્ષોથી નજીકથી કામ કરવાનું વિશિષ્ટ સન્માન મળ્યું છે. ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન, તેમણે મને ગુજરાત ગૌ સેવા આયોગના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરીને એક મહત્વપૂર્ણ જવાબદારી સોંપી. આ ભૂમિકાએ મને ગૌ સેવા માટે જુસ્સાથી કામ કરવાની તક આપી, જે આપણી સંસ્કૃતિ અને મૂલ્યોના સંવર્ધનમાં વિશેષ યોગદાન આપી શકે તેમ છે.

તેમના દૂરંદેશી નેતૃત્વ હેઠળ, ૨૦૧૯ થી રાષ્ટ્રીય સ્તરે રાષ્ટ્રીય કામધેનુ આયોગના અધ્યક્ષ તરીકે સેવા આપવાનો લહાવો મળ્યો. આ તકે મા.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વ હેઠળ ગૌ આધારિત ઉદ્યોગો, શિક્ષણ અને સંશોધનને પ્રોત્સાહન આપવાના મારા કાર્યને સમગ્ર દેશભરમાં વિસ્તાર્યું અને રાષ્ટ્ર કલ્યાણ અર્થે ગાયોના સંરક્ષણ અને પાલનપોષણના મિશનને આગળ વધાર્યું. આ સદ્કાર્યમાં શ્રી નરેન્દ્રભાઈ નું સતત માર્ગદર્શન અને સમર્થન મને મળતું રહ્યું જેથી અમોને આ ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ કરવા સક્ષમ બનાવ્યા. એક પ્રતિબદ્ધ RSS કાર્યકર્તા તરીકે સેવા અને રાષ્ટ્રભક્તિ ના ગુણો, સમર્પણ, પ્રામાણિકતા અને શ્રેષ્ઠતાની અવિરત શોધ ત્યારે પણ સ્પષ્ટ હતી અને એક સમર્પિત કાર્યકરથી વૈશ્વિક નેતા સુધીની તેમની સફરનો સાક્ષી બનવાનો આનંદ છે.

આવા ઉદાત્ત અનુકરણીય નેતા સાથે કામ કરવાની તક મળી તે બદલ હું ખૂબ જ ગૌરવ અનુભવું છું. ભારતના વિકાસ અને વૈશ્વિક ચિંતનમાં તેમનું યોગદાન અજોડ છે, ચાલો આપણે સૌ તેમના નેતૃત્વ હેઠળ એક મજબૂત, આત્મનિર્ભર રાષ્ટ્રના નિર્માણમાં આપણા સામૂહિક પ્રયાસો દ્વારા યોગદાન આપીએ. એ જ એમના જન્મદિને ભાવાંજલિ.

આ ખાસ દિવસે, હું તેમના ઉત્તમ સ્વાસ્થ્ય, દીર્ઘ આયુષ્ય અને આપણા મહાન રાષ્ટ્રની સેવામાં સતત સફળતા માટે મારી નિષ્ઠાપૂર્વક પ્રાર્થના કરું છું.

પૂર્વ કેન્દ્રીય મંત્રી
**શ્રી ડૉ. વલ્લભભાઈ કથીરિયા** ■

# વિકાસપુરુષ આદરણીય વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીને કારણે ભારતે આજે વૈશ્વિક સ્તરે સશક્ત સ્થાન મેળવ્યું છે



વિશ્વના નકશામાં ભારત તો સ્વતંત્રતા બાદ ૧૯૪૭થી અસ્તિત્વમાં છે, પરંતુ વૈશ્વિક સ્તરે આજે ભારત જેવું સશક્ત, આત્મવિશ્વાસથી ભરેલું અને ગૌરવસભર સ્થાન પ્રાપ્ત કરી રહ્યું છે, તેવું અગાઉ ક્યારેય જોવા મળ્યું નહોતું. વર્ષ ૨૦૧૪માં ભારત માતાના સુપુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વડા પ્રધાનપદની શપથ લઈને દેશના વિકાસનો એક એવો સુવર્ણ અધ્યાય લખવાનો આરંભ કર્યો, જે આજ સુધી અવિરત રીતે આગળ વધી રહ્યો છે.

શ્રી મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ ભારત સરકાર દ્વારા સ્વચ્છ ભારત અભિયાન, પ્રધાનમંત્રી જનધન યોજના, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના, પ્રધાનમંત્રી મુદ્રા યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, મિશન ઇન્દ્રધનુષ, અટલ ભૂજલ યોજના, સ્વામિત્વ યોજના, મેક ઈન ઈન્ડિયા અભિયાન, બેટી બચાવો બેટી ભણાવો, ડિજિટલ ઈન્ડિયા અભિયાન, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ, જળ જીવન મિશન, કૌશલ્ય ભારત (સ્કિલ ઈન્ડિયા), સ્ટાર્ટઅપ ઈન્ડિયા, સ્ટેન્ડ અપ ઈન્ડિયા, સંસદ આદર્શ ગ્રામ યોજના, આયુષ્માન ભારત, ખેલો ઈન્ડિયા, પ્રધાનમંત્રી સુરક્ષા બીમા યોજના / જીવન જ્યોતિ બીમા યોજના જેવી અસંખ્ય જનકલ્યાણકારી યોજનાઓ શરૂ કરવામાં આવી. આ યોજનાઓ માત્ર કાગળ પર મર્યાદિત ન રહી, પરંતુ જમીન પર સાકાર રૂપ ધારણ કરી કરોડો ગરીબ, મધ્યમવર્ગીય નાગરિકો, ખેડૂતો, મહિલાઓ, યુવાનો અને વરિષ્ઠ નાગરિકોના જીવનમાં પરિવર્તન લાવનાર સાબિત થઈ.

મોદીજીના વિઝન અને દૃઢ સંકલ્પને કારણે દેશના પરિવહન અને વાહનવ્યવહાર ક્ષેત્રમાં અદ્ભૂત ક્રાંતિ જોવા મળી છે. સડક માર્ગ હોય કે રેલ માર્ગ, હવાઈ સેવા હોય કે જળ માર્ગ ભારતના એક છેડે થી બીજા છેડે પહોંચવું હવે સહેલું અને આરામદાયક બન્યું છે.

ઈશાન્ય મુંબઈ લોકસભા બેઠકના સાંસદ તરીકે મને તેમના માર્ગદર્શન હેઠળ કાર્ય કરવાની તક મળી, તે મારા માટે ગૌરવ અને સૌભાગ્યની બાબત છે. કોરોના મહામારીના કપરા સમયમાં પણ મોદીના દૃઢ નેતૃત્વને કારણે વિશ્વનું સૌથી મોટું નિઃશુલ્ક રસીકરણ અભિયાન સફળતાપૂર્વક અમલમાં આવ્યું. કરોડો લોકોને જીવનરક્ષક રસી મળી અને સાથે જ જરૂરિયાતમંદ લોકોને વિનામૂલ્ય અનાજનું વિતરણ કરવામાં આવ્યું, જે એક અનોખો વિશ્વ રેકોર્ડ છે.

એક સક્ષમ, સંવેદનશીલ, દીદદ્રષ્ટા, પ્રામાણિક, કર્મઠ અને વિશ્વવિખ્યાત નેતા એવા વિકાસપુરુષ શ્રી નરેન્દ્રભાઈ મોદીજીને હું જન્મદિવસની અનેક હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું. પ્રભુ તેમને સ્વસ્થતા, દીર્ઘ આયુષ્ય અને અખૂટ ઊર્જા આપે જેથી તેઓ આવનારા દાયકાઓ સુધી ભારત માતાની સેવા કરતા રહે અને ભારતને વિશ્વગુરુ તરીકે ઊંચાઈઓ પર પહોંચાડતા રહે.

ભારત માતા કી જય!

**મનોજ કોટક (ભૂતપૂર્વ સંસદ સભ્ય)** ■

# વડા પ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસથી ગુજરાતમાં 'સ્વસ્થ નારી, સશક્ત પરિવાર' અભિયાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ૭૫મા જન્મદિવસના અવસરે ૧૭ સપ્ટેમ્બરથી દેશભરમાં 'સ્વસ્થ નારી, સશક્ત પરિવાર' અભિયાનનો પ્રારંભ થશે. આ અભિયાન ખાસ કરીને સ્ત્રીઓ અને બાળકોના આરોગ્ય પર કેન્દ્રિત રહેશે અને બે ઓક્ટોબર, ગાંધીજયંતી સુધી ચાલશે. ગુજરાતમાં આ અભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં થશે.

આ અભિયાન અંતર્ગત રાજ્યભરમાં વિવિધ આરોગ્યવિષયક કાર્યક્રમો યોજાશે. જેમાં હૃદયરોગ, કેન્સર અને કિડની જેવા ગંભીર રોગોમાં નિષ્ણાત સુપર સ્પેશિયાલિટી ડોક્ટરો નાગરિકોને નિઃશુલ્ક સલાહ અને સારવારની સેવા આપશે. રાજકોટમાં મહિલા અને બાળ કલ્યાણ વિભાગના પ્રધાનની ઉપસ્થિતિમાં એક મેગા કેમ્પ યોજાશે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ સહિત સમગ્ર રાજ્યમાં આશરે ૬૦૦ જેટલી જગ્યાએ મેગા બ્લડ ડોનેશન ડ્રાઇવ યોજાશે. આ પહેલ મારફતે યુવાઓ અને સમાજના દરેક વર્ગને રક્તદાન માટે પ્રોત્સાહિત કરવામાં આવશે.

આરોગ્યપ્રધાન ઋષિકેશ પટેલે માહિતી આપતા જણાવ્યું હતું કે, આરોગ્ય વિભાગ અને મહિલા-બાળ કલ્યાણ વિભાગ સંયુક્ત રીતે આ અભિયાન ચલાવશે. સબ-સેન્ટરથી લઈને મેડિકલ કોલેજ સુધી સ્ત્રીઓ અને બાળકો માટે વિશાળ સ્તરે કેમ્પનું આયોજન થયું છે. આ અભિયાન અંતર્ગત રાજ્યભરમાં કુલ ૧,૪૧,૦૩૭ જેટલા કેમ્પ યોજાશે. તેમાં નીચે પ્રમાણેનો સમાવેશ થશે.

આ અભિયાન હેઠળ ૧,૦૦,૮૫૪ પેટા આરોગ્ય કેન્દ્ર આયુષ્માન આરોગ્ય મંદિર, ૨૦,૦૦૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ૫,૫૯૦ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ૯,૯૭૧ શહેરી આયુષ્માન આરોગ્ય મંદિર, ૪,૬૧૫ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં નાગરિકોને નિઃશુલ્ક સલાહ અને સારવારની સેવા મળશે. આ રીતે, રાજ્યમાં ૧૦,૮૪૯ સ્પેશિયાલિસ્ટ કેમ્પ તથા ૧,૩૦,૧૮૮ સ્ક્રીનિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત લાખો નાગરિકોને ચકાસણી, તબીબી સલાહ અને પ્રાથમિક સારવાર મળશે. ■

# મોદીનો જન્મદિનઃ અનેક કલ્યાણ અને વિકાસ યોજનાઓ લૉન્ચ

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ૭૫મા જન્મદિનની ઉજવણીના ભાગરૂપ ભાજપના વડપણ હેઠળની કેન્દ્ર અને રાજ્ય સરકાર બુધવારે અનેક કલ્યાણ અને વિકાસ યોજનાઓ લૉન્ચ કરશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી આ નિમિત્તે મધ્ય પ્રદેશથી પખવાડિયા લાંબી રાષ્ટ્રવ્યાપી હૅલ્થ ઍન્ડ ન્યૂટ્રીશન કૅમ્પેન પણ શરૂ કરશે.

ધાર ખાતેથી મોદી 'સ્વસ્થ નારી સશક્ત પરિવાર' અને ઍઈટ્થ નેશનલ ન્યૂટ્રીશનલ મન્થ લૉન્ચ કરશે.

મોદી જાહેરસભાને સંબોધન કરશે અને વિકાસની અનેક યોજનાઓનું અનાવરણ પણ કરશે. આ નિમિત્તે બ્લડ ડોનેશન કૅમ્પ, સ્વચ્છતા ઝુંબેશ સહિત દેશભરમાં એક લાખ કરતાં પણ વધુ આરોગ્ય શિબિરનું આયોજન કરવામાં આવશે જે દેશની મહિલાઓ અને બાળકો માટેની અત્યાર સુધીની સૌથી મોટી આરોગ્ય ઝુંબેશ હશે.

દરમિયાન ગૃહ પ્રધાન અમિત શાહ પણ આ નિમિત્તે રાજધાની દિલ્હીમાં અનેક કલ્યાણ અને વિકાસ યોજનાઓ લૉન્ચ કરશે.

ધારમાં મોદી માતૃત્વ અને બાળ આરોગ્ય અંગે જાગૃતિ આણવા 'સૂમન સખી ચૅટબૉટ'નું અનાવરણ કરશે અને 'પ્રધાનમંત્રી માતૃવંદના યોજના' અંતર્ગત અંદાજે દસ લાખ પાત્ર મહિલાઓનાં બૅન્ક ખાતામાં ભંડોળ ટ્રાન્સફર કરશે.

મોદી ધારમાં ફાઈવ એફ (ફાર્મ ટૂ ફાઈબર, ફાઈબર ટૂ ફેક્ટરી, ફેક્ટરી ટૂ ફેશન અને ફેશન ટૂ ફૉરેન) વિઝનના ધોરણે પીએમ મિત્ર પાર્કનું ઉદ્‌ઘાટન કરશે. ■

# યુએસ - ઈન્ડિયા ટ્રેડ ટોકની કીક મળતાં સાર્વત્રિક લેવાલી સાથે સેન્સેક્સ ૫૯૫ પોઈન્ટ ઊછળ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકા અને ભારત વચ્ચે શરૂ થયેલી વેપાર વાટાઘાટો સફળ નિવડશે એવી આશા વચ્ચે ખાસ કરીને ઇન્ડેક્સ હેવીવેઇટ શેરોમાં લેવાલીનો ટેકો મળતાં સેન્સેક્સમાં ૫૬૯૫ પોઇન્ટનો ઉછાળો જોવા મળ્યો હતો. પાછલા સત્રમાં નરમાઈ પછી, ૧૬ સપ્ટેમ્બરના રોજ તેજી ફરી સક્રિય થઈ હતી, જેના કારણે નિફ્ટી ૨૩ ઓગસ્ટ પછી પહેલી વાર ૨૫,૨૦૦ પર પહોંચવામાં સફળ રહ્યો હતો, જેમાં સાર્વત્રિક લેવાલી વચ્ચે તમામ ક્ષેત્રોમાં ખરીદીનો સમાવેશ થતો હતો.





ત્રીસ શેરવાળો બીએસઈ સેન્સેક્સ ૫૯૪.૯૫ પોઈન્ટ અથવા ૦.૭૩ ટકા વધીને ૮૨,૩૮૦.૬૯ પોઇન્ટ પર બંધ થયો. દિવસ દરમિયાન, તે ૬૫૭.૭૪ પોઈન્ટ અથવા ૦.૮૦ ટકા વધીને ૮૨,૪૪૩.૪૮ની ઊંચી સપાટી સુધી પહોંચ્યો હતો. જ્યારે પચાસ શેરોવાળો એનએસઈ નિફ્ટી ૧૬૯.૯૦ પોઈન્ટ અથવા ૦.૬૮ ટકા વધીને ૨૫,૨૩૯.૧૦ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો.

ભારત અને અમેરિકાના ચીફ નેગોશિએટર્સે વાટાઘાટ શરૂ કરી હોવાથી બજારમાં આશાવાદનું વાતાવરણ રહ્યું હતું. આ ઉપરાંત અમેરિકાની ફેડરલ રિઝર્વ આગામી પોલિસી બેઠકમાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પોઇન્ટનો ઘટાડો કરશે એવી અપેક્ષા વચ્ચે ગ્લોબલ ઇક્વિટી માર્કેટમાં પણ સુધારો રહ્યો હોવાથી તેની સેન્ટિમેન્ટલ ઇફેક્ટને કારણે સ્થાનિક બજારને ટેકો મળ્યો હતો.

સેન્સેક્સના શેરોમાં કોટક મહિન્દ્રા બેંક, લાર્સન એન્ડ ટૂબ્રો, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, મારુતિ સુઝુકી, ભારતી એરટેલ અને ટાટા સ્ટીલ નિફ્ટીમાં મુખ્ય વધનારા શેરોમાં સામેલ હતા, જ્યારે બજાજ ફાઇનાન્સ અને એશિયન પેઇન્ટ્સ ટોપ લુઝર રહ્યા હતા.

સોલર પેનલ બનાવતી સાત્વિક ગ્રીન એનર્જી રૂ. ૯૦૦ કરોડના આઇપીઓ સાથે ૧૯મી સપ્ટેમ્બરે મૂડીબજારમાં પ્રવેશ કરશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૪૪૨થી રૂ. ૪૬૫ નક્કી કરવામાં આવી છે. હરિયાણા સ્થિત આ કંપનીનો આઇપીઓ ૨૩ સપ્ટેમ્બરે બંધ થશે. એન્કર ઇન્વેસ્ટર બિડ ૧૮મીએ ખૂલશે. કંપની ઓડિશામાં રૂ. ૪૭૭.૨૩ કરોડના રોકાણ સાથે ચાર ગીગાવોટની સોલાર પીવી મોડ્યુલ ઉત્પાદન સવલત સ્થાપી રહી છે.

સોલાર ચાલિત એગ્રીકલ્ચર વોટર પમ્પ સિસ્ટમ પ્રોવાઇડર જીકે એનર્જી ૧૯ સપ્ટેમ્બરે રૂ. ૪૬૫ કરોડના જાહેર ભરણા સાથે મૂડીબજારમાં પ્રવેશી રહી છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૧૪૫થી રૂ. ૧૫૩ નક્કી થઇ છે અને ભરણું ૨૩ સપ્ટેમ્બરે બંધ થશે. એન્કર બિડ ૧૮મીએ ખૂલશે. ઓએફએસનો હિસ્સો ૪૨ લાખ ઇક્વિટી શેરનો છે.

હાઇડ્રોલિક એક્સકેવેટર, મોટર ગ્રેડર, બેકહો લોડર, સોઇલ કોમ્પેક્ટર સહિતની કન્સ્ટ્રકશન મશીનરીની યુએઇ, મેક્સિકો, નેધરલેન્ડ, બેલ્જિયમ, સાઉથ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા અને યુકે સહિત ૩૦ દેશમાં નિકાસ કરનારી જિનકુશલ ઇન્ડસ્ટ્રીઝનો રૂ. ૪૬૪ કરોડનો આઇપીઓ ૨૫ સપ્ટેમ્બરે ખૂલશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૧૧૫થી રૂ. ૧૨૧ પ્રતિ શેર નક્કી થઇ છે. છત્તીસગઢ સ્થિત આ કંપનીના ભરણાંનું સબ્સક્રિપ્શન ૨૯મીએ બંધ થશે.

નબળા વૈશ્વિક બજાર વાતાવરણની અસરે સ્પેશિયાલિટી કેમિકલ્સ કંપની લેન્કસેસે ૨૦૨૫ના બીજા ક્વાર્ટરમાં અપાવદ આઇટમો અગાઉ ૧૫૦ મિલિયન યુરોનો એબિટા નોંધાવ્યો, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરના ૧૮૧ મિલિયન યુરોના આંકડાની તુલનામાં ૧૭.૧ ટકાનો ઘટાડો દર્શાવે છે. સામાન્ય રીતે નબળી માગ સાથે તમામ સેગમેન્ટમાં વેચાણનું પ્રમાણ ઓછું હતું. ૧ એપ્રિલ, ૨૦૨૫થી અમલમાં આવતા યુરેથેન સિસ્ટમ્સ બિઝનેસ યુનિટના વેચાણે પણ કમાણીમાં ઘટાડો કરવામાં નોંધપાત્ર ફાળો આપ્યો. બીજા ક્વાર્ટરમાં વેચાણ ૧.૪૬૬ બિલિયન યુરો થયું, જે અગાઉના વર્ષના ૧.૬૭૮ બિલિયન યુરોના આંકડા કરતાં ૧૨.૬ ટકા ઓછું છે. એફએમસીજી સિવાય, અન્ય તમામ ક્ષેત્રીય શેરઆંક ગ્રીન ઝોનમાં બંધ થયા હતા, જેમાં ઓટો, રિયલ્ટી, ટેલિકોમ પ્રત્યેકમાં એક ટકા જેટલો ઉછાળો જોવા મળ્યો હતો. કોટક મહિન્દ્રા બેંક, એલએન્ડટી, મારુતિ સુઝુકી, ભારતી એરટેલ, ટાટા સ્ટીલ નિફ્ટીમાં મુખ્યવધનારા શેરોમાં સામેલ હતા, જ્યારે શ્રીરામ ફાઇનાન્સ, બજાજ ફાઇનાન્સ, ટાટા કન્ઝ્યુમર, નેસ્લે, એશિયન પેઇન્ટ્સ ટોપ લુઝર રહ્યા હતા.

ભારતના પીપીઇ બજારનું મૂલ્ય ૨૦૩૩ સુધીમાં ૫.૮૬ ટકાના સીએજીઆર સાથે વધીને ૪.૭ અબજ ડોલર થવાનો અંદાજ છે. ભારતમાં ઇન્ફોર્મા માર્કેટ્સે બીઈસી ખાતે દક્ષિણ એશિયાના સૌથી મોટા વ્યવસાયિક સલામતી અને આરોગ્ય કાર્યક્રમ ૨૦૨૫ની ૧૩મી આવૃત્તિમાં ૧૬ થી ૧૮ સપ્ટેમ્બર સુધી ચાલનારા ઓએસએચ ઇન્ડિયા એક્સપોમાં આ માહિતી આપી હતી, જેમાં ૧૭૦થી વધુ પ્રદર્શકોએ ૩૦૦થી વધુ અગ્રણી બ્રાન્ડ્સની રજૂઆત કરી છે. આ કાર્યક્રમમાં ૧૩ દેશોના ૧,૫૦૦ ઉત્પાદનો અને ૯,૦૦૦ મુલાકાતીઓ સહભાગી છે.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે કોટક બેન્ક ૨.૫૫ ટકા, લાર્સન ૨.૨૮ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૨.૨૨ ટકા, મારુતિ ૧.૯૯ ટકા, ભારતી એરટેલ ૧.૮૫ ટકા, ટાટા સ્ટીલ ૧.૬૫ ટકા, એક્સિસ બેન્ક ૧.૫૩ ટકા, અલ્ટ્રાકેક સિમેન્ટ ૧.૨૮ ટકા, એચસીએલ ટેકનોલોજી ૧.૨૪ ટકા, ઈટર્નલ ૧.૨૪ ટકા, એનટીપીસી ૧.૧૬ ટકા અને બીઈએલ ૧.૧૩ ટકા વધ્યા હતા, જ્યારે એશિયન પેઈન્ટ ૦.૮૭ ટકા અને બજાજ ફાઈનાન્સ ૦.૬૯ ટકા ઘટ્યા હતા. બીએસઈ પર ૧૪૦થી વધુ શેરોએ તેમની બાવન સપ્તાહની ટોચને સ્પર્શ કર્યો હતો, જેમાં ગોડફ્રે ફિલિપ્સ, આધાર હાઉસિંગ, ઝાયડસ વેલનેસ, એમ્બર એન્ટરપ્રાઇઝ, મુથૂટ ફાઇનાન્સ, મણપ્પુરમ ફાઇનાન્સ, મારુતિ સુઝુકી, એલ એન્ડ ટી ફાઇનાન્સ, જેએસડબ્લ્યુ સ્ટીલ, કમિન્સ ઇન્ડિયા, આનંદ રાઠી, દાલમિયા ભારત, રેડિકો ખૈતાન, અસાહી ઇન્ડિયા, સારદા એનર્જી, ફોર્ટિસ હેલ્થકેર, એચબીએલ એન્જિનિયરિંગ વગેરેનો સમાવેશ થાય છે.

સત્તાવાર આંકડા મુજબ, ભારતની નિકાસ ઓગસ્ટમાં ૬.૭ ટકા વધીને ૩૫.૧ અબજ ડોલરના સ્તરે પહોંચી હતી, જ્યારે આયાત ૧૦.૧૨ ટકા ઘટીને ૬૧.૫૯ અબજ ડોલર નોંધાઇ હતી. ગયા વર્ષે ઓગસ્ટમાં નિકાસ ૩૨.૮૯ અબજ ડોલર હતી અને આયાત ૬૮.૫૩ અબજ ડોલર હતી. ઓગસ્ટ ૨૦૨૫ દરમિયાન વેપાર ખાધ ૨૬.૪૯ અબજ ડોલર હતી જે એક વર્ષ પહેલાના મહિનામાં ૩૫.૬૪ અબજ ડોલર હતી.

ખાદ્યચીજોના ભાવમાં વધારો થતાં જથ્થાબંધ ફુગાવો ચાર માસની ટોચે પહોંચ્યો છે. દેશનો જથ્થાબંધ ફુગાવો ઓગસ્ટમાં વધી ૦.૫૨ ટકા નોંધાયો છે. જે જુલાઈમાં -૦.૫૮ ટકા હતો. જથ્થાબંધ મોંઘવારીમાં વૃદ્ધિ પાછળના કારણો ખાદ્ય ચીજો, મેન્યુફેક્ચરિંગ, નોન-ફૂડ આર્ટિકલ્સ, નોન મેટલિક મિનરલ પ્રોડક્ટ્સ અને ટ્રાન્સપોર્ટ ઈક્વિપમેન્ટના ભાવમાં વધારો છે. ■

# ડૉલર ઈન્ડેક્સ બે મહિનાના તળિયે પટકાતાં વૈશ્વિક સોનું ૩૭૦૦ ડૉલરની લગોલગ

## સ્થાનિક સોનામાં રૂ. ૧૩૫૮નો અને ચાંદીમાં રૂ. ૧૫૦૯નો ચમકારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વની આજથી શરૂ થઈ રહેલી બે દિવસીય નીતિવિષયક બેઠક પૂર્વે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ બે મહિનાની નીચી સપાટી આસપાસ પ્રવર્તી રહ્યો હોવાથી લંડન ખાતે સોના અને ચાંદીમાં રોકાણકારોની લેવાલીને ટેકે ભાવમાં તેજીનું વલણ રહ્યું હતું. તેમ જ સોનાના ભાવ ઔંસદીઠ ૩૭૦૦ ડૉલરની સપાટીની લગોલગ પહોંચ્યાના નિર્દેશો સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં ઉછાળા જોવા મળ્યા હતા, જેમાં સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૩૫૩થી ૧૩૫૮ના ચમકારા સાથે રૂ. ૧.૧૦ લાખની સપાટી પાર કરી ગયા હતા, જ્યારે ચાંદી કિલોદીઠ રૂ. ૧૫૦૯ ઉછળીને ૧.૨૯ લાખની સપાટી કુદાવી ગઈ હતી.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વિશ્વ બજાર પાછળ ૯૯૯ ટચ ચાંદીના વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૫૦૯ ઉછળીને રૂ. ૧,૨૯,૩૦૦ના મથાળે રહ્યા હતા. જોકે, વધ્યા મથાળેથી માત્ર ઔદ્યોગિક વપરાશકારોની ખપપૂરતી માગ રહી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો નવી લેવાલીથી દૂર રહ્યા હતા. આજે સોનામાં પણ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ભાવમાં તેજીનો અન્ડરટોન રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૩૫૩ વધીને રૂ. ૧,૧૦,૪૨૫ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૩૫૮ વધીને રૂ. ૧,૧૦,૮૬૯ના મથાળે રહ્યા હતા. તેમ જ સોનામાં પણ ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત રિટેલ સ્તરની તથા જ્વેલરી ઉત્પાદકોની લેવાલી નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે ડૉલર ઈન્ડેક્સ બે મહિનાની નીચી સપાટી સુધી ગબડી જતાં લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪ ટકા વધીને ઔંસદીઠ ૩૬૯૨.૮૭ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૩ ટકા વધીને ૩૭૩૦.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ ગઈકાલની ઔંસદીઠ ૪૨.૭૩ ડૉલર આસપાસની ઊંચી સપાટીએ ટકેલા રહ્યા હતા.

હાલ વિશ્વ બજારમાં સોનામાં એકતરફી તેજીનું વલણ જોવા મળી રહ્યું છે અને શેષ વર્ષ ૨૦૨૫માં તેજીનું વલણ જળવાઈ રહે તેવી શક્યતા છે અને વર્ષ ૨૦૨૬માં સોનાના ભાવ ઔંસદીઠ ૪૦૦૦ ડૉલર સુધી પહોંચે તે પૂર્વે નોંધપાત્ર કરેક્શન જોવા મળે તેવી શક્યતા અત્રે નવી દિલ્હી ખાતે ચાલી રહેલી ઈન્ડિયા ગોલ્ડ કોન્ફરન્સ પશ્ચાત્ ઉદ્યોગનાં નિષ્ણાતો વ્યક્ત કરી રહ્યા હતા.

આજથી શરૂ થઈ રહેલી બે દિવસીય નીતિવિષયક બેઠકના અંતે અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવા આશાવાદને ધ્યાનમાં લેતા આજે ડૉલર ઈન્ડેક્સ બે મહિનાની નીચી સપાટીએ પટકાતા સોનામાં સુધારાને ટેકો મળ્યો હોવાનું યુબીએસનાં વિશ્લેષક જિઓવન્ની સ્ટુનોવોએ જણાવતાં ઉમેર્યું હતું કે હાલમાં સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ટ્રેડરો ૨૫ બેસિસ પૉઈન્ટના રેટ કટની ધારણા મૂકી રહ્યા છે.

જોકે, ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે તેની સોશ્યલ મીડિયાની પોસ્ટ પર ફેડરલ રિઝર્વને મોટી માત્રામાં રેટ કટ કરવાની હાકલ કરી હતી. જો ફેડરલ રિઝર્વનાં અધ્યક્ષ બેઠકનાં અંતે હળવી નાણાનીતિના સંકેત આપશે તો સોનામાં તેજી આગળ ધપે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

એકંદરે ફેડરલ રિઝર્વ હળવી નાણાનીતિ અપનાવીને આગામી વર્ષ દરમિયાન પણ રેટ કટ જાળવી રાખે તેવો આશાવાદ સોનાને ટેકો આપી રહ્યો હોવાનું બૅન્કિંગ ગ્રૂપ સ્વિસક્વૉટનાં વિશ્લેષક કાર્લો અલ્બર્ટો ડે કાસાએ જણાવતાં ઉમેર્યું હતું કે નીચા વ્યાજદરનાં સંજોગોમાં રોકાણકારોની સોનામાં લેવાલી રહેતી હોય છે. ■

# ડૉલર સામે રૂપિયો આઠ પૈસા ઊંચકાયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકાએ ભારતથી થતી આયત સામે ઊંચા ટૅરિફને ધ્યાનમાં લેતા આજથી શરૂ થયેલી બે દિવસીય વેપાર વાટાઘાટોમાં ઉકેલ આવે તેવા આશાવાદ ઉપરાંત સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં તેજીનું વલણ રહ્યું હોવાથી આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો આઠ પૈસા ઊંચકાઈને ૮૮.૦૮ના મથાળે બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવતાં ઉમેર્યું હતું કે આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવાને કારણે પણ રૂપિયામાં સુધારાને ટેકો મળ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૮.૧૬ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૮.૦૫ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૮.૧૬ અને ઉપરમાં ૮૮.૦૧ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે આઠ પૈસા વધીને ૮૮.૦૮ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે રૂપિયામાં ૧૦ પૈસાનો સુધારો આવ્યો હતો.

તાજેતરમાં અમેરિકાના રોજગાર સહિતનાં આર્થિક ડેટાઓ નબળા આવી રહ્યા હોવાથી ફેડરલ રિઝર્વ દ્વારા આજથી શરૂ થઈ રહેલી બે દિવસીય નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદરમાં કાપ મૂકવામાં આવે તેવી પ્રબળ શક્યતા છે અને બજાર વર્તુળો ૨૫ બેસિસ પૉઈન્ટના રેટકટની ધારણા મૂકી રહ્યા હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ જોવા મળે અને ૮૭.૭૫થી ૮૮.૩૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા વ્યક્ત કરતાં મિરે એસેટ્સ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ કરી હતી.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૨૬ ટકા ઘટીને ૯૭.૦૪ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૨૮ ટકા ઘટીને બેરલદીઠ ૬૭.૨૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૫૯૪.૯૫ પૉઈન્ટનો અને ૧૬૯.૯૦ પૉઈન્ટનો ઉછાળો આવ્યો હતો. જોકે, ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૨૬૮.૫૯ કરોડની ચોખ્ખી વેચવાલી જળવાઈ રહી હોવાનું એક્સચેન્જે આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું. ■

# આયાતી તેલમાં મિશ્ર વલણ, કામકાજો નિરસ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે સાધારણ નવ સેન્ટનો સુધારો આવ્યાના અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં નવ રિંગિટ ઘટી આવ્યાના નિર્દેશો હતા. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલ તેમ જ હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહેતાં સ્થાનિકમા આયાતી તેલમાં ૧૦ કિલોદીઠ સોયા રિફાઈન્ડમાં રૂ. પાંચનો ઘટાડો અને આરબીડી પામોલિનમાં રૂ. પાંચનો સુધારો જોવા મળ્યો હતો તથા અન્ય દેશી-આયાતી તેલના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એવીઆઈનાં આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦ તથા સન રિફાઈન્ડના રૂ. ૧૪૨૫, જી-વનના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૨૭૧ અને રૂ. ૧૨૬૧, ગોકુલ એગ્રોનાં સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦, ગોદરેજ એગ્રોવેટના આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૫, રિલાયન્સ રિટેલના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૫ અને પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૨૮૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૧૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ સેલરિસેલમાં થયેલા છૂટાછવાયા વેપારને બાદ કરતાં એકંદરે વેપાર નિરસ રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે ૨૫,૦૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૩૦૦માં થયા હતા, જ્યારે રાજકોટ મથકે ૭૫૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૨૭૫માં થયાના અહેવાલ હતા.

સ્થાનિકમાં આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૨૦, સિંગતેલના રૂ. ૧૩૬૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૫૦ અને સરસવના રૂ. ૧૬૦૦ના મથાળે ટકેલા રહ્યા હતા. આ સિવાય આજે ગુજરાતનાં મથકો પર નિરસ માગે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૨૧૪૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ ૧૦ ઘટીને રૂ. ૧૩૩૦માં ટકેલા ધોરણે થયા હતા.

# એક્સચેન્જના માર્કેટ કેપમાં રૂ. ૨.૮૨ લાખ કરોડની વૃદ્ધિ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકા સાથે ટ્રેડ ડીલ પાર પડવાના આશાવાદ વચ્ચે આવેલી સાર્વત્રિક લેવાલી વચ્ચે એકમાત્ર એફએમસીજી સેક્ટરના સેરોમાં નરમાઇ જોવા મળી હતી. એ સિવાય બધા સેક્ટરલ ઈન્ડેક્સમાં વધારો જોવા મળ્યો હતો. સર્વિસીસ ટેલિકોમ્યુનિકેશન અને ઓટોમાં ઝડપી ઉછાળા સાથે એક્સચેન્જના માર્કેટ કેપમાં રૂ. ૨.૮૨ લાખ કરોડની વૃદ્ધિ જોવા મળી હતી.

સેન્સેક્સની ૨૮ સ્ક્રિપ્સ વધી હતી, જ્યારે ૨ સ્ક્રિપ્સ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૬૨ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૬૬ ટકા વધ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૭૯ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૭૨ ટકા વધ્યો હતો.

મંગળવારે સેન્સેક્સ ગત સોમવારના ૮૧,૭૮૫.૭૪ના બંધથી ૫૯૪.૯૫ પોઈન્ટ્સ (૦.૭૩ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ ૮૧,૮૫૨.૧૧ ખૂલીને નીચામાં ૮૧,૭૭૯.૯૪ સુધી અને ઊંચામાં ૮૨,૪૪૩.૪૮ સુધી જઈને અંતે ૮૨,૩૮૦.૬૯ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૬૦.૦૫ લાખ કરોડથી રૂ. ૨.૮૨ લાખ કરોડ વધીને રૂ. ૪૬૨.૮૭ લાખ કરોડ રહ્યું હતું.

એકમાત્ર એફએમસીજી સિવાય બધા સેક્ટરલ ઈન્ડેક્સ વધ્યા હતા, જેમાં મુખ્યત્વે બીએસઈ સર્વિસીસ ૧.૬૭ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૧.૫ ટકા, ઓટો ૧.૪૩ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૧.૦૫ ટકા, ટેક ૧.૦૫ ટકા, રિયલ્ટી ૧.૦૨ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૯૬ ટકા, કોમોડિટીઝ ૦.૯ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૮૯ ટકા, મેટલ ૦.૮૮ ટકા અને યુટિલિટીઝ ૦.૮૭ ટકા વધ્યા હતા, જ્યારે એફએમસીજી ૦.૧ ટકા ઘટ્યો હતો.

એક્સચેન્જમાં ૪,૩૦૯ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૫૦૭ સ્ટોક્સ વધ્યા હતા, ૧,૬૦૬ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૯૬ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૫૫ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે પંચાવન સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. નવ સ્ટોક્સને ઉપલી જ્યારે ૭ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં મંગળવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૨૧૭.૪૦ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૦૧૭ સોદામાં ૧,૩૧૭ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૨૦,૪૪,૯૮૯ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ (અનુમાનિત) ટર્નઓવર રૂ. ૩૮,૬૧,૫૧૦.૬૦ કરોડનું રહ્યું હતું. ■

# નિકલ, ઝિન્ક અને કોપરની અમુક વેરાઈટીઓમાં સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે પાંખાં કામકાજો વચ્ચે ખાસ કરીને નિકલમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલીનો ટેકો મળતા ભાવમાં કિલોદીઠ ચારનો સુધારો આવ્યો હતો. આ સિવાય કોપરની અમુક વેરાઈટીઓ અને ઝિન્ક સ્લેબમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. એકથી બે વધી આવ્યા હતા. જોકે, આજે એકમાત્ર ટીનમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને માગ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટી આવ્યા હતા તથા અન્ય તમામ ધાતુઓનાં ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ચારના સુધારા સાથે રૂ. ૧૩૭૭ના મથાળે અને વપરાશકાર ઉદ્યોગની છૂટીછવાઈ માગને ટેકે કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૮૭૭, રૂ. ૮૬૩ અને રૂ. ૯૬૧ના મથાળે તથા કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૨૮૩ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે એકમાત્ર ટીનમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલીના દબાણ સામે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૩૧૬૨ના મથાળે રહ્યા હતા. આ સિવાય કોપર આર્મિચર, એલ્યુમિનિયમ, બ્રાસ તથા લીડ ઈન્ગોટ્સમાં છૂટીછવાઈ ખપપૂરતી માગ રહેતાં ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# સ્મોલ ગ્રેડની ખાંડમાં માગ અને ગુણવત્તાનુસાર મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૫૦થી ૩૮૯૦માં ટકેલા ધોરણે થયાના ઓવરનાઈટ અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં માગ અને માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતાં સ્મોલ ગ્રેડની ખાંડમાં મિશ્ર વલણ રહ્યું હતું અને ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો અને ઉપલા મથાળેથી રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની ખપપૂરતી માગ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, સ્મોલ ગ્રેડની ખાંડમાં રિટેલ સ્તરની માગ તથા માલની ગુણવત્તાને અનુલક્ષીને વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૯૨થી ૪૦૫૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૬૨થી ૪૧૩૨માં ટકેલા ધોરણે થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૨૦થી ૩૯૫૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૭૦થી ૪૦૦૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા. ■


# જીએસટીમાં ફેરફારને પ્રદર્શિત કરવા અને ડિસ્કાઉન્ટની જાહેરાત કરવા વાણિજ્ય મંત્રાલયનો રિટેલ ચેઈનને અનુરોધ

નવી દિલ્હીઃ જીએસટીનાં દરોનું તાર્કિકરણને કારણે ઉત્પાદનોમાં થયેલા ભાવમાં સુધારાને મુખ્ય રીતે પ્રદર્શિત કરવાની સાથે ડિસ્કાઉન્ટની જાહેરાત કરવા માટે વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે રિટેલ ચેઈનને જણાવ્યું છે.

અત્રે રિટેલર્સ એસોસિયેશન ઑફ ઈન્ડિયા, ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઑફ ઈન્ડસ્ટ્રી ઍન્ડ ઈન્ટરનલ ટ્રેડ (ડીપીઆઈઆઈટી) સાથે થયેલી વાતચીત દરમિયાન તેમણે જણાવ્યું હતું કે રિટેલરોએ તેના બિલ/રસીદમાં જીએસટી ડિસ્કાઉન્ટ દર્શાવવું જોઈએ અને ખાસ કરીને જે ચીજોમાં વધુ ફરક પડ્યો હોય તે ખાસ પ્રદર્શિત કરવું જોઈએ. તેમ જ જીએસટી ડિસ્કાઉન્ટની પોસ્ટર, ફ્લાયર, પ્રિન્ટ, ટીવી અને ઓનલાઈન તથા તેમનાં પોતાના રિટેલ નેટવર્ક મારફતે જાહેરાત કરવી જોઈએ. વધુમાં ડિપાર્ટમેન્ટે એવી પણ ભલામણ આપી હતી કે આગામી તહેવારોની મોસમમાં રિટેલ વેચાણનાં આંકડાઓ પર દેખરેખ રાખીને તેને વિવિધ ચેનલો મારફતે જાહેર કરવા જોઈએ. આગામી પહેલા નોરતા અથવા તો આગામી ૨૨મી સપ્ટેમ્બરથી સુધારિત જીએસટીના દરનો અમલ થતાં સાબુથી માંડીને કાર, શેમ્પુથી માંડીને ટ્રેક્ટર અને એરકન્ડિશનર જેવી અંદાજે ૪૦૦ જેટલી ચીજોનાં ભાવમાં ઘટાડો થશે.

નોંધનીય બાબત એ છે કે આગામી ૨૨મી સપ્ટેમ્બરથી જીએસટીનાં વર્તમાન ૧૨ ટકા અને ૧૮ ટકાના દર દૂર થઈને મુખ્યત્વે પાંચ ટકા અને ૧૫ ટકા એમ માત્ર બે જ દર અમલી રહેશે, જેને પગલે દૈનિક ખાદ્ય અને અનાજ-કરિયાણાની ચીજો પાંચ ટકાનાં દર હેઠળ આવશે, જ્યારે બ્રેડ, દૂધ અને પનીર પર શૂન્ય ટકા જીએસટી રહેશે. ■

**અણધાર્યા રહસ્યના આટાપાટા ખેલતી નોખી-અનોખી ક્રાઈમ કથા...**




**યોગેશ સી પટેલ**

## પ્રકરણ-૮

'બેટા... હોમ-હવન કરવાથી કે પ્રભુનું નામ જપવાથી સમસ્યાનું નિરાકરણ નહીં થાય, એવી તમારી માન્યતા હું બદલી શકતો નથી... એ તો જેવી પ્રભુની ઇચ્છા! પણ એક વાત અટળ છે કે પ્રભુભક્તિમાં ઘણી શક્તિ હોય છે. તે દરેક વિપદામાંથી માર્ગ કાઢવાનું સામર્થ્ય અને જ્ઞાન બક્ષે છે.' ગોર-મહારાજનો ઉપદેશ ઈન્સ્પેક્ટર ચંદ્રેશ ગોહિલ ધ્યાનથી સાંભળતો હતો.

ગોહિલને ભગવાનમાં શ્રદ્ધા ખરી, પણ મુશ્કેલ ઘડીમાં માર્ગ શોધવાને બદલે હોમ-હવનનો આશરો લેવો તેને યોગ્ય નહોતું લાગતું. એ તેને અંધશ્રદ્ધા જેવું લાગતું.

આરેના જંગલમાં ઉપરાછાપરી બનેલી ઘટનાઓથી રહેવાસીઓમાં દુરાત્માના ઓછાયાની અફવા ફેલાઈ હતી. આ કષ્ટના મારણ માટે યુનિટ-૧૬માં મુખ્ય માર્ગ નજીક આવેલી આરે હૉસ્પિટલ પાસેના મેદાનમાં મહાહવન અને 'ભંડારા'નું આયોજન કરાયું હતું. પવિત્ર પ્રસંગે ભક્તો માટે રખાતા ભોજનને મરાઠીમાં ભંડારા કહેવામાં આવે, જેને મહાપ્રસાદ ગણવામાં આવે છે. સાધુઓને કરાવાતા જમણવારને પણ 'ભંડારો' કહેવાય છે.

હવનના સ્થળે જવાની ગોહિલની ઇચ્છા નહોતી, પણ ગામવાસીઓનો વિશ્વાસ જીતવા અને તેમનું માન જાળવવાના હેતુથી આરે પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર અશોક ગાયકવાડના આગ્રહથી તે ટીમ સાથે આવ્યો હતો. ભંડારામાં ભોજન માટે જતાં પહેલાં દળવીએ ગોહિલની મુલાકાત પાડાના મુખિયાઓ સાથે કરાવી હતી.

હવનમાં નાળિયેર હોમીને ગોહિલે મહારાજ સામેના પાત્રમાં દક્ષિણા મૂકી ત્યારે મહારાજે તેને પૂછ્યું: 'મુખ પર ચિંતાની રેખાઓ શાને દેખાય છે, યજમાન!'

'અમારું કામ જ એવું છે, મહારાજ કે જેમાં સતત ટેન્શન હોય... એટલે અમારા ચહેરા સોગિયા જ દેખાવાના!' ગોહિલે સામાન્ય ઉત્તર આપ્યો.

ચિંતા છોડીને શાંત ચિત્તે તકલીફોનો હલ શોધવાની સલાહ ગોહિલને આપી મહારાજ ઉપદેશ આપ્યા લાગ્યા હતા.

'કામકાજમાંથી થોડો સમય પ્રભુ માટે કાઢશો તો સંકટ અવશ્ય દૂર થશે... દરેક કાર્યો માટે ઈશ્વર માનવોને જ માધ્યમ બનાવે છે. એટલે કર્મો તો તમારે જ કરવાનાં છે, યજમાન... ઈશ્વર માત્ર માર્ગ ચીંધે છે!'

ગોહિલને થયું, હવે વધુ સમય અહીં વિતાવશે તો ગુના ઉકેલવાનું છોડીને પ્રભુભક્તિમાં લીન થઈને એ પણ ઉપદેશ આપવા લાગશે એટલે હાથ જોડી મહારાજને નમન કરીને તેણે ચાલવા માંડ્યું.

ભંડારામાંથી જમીને એપીઆઈ પ્રણય શિંદે અને કોન્સ્ટેબલ નામદેવ દળવી સાથે ડ્રાઈવર સંજય માને ગોહિલ પાસે આવ્યો. માનેનો એક તરફનો ગાલ થોડો ફૂલેલો જોઈને ગોહિલ સમજી ગયો કે જમ્યા પછી તમાકુ ખાવાની પ્રક્રિયા પણ તે પતાવીને આવ્યો છે.

'સર, પાઈનેપલ શીરો ખૂબ જ સ્વાદિષ્ટ છે... થોડો મગાવું તમારા માટે?' શિંદેએ પૂછ્યું.

'ના... યાર, મારે કંઈ ખાવું નથી!' ગોહિલે અનિચ્છા વ્યક્ત કરી.

'મેં તો ત્રણ વાર શીરો લીધો, સર!' શિંદેએ રાજીપો દર્શાવ્યો.

'આવું ખાઈને બાવડાં ફુલાવ અને આરોપીઓ પર જોર અજમાવ... મારી મારીને બિચ્ચારા આરોપીઓનાં હાડકાં ખોખરાં કરી નાખે છે!' ગોહિલે હસીને કહ્યું: 'એટલે જ તો મને ક્યારેક આરોપીઓની દયા આવે છે!'

બધા ખડખડાટ હસીને બોલેરોમાં ગોઠવાયા. પેટ સંકેલીને જેમતેમ ડ્રાઈવિંગ સીટ પર ગોઠવાયેલા માનેએ બોલેરો સ્ટાર્ટ કરી એટલે ગોહિલે મુખ્ય રસ્તાને બદલે અંદરના માર્ગ પરથી વાહન લેવાની સૂચના આપી. ફાંદ વધી હોવા છતાં માને ઉત્તમ ડ્રાઈવર હતો એટલે તેની અણગમતી આદતો સામે ગોહિલ આંખ આડા કાન કરતો.

બોલેરો ધીમી ગતિએ ચાલતી હતી ત્યારે ગોહિલની નજર એક ખૂણે ઊભા રહીને જમતા જૉની-બૉની પર પડી. ગોહિલે વાહન રોકવાનો ઇશારો કરતાં માનેએ તરત બ્રેક મારી.

'દળવી... તું તો કહેતો હતો કે આ બન્ને પાગલ છે. જો કેવા શિસ્તમાં એક જગ્યાએ ઊભા રહીને જમે છે.' ગોહિલે દળવીનું ધ્યાન દોર્યું.

'શિંદે, આવા પાગલ ક્યારેય જોયા છે? પાગલ આટલી વ્યવસ્થિત રીતે ડિશ પકડીને શાંતિથી જમે ખરા?' બધા ગોહિલની વાત સાંભળી ધ્યાનથી જૉની-બૉનીને નીરખવા લાગ્યા.

'વાત તો તમારી સાચી છે, સર!' શિંદેએ બાવડાં ફુલાવતાં કહ્યું: 'આ બન્ને નમૂના ખરેખર પાગલ છે કે નહીં એની શંકા જાય છે!'

×××

'હિલતા મકાન... સબ કે લિયે ચાય-નાસ્તા કા બંદોબસ્ત કરો. ઔર... થોડા જલ્દી!' વિધાનસભ્ય ગુલાબરાવ જાંભુળકરે તેમના પીએ પ્રસન્ન ચૌધરીને આદેશ આપ્યો.

'જી, સા'બ!' હાથમાં મોબાઈલ સાથે ચૌધરી હાલકડોલક થતો જાંભુળકરની કૅબિન બહાર નોકરને કામ સોંપવા ગયો. ડૉ. વિશ્વાસ ભંડારીની નજર તેની ચાલ પર હતી.

બાપટે પત્રકાર પરિષદમાં સરકાર વિરુદ્ધ આગ ઓકી એટલે લોકોનું ધ્યાન ભટકાવવા અને પોતાની પ્રતિભા ઊજળી કરવા આરેમાં સારા અને લોકોપયોગી કાર્યક્રમો યોજવાનું કાર્યકરોની મીટિંગમાં નક્કી કરાયું હતું.

તે સમયે આરેમાં હોમ-હવનની વાત આવી એટલે જાંભુળકરે પ્રસિદ્ધિની તક ઝડપી લીધી હતી. હવન બાદના 'ભંડારા'નો પૂરો ખર્ચ ઉપાડી લેવાની જવાબદારી જાંભુળકરે સ્વીકારી હતી. બીજી બાજુ, ચૌધરીએ સ્વાસ્થ્ય શિબિર ગોઠવવા સંબંધી ચર્ચા કરવા જાંભુળકર સાથે ડૉક્ટરોની મીટિંગ ગોઠવી હતી, જેમાં ડૉ. વિશ્વાસ ભંડારી અને ડૉ. આયુષ પાઠક સાથે ભંડારીની સેક્રેટરી કૃપા ગોડબોલે પણ હાજર હતી.

'અઠવાડિયામાં જ એક શિબિર ગોઠવી દો!' જાંભુળકરે જાણે આદેશ આપ્યો.

'તૈયારી માટે માણસો જોઈએ તો અમારા કાર્યકરો મળી રહેશે!'

'સર, કૅમ્પનું આયોજન થઈ જશે, પણ હેલિકૉપ્ટર ક્રેશની ઘટના પછી પોલીસને કોઈ તકલીફ...' ડૉ. ભંડારીએ જાણીજોઈને વાક્ય અધૂરું છોડ્યું.

'પોલીસને શી તકલીફ છે?' જાંભુળકરનો અવાજ થોડો મોટો થયો.

'સર, પરમિશન માટે પોલીસ પાસે જવું પડશેને?' ડૉ. પાઠક શાંતિથી બોલ્યા.

'પોલીસ ડૉક્ટર ઈમાનદાર સાથે અમે ચર્ચા કરી લઈશું... એ હંમેશાં મદદ માટે તત્પર હોય છે, પણ...' ડૉ. ભંડારીએ ફરી વાક્ય પૂરું ન કર્યું.

ડૉ. સંયમ ઈમાનદાર પોલીસ માટે નિઃશુલ્ક સેવા આપતા હોવાથી તેમની ઓળખ પોલીસ ડૉક્ટર તરીકે પણ પડી ગઈ હતી.

'હાં... ઈમાનદારને હું ઓળખું છું. એ હેલ્પફુલ વ્યક્તિ છે.' જાંભુળકરે પણ ડૉ. ભંડારીની વાતમાં હામી ભરી.

> **દરેક કાર્યો માટે ઈશ્વર માનવોને જ માધ્યમ બનાવે છે. એટલે કર્મો તો તમારે જ કરવાનાં છે, યજમાન... ઈશ્વર માત્ર માર્ગ ચીંધે છે!**

'સર, તમારા તરફથી થોડું પ્રેશર આવશે તો પોલીસ આનાકાની નહીં કરે... અને કામ ફટાફટ થઈ જશે!' ડૉ. પાઠકે માર્ગ ચીંધ્યો.

મોટી વ્યક્તિઓ વચ્ચેની વાતચીતમાં કૃપા માટે બોલવાનું કંઈ નહોતું એટલે તે ચૂપચાપ બેસીને વાતચીત સાંભળતી હતી.

'ઠીક છે... હું ડીસીપી સાથે વાત કરીશ! ખર્ચાની ફિકર ન કરતા.'

ચા-નાસ્તો આવ્યો એટલે જાંભુળકર થોડું અટક્યા. પછી તેમણે ચૌધરી સામે ઇશારો કરતાં કહ્યું: 'કોઈ મદદની જરૂર હોય તો આ ચૌધરીને કહી દેજો!'

ચા-નાસ્તો પછી રજા લેતી વખતે બન્ને ડૉક્ટર અને કૃપાએ નમસ્કાર કર્યા ત્યારે જાંભુળકરે પણ હાથ જોડ્યા: 'જય મહારાષ્ટ્ર... આમ્હી નાહી ભ્રષ્ટ!'

×××

આરેના જંગલ વચ્ચેથી પસાર થતા મુખ્ય માર્ગ દિનકરરાવ દેસાઈ રોડના બીજા છેડે પિકનિક પૉઈન્ટ નજીક પહોંચી કૃપા ગોડબોલેએ તેના સ્કૂટરની ગતિ થોડી ધીમી કરી. પરિવાર સાથે, ખાસ કરીને બાળકો માટે એક દિવસીય પિકનિક માટેનું આ ઉત્તમ સ્થળ.

પિકનિક પૉઈન્ટ નજીકની કૅન્ટીન બહારના બાકડા પર બેસીને બાળકૃષ્ણ ટેકામ, ભાસ્કર કડુ અને જુગલ મેશ્રામ ચા પીતા હતા. કૅન્ટીન નામે માત્ર સ્ટૉલ, જેમાં જંક ફૂડનાં પૅકેટ્સ, ગણીગાંઠી ખાદ્ય વસ્તુઓ, કૉલ્ડ ડ્રિન્ક્સ અને ચા-કૉફી મળતાં.

'માફ કરજો... ઘણી રાહ જોવી પડી?' કૃપાએ વિનયથી હાથ જોડ્યા.

'અરે, ના! અમે તો સમય પસાર કરવા વહેલા આવીને ચા પીતા બેઠા હતા.' એટલા જ વિનયથી યુનિટ-૧૩ના મુખિયા બાળકૃષ્ણ ટેકામે જણાવ્યું.

હેલિકૉપ્ટર દુર્ઘટનાને કારણે રદ કરવી પડેલી મેડિકલ શિબિર પોલીસ સાથે ચર્ચા પછી ફરી યોજવાની ધરપત આપવા કૃપાએ મેશ્રામ અને ટેકામને ફોન કર્યા હતા. તે સમયે ટેકામે પણ જરૂરી માહિતી આપવા માગતા હોવાનું કહ્યું હતું. ટેકામ સૌથી વડીલ મુખિયા હતા અને મેશ્રામના યુનિટ પચીસમાં આયોજિત શિબિર રદ થઈ હતી.

'ચા પીશે?' મેશ્રામે પૂછ્યું.

'ના... થેન્ક્સ, હું માત્ર સવારે... એક ટાઈમ ચા પીઉં છું.' કૃપાએ કહ્યું.

'બેટા, કંઈ ખાશે? નાસ્તો મગાવું?' ટેકામે સભ્યતા જાળવીને કહ્યું.

'ના... કાકા! કંઈ નહીં. મારે પાછા હૉસ્પિટલ જવાનું છે.' કૃપા ટેકામને કાકા તરીકે જ સંબોધતી.

'શિબિર માટે શું કહેતી હતી?' હવે યુનિટ-૧૬ના ભાસ્કર કડુએ પ્રશ્ન કર્યો.

'એ મુદ્દે ડૉક્ટરોએ વિધાનસભ્ય જાંભુળકર સાથે વાતચીત કરી છે...'

'શું કહ્યું એ ગુલાબજાંભુએ?' કૃપાની વાત વચ્ચે જ કાપી મેશ્રામે સવાલ કર્યો.

વિધાનસભ્ય ગુલાબરાવ જાંભુળકરને તેમની જાણબહાર મોટા ભાગના લોકો નામ અને અટક જોડીને ગુલાબજાંભુ કહેતા. તેમનો દેખાવ પણ થોડો વિચિત્ર હતો. માથું નાનું અને પેટ હદ કરતાં વધુ આગળ હતું. પગમાં પહેરેલાં ચંપલ જોવા તેમણે કદાચ વાંકા વળવું પડતું હશે. ગરદન નહીંવત્ હતી. માથા સાથે જાણે સીધું ધડ જોડાયેલું હતું. માથે હંમેશાં ગાંધીટોપી રહેતી.

જાંભુળકર કોઈ ફંક્શનમાં જવાના હોય તો ત્યાંના આયોજકો ખાસ ધ્યાન રાખતા કે તેમની હાજરીમાં મરાઠી ગીત 'જાંભુળ પિકલ્યા ઝાડા ખાલી ઢોલ કુણાચા વાજજી!' ન વાગે. આ ગીત તેમને ચીડવવા માટે વગાડાતું હોવાનું જાંભુળકર માનતા.

'આરેમાં સારા અને લોકોપયોગી કાર્યક્રમો યોજાય એવું ખુદ નેતાજી ઇચ્છે છે!' મીઠાબોલી કૃપાએ કહ્યું: '...એટલે રદ કરાયેલી સ્વાસ્થ્ય શિબિર ફરી યોજાશે!'

'જાંભુળકરે પોલીસ સાથે વાત કરવાનું વચન આપ્યું છે અને પૂરા સહકારની તૈયારી બતાવી છે.' કૃપાએ માહિતી આપી.

'ચાલો, સારું! બધાનું સ્વાસ્થ્ય તપાસાય એ ઉત્તમ કાર્ય છે! ગોડબોલે... તેં તો મીઠા સમાચાર આપ્યા!' ટેકામે ખુશી વ્યક્ત કરી.

'હા... કાકા! થોડા દિવસમાં શિબિરનું આયોજન થાય એવી આશા છે.'

પોતાની વાત પતાવીને કૃપાએ ટેકામને પૂછ્યું: 'કાકા... તમે કોઈ જરૂરી વાત કહેવાના હતા?'

'હા. આ કડુ સવારે મને મળવા આવ્યો અને મહત્ત્વની જાણકારી આપી.' ટેકામે કડુ તરફ ઇશારો કરતાં કહ્યું.

'હેલિકૉપ્ટર દુર્ઘટના સ્થળેથી જે છોકરીનું શબ મળ્યું હતું એનું નામ મંજરી નવલે હતું!'

'શું! એની ઓળખ થઈ?' કૃપાને આશ્ચર્ય થયું.

'હા. યુનિટ સત્તરમાં એક તૂટેલાફૂટેલા ઝૂંપડામાં તેની મા સાથે રહેતી હતી મંજરી.' હવે કડુએ માહિતી આપવાનું શરૂ કર્યું.

'તો... આ ઈન્ફર્મેશન પોલીસને આપી?'

'એ વિના છૂટકો છે? પોલીસ હવે અમારા માથે છાણાં થાપશે!' અટક અનુરૂપ કડુ ક્યારેક કડવું બોલતો.

'પેલા દળવીને જાણ કરી છે... હમણાં સાંજે પોલીસ સ્ટેશને અમને બોલાવ્યા છે. મોટા સાહેબ સાથે વાત કરાવશે, એવું દળવીએ કહ્યું છે!' કડુએ મોં કડવું કરતાં કહ્યું.

'એક તો છોકરીની વધુ વિગતો નથી અને ઉપરથી તેની માની પણ કોઈ ભાળ નથી!' કડુ જાણે તિરસ્કારથી બોલતો હતો.

'એટલે?' કૃપા ચોંકી.

'છોકરીની મા પણ ગાયબ છે... ભગવાન જાણે હવે એને શું થયું હશે?' (ક્રમશઃ)■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| BACK | ઊણપ અનુભવવી |
| HACK | ગુલામનું પત્તું |
| JACK | સમર્થન આપવું |
| LACK | લાકડાની ઘોડી |
| RACK | લાત મારવી |

### ઓળખાણ પડી?

ભારતીય ટેસ્ટ ક્રિકેટના ડાબોડી હૈદરાબાદી સ્પિન બોલરની ઓળખાણ પડી? નિવૃત્તિ પછી સિલેક્ટર તરીકે પણ જવાબદારી નિભાવી હતી.

અ) કુલદીપ યાદવ
બ) દેવેન્દ્ર ગોયલ
ક) વેંકટપતિ રાજુ
ડ) દિલીપ દોશી



### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | ગ | ૨ ર | ૩ બ | ત્તી | | ૪ ધૂ | ૫ પ | દા | ૬ ની |
| વા | | ૭ સ | રુ | | ૮ ઉ | પ | ર | | ચા |
| ૯ ર | ૧૦ ક | મ | | ૧૧ દા | ભ | | ૧૨ દા | ૧૩ ય | જો |
| ૧૪ ન | ર | | ૧૫ થા | બ | ડ | | ૧૬ ન | મ | ણું |
| ૧૭ વા | વ | ૧૮ લ | વું | | ૧૯ ક | ળ | શી | | |
| ૨૦ ર | ટ | ણ | | ૨૧ ડા | | | ન | | ૨૨ ની |
| | | ણી | | ૨૩ કુ | ૨૪ દ્ર | ષ્ટિ | | ૨૫ જા | તિ |
| ૨૬ મ | ૨૭ દ | | ૨૮ સ | | ષ્ટિ | | ૨૯ અ | વ | નિ |
| ૩૦ હ | વા | ૩૧ ફે | ર | | ૩૨ કો | પા | વ | | ય |
| ત્વ | | ૩૩ ર | સ | લ્હા | ણ | | ૩૪ ધ | ડા | મ |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | ૩ | | ૪ | ૫ | | ૬ |
| | | | ૭ | | ૮ | | | | |
| ૯ | ૧૦ | | | ૧૧ | | ૧૨ | | | |
| ૧૩ | | | ૧૪ | | | | | ૧૫ | |
| | ૧૬ | | | | | | ૧૭ | | |
| ૧૮ | | | | ૧૯ | | ૨૦ | | | ૨૧ |
| | | ૨૨ | ૨૩ | | | ૨૪ | | ૨૫ | |
| | | ૨૬ | | | ૨૭ | | | ૨૮ | |
| ૨૯ | ૩૦ | | ૩૧ | | | | | ૩૨ | |
| ૩૩ | | | | | | | ૩૪ | | |

**આડી ચાવી**

૧. નિરીક્ષણ (૫)
૪. સવલત (૪)
૭. કાળજી, ચિંતા (૩)
૯. રાજાઓ --- માં રહે (૩)
૧૧. મારી મમ્મીની મમ્મી (૪)
૧૩. ધરાયેલું, તૃપ્ત, ચકચૂર (૨)
૧૪. વેર (૪)
૧૫. વાતવાતમાં શું --- મૂકે છે? (૨)
૧૬. ફેડવું (૩)
૧૭. --- ઊભા થવા એટલે રોમાંચ થવો (૨)
૧૮. સ્ત્રી (૨)
૧૯. ધાતુના ટકરાવાનો અવાજ (૪)
૨૨. રાખ, ભસ્મ (૩)
૨૪. જલદી (૪)
૨૬. તમાચો મારીને લાલ રાખે (૨)
૨૭. લૂંટારો, પક્કો, કાબેલ (૨)
૨૮. જિંદગીના --- ને પીવામાં જલદી કરો મરીઝ (૨)
૨૯. રોગનાં ત્રણ મૂળ--- વાત પિત્ત ને --- (૨)
૩૧. કેટલુંક અમુક (૪)
૩૨. સન્મુખ, સમક્ષ, વિરુદ્ધ (૨)
૩૩. કાપડ --- થી વણાય (૪)
૩૪. મહાસાગર (૩)

**ઊભી ચાવી**

૧. માલમિલકત (૪)
૨. પ્યાલો (૨)
૩. સ્ત્રી-પુરુષ (૪)
૫. સાક્ષી (૩)
૬. બીકણ (૩)
૮. રહેણી કરણી --- પર આધાર રાખે (૫)
૧૦. મતોની --- ના થવી જોઇએ (૪)
૧૨. --- બાંધવો એટલે અભિપ્રાય નક્કી કરવો (૨)
૧૪. કટોકટી, અંત, અવધિ (૨)
૧૫. મુંબઇમાં ચાલી હતી તેમ અમદાવાદમાં --- હતી (૨)
૧૭. દરેક માણસ પાસે પોતાની --- હોય છે (૩)
૧૮. નાટકિયાપણું હોવું તે (૫)
૧૯. મસ્ત, લીન (૨)
૨૦. પશ્ચિમની ફિલ્મોમાં--- ઘોડા પર આવે (૪)
૨૧. રામે સરયૂમાં --- લીધી (૫)
૨૨. ગરબડ ગોટાળા (૨)
૨૩. પ્રોફેસરો --- સ્વભાવના હોય (૪)
૨૫. આકાશથી કે આંખથી વરસે (૪)
૨૭. એને તાકામાં વીંટો (૩)
૨૮. નાગની --- પર કૃષ્ણે નૃત્ય કર્યું (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'સફળતાનો ક્યાસ કાઢવો આસાન નથી' કહેવતમાં 'ક્યાસ' શબ્દનો અર્થ જણાવો.

અ) આનંદ બ) અનુમાન ક) કોશિશ ડ) કાળજી

### માતૃભાષાની મહેક

દિવાળીના દિવસોમાં કેવી ભાત ભાતની રંગોળી જોવા મળે છે. અહીં ભાત એટલે છાપ અથવા ડિઝાઇન એવો અર્થ છે. હવે આ જ ભાત થાળીમાં પીરસાય એટલે ખાણું બની જાય છે. ભાત વગરનું ભોજન અધૂરું લાગે. અહીં ભાત એટલે રાંધેલા ચોખા એ અર્થ છે. ધન એટલે દ્રવ્ય, નાણાં, પૈસા, વિત્ત અર્થ પ્રચલિત છે.

### સુડોકુ-૯૦૯૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૩ | ૭ | | | | |
| ૧ | | ૮ | ૪ | ૯ | | ૨ | ૬ | |
| | ૪ | | | ૧ | | ૫ | | ૭ |
| ૮ | | ૪ | | | | | | ૯ |
| | ૧ | | | ૨ | | | ૪ | |
| ૫ | | | | | | ૭ | | ૬ |
| ૬ | | ૫ | | ૪ | | | ૭ | |
| | ૮ | ૨ | | ૬ | ૧ | ૯ | | ૪ |
| | | | | ૩ | ૮ | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોકસમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૯૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૨ | ૭ | ૧ | ૩ | ૯ | ૪ | ૬ | ૫ |
| ૯ | ૫ | ૩ | ૪ | ૭ | ૬ | ૮ | ૧ | ૨ |
| ૧ | ૬ | ૪ | ૫ | ૮ | ૨ | ૩ | ૭ | ૯ |
| ૩ | ૭ | ૯ | ૮ | ૨ | ૪ | ૧ | ૫ | ૬ |
| ૫ | ૮ | ૧ | ૯ | ૬ | ૩ | ૨ | ૪ | ૭ |
| ૬ | ૪ | ૨ | ૭ | ૫ | ૧ | ૯ | ૩ | ૮ |
| ૭ | ૧ | ૬ | ૩ | ૯ | ૮ | ૫ | ૨ | ૪ |
| ૨ | ૩ | ૮ | ૬ | ૪ | ૫ | ૭ | ૯ | ૧ |
| ૪ | ૯ | ૫ | ૨ | ૧ | ૭ | ૬ | ૮ | ૩ |

### ગુજરાત મોરી મોરી રે

'ઈશ્વરની કૃપા હોય તો અસંભવ પણ સંભવ બની જાય' એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

મહેરબાન ગધ્ધા તો ખુદા પહેલવાન ભી

### ઈર્શાદ

કબૂતર જેવી મારી લાગણીને ચણ બતાવીને,
અજાણ્યા મ્હેલનું પ્રાંગણ નવો પડકાર ફેંકે છે.

- સંજુ વાળા

### માઈન્ડ ગેમ

કોઈ એક ઓલિમ્પિક રમતોત્સવમાં સૌથી વધુ ગોલ્ડ મેડલ મેળવનારા સ્પર્ધકનું નામ આ વિકલ્પોમાંથી શોધી કાઢી જણાવો.

અ) વિલિસ લી બ) પાવો નુરમી
ક) માઈકલ ફ્લેપ્સ ડ) મેટ બિઓન્ડી

### ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| BRACE | મજબૂત કરવું |
| LACE | વાધરી |
| MACE | ગદા |
| PACE | ઝડપ |
| TRACE | નિશાની |

ઓળખાણ પડી?
કેપ્લર વેસલ્સ

માઈન્ડ ગેમ
કુસ્તી

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
વૈરાગ્ય

ગુજરાત મોરી મોરી રે
થેપી થેપી ભાણાં ને ચોરને માથે છાણાં

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મહેશ દોશી (૨) સુભાષ મોમાયા (૩) પુષ્પા ખોના (૪) ભારતી બુચ (૫) મુલરાજ કપૂર (૬) તાહેર ઔરંગાબાદવાલા (૭) શીરીન ઔરંગાબાદવાલા (૮) કિશોરકુમાર જીવણદાસ વેદ (૯) નયના હરીહર ભટ્ટ (૧૦) નીતા દેસાઈ (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) પુષ્પા પટેલ (૧૪) મીનળ કાપડિયા (૧૫) પ્રવીણ વોરા (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) મહેશ સંઘવી (૧૮) વિપીન શાહ (૧૯) નૂતન વિપીન શાહ (૨૦) નિખિલ બંગાળી (૨૧) અમીશી બંગાળી (૨૨) ધવલ શાહ (૨૩) મનીષા શેઠ (૨૪) ફાલ્ગુની શેઠ (૨૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૨૬) ભાવના કર્વે (૨૭) જયવંત પદમશી ચિખલ (૨૮) શિલ્પા શ્રોફ (૨૯) મહેન્દ્ર લોઢાવિયા (૩૦) વિણા સંપટ (૩૧) દેવેન્દ્ર સંપટ (૩૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૩) કમલ માતલિયા (૩૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૫) અંજુ ટોલિયા (૩૬) લજિતા ખોના (૩૭) નિતીન જયંતિલાલ બજરિયા (૩૮) વિજય આસર (૩૯) અલકા વાણી (૪૦) ડાયના સંતોકે (૪૧) રશીક જુથાણી (૪૨) ધીરેન્દ્ર મુલરાજ (૪૩) ગીતા ઉદેશી (૪૪) પ્રતિમા પમાણી (૪૫) ડો. પ્રકાશ કટકિયા (૪૬) નયના ગિરીશ મિસ્ત્રી (૪૭) અરવિંદ કામદાર (૪૮) જ્યોત્સના ગાંધી (૪૯) રમેશભાઈ દલાલ (૫૦) હિનાબેન દલાલ (૫૧) ઈનાક્ષીબેન દલાલ (૫૨) વિલાસ અંબાણી (૫૩) અબ્દુલ્લા એફ. મુનીમ

# ૨૧મી સપ્ટેમ્બરથી માતાના મઢ અને ભુજ ખાતેના આશાપુરા મંદિરમાં ઘટ સ્થાપન કરાયા બાદ કચ્છમાં નવરાત્રી પર્વનો પ્રારંભ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: શ્રાદ્ધ પક્ષ તેના અંતિમ પડાવમાં પહોંચ્યો છે અને હવે માત્ર થોડા દિવસો બાદ બેસનારાં આસો નવરાત્રી પર્વનો ધમધમાટ પણ જોવા મળી રહ્યો છે. ભુજની ડાંડા બજારમાં નવરાત્રીના ખેલૈયાઓ માટેના દાંડિયાના ખડકલા અત્યારથી જ ગોઠવી દેવાયા છે, તો પરંપરાગત પોશાકોની દુકાનોમાં વિવિધ નવરાત્રી-સ્પેશિયલ પોશાકોના જથ્થા પણ આવી ગયા છે. આ ઉપરાંત જુદા-જુદા શોપિંગ મોલ્સમાં નવરાત્રી સંલગ્ન ચીજ વસ્તુઓની ખરીદી પણ શરૂ કરાઈ છે, તો બીજી તરફ, માટીના અવનવા રંગબેરંગી ગરબાઓ પણ કુંભારોએ તૈયાર કરી લીધા છે.

ઉલ્લેખનીય છે કે, કચ્છમાં આગામી અશ્વિન નોરતાંનો પ્રારંભ, ભુજના આશાપુરા મંદિર અને લખપત તાલુકાના માતાના મઢ ખાતેના આશાપુરા મંદિર ખાતે સપ્ટેમ્બર મહિનાની ૨૧મી તારીખે થનારા પરંપરાગત ઘટ સ્થાપનથી થશે.

ભાદરવી પૂનમનો મેળો પૂર્ણ થયા બાદ માઇ ભક્તો લખપત તાલુકામાં આવેલા ગુજરાતના તીર્થસ્થાન માતાના મઢ તરફ આવવા રવાના થાય છે. માતાના મઢ ખાતે આવેલા આશાપુરા મંદિર પહોંચવા પદયાત્રીઓનો સંઘ રવાના થઇ ગયા છે.

ભુજના આશાપુરા મંદિર ખાતે આગામી ૨૧મી સપ્ટેમ્બર રવિવારે સાંજના ૭ કલાકે ઘટ સ્થાપન થશે અને ૨૨મી સપ્ટેમ્બર સોમવારથી કચ્છભરમાં નવરાત્રી મહોત્સવનો પ્રારંભ થશે.૨૯ સપ્ટેમ્બરના સાંજે ૭:૩૦ કલાકે ગાદી પૂજન અને જગદંબા પૂજન સમાપ્ત થયા બાદ મઢ જાગીર અધ્યક્ષ યોગેન્દ્રસિંહજી રાજાબાવા દ્વારા 'આઠમ'નો હવન યોજાશે અને મધ્યરાત્રિ બાદ તેમાં બીડું હોમવામાં આવશે. ત્યારબાદ નવમા નોરતે કચ્છના રાજ પરિવાર દ્વારા પતરી વિધિનો કાર્યક્રમ પણ યોજાશે. આ પતરી વિધિ દરમ્યાન કચ્છમાં આગામી ચોમાસામાં વરસાદ અંગેની આગાહી પણ કરવામાં આવે છે. ■



રાજકોટના જૂના માર્કેટિંગ યાર્ડમાં ડુંગળી પ્રતિ મણ રૂ.૫૦ થી રૂ.૩૦૦ સુધી વેચાઈ રહી છે. રાત દિવસ સુધી મહેનત કર્યા બાદ પણ ડુંગળીના આટલા ઓછા ભાવ મળતા ખેડૂતોએ આક્રોશ વ્યક્ત કર્યો હતો... (તસ્વીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

# લખપતના ઈબ્રાહિમ પીર ટાપુ પરથી બીએસએફના જવાનોને અફઘાની ચરસનું બિનવારસુ પેકેટ મળી આવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છની આંતરરાષ્ટ્રીય જળસીમા પરના સમુદ્રી વિસ્તારોમાંથી તાજેતરમાં ૧૫ જેટલા પાકિસ્તાની ઘૂસણખોરો અને માદક પદાર્થોના પડીકાં મળી આવવાનો સિલસિલો ફરી શરૂ થતાં સુરક્ષા એજન્સીઓ દ્વારા સંવેદનશીલ વિસ્તારોમાં વધારી દેવામાં આવેલા પેટ્રોલિંગ દરમ્યાન લખપતના દુર્ગમ ઇબ્રાહિમ ટાપુ પરથી બિનવારસુ ચરસનું એક બિનવારસુ પડીકું મળી આવતાં સુરક્ષા તંત્ર સાબદું બન્યું છે.

ગત સોમવારની ઢળતી બપોરે બીએસએફના જવાનો અહીં ફૂટ પેટ્રોલિંગ કરી રહ્યા હતા તે દરમ્યાન આ ટાપુ પરથી ચરસનું એક કિલો વજન ધરાવતું એક માદક પદાર્થનું પેકેટ મળી આવ્યું હતું જેના પર અફઘાન પ્રોડક્ટ 'બ્લેક કોફી વિથ એસેન્ટિયલ વિટામિન' એવું લખાણ લખેલું વંચાય છે.

હાલમાં આ પેકેટ નારાયણ સરોવર પોલીસને સોંપવામાં આવ્યું હોવાનું સરહદી સલામતી દળના જનસંપર્ક અધિકારીએ જણાવ્યું હતું.

કચ્છના સમુદ્ર પાસેના તમામ ટાપુઓ પર સઘન સર્ચ ઓપરેશનને વેગવંતુ બનાવાયું છે. ■

# અંજારના ભીમાસર નજીક તીક્ષ્ણ હથિયાર વડે પરપ્રાંતીય યુવકની નિર્મમ હત્યાથી ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં પણ હવે જાણે યુપી-બિહારની જેમ ગેંગવોર, સરાજાહેર હત્યા જેવા બનાવો બનવા એક આમ બાબત બની ચુકી છે. તેવામાં અંજારના ભીમાસર ગામ નજીક મૂળ બિહારના અરુણકુમાર દેવકુમાર સાવ નામના યુવકનું નિર્દયતાપૂર્વક તીક્ષ્ણ હથિયાર વડે ગળું કાપીને હત્યા કરી દેવામાં આવતાં પંથકમાં ચકચાર પ્રસરી જવા પામી હતી.

ઘટના અંગે અંજારના પી.આઇ. એ.આર. ગોહિલે માહિતી આપતાં જણાવ્યું હતું કે, પત્ની અને આઠ-દસ વર્ષના બે બાળક છેલ્લા આઠેક વર્ષથી ભીમાસરમાં આવેલી માધવ હોટેલમાં વેઈટર તરીકે કામ કરનાર મૂળ બિહારના અરુણકુમારનો મૃતદેહ હોટલ માધવ નજીકથી મળી આવ્યો હતો. મૃતકના ગળાંના ભાગે અજ્ઞાત હત્યારાએ તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી તેની હત્યા નીપજાવી હતી. બનાવ અંગે પોલીસે પોતે જ ફરિયાદી બનીને ગુનો નોંધ્યો હતો. આ યુવાન પાસેથી કોઇ વસ્તુની લૂંટ થઇ હોય તેવું જણાતું નથી, ત્યારે કોઇ અંગત અદાવતમાં કે આડા સંબંધના કારણે આ પરપ્રાંતીય યુવકની હત્યા કરી દેવામાં આવી હોય તેવું પ્રાથમિક દૃષ્ટિએ લાગી રહ્યું છે.

હત્યા સ્થળની આસપાસના સી.સી.ટી.વી. કેમેરાના ફૂટેજ તપાસવા તથા શંકાસ્પદ શખ્સોની પૂછપરછ હાથ ધરવા સહિતની કાર્યવાહીને આગળ ધપાવાઇ હોવાનું તપાસકર્તાએ ઉમેર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, વીતેલા ૯ માસમાં કચ્છમાં ઘાતકી હત્યાનો આ ૧૭મો બનાવ છે. ■

# જૂનાગઢના ખરાબ રોડને લઈ પ્રદેશ મહિલા અધ્યક્ષ રેશમા પટેલ સહિતના કાર્યકર્તાઓ રસ્તા પર ઉતર્યા



(તસ્વીર- હરેશ સોની, જૂનાગઢ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જૂનાગઢમાં ભારે વરસાદને કારણે રસ્તાઓ તૂટી ગયા હોવાથી લોકોને ખૂબ મુશ્કેલી પડી રહી છે. આ સમસ્યાને લઈને આમ આદમી પાર્ટીએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. 'રોડ બનાવો-જીવ બચાવો' ના નારા સાથે આપના કાર્યકર્તાઓ રસ્તા પર ઉતર્યા હતા. પરંતુ પોલીસે તેમની અટકાયત કરી લીધી હતી અટકાયત થયેલા લોકોમાં આપના પ્રદેશ મહિલા અધ્યક્ષ રેશમા પટેલ પણ સામેલ હતા.

વિરોધ પ્રદર્શન દરમિયાન રેશમા પટેલે ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું, જૂનાગઢમાં રસ્તાઓની આ ખરાબ હાલત ભાજપના શાસનને કારણે છે. અમે કહીએ છીએ કે રોડ બનાવો અને લોકોના જીવ બચાવો, કારણ કે ભાજપના શાસનમાં રસ્તાઓમાં ખાડા તો છે જ, પરંતુ હવે લોકો તે ખાડામાં પડીને મરી પણ રહ્યા છે.

રેશમા પટેલે હેલ્મેટના કાયદા પર પણ સવાલ ઉઠાવ્યો. તેમણે કહ્યું, તમે હેલ્મેટનો કાયદો બનાવીને લોકો પાસેથી પૈસા પડાવો છો, પરંતુ વાસ્તવમાં તો અમારે રસ્તા પર ચાલવા માટે હેલ્મેટ પહેરવું પડે છે. આ દર્શાવે છે કે અમે ખાડામાં પડીને મરીએ છીએ. તેમણે આરોપ લગાવ્યો કે ભાજપના શાસનમાં ભ્રષ્ટાચારથી ભરેલા રસ્તાઓ બન્યા છે, જેને સુધારવાની જવાબદારી મનપાની છે. આમ આદમી પાર્ટીએ આ વિરોધને ભ્રષ્ટાચારથી ખદબદતી જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ગુજરાતની ખરાબ વાસ્તવિકતા ગણાવ્યો હતો. પોલીસે અટકાયત કરતા પહેલા કાર્યકર્તાઓએ જોરદાર નારા લગાવ્યા હતા. આ ઘટનાએ જૂનાગઢમાં ખરાબ રસ્તાઓના મુદ્દે રાજકીય માહોલ ગરમાયો હતો. ■

# ભાવનગરમાં કૂતરાના બિસ્કિટના પાર્સલ સાથે મુંબઈથી ગાંજો મંગાવનાર પાંચ નબીરા ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેર પોલીસે બાતમીના આધારે દરોડો પાડી પાંચ નબીરાઓને ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડ્યા હતા. પોલીસે ૪૭૫ ગ્રામ ગાંજો, રૂ. ૧.૫૦ લાખ રોકડ અને પાંચ મોબાઈલ ફોન જપ્ત કર્યા હતા. આરોપીઓએ કૂતરાના બિસ્કિટના પાર્સલની આડમાં મુંબઈથી ગાંજો મંગાવ્યો હતો. પોલીસે ગાંજો મોકલનાર મુંબઈના શખ્સને ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર નીલમબાગ પોલીસે મળેલી બાતમીને આધારે શહેરની માયા ટ્રાવેલ્સની ઓફિસમાંથી મુંબઈથી આવેલા પાલતુ કૂતરાના બિસ્કિટના પાર્સલની આડમાં ગાંજાનો જથ્થો ઝડપી લીધો હતો અને પાર્સલ લેવા આવેલા પાંચ નબીરાઓને પણ ઝડપી લીધા હતા. પોલીસે આરોપીઓની પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે, પાર્સલમાં કૂતરાના બિસ્કિટ સાથે રોકડ અને ગાંજો હતો.

ગાંજા સાથે ઝડપાયેલામાં રૂતુરાજસિંહ વિરેન્દ્રસિંહ ગોહિલ ઉં.વ.૨૬. રહે.પ્લોટ નં. ૫ સાધના સોસાયટી દેવુબાગ ભાવનગર, પંજભાઇ વિજયભાઇ પટેલ ઉં.વ.૨૬. રહે. સી-૧૭૯૫, વૃદાંવન પાર્ક, પટેલ સોસાયટી કાળીયાબીડ ભાવનગર, જીગરભાઇ જીતેન્દ્રભાઈ સિધ્ધપુરા ઉં.વ. ૨૭. રહે. પ્લોટનં. ૪૬ રેખા સોસાયટી, લીલા સર્કલ ભાવનગર, જયભાઇ વિમલભાઇ પટેલ ઉં.વ. ૨૪. રહે. પ્લોટનં. ૧૮૮૪, વૃદાંવન સોસાટી કાળીયાબીડ ભાવનગર અને અભિષેકભાઇ બાબુભાઇ માંગુકીયા રહે. દેવુબાગનો સમાવેશ થાય છે. જ્યારે મુંબઇ રહેતા પાર્થભાઈ ભટ્ટ જેને ટ્રાવેલ્સમાં ગાંજો મોકલ્યો હતો તેને ઝડપી લેવા પોલીસે તજવીજ હાથ છે.

પોલીસે માયા ટ્રાવેલ્સમાં મારફતે મેળવી તેઓના કબ્જામાં નાર્કોટીકસ ગાંજો વજન ૪૭૫ ગ્રામ કિ.રૂ.૪૭૫૦/- એક પારદર્શક સીલપેક બોકસમાં તથા મોબાઇલ ફોન-૫ કિ.રૂ.૧૨૫૦૦૦ / તથા રોકડા રૂપિયા ૧,૫૦,૦૦૦/ સહિત કુલ કિ.રૂ. ૨૮૦૦૦૦/- નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ■

# ગાંધીધામ અને ભુજમાં મેગા ડિમોલિશન ડ્રાઈવ હાથ ધરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સમગ્ર રાજ્યની સાથે સરહદી જિલ્લા કચ્છમાં પણ કરોડોના મૂલ્યની સરકારી જમીનોને દબાણમુક્ત કરાવવા માટે ગત ૧૫મી એપ્રિલથી છેડવામાં આવેલી વિશેષ ઝુંબશ અંતર્ગત ગાંધીધામ અને જિલ્લા મથક ભુજમાં મેગા ડિમોલિશન ડ્રાઈવ હાથ ધરવામાં આવી છે. જેમાં ગાંધીધામમાં શહેરીજનોને નડતરરૂપ સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમાથી લઈ ચાવલા ચોક થઈ શિકારપુરી સુધી આર્કેડના વોક વે પર ચણી દેવામાં આવેલા ૧૧૩ જેટલાં દબાણોને મહાનગરપાલિકાના કમિશનર ગુરવાણી અને ડેપ્યુટી કમિશનર સંજય રામાનુજની હાજરીમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ધ્વસ્ત કરી દેવામાં આવ્યાં છે.

બીજી તરફ, મુખ્ય મથક ભુજમાં ૪૫ લાખથી વધુના મૂલ્યની ૪૫૦ ચોરસ મીટર જેટલી સરકારી જમીનો પર મારામારી સહિતના ત્રણ ગુનાઓમાં સામેલ એવા સાજીદ રહેમતુલ્લા મોખા (રહે. બાપા દયાળુનગર, ભુજ) અને રજબઅલી બરકતઅલી પઠાણ (રહે. સીતારા ચોક)એ કરેલાં દબાણોને તોડી પાડવામાં આવ્યા હતા. આ ઉપરાંત શહેરના ભૂતેશ્વર વિસ્તારમાં હીનાપાર્ક-૪ માં રહેતા, જુગાર-એનડીપીએસ એક્ટ સહિતના ગુનાઓને અંજામ આપનારા તોસીફ ઉર્ફે જેન્ગો મામદ લાખાના પાકા દબાણરૂપી બાંધકામને તોડવામાં આવ્યું હતું. આ ઉપરાંત આઝાદનગરમાં રહેતા ૭થી વધારે ગુન્હાઓમાં પોલીસ ચોપડે ચઢેલા રીયાઝ ભચુ મેમણ દ્વારા ખડકી દેવામાં આવેલા દબાણને તોડી જમીન ખુલ્લી કરવામાં આવી હતી. ■

# દેવભૂમિ દ્વારકામાં દિશા કમિટીની બેઠકમાં સાંસદ પૂનમ માડમે ૩૫થી વધુ સરકારી યોજનાઓની સમીક્ષા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દેવભૂમિ દ્વારકા જિલ્લા સેવા સદન ખાતે સાંસદ પૂનમ માડમની અધ્યક્ષતામાં ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ કોઓર્ડીનેશન એન્ડ મોનીટરીંગ કમિટી (દિશા)ની બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં સંલગ્ન તમામ વિભાગના અધિકારીઓ સાથે સાંસદે કેન્દ્ર તથા રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલ વિવિધ કલ્યાણકારી યોજનાઓની વિસ્તૃત સમીક્ષા કરી દેવભૂમિ દ્વારકા જિલ્લાના તમામ વિભાગોની કામગીરી અને સરકારની યોજનાઓને છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે અધિકારીઓને માર્ગદર્શક સૂચનો કર્યા હતા.

સાંસદે રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના, પરંપરાગત કૃષિ વિકાસ યોજના, ઈ-રાષ્ટ્રીય કૃષિ બજારો, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના, પ્રધાનમંત્રી રોજગારી સર્જન કાર્યક્રમ, મહાત્મા ગાંધી નેશનલ રૂરલ એમ્પ્લોયમેન્ટ ગેરંટી એક્ટ, દિન દયાલ અંત્યોદય યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ), પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના ઈન્ટીગ્રેટેડ વોટરશેડ મેનેજમેન્ટ પ્રોગ્રામ, પ્રધાન મંત્રીશ્રી ગ્રામ સડક યોજના, નેશનલ સોશ્યલ આસિસ્ટન્ટ પ્રોગ્રામ, મીડ ડે મિલ સ્કીમ, નેશનલ હેરીટેજ સીટી ડેવલોપમેન્ટ એન્ડ ઓગમેન્ટેશન યોજના, અટલ મિશન ફોર રીજુવીનેસન એન્ડ-અર્બન ટ્રાન્સફોર્મેશન, નેશનલ રૂરલ ડ્રીન્કિંગ વોટર પ્રોગ્રામ, ડિજિટલ ઈન્ડીયા લેન્ડ રેકોર્ડસ મોર્ડનાઈઝેશન પ્રોગ્રામ, દિન દયાલ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ યોજના, સંકલિત ઉર્જા વિકાસ યોજના, નેશનલ હેલ્થ મિશન, સર્વ શિક્ષા અભિયાન, બેટી બચાવો-બેટી પઢાવો, ઈન્ટીગ્રેટેડ ચાઈલ્ડ ડેવલોપમેન્ટ સ્કીમ, પ્રધાનમંત્રી ઉજજવલા યોજના એલ.પી.જી.કનેક્શન ટુ બી.પી.એલ. ફેમિલીઝ, રાષ્ટ્રીય ખાદ્યાન્ન સુરક્ષા અધિનિયમનો અમલ, પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના, ડિઝીટલ ઈન્ડીયા પબ્લિક ઈન્ટરનેટ એક્સેશ પ્રોગ્રામ પ્રોવાઈડીંગ કોમન સર્વિસ સેન્ટર વન ઈચ ગ્રામ પંચાયત, ઈન્ફ્રાસ્ટ્રક્ચર રીલેટેડ પ્રોગ્રામ લાઈક ટેલીકોમ, રેલવેસ, હાઈવેસ, વોટરવેસ, માઈન્સ વગેરે(રાજકોટ રેલ્વે, ભાવનગર રેલવે, બી.એસ.એન.એલ.નેશનલ હાઈવે), પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના, આરોગ્ય ક્ષેત્રે થયેલ કામો, સમાજ કલ્યાણ વિભાગની યોજનાઓ, વીજળી, વાસ્મો, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી સહિતની યોજનાઓમાં હાલ કેટલાં કામો પૂર્ણ થયા છે તથા હાલ કેટલા કામ પ્રગતિ હેઠળના તેમજ આયોજન કરેલ કામોની સમીક્ષા કરી જરૂરી સૂચન તેમજ માર્ગદર્શન પુરું પાડ્યું હતું. આ ઉપરાંત બેઠકમાં લેવાયેલા નિર્ણયોની ચુસ્ત અમલવારી થાય તેમજ સમયાંતરે અધિકારીઓ દ્વારા પડતર પ્રશ્નોનું ફોલો-અપ લેવાય તે માટે સૂચન કર્યુ હતું.

બેઠકમાં સાંસદે નેશનલ હાઇવે, ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓ, જિલ્લામાં શિક્ષકોની ઘટ અંગે, વીજ પુરવઠો નિયમિત કરવા, ટ્રેનના સ્ટોપેજ અંગેની લોકોની રજૂઆતો,રોડ-રસ્તાઓ સહિત વિવિધ મુદાઓ પર વિસ્તૃત ચર્ચા કરી લોક પ્રશ્નોનું તાત્કાલિક નિરાકરણ લાવવા માટે સંબધિત વિભાગોને કહ્યું હતું. આ બેઠકમાં ધારાસભ્ય પબુભા માણેક, કલેક્ટર રાજેશ તન્ના, જિલ્લા વિકાસ અધિકારી તેમજ પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ■

# મુખ્ય પ્રધાન આજે મોરબીની મુલાકાતેઃ તંત્રએ તૈયારીને આખરી ઓપ આપ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ આજે મોરબીની મુલાકાતે આવશે. મુખ્ય પ્રધાનની મુલાકાતને લઈ જિલ્લા વિકાસ અધિકારી જે એસ પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. જેમાં સીએમના કાર્યક્રમ સંદર્ભે વિવિધ તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી હતી અને જરૂરી સૂચના આપવામાં આવી હતી. આ ઉપરાંત કાર્યક્રમ સંદર્ભે જિલ્લા વિકાસ અધિકારી સહિત અન્ય અધિકારીઓએ સ્થળની મુલાકાત કરી હતી. મુખ્ય પ્રધાન મચ્છુ-૨ ડેમ નજીક આવેલી ગૌશાળા ખાતે અંદાજિત દસ લાખ જેટલાં વૃક્ષો વાવી તૈયાર કરવામાં આવેલ વનનું લોકાર્પણ કરશે. આ ઉપરાંત તેઓ આ વનની મુલાકાત પણ લેશે. આ બેઠકમાં તથા સ્થળ મુલાકાત દરમિયાન જિલ્લા પોલીસ વડા મુકેશ પટેલ, સામાજિક વનીકરણ રાજકોટ રેન્જના નાયબ વન સંરક્ષક યુવરાજસિંહ ઝાલા, ઇન્ચાર્જ નિવાસી અધિક કલેક્ટર, મોરબી મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશ્નર, જિલ્લા પુરવઠા અધિકારી, માર્ગ અને મકાન વિભાગ સ્ટેટ અને ઈલેક્ટ્રીકના કાર્યપાલક ઈજનેરઓ તથા સંબંધિત વિભાગના અધિકારી ઉપસ્થિત રહ્યા હતા. ■

# ભાવનગરમાં વડા પ્રધાનના કાર્યક્રમ માટે વગર ટેન્ડરે ૧.૫૦ કરોડના રોડનું કામ મંજૂર કરવામાં આવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ભાવનગર મુલાકાતને લઈ હાલ શહેરમાં તડામાર તૈયારી ચાલી રહી છે. શહેરમાં રંગરોગાન કરવામાં આવી રહ્યા છે. ભાવનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં વડા પ્રધાનના કાર્યક્રમ માટે ટેન્ડર વગર કરોડો રૂપિયાના રોડનુ કામ મંજૂર કરાયું હતું. ટેન્ડર વગર કરોડો રૂપિયાનું કામ અપાતા અનેક પ્રકારની ચર્ચા વહેતી થઈ હતી. મહાપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં જુદા જુદા કામના ઠરાવને બહાલી આપવામાં માટે સમીક્ષા કરવામાં આવી હતી અને ત્યારબાદ ૩૨ ઠરાવને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી. જેમાં ભાવનગરમાં વડા પ્રધાનના કાર્યક્રમ માટે ટેન્ડર વગર રૂ. ૧.૫૦ કરોડના રોડના કામને અધ્યક્ષ સ્થાનેથી મંજૂર કરાયું હતું. જો કે ચેરમેનને પૂછતા તેમણે અધ્યક્ષ સ્થાનેથી ઠરાવ કર્યાની વાત છુપાવી હતી અને બેઠકમાં માત્ર માહિતી જાહેર કરી હોવાનુ જણાવ્યુ હતું. સૂત્રોએ જણાવ્યું કે, આ મામલે આગામી દિવસોમાં વિપક્ષ કોંગ્રેસ પણ સવાલ કરશે. આ બેઠકમાં માંડ પોણી કલાક ચાલી હતી અને ગણતરીની મિનિટોમાં ત્રણ ઠરાવને બહાલી આપી દેવામાં આવી હતી. આ ઉપરાંત સ્ટેન્ડિંગ કમિટિની બેઠકમાં ધાર્મિક સ્થોનોની મિલકતોમાં તથા મહાપાલિકાની માલિકી હસ્તકની મિલકતો, જેમાં મહાપાલિકાની મુખ્ય ઓફિસ, પૂર્વ, પશ્ચિમ ઝોનલ ઓફિસ, વોર્ડ ઓફિસો સહિતની કચેરીમાં એસડબલ્યુએમ યુઝર્સ ચાર્જ લાગુ ન કરવાની, રદ કરવાની મંજૂરી આપવા નિર્ણય કરાયો હતો. ■

# ગાંધીધામ-સિયાલદાહ વચ્ચે વિશેષ ટ્રેન બુધવારથી શરૂ, પ્રયાગરાજ સહિતના ૨૦ જેટલા રેલવે સ્ટેશનોએ વિશેષ ટ્રેન રોકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: આગામી દિવાળી વેકેશન અને છટ્ઠ પૂજાના મહાપર્વને લઈને મુસાફરોની માગણી અને સુવિધાને અનુલક્ષીને પશ્ચિમ રેલ્વેએ ગાંધીધામથી પશ્ચિમ બંગાળના સિયાલદાહ સુધીની સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનને ૧૭ સપ્ટેમ્બર એટલે કે બુધવારથી ઓક્ટોબર ૮ સુધી દોડાવવાનો નિર્ણય લેતાં પ્રવાસીઓમાં આનંદની લાગણી ફેલાઈ છે.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, ૦૯૪૩૭ નંબરની આ ખાસ ટ્રેન કચ્છના ગાંધીધામથી દર બુધવારે સાંજે ૧૮ અને ૨૫ કલાકે ઉપડીને ત્રીજા દિવસે સાંજે ૧૬.૧૫ કલાકે કોલકાતાના સિયાલદાહ પહોંચશે, જયારે દર શનિવારે સિયાલદાહથી વહેલી સવારના ૫.૧૫ કલાકે ઉપડીને ત્રીજા દિવસે રાત્રે બે વાગ્યે ગાંધીધામ પરત પહોંચી આવશે.સેકન્ડ અને થર્ડ એ.સી. સ્લીપર તથા જનરલ કોચ ધરાવનારી આ સ્પેશિયલ ટ્રેન સામખિયાળી, ધ્રાંગધ્રા, અમદાવાદ અને વડોદરાના છાયાપુરી રેલવે મથકોએ થોડીવાર માટે રોકાશે. ત્યારબાદ મધ્ય પ્રદેશના રતલામ, રાજસ્થાનના ભવાની મંડી, રામગંજ મંડી, કોટા, ગંગાપુર સીટી, બયાના, ઉત્તર પ્રદેશના ઈદગાહ, ટૂંડલા, કાનપુર સેન્ટ્રલ, પ્રયાગરાજ, મિર્ઝાપુર, પંડિત દિનદયાલ ઉપાધ્યાય, બિહારના ભભુઆ રોડ, સાસારામ, ડેહરી ઓનસોન, અનુગ્રહ નારાયણ રોડ, બિહારના ગયા, ઝારખંડના કોડરમા, હઝારીબાગ, પારસનાથ, એનએસી બોઝ ગોમો, ધનબાદ અને પશ્ચિમ બંગાળના આસનસોલ, દુર્ગાપુર, બર્ધમાન રેલવે મથકોએ પણ રોકાણ કરશે તેમ જાણવા મળ્યું હતું. ■

# ભચાઉના મોટી ચીરઇ ગામ પાસેની નદીમાં ડૂબી જતાં કિશોરનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગત સપ્તાહ દરમ્યાન કચ્છમાં થયેલા અતિભારે વરસાદ બાદ જળાશયોમાં પુષ્કળ પ્રમાણમાં નવાં નીરની આવક થઇ છે તેવામાં ભચાઉ તાલુકાના જૂની મોટી ચીરઇ ગામ પાસેથી વહેનારી નદીમાં ન્હાવા ઉતરેલા રમજાન લતીફ વીરા નામના ૧૭ વર્ષના કિશોરનું ડૂબી જવાથી મોત નીપજતાં પંથકમાં ગમગીની પ્રસરી જવા પામી હતી.

આ કરુણાંતિકા અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, જૂની મોટી ચીરઇમાં રહેનાર રમજાન સોમવારે બપોરના અરસામાં ગામમાં સર્કરા નદી બ્રિજ પાસે પોતાના મિત્રો સાથે નાહવા ગયો હતો. આ કિશોર તથા અન્ય મિત્રો નદીમાં ઊતર્યા ત્યારે આગળ નીકળી ગયેલો રમજાન ઊંડા પાણીમાં ગરકાવ થઇ ગયો હતો. તેના મિત્રોએ જાણકારી આપતાં નદીમાંથી સ્થાનિક તરવૈયાઓએ કલાકોની જહેમત બાદ કિશોરના મૃતદેહને બહાર કાઢ્યો હતો.પોલીસે બનાવ અંગે આકસ્મિક મૃત્યુ અંગેનો ગુન્હો દાખલ કરી,આગળની કાર્યવાહી હાથ ધરી છે. ■